ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૫.૯૦ |
| પાઉન્ડ | ૧૨૭.૩૭ |
| યુરો | ૧૦૮.૮૨ |
| સઉદી રિયાલ | ૨૫.૫૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૨,૯૩૫ |
| ચાંદી (૧ કિલો) | ૨,૪૦,૦૦૦ |

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૬૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી

### પાઈલટો વચ્ચે મધ્ય-આકાશમાં 'જંગ', ઈઝરાયેલ જતી ફ્લાયદુબઈની ફ્લાઈટ સઉદી અરેબિયા ડાયવર્ટ કરાઈ

# દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં પાયલોટો વચ્ચે લોહિયાળ લડાઈ

## કોકપિટમાં ઝપાઝપી બાદ હાઈજેકિંગ સિગ્નલ મળતાં સસ્પેન્સ વધ્યું; તબૂક એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ, તમામ મુસાફરો સલામત

(એજન્સી) દુબઈ, તા.૩૦

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ (Flydubai)ની ફ્લાઈટ FZ1073 માં કટોકટી સર્જાતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સઉદી અરેબિયાના તબૂક એરપોર્ટ પર પ્લેનનું સદનસીબે સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. કોકપિટમાં પાયલોટો વચ્ચે થયેલી હિંસક ઝપાઝપી અને ત્યારબાદ પ્લેન હાઈજેક થયાના સંકેતો મળતા થોડા સમય માટે સંભવિત આતંકી હુમલાની આશંકા સેવાઈ હતી. સ્થાનિક સમય અનુસાર સવારે આશરે ૯ વાગ્યે ફ્લાઈટે કટોકટી દર્શાવતો 'સ્ક્વોક કોડ ૭૭૦૦' મોકલ્યો હતો, જેને પગલે એર ટ્રાફિક કંટ્રોલ અને સિક્યોરિટી એલર્ટ થઈ ગયા હતા. તેના થોડી જ મિનિટો




બાદ પ્લેનમાંથી 'કોડ ૭૫૦૦' સક્રિય કરવામાં આવ્યો હતો, જે વિમાન હાઈજેક થયું હોવાનો સંકેત આપે છે. આ સ્થિતિ ગંભીર બનતા ઈઝરાયેલના પ્રાઈમ મિનિસ્ટર અને ડિફેન્સ મિનિસ્ટરે તાત્કાલિક સુરક્ષા બેઠક યોજી હતી અને ઈઝરાયેલના બે ફાઈટર જેટ્સ પણ આ વિમાન પાછળ રવાના કરવામાં આવ્યા હતા. આખરે વિમાનને સઉદી અરેબિયા તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

ઈઝરાયેલી મીડિયાના અહેવાલો મુજબ, કોકપિટમાં બે પાયલોટ વચ્ચે કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી બાદ લોહીયાળ મારપીટ થઈ હતી, જેમાં એક પાયલોટને છરીના અનેક ઘા વાગ્યા હોવાનું કહેવાય છે. મુસાફરોએ કોકપિટમાંથી ચીસાચીસનો અવાજ સાંભળ્યો હતો અને કેટલાક લોકોએ કોકપિટની અંદર લોહીના ટાંકણા જોયા હોવાનો પણ દાવો કર્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં મુસાફરો ભારે ભય અને ડરના માહોલમાં જોવા મળી રહ્યા છે. કેટલાક અહેવાલો મુજબ, એક મુસાફરે હુમલાખોરને પકડી પાડવામાં અને તેને જમીન પર પટકીને કાબૂમાં લેવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

બીજી તરફ, ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈતામાર બેન ગવિરે આ ઘટનાને આતંકવાદી કાવતરૂં ગણાવતા કહ્યું હતું કે, આ એક આતંકી હુમલો હતો જેનો હેતુ પ્લેન ક્રેશ કરીને તેમાં સવાર ૧૮૦ ઈઝરાયેલી મુસાફરોના જીવ લેવાનો હતો. જોકે, ફ્લાયદુબઈ એરલાઈન્સે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઈટમાં રસ્તામાં એક ઘટના બની હતી, પરંતુ વિમાન સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન બિન અબ્દુલ અઝીઝ (તબૂક) એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરી ગયું છે અને તમામ મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. સ્થાનિક સત્તાવાળાઓ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ફ્લાયદુબઈના ભારતીય કેપ્ટને હીરો બની 'બીજો ૯/૧૧ જેવો આતંકી હુમલો' ટાળ્યો, ૧૮૦થી વધુ મુસાફરોના જીવ બચાવ્યા

### વિમાનને ક્રેશ કરવાના પ્રયાસમાં કો-પાઈલટે કરેલા છરીના વાર છતાં ભારતીય કેપ્ટને બહાદુરીપૂર્વક સામનો કર્યો; ઈઝરાયેલી અધિકારીઓએ ઘટનાને 'બીજો ૯/૧૧' કરવાનો નિષ્ફળ આતંકી પ્રયાસ ગણાવ્યો

(એજન્સી) તા.૩૦

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073માં મધ્ય-આકાશમાં સર્જાયેલી ભયાનક ઘટનામાં વિમાનના ભારતીય કેપ્ટને પોતાની જાનની પરવા કર્યા વિના મહાન બહાદુરી દર્શાવીને વિમાનને ક્રેશ થતાં બચાવી લીધું છે. ઈઝરાયેલી મીડિયા 'વાયનેટ ન્યૂઝ' અને 'ચેનલ ૧૨'ના રિપોર્ટ અનુસાર, ઓમાની વતની એવા હુમલાખોર કો-પાઈલટે વિમાનને ક્રેશ કરીને ૧૮૦થી વધુ મુસાફરોની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય કેપ્ટન અને મુસાફરોએ નિષ્ફળ બનાવ્યો હતો. ઈઝરાયેલી અધિકારીઓના જણાવ્યા મુજબ, હુમલાખોર કો-પાઈલટ ઓમાનનો નાગરિક હતો, જ્યારે મુખ્ય કેપ્ટન ભારતીય નાગરિક છે. ઈઝરાયેલી ડિજિટલ ન્યૂઝ 'N12' સાથે વાત કરતા એક વરિષ્ઠ અધિકારીએ ઘટનાની ગંભીરતા દર્શાવતા કહ્યું હતું કે, "એક પાઈલટે બીજા પાઈલટ પર છરી વડે હુમલો કરીને ૯/૧૧ જેવી ઘટનાનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કર્યો હતો – તેનો હેતુ વિમાનને હાઈજેક કરવાનો અથવા તો તેને જમીન પર ક્રેશ કરવાનો હતો."

**કો-પાઈલટના હુમલા વચ્ચે ઈઝરાયેલી મુસાફરો અને દંતચિકિત્સકે કેપ્ટનનો જીવ બચાવ્યો :** 'ધી જેરૂસલેમ પોસ્ટ' સાથે વાત કરતા એક ઈઝરાયેલી મુસાફરે જણાવ્યું કે, જ્યારે અચાનક વિમાન નીચે ખાબકવા લાગ્યું ત્યારે કો-પાઈલટે કેપ્ટન પર છરીથી હુમલો કરી તેમને કોકપિટમાંથી બહાર ફેંકી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ જોઈ આગળની સીટ પર બેઠેલા કેટલાક ઈઝરાયેલી મુસાફરો કોકપિટ તરફ દોડી ગયા હતા અને હુમલાખોર સામે લડીને તેને કાબૂમાં લીધો હતો. આ દરમિયાન વિમાનમાં પાછળની સીટ પર સવાર નાગરિક વેશમાં રહેલા અન્ય બે પાઈલટ્સને મુસાફરોએ કોકપિટમાં પહોંચાડી વિમાનનું નિયંત્રણ સોંપ્યું હતું. છરીના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ભારતીય કેપ્ટનની હાલત અત્યંત નાજુક હતી. ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા એક ઈઝરાયેલી દંતચિકિત્સકે (ડેન્ટિસ્ટ) તાત્કાલિક પ્રથમ સારવાર આપીને ભારતીય કેપ્ટનનો જીવ બચાવવામાં મદદ કરી હતી. હાલમાં બંને પાઈલટ્સ સઉદી અરેબિયાના તબુક સ્થિત હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

**તપાસના એંધાણ : ઓમાની કો-પાઈલટને સુરક્ષા મંજૂરી કેમ મળી ? :** આ ઘટના બાદ હવે ઈઝરાયેલી તપાસ એજન્સીઓ એ વાતની ગંભીર તપાસ કરી રહી છે કે આ ઓમાની કો-પાઈલટને ઈઝરાયેલ તરફ જતી ફ્લાઈટ ઉડાડવાની પરવાનગી કેવી રીતે મળી. સામાન્ય રીતે અરબ અથવા ગલ્ફ દેશોના તમામ વિદેશી ક્રૂ મેમ્બર્સનું ઈઝરાયેલી હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા પહેલા કડક સુરક્ષા પ્રક્રિયા અને વ્યક્તિગત સ્ક્રિનિંગ કરવામાં આવે છે. રિપોર્ટ મુજબ, હુમલાખોર કો-પાઈલટ છેલ્લા એક વર્ષથી પણ ઓછા સમયથી આ એરલાઈનમાં કામ કરી રહ્યો હતો. ઈઝરાયેલી એજન્સીઓ તેની દોહરી નાગરિકતા (Dual Citizenship) અને આતંકી કનેક્શન અંગે પણ તપાસ કરી રહી છે.

## કો-પાઈલટે પાઈલટને છરો માર્યો, આતંકવાદી કનેક્શનની તપાસ

(એજન્સી) તા.૩૦

બુધવારે તેલ અવીવ જતી ફ્લાઈદુબઈની ફ્લાઈટ (FZ1073)માં કેપ્ટન અને કો-પાઈલટ વચ્ચે હિંસક અને લોહિયાળ ઝઘડો થયો હતો, જેના કારણે ઈમરજન્સી સંકેતો મળ્યા અને વિમાન હાઈજેક થવાની આશંકા ઊભી થઈ હતી. ઘટનાક્રમની તપાસ ચાલી રહી છે પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ કો-પાઈલટે કથિત રીતે આત્મહત્યાના ઈરાદે વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો અને કેપ્ટને મુસાફરોની મદદથી તેને અટકાવ્યો હતો.

ઈઝરાયેલી અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓમાનના નાગરિક એવા કો-પાઈલટે કેપ્ટનને છરો માર્યો હતો, ત્યારબાદ કેબિન ક્રૂ અને અન્ય મુસાફરો કોકપિટમાં ઘૂસી આવ્યા હતા અને તેને કાબૂમાં લીધો હતો. હવામાં બનેલી આ નાટ્યાત્મક ઘટનાને પગલે ઈઝરાયેલ અને સઉદી અરેબિયાએ પોતાના જેટ વિમાનો રવાના કર્યા હતા; આખરે લગભગ ૧૮૦ મુસાફરોને લઈ જતું બોઈંગ ૭૩૭ મેક્સ ૮ (Boeing 737 MAX 8) વિમાન ઉત્તર સઉદી અરેબિયાના તબુક એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું. ફ્લાઈદુબઈના વિમાનમાં સવાર સાદા વસ્ત્રોમાં રહેલા પાઈલટોની બીજી ટીમે ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. વિમાનના પાછળના ભાગે આવેલા રડર (દિશા નિયંત્રક)ને નુકસાન થયું હતું. ઈઝરાયેલે આ ઘટનાને 'આતંકવાદી હુમલા'નો પ્રયાસ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, તેની ગુપ્તચર એજન્સી 'મોસાદ' આ ઘટનાની તપાસ કરી રહી છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા દૃશ્યોમાં વિમાનની અંદર લોહીથી ખરડાયેલા ટી-શર્ટમાં એક મુસાફર જોવા મળ્યો હતો. અન્ય એક ફૂટેજમાં મુસાફરો કોકપિટ પાસે ઘાયલ કેપ્ટનની સારવાર કરતા જોવા મળ્યા હતા, જ્યારે કો-પાઈલટ તેમની બાજુમાં બંધાયેલી હાલતમાં દેખાતો હતો.

૧. દુબઈ-તેલ અવીવ ફ્લાઈટ (FZ1073) દ્વારા શરૂઆતમાં 'ડિસ્ટ્રેસ કોડ ૭૭૦૦' (distress code 7700) મોકલવામાં આવ્યો હતો, જે સામાન્ય ઈમરજન્સીનો સંકેત છે. થોડી જ સેકન્ડો પછી તેણે '૭૫૦૦' કોડ ટ્રાન્સમિટ કર્યો, જે સંભવિત હાઈજેકિંગ અથવા ગેરકાયદેસર દખલગીરી સૂચવે છે.

૨. ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે, પ્રથમ ઈમરજન્સી સિગ્નલ મળ્યાના બે મિનિટથી થોડા વધુ સમયમાં વિમાન ૧૭,૪૦૦ ફૂટ નીચે ઉતર્યું હતું - એટલે કે ૩૪,૦૦૦ ફૂટથી ઘટીને લગભગ ૧૬,૬૦૦ ફૂટ પર આવી ગયું હતું.

૩. ઈઝરાયેલના 'Ynet' સમાચાર મુજબ કોકપિટમાં સહ-પાયલોટ (જે ઓમાનનો નાગરિક હતો) અને કેપ્ટન (જે ભારતીય હતો) વચ્ચે થયેલી મારામારીને કારણે સંકટના સંકેતો (distress signals) સક્રિય થયા હતા.

૪. ઈઝરાયેલી વિશ્લેષક અને જાણીતા પત્રકાર અમિત સેગલે દાવો કર્યો હતો કે, સહ-પાયલોટે કેપ્ટન પર વારંવાર છરી વડે હુમલો કર્યો હતો. જ્યારે કોકપિટમાંથી ચીસો સંભળાઈ, ત્યારે મુસાફરોએ દરવાજો તોડી નાખ્યો અને સહ-પાયલોટને કાબૂમાં લીધો.

૫. સહ-પાયલોટે વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યા પછી આ ઝઘડો શરૂ થયો હતો. પ્રત્યક્ષદર્શીઓએ મીડિયાને જણાવ્યું હતું કે, કેપ્ટને મુસાફરોની મદદથી તેને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી.

૬. કેટલાક મુસાફરોની ત્વરિત અને બહાદુરીભરી કાર્યવાહીને કારણે અંતે મોટી દુર્ઘટના ટળી શકી હતી. તેમાં યિત્ઝાક લીબર પણ સામેલ હતા, જેમણે સહ-પાયલોટને કાબૂમાં લેવામાં મદદ કરી હતી. 'પાયલોટ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અમે આતંકવાદીને કાબૂમાં લીધો અને તેને બાંધી દીધો છે. તમારા પિતા એક હીરો છે,' લીબરે તેમના બાળકોને મોકલેલા વીડિયો સંદેશમાં કહ્યું.

૭. મિરિયમ નામની એક મુસાફરે જણાવ્યું હતું કે, ફ્લાઈટ શરૂ થયાના લગભગ બે કલાક પછી તેણે કોકપિટમાંથી ચીસો સાંભળી હતી. જ્યારે કેબિનનો દરવાજો ખોલવામાં આવ્યો, ત્યારે તેણે જોયું કે એક પાયલોટ ઘાયલ અવસ્થામાં પડ્યો હતો અને તેના હાથમાં ફોલ્ડિંગ છરી હતી. રોઈટર્સના અહેવાલ મુજબ તેણે કહ્યું કે, 'ચારે બાજુ લોહી ફેલાયેલું હતું.'

૮. જો વિમાનમાં હાજર પાયલોટોની બીજી ટીમ ન હોત તો પરિસ્થિતિ જીવલેણ બની શકી હોત. 'ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ'ના અહેવાલમાં જણાવાયું છે કે, આ બે પાયલોટોએ અંતે સઉદી અરેબિયામાં વિમાનને સુરક્ષિત રીતે ઉતારવામાં સફળતા મેળવી હતી. સઉદીના તબુક એરપોર્ટના જણાવ્યા અનુસાર ઈજાઓ થવાને કારણે પાયલોટ અને સહ-પાયલોટ બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૯. સઉદી અરેબિયામાં ઈઝરાયેલ જતી ફ્લાઈટનું ઉતરાણ એ તે દેશમાં ઈઝરાયેલીઓના આગમનની એક દુર્લભ ઘટના હતી. સઉદી અરેબિયાના ઈઝરાયેલ સાથે કોઈ રાજદ્વારી સંબંધો નથી.

૧૦. સઉદી અરેબિયાથી મુસાફરોને સ્વદેશ લાવવા માટે ઈઝરાયેલ તેની રાષ્ટ્રીય એરલાઈન 'એલ અલ' (El Al)નું લશ્કરી અથવા નાગરિક વિમાન મોકલે તેવી શક્યતા છે. તબુક એરપોર્ટના જણાવ્યા અનુસાર તેઓ વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવા માટે 'ફ્લાયદુબઈ' (flydubai) સાથે સંકલન સાધી રહ્યા છે.

## 'પાઈલટને છરી મારવામાં આવી હતી, કોકપિટમાં ચારેય તરફ લોહી હતું' : ફ્લાયદુબઈના મુસાફરોએ વર્ણવ્યું ભયાનક દૃશ્ય, કહ્યું; 'અમે જીવ બચવાની આશા છોડી દીધી હતી'

### સઉદી અરેબિયામાં ઈમરજન્સી લેન્ડિંગ બાદ વિમાનમાં સવાર મુસાફરોએ ગભરાટ અને અફરાતફરીના અનુભવો શેર કર્યા; ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ઈઝરાયેલી વડાપ્રધાન નેતાન્યાહુએ સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતિ પર સતત નજર રાખી

(એજન્સી) તા.૩૦

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં મધ્ય-આકાશમાં સર્જાયેલા દર્દનાક દૃશ્યો અને હિંસક ઘટના બાદ સઉદી અરેબિયાના તબુક એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. વિમાનમાં સવાર મુસાફરોએ કોકપિટમાં લોહી, લોકોની દર્દનાક ચીસો અને અચાનક વિમાન નીચે ખાબકતા સર્જાયેલા ભયંકર માહોલની આઘાતજનક વિગતો વર્ણવી છે. કેટલાક ઈઝરાયેલી મુસાફરો અને કેબિન ક્રૂએ ભેગા મળીને હુમલાખોરને કાબૂમાં લીધો હતો. એક મહિલા મુસાફરે ઈઝરાયેલી મીડિયાને ટેક્સ્ટ મેસેજ દ્વારા જણાવ્યું હતું કે, વિમાનમાં અચાનક ચીસાચીસ શરૂ થઈ ગઈ હતી. જ્યારે કોકપિટનો દરવાજો ખૂલ્યો ત્યારે અંદર લોહી લુહાણ હાલત જોવા મળી હતી અને કોઈએ પોકેટનાઈફ (છરી) વડે પાઈલટ પર હુમલાના વાર કર્યા હતા. મુસાફરે ઉમેર્યું કે, 'અમે ભારે ગભરાટ વચ્ચે પ્રાર્થનાઓ કરી રહ્યા હતા અને એક ક્ષણે તો અમને લાગ્યું કે અમે જીવતા બહાર નહીં નીકળી શકીએ.' અન્ય એક મુસાફર નોઆમે જણાવ્યું કે, પાઈલટ ગંભીર રીતે ઘાયલ થતાં વિમાન પરનો કાબૂ છૂટી ગયો હતો અને તે ખૂબ ઝડપથી નીચે તરફ ડાઈવ કરવા લાગ્યું હતું, જે અત્યંત ડરામણું હતું.

**હાઈજેક સિગ્નલ અને ૩૪,૦૦૦ ફીટથી અચાનક નીચે પટકાયું વિમાન :** બોઈંગ 737 MAX વિમાન (ફ્લાઈટ FZ1073)માં આશરે ૧૮૦ મુસાફરો સવાર હતા. ફ્લાઈટ ડેટા અનુસાર વિમાને પ્રથમ ઈમરજન્સી કોડ '૭૭૦૦' અને ત્યારબાદ હાઈજેકિંગ અથવા ગેરકાયદેસર દખલગીરી દર્શાવતો '૭૫૦૦' કોડ ટ્રાન્સમિટ કર્યો હતો. આ દરમિયાન વિમાન એક મિનિટ કરતાં પણ ઓછા સમયમાં ૩૪,૦૦૦ ફીટથી ઘટીને ૧૭,૦૦૦ ફીટની ઊંચાઈ પર પટકાઈ ગયું હતું. સંપર્ક તૂટી જતાં હાઈજેકની ભીતિ વચ્ચે ઈઝરાયેલી વાયુસેનાએ ફાઈટર જેટ્સ રવાના કર્યા હતા. જો કે, બાદમાં સંપર્ક પુનઃસ્થાપિત થતાં વિમાનને સઉદી અરેબિયામાં સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું હતું.

**વડાપ્રધાન નેતાન્યાહુની પરિસ્થિતિ પર નજર, ફ્લાયદુબઈનું નિવેદન :** આ ગંભીર હવાઈ ઘટનાને પગલે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી અને તમામ અપડેટ્સ પર નજર રાખી હતી. વડાપ્રધાન કાર્યાલયે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, 'પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ઈઝરાયેલી મુસાફરોને સુરક્ષિત રીતે વતન પાછા લાવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.' બીજી તરફ, ફ્લાયદુબઈ એરલાઈન્સે ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે, તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. કંપનીએ ફસાયેલા મુસાફરોને તેલ અવીવ પહોંચાડવા માટે સઉદી અરેબિયાના તબુક એરપોર્ટ પર બીજું વૈકલ્પિક વિમાન રવાના કર્યું છે અને સંબંધિત અધિકારીઓ સાથે મળીને આ સમગ્ર ઘટનાની તપાસ ચલાવી રહી છે.

**ક્યા બાત હૈ ?!**

**હા, આ બધા મારા ફોટો છે !**



- જામી

## માત્ર 'દૈવી તલવાર' વિશે જ નહીં, NCERTના પાઠ્યપુસ્તકમાં નહેરૂ અને સેંગોલ અંગે BJPના સિદ્ધાંતને ફરી જીવંત કરવામાં આવ્યો

(એજન્સી) તા.૩૦

૧૯૪૭માં ભારતની આઝાદી સમયે સત્તાનું હસ્તાંતરણ હિન્દુ ધાર્મિક નેતાઓ દ્વારા આશીર્વાદ આપવામાં આવેલ ચોલ-શૈલીના રાજદંડ 'સેંગોલ'ની સોંપણી દ્વારા થયું હતું. નરેન્દ્ર મોદી સરકારના આ દાવાને NCERTના ધોરણ ૯ના સામાજિક વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે. જો કે ઘણા નિષ્ણાતોએ આ સિદ્ધાંતનો વિરોધ કર્યો છે.

NCERTનું પાઠ્યપુસ્તક 'અન્ડરસ્ટેન્ડિંગ સોસાયટીઃ ઈન્ડિયા એન્ડ બિયોન્ડ - ભાગ ૨' એવું પણ જણાવે છે કે શિવાજી સહિતના મધ્યયુગીન શાસકોને દેવી-દેવતાઓ પાસેથી તલવારો મળી હોવાનું માનવામાં આવતું હતું. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાના છ મહિના બાદ મંગળવારે આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું હતું. આ પાઠ્યપુસ્તકનો પ્રથમ ભાગ જૂન મહિનામાં બહાર પાડવામાં આવ્યો હતો.

NCERTના પાઠ્યપુસ્તકમાં લખ્યું છે કે, "શાસન અને સુશાસનના સાંસ્કૃતિક પ્રતીક સમાન 'સેંગોલ'ને ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના નવા સંસદ ભવનમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. ન્યાયપૂર્ણ શાસનના પ્રતીક તરીકે સેંગોલનો ઉપયોગ કરવાની પરંપરા એક હજાર વર્ષથી વધુ સમય પહેલાં ચોલ વંશના શાસનકાળ દરમિયાન શરૂ થઈ હતી."

આ પ્રકરણમાં સેંગોલને આઝાદી દરમિયાન થયેલા સત્તા હસ્તાંતરણ સાથે જોડવામાં આવ્યું છે. તેમાં જણાવાયું છે કે, "ભારતની આઝાદીના પ્રસંગે, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ની મધ્યરાત્રિએ, પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ તમિલનાડુના અધિનમ સંતો (એક પ્રાચીન શૈવ પરંપરા) પાસેથી સેંગોલ સ્વીકાર્યું હતું." 'સેંગોલ' સત્તા હસ્તાંતરણનું પ્રતીક હોવાની થિયરીને કોંગ્રેસ, શિક્ષણવિદ્ રાજમોહન ગાંધી અને સ્વતંત્રતા સંગ્રામના નિષ્ણાત ઈતિહાસકાર આદિત્ય મુખર્જી સહિત અનેક લોકોએ પડકારી છે. મુખર્જીએ કહ્યું હતું કે તેમને સેંગોલ વિશે કોઈ એવા ઐતિહાસિક પુરાવા મળ્યા નથી જે તેને કોઈ ધાર્મિક સંસ્થા દ્વારા નેહરૂને આપવામાં આવેલી ભેટ સિવાય અન્ય કંઈક સાબિત કરતા



**સત્તા હસ્તાંતરણના પ્રતીક તરીકે 'સેંગોલ'ના સિદ્ધાંતને કોંગ્રેસ, શિક્ષણવિદ્ રાજમોહન ગાંધી અને સ્વતંત્રતા સંગ્રામના નિષ્ણાત ઈતિહાસકાર આદિત્ય મુખર્જી સહિત અનેક લોકોએ પડકાર્યો છે**

હોય. તેમણે એમ પણ કહ્યું હતું કે ચોલ વંશની દંતકથા અને ધાર્મિક વિધિઓ સાથે જોડાયેલા આ રાજદંડ (સેંગોલ) અંગેનો વિવાદ એ સમગ્ર ઘટનાક્રમને હિન્દુ રંગ આપવાનો પ્રયાસ છે, જાણે કે ૧૯૪૭માં હિન્દુ રાષ્ટ્રની સ્થાપના થઈ હોય. તેઓને એવી કોઈ વાત સાંભળવા કે વાંચવા મળી હોય તેવું યાદ નથી જે તાજેતરના એ દાવાઓની પુષ્ટિ કરતી હોય કે ભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને નેહરૂને સત્તા હસ્તાંતરણની પ્રક્રિયા સૂચવવા કહ્યું હતું, અને કોંગ્રેસ નેતાએ સી. રાજગોપાલાચારીની મદદ લીધી હતી, જેમણે કથિત રીતે તમિલનાડુના શૈવ મઠ 'તિરૂવદુથુરાઈ અધિનમ' પાસે સોનાનો ઢોળ ચડાવેલો રાજદંડ તૈયાર કરાવ્યો હતો.

રાજગોપાલાચારીના પૌત્ર અને તેમના જીવનચરિત્રકાર રાજમોહન ગાંધીએ લખ્યું હતું કે તેમણે સેંગોલની વાર્તામાં રાજાજીની કથિત ભૂમિકા વિશે ક્યારેય સાંભળ્યું નથી. વર્ષ ૨૦૨૩માં નવા સંસદ ભવનના ઉદ્ઘાટન પ્રસંગે લોકસભા ગૃહમાં સંબોધન કરતી વખતે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ૧૯૪૭માં સેંગોલ એ રાજાજી અને અધિનમોના માર્ગદર્શન હેઠળ સત્તા હસ્તાંતરણનું પ્રતીક હતું.

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સેંગોલનું વર્ણન આ રીતે કર્યું છેઃ

"એક સમયે તમિલ શાસકોના રાજ્યાભિષેકની વિધિઓનો અભિન્ન અંગ રહેલો સેંગોલ માત્ર એક ઔપચારિક વસ્તુ ન હતી, પરંતુ શાસકને સોંપવામાં આવતી નૈતિક જવાબદારીઓનું એક ગહન પ્રતીક હતું. ૧૯૪૭માં ભારતની આઝાદીની પૂર્વસંધ્યાએ આ પવિત્ર પરંપરાને ભવ્ય રીતે પુનર્જીવિત કરવામાં આવી હતી, જ્યારે પંડિત જવાહરલાલ નેહરુને વિધિવત રીતે સેંગોલ અર્પણ કરવામાં આવ્યું હતું. વુમ્મિદી ચેટી દ્વારા હાથથી બનાવવામાં આવેલ અને તિરૂવદુથુરાઈ અધિનમના સંતો દ્વારા પવિત્ર કરાયેલ આ 'સેંગોલ', સંસ્થાનવાદી શાસનમાંથી સાર્વભૌમ ભારતીય રાજ્યને સત્તાના હસ્તાંતરણનું પ્રતીક હતું, જે સભ્યતાના મૂળ સાથે જોડાયેલું હતું. તેની સાથે આધ્યાત્મિક સંરક્ષણના આશીર્વાદ અને ભારતના પવિત્ર વારસાનું શાશ્વત જ્ઞાન પણ જોડાયેલ છે.

## ઓડિશા : CAGનો જમીન ઉપયોગ અને અતિક્રમણ સામે વાંધો, સેંકડો એકર જમીન અવગણવામાં આવી

નવી દિલ્હી : કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (CAG)એ કૃષિ અને સરકારી જમીનના ઉપયોગ અંગે ઓડિશામાં મહેસૂલ વહીવટની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. હિન્દુસ્તાન ટાઈમ્સ અનુસાર CAGના અહેવાલમાં જણાવાયું છે કે, રાજ્યના ૨૪ તાલુકાઓમાં આશરે ૫૦૪ એકર ખેતીની જમીનને નિર્ધારિત કાનૂની પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના બિન-કૃષિ ઉપયોગમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. આ જમીનોનો ઉપયોગ વાણિજ્યિક પ્રોજેક્ટ્સ, રહેણાંક બાંધકામ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે કરવામાં આવ્યો હતો. આ ઘટના એવા સમયે પ્રકાશમાં આવી છે જ્યારે ઓડિશામાં ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિક અને શૈક્ષણિક પ્રોજેક્ટ્સ માટે જમીનની વધતી માંગને કારણે કૃષિ અને સરકારી જમીનનો ઉપયોગ એક મહત્ત્વપૂર્ણ વહીવટી મુદ્દો બન્યો છે. CAGએ તેના ૨૦૨૩-૨૪ અનુપાલન અહેવાલમાં જણાવ્યું હતું કે, જમીન રૂપાંતરના કેસોમાં મહેસૂલ અધિકારીઓએ ઓડિશા ભૂમિ સુધારણા (OLR) કાયદા હેઠળ નિર્ધારિત પ્રક્રિયાઓનું સંપૂર્ણપણે પાલન કર્યું નથી. અહેવાલ મુજબ ઘણા કિસ્સાઓમાં તહસીલદારોએ સ્થાનિક વિકાસ અધિકારીઓના ફરજિયાત અભિપ્રાય વિના જમીન ઉપયોગ પરિવર્તન માટે પરવાનગી આપી હતી. ઓડિટમાં જાણવા મળ્યું કે વિકાસ અધિકારીઓની સલાહ લીધા વિના આશરે ૩૦.૩ એકર જમીન રૂપાંતર માટે મંજૂર કરવામાં આવી હતી. વધુમાં સંબંધિત વિકાસ અધિકારીઓના લેખિત વાંધાઓ છતાં છ તાલુકાઓમાં ૧૦.૭ એકર જમીનનું રૂપાંતર મંજૂર કરવામાં આવ્યું હતું. CAGના મતે ખેતીની જમીન અનિયંત્રિત ન થાય અને બિન-ખેતીની જમીનમાં રૂપાંતરિત ન થાય તે સુનિશ્ચિત કરવા માટેની પ્રક્રિયાઓનું પાલન કરવામાં નિષ્ફળતા જમીન ઉપયોગ આયોજન અને વિકાસ નિયંત્રણ પ્રણાલીને નબળી પાડે છે.

## દાયકાઓનો વિલંબ અને નવી સમયસીમા : બંગાળના મુખ્યમંત્રીએ 'ઘટાલ માસ્ટર પ્લાન' માટે ૧૨૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી

કોલકાતા : બંગાળના મુખ્યમંત્રીએ બુધવારે જાહેરાત કરી હતી કે, ચાલુ નાણાકીય વર્ષમાં 'ઘટાલ માસ્ટર પ્લાન' માટે ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. તેમણે અધિકારીઓ અને સ્થાનિક ધારાસભ્યોને પૂર નિયંત્રણના આ પ્રોજેક્ટ પર કામ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો અને જૂન ૨૦૨૭ સુધીમાં તેને પૂર્ણ કરવા આહ્વાન કર્યું હતું. પશ્ચિમ મેદિનીપુર જિલ્લામાં આવેલા તેમના જન્મસ્થળ 'બિરસીંગા' ખાતે પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ૨૦૬મી જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તેમને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મુખ્યમંત્રી એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. અમે ચાલુ નાણાકીય વર્ષમાં ઘટાલ માસ્ટર પ્લાન માટે ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવીશું. કેન્દ્ર સરકાર ૫૦ ટકા ભંડોળ પૂરું પાડશે અને બાકીનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

## યુપીના પૂર્વ IAS અધિકારી દિવ્યા મિત્તલ સ્વતંત્ર રીતે રાજકારણમાં પ્રવેશ્યા, કહ્યું 'કોઈ પક્ષમાં જોડાઈશ' નહીં

લખનૌ : ઉત્તરપ્રદેશ કેડરના પૂર્વ IAS અધિકારી દિવ્યા મિત્તલે મંગળવારે, ૨૯ સપ્ટેમ્બરના રોજ રાજકારણમાં પ્રવેશવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ સ્વતંત્ર રીતે કામ કરશે અને કોઈ પણ વર્તમાન રાજકીય પક્ષમાં જોડાશે નહીં. સિવિલ સર્વિસમાં લગભગ ૧૩ વર્ષ ગાળ્યા બાદ IAS પદ પરથી રાજીનામું આપ્યાના થોડા અઠવાડિયા પછી, મિત્તલે 'X' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરાયેલા વીડિયો સંદેશ દ્વારા આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ નાગરિકો સાથે સીધા કામ કરવા અને તેમની ચિંતાઓ/સમસ્યાઓના આધારે એક સ્વતંત્ર રાજકીય મંચ તૈયાર કરવા માગે છે. અમલદારશાહીમાંથી બહાર નીકળ્યા બાદ તેમના આગામી પગલા વિશે ચાલી રહેલી અટકળો વચ્ચે આ જાહેરાત કરવામાં આવી છે. 'ધ ટ્રિબ્યુન'ના અહેવાલ મુજબ, મિત્તલે કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાવાની શક્યતા નકારી કાઢી છે અને તેઓ ઉત્તર પ્રદેશથી તેમની રાજકીય સફર શરૂ કરશે. પોતાના નિર્ણય વિશે સમજાવતા મિત્તલે કહ્યું કે તેઓ 'ઈરાદા, ન્યાય, સંવેદના અને દીર્ઘકાલીન વિચારસરણીના રાજકારણ' તરીકે વર્ણવેલી બાબતો માટે કામ કરવા માગે છે.

## દિલ્હી હાઈકોર્ટે શરજીલ ઈમામની પીએચડી સંશોધન સામગ્રી મેળવવાની અરજી પર તિહાર સત્તાવાળાઓ અને પોલીસ પાસેથી જવાબ માંગ્યો

દિલ્હી હાઈકોર્ટે સોમવારે મુસ્લિમ વિદ્યાર્થી નેતા અને UAPA હેઠળ આરોપી તથા જેલમાં બંધ શરજીલ ઈમામની અરજી પર તિહાર જેલ સત્તાવાળાઓ અને દિલ્હી પોલીસ પાસેથી જવાબ માંગ્યો હતો. ઈમામે પેન ડ્રાઈવમાં સંગ્રહિત સંશોધન સામગ્રી મેળવવા અને પોતાનું પીએચડી કાર્ય ચાલુ રાખવા માટે જેલની અંદર કમ્પ્યુટરનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી છે. 'બાર એન્ડ બેન્ચ'ના અહેવાલ મુજબ ઈમામ વતી હાજર રહેલા વકીલ અહમદ ઈબ્રાહિમે કોર્ટને જણાવ્યું હતું કે ઈમામ જાન્યુઆરી ૨૦૨૦થી કસ્ટડીમાં છે અને ધરપકડ સમયે તેઓ તેમના પીએચડીના અંતિમ વર્ષમાં હતા. ઈબ્રાહિમે કહ્યું, 'ધરપકડ સમયે તેઓ તેમના પીએચડીના અંતિમ વર્ષમાં હતા. તેમના સિનોપ્સિસ (સંશોધન રૂપરેખા)ને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અને યુનિવર્સિટી [JNU] દ્વારા મંજૂરી આપવામાં આવી છે. હું માંગણી કરી રહ્યો છું કે તેમને તેમની સંશોધન સામગ્રી મેળવવાની મંજૂરી આપવામાં આવે.' તેમણે સ્પષ્ટ કર્યું કે ઈમામ ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની માંગ કરી રહ્યા નથી, પરંતુ માત્ર જેલની અંદર ઉપલબ્ધ કમ્પ્યુટર સુવિધાઓનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી રહ્યા છે. જ્યારે કોર્ટે પૂછ્યું કે સંશોધન સામગ્રીની ભૌતિક નકલો (હાર્ડ કોપી) કેમ પૂરી પાડી શકાતી નથી, ત્યારે ઈબ્રાહિમે કહ્યું કે આ સામગ્રી લાખો પાનાની છે. જાન્યુઆરી ૨૦૨૦માં ધરપકડ પહેલાં ઈમામ જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU)માં આધુનિક ઈતિહાસ (Modern History) વિષયમાં ડોક્ટરલ સ્કોલર તરીકે નોંધાયેલા હતા.

## 'રાઈઝ એન્ડ ફોલ' (Rise & Fall) શોમાં સિવત તોમર દ્વારા ભાજપના પૂર્વ પ્રવક્તા શહેઝાદ પૂનાવાલા પર હુમલો; રાજકારણીઓની પ્રતિક્રિયા

રિયાલિટી શો ''રાઈઝ એન્ડ ફોલ'' (Rise & Fall)માં દલીલ દરમિયાન ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ પ્રવક્તા શહેઝાદ પૂનાવાલા પર સાથી સ્પર્ધક સિવત તોમર દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ફરી રહ્યા છે અને રાજકીય નેતાઓ તરફથી પ્રતિક્રિયાઓ આવી રહી છે. આ ઘટના શોના તાજેતરના એપિસોડમાં અભિનેત્રી સ્વરા ભાસ્કર અને પૂનાવાલા વચ્ચે થયેલી દલીલ દરમિયાન બની હતી; આ શો 'પ્રાઈમ વીડિયો' (Prime Video) પર સ્ટ્રીમ થાય છે. તોમર દલીલમાં જોડાયા તે પહેલાં, આ મતભેદ તેમના ભિન્ન રાજકીય અને વૈચારિક વિચારો પર કેન્દ્રિત હોય તેવું લાગતું હતું. ઓનલાઈન ફરી રહેલા એપિસોડના ફૂટેજમાં, પૂનાવાલા તોમરના શરીર પરના ટેટૂનો ઉલ્લેખ કરતા અને ભાસ્કરનો પક્ષ લેવાના તેના નિર્ણય પર સવાલ ઉઠાવતા જોવા મળે છે. તોમરના શરીર પર ઘણા ટેટૂ છે, જેમાં ડાબા હાથ પરનું એક ટેટૂ ત્રિશૂળ જેવું દેખાય છે. ત્યારબાદ દલીલ શારીરિક સંઘર્ષમાં ફેરવાઈ ગઈ અને તોમર પૂનાવાલાને મારતા જોવા મળ્યા. બાદમાં પૂનાવાલા ફાટેલા કુર્તા સાથે કેમેરામાં જોવા મળ્યા હતા. કથિત શારીરિક હુમલા બાદ તોમરને શોમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હોવાના અહેવાલ છે.

## 'મહિલા વિરૂદ્ધ અશ્લીલ ટિપ્પણીઓ' : તમિલનાડુ પેટાચૂંટણીના ઉમેદવાર ભાવુક થઈ રડી પડ્યા, વિજયે તેમને સાંત્વના આપી

તમિલનાડુમાં આગામી ધારાપુરમ વિધાનસભા પેટાચૂંટણીમાં મુખ્યમંત્રી વિજયના પક્ષના એક મહિલા ઉમેદવાર આજે રડી પડ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે 'ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ' (AIADMK) છોડ્યા બાદ તેમને અપમાનજનક અને અશ્લીલ ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો છે. આવતા અઠવાડિયે યોજાનારી પેટાચૂંટણીના પ્રચાર દરમિયાન મંચ પર ભાવુક થતાં સત્યાભામાએ કહ્યું, 'તેઓ અશ્લીલ ભાષાનો ઉપયોગ કરે છે. હું એક મહિલા છું તેનો વિચાર કર્યા વિના જ તેઓ મારા વિશે અપમાનજનક અને ખરાબ વાતો કરે છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમણે AIADMK છોડી દીધી હતી કારણ કે એવી ચર્ચા હતી કે પક્ષના વડા એડપ્પાડી કે. પલાનીસ્વામી તેમના કટ્ટર હરીફ DMK સાથે ગઠબંધન કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. મંચ પર તેમની બાજુમાં ઊભેલા વિજયે આગળ આવીને પક્ષના નેતાને સાંત્વના આપી હતી, જ્યારે તેઓ પોતાની આંખો લૂછી રહ્યા હતા.

## ચોક્કસ ગુપ્ત માહિતીને પગલે બડગામમાં લશ્કર-એ-તૈયબાના મોસ્ટ-વોન્ટેડ આતંકવાદી હાશિમ મૂસાનું મોત

બડગામ : જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે સેનાની ૧૫ ચિનાર કોર્પ્સ દ્વારા હાથ ધરવામાં આવેલા ગુપ્ત માહિતી આધારિત ઓપરેશનમાં લશ્કર-એ-તૈયબા (LeT)નો મોસ્ટ-વોન્ટેડ આતંકવાદી મોહમ્મદ આસિફ, જે હાશિમ મુસા અને આસિફ ફૌજી તરીકે પણ ઓળખાતો હતો, તે માર્યો ગયો. ગુરવેથ કલાન વિસ્તારમાં મુસાની હાજરી અંગેની ચોક્કસ ગુપ્ત માહિતી ૧૫ ચિનાર કોર્પ્સને આપવામાં આવી હતી, જેના બાદ ઓપરેશન શરૂ કરીને તેને શોધી કઢાયો હતો. ૨૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે તે માર્યો ગયો હતો. મુસા દોઢ વર્ષથી વધુ સમયથી સુરક્ષા એજન્સીઓની નજરમાં હતો અને તેને જમ્મુ-કાશ્મીરમાં સક્રિય 'હાઈ-વેલ્યુ' (મહત્ત્વપૂર્ણ) વિદેશી આતંકવાદી માનવામાં આવતો હતો.

## બોમ્બે હાઈકોર્ટે 'એન્ટિલિયા બોમ્બ કેસ'માં સચિન વાઝેના જામીન પર રોક લગાવી

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની અપીલ બાદ, બોમ્બે હાઈકોર્ટે બુધવારે ૨૦૨૧ના 'એન્ટિલિયા બોમ્બ કેસ' અને મનસુખ હિરેન હત્યા કેસમાં બરતરફ પોલીસ અધિકારી સચિન વાઝેને જામીન આપતા વિશેષ અદાલતના આદેશ પર રોક લગાવી દીધી. ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને નીલા ગોખલેની બેન્ચે ૨૯ સપ્ટેમ્બરના જામીન આદેશ પર વચગાળાની રોક લગાવી, વાઝેને નોટિસ જારી કરી અને અપીલની સુનાવણી ૭ ઓક્ટોબર માટે નિર્ધારિત કરી. કોર્ટે રાજ્ય સત્તાવાળાઓને આ નિર્ણયની જાણ તાત્કાલિક જેલ સત્તાવાળાઓને કરવાનો નિર્દેશ આપ્યો. વાઝે થાણે સેન્ટ્રલ જેલમાં જ રહેશે. હાઈકોર્ટે હસ્તક્ષેપ કર્યો ત્યારે તેમની મુક્તિની ઔપચારિકતાઓ પૂર્ણ થઈ ન હતી. NIA વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે દલીલ કરી હતી કે આરોપોની ગંભીરતા હોવા છતાં જામીન આપવામાં વિશેષ અદાલતે ભૂલ કરી હતી. તેમણે બેન્ચને જણાવ્યું હતું કે વાઝે પર આતંક ફેલાવવાના ઈરાદે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન નજીક વિસ્ફોટકો ભરેલું વાહન મૂકવાનો અને હિરેનની હત્યા કરવાનો આરોપ છે. એજન્સીની અપીલમાં જામીન આદેશને કાયદાકીય રીતે ક્ષતિપૂર્ણ ગણાવીને તેને રદ કરવાની માંગ કરવામાં આવી છે.

# ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી વોટ્સએપ બિઝનેસ મેસેજ પર શુલ્ક લાગશે : ભારતમાં કિંમતો સહિત શું ફેરફારો થશે

### વોટ્સએપ પોતાના પ્લેટફોર્મ પર ગ્રાહકો સાથેની વાતચીત માટે બિઝનેસ પાસેથી ચાર્જ વસૂલવાની પદ્ધતિમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે

(એજન્સી) તા.૩૦

૧ ઓક્ટોબર, ૨૦૨૬થી મેટા અત્યાર સુધી મફતમાં ઉપલબ્ધ રહેલા સર્વિસ મેસેજિસ માટે બિઝનેસ પાસેથી ચાર્જ વસૂલવાનું શરૂ કરશે. આ ફેરફાર ભારત સહિત અન્ય બજારોમાં બિઝનેસ પ્લેટફોર્મનો ઉપયોગ કરતા બિઝનેસ પર લાગુ થશે. નવી વ્યવસ્થામાં સર્વિસ મેસેજિસ માટે પ્રતિ-મેસેજના આધારે ચાર્જ વસૂલવામાં આવશે. દરેક બજારમાં આ દરો હાલના યુટિલિટી અને ઓથેન્ટિકેશન મેસેજિસ માટે લાગુ પડતા દરો સાથે સુસંગત રહેશે. મેટા એ બિઝનેસ માટે ૩૦ સપ્ટેમ્બરની સમયમર્યાદા પણ નક્કી કરી છે. તે પહેલાં પોતાના એકાઉન્ટમાં પેમેન્ટ પદ્ધતિ ઉમેરવી પડશે. Solution Provider અથવા ડાયરેક્ટ ઈન્ટિગ્રેશન મારફતે વોટ્સએપ બિઝનેસનો ઉપયોગ કરતા જે બિઝનેસના એકાઉન્ટમાં આ તારીખ સુધી પેમેન્ટ મેથડ નોંધાયેલી નહીં હોય, તેમને નવા ચાર્જ લાગુ થયા બાદ સર્વિસ મેસેજિસની ડિલિવરી મળવાનું બંધ થઈ શકે છે. મેટાએ જણાવ્યું છે કે, ૩૦ સપ્ટેમ્બર સુધી પેમેન્ટ મેથડ નોંધાવ્યા વગરના બિઝનેસ માટે ૧ ઓક્ટોબરથી સર્વિસ મેસેજિસની ડિલિવરી કરવામાં આવશે નહીં.

**વોટ્સએપ બિઝનેસ મેસેજિસમાં શું બદલાશે ? :** મેટા પહેલેથી જ વોટ્સએપ પર માર્કેટિંગ, યુટિલિટી અને ઓથેન્ટિકેશન ટેમ્પ્લેટ મેસેજિસના વિવિધ પ્રકારો માટે બિઝનેસ પાસેથી ચાર્જ વસૂલે છે. જો કે, કેટલાક ગ્રાહક-સેવા મેસેજિસ અત્યાર સુધી મફત હતા. નોન-ટેમ્પ્લેટ સર્વિસ મેસેજિસ ૧ નવેમ્બર, ૨૦૨૪થી મફત હતા. જ્યારે સક્રિય ૨૪ કલાકની કસ્ટમર સર્વિસ વિન્ડો દરમિયાન મોકલવામાં આવતા યુટિલિટી મેસેજિસ પણ ૧ જુલાઈ, ૨૦૨૫થી મફત હતા. હવે ૧ ઓક્ટોબરથી આ વ્યવસ્થા બદલાશે. આ તારીખથી મેટા સર્વિસ મેસેજિસ ઉપરાંત ગ્રાહકોના જવાબમાં મોકલવામાં આવતા યુટિલિટી મેસેજિસ માટે પણ ચાર્જ વસૂલશે. સર્વિસ મેસેજિસ એટલે માનવ કસ્ટમર સર્વિસ એજન્ટ અથવા બાહ્ય AI સિસ્ટમ દ્વારા મોકલવામાં આવતા નોન-ટેમ્પ્લેટ જવાબો. આવા મેસેજિસ માત્ર ત્યારે જ મોકલી શકાય છે જ્યારે ગ્રાહકની ૨૪ કલાકની સર્વિસ વિન્ડો ખુલ્લી હોય. એટલે કે આ મેસેજ કેટેગરીનો ઉપયોગ કરીને બિઝનેસ નવી વાતચીત શરૂ કરી શકશે નહીં.

**ભારતમાં વોટ્સએપ બિઝનેસ મેસેજિસનો ખર્ચ કેટલો થશે ? :** ચોક્કસ કિંમત બજાર પ્રમાણે અલગ રહેશે. મેટાના જણાવ્યા મુજબ સર્વિસ મેસેજિસના દર દરેક દેશમાં યુટિલિટી અને ઓથેન્ટિકેશન મેસેજિસ માટે લાગુ પડતા દરોની સાથે સુસંગત રાખવામાં આવશે. ભારતમાં મેટા બિઝનેસ એજન્ટ એકાઉન્ટ્સ માટે ભારતીય રૂપિયા બિલિંગ કરન્સી તરીકે ઉપયોગમાં લેવાય છે. વૈશ્વિક બિઝનેસ એજન્ટ પ્રાઈસિંગ માટે મેટા મેસેજ ડિલિવર થાય ત્યારે લાગુ પડતા ડોલર રેટને તે દિવસના વિનિમય દર પ્રમાણે ભારતીય રૂપિયામાં રૂપાંતરિત કરે છે. મેટાએ ૧ ઓક્ટોબરથી લાગુ થનારા દરો ૧ સપ્ટેમ્બરે જાહેર કર્યા હતા. તેથી બિઝનેસે પોતાના એકાઉન્ટ અને મેસેજ કેટેગરી પ્રમાણે ભારતમાં લાગુ પડતો ચોક્કસ દર તપાસવો જોઈએ. તમામ વોટ્સએપ બિઝનેસ મેસેજિસ માટે એકસરખો ચાર્જ લાગશે એવું માનવું યોગ્ય નથી.

**મેટા બિઝનેસ એજન્ટ મેસેજિસ માટે અલગ પ્રાઈસિંગ :** વોટ્સએપ પર AI આધારિત વાતચીત પહેલેથી જ પેઈડ મોડલ તરફ આગળ વધી ચૂકી છે. ૧ ઓગસ્ટથી મેટા પોતાના મેટા બિઝનેસ એજન્ટ દ્વારા હેન્ડલ કરવામાં આવતા મેસેજિસ માટે ટોકન આધારિત સિસ્ટમ હેઠળ ચાર્જ વસૂલી રહ્યું છે. એક જ ચાર્જમાં AI પ્રોસેસિંગ અને મેસેજની ડિલિવરી બંનેનો સમાવેશ થાય છે. મેટાનો વૈશ્વિક દર ૧૦ લાખ ટોકન દીઠ ૨ ડૉલર છે. કંપનીના જણાવ્યા પ્રમાણે એક સામાન્ય મેસેજમાં લગભગ ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦ ટોકનનો ઉપયોગ થઈ શકે છે. એટલે એક મેસેજનો ખર્ચ આશરે ૪થી ૫ સેન્ટ થઈ શકે છે. વધુ જટિલ વાતચીતમાં વધુ ટોકનનો ઉપયોગ થઈ શકે છે અને તેના કારણે ખર્ચ પણ વધી શકે છે. આ AI ચાર્જ નવા સર્વિસ-મેસેજ પ્રાઈસિંગથી અલગ રહેશે.

**૧ ઓક્ટોબરથી બિઝનેસ માટે શું બદલાશે ? :** નવી પ્રાઈસિંગ સિસ્ટમ લાગુ થયા બાદ બિઝનેસ દ્વારા મોકલવામાં આવતા નોન-ટેમ્પ્લેટ મેસેજિસ મુખ્યત્વે સર્વિસ કેટેગરી અથવા મેટા બિઝનેસ એજન્ટ કેટેગરીમાં આવશે. જો કોઈ જવાબ માનવ કસ્ટમર સર્વિસ પ્રતિનિધિ અથવા થર્ડ-પાર્ટી AI સિસ્ટમ દ્વારા તૈયાર કરવામાં આવશે, તો તેને સર્વિસ મેસેજ તરીકે ગણવામાં આવશે અને તેના માટે લાગુ પડતો ચાર્જ વસૂલવામાં આવશે. જો જવાબ મેટા બિઝનેસ એજન્ટ દ્વારા તૈયાર કરવામાં આવશે, તો તેના પર અલગ ટોકન આધારિત પ્રાઈસિંગ લાગુ થશે. મેટાએ સ્પષ્ટ કર્યું છે કે, એક જ મેસેજ માટે બિઝનેસ પાસેથી બે વખત ચાર્જ લેવામાં આવશે નહીં. કંપનીએ આ ફેરફાર સમજાવવા માટે એક ઉદાહરણ આપ્યું છે. તેમાં ગ્રાહક સાથેની વાતચીતમાં એક માર્કેટિંગ મેસેજ, બે મેટા બિઝનેસ એજન્ટના જવાબ, એક સર્વિસ રિસ્પોન્સ અને એક યુટિલિટી મેસેજનો સમાવેશ થાય છે. ૧ ઓક્ટોબરથી લાગુ થનારી પ્રાઈસિંગ વ્યવસ્થા હેઠળ આ પાંચેય મેસેજિસ માટે ચાર્જ લાગશે. અગાઉ માત્ર માર્કેટિંગ મેસેજ માટે જ ચાર્જ લેવામાં આવતો હતો.

**૩૦ સપ્ટેમ્બર સુધી પેમેન્ટ મેથડ ઉમેરવી પડશે :** સોલ્યુશન પ્રોવાઈડર અથવા ડાયરેક્ટ ઈન્ટિગ્રેશન મારફતે વોટ્સએપ બિઝનેસનો ઉપયોગ કરતા બિઝનેસે સમયમર્યાદા પહેલાં પોતાના એકાઉન્ટમાં પેમેન્ટ મેથડ નોંધાયેલી છે તેની ખાતરી કરવી પડશે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ પેમેન્ટ વિગતો ઉમેરવા માટેનો અંતિમ દિવસ છે. મેટાના જણાવ્યા અનુસાર જે બિઝનેસના એકાઉન્ટમાં પેમેન્ટ મેથડ નોંધાયેલી નહીં હોય, તેમના સર્વિસ મેસેજિસની ડિલિવરી ૧ ઓક્ટોબરથી બંધ કરી દેવામાં આવશે. મેટાએ મેટા બિઝનેસ એજન્ટ એકાઉન્ટ્સ માટે પેમેન્ટના વિકલ્પોમાં પણ વધારો કર્યો છે. હવે ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સ્વીકારવામાં આવે છે. ૮ સપ્ટેમ્બરથી Visa અને Mastercard ઉપલબ્ધ થયા છે. યોગ્યતા ધરાવતા બિઝનેસ વૈકલ્પિક રીતે મેટાની ક્રેડિટ લાઈનનો ઉપયોગ કરી શકે છે અને માસિક ઈનવોઈસ મેળવી શકે છે.

**વોટ્સએપની મફત એન્ટ્રી વિન્ડો યથાવત્ રહેશે :** આ ફેરફારનો અર્થ એ નથી કે બિઝનેસ માટે તમામ પ્રકારના મેસેજિસની મફત સુવિધા સંપૂર્ણપણે બંધ થઈ જશે. મેટા એવી વાતચીત માટે હાલની ફ્રી એન્ટ્રી-પોઈન્ટ વિન્ડો ચાલુ રાખશે, જે ગ્રાહક દ્વારા વોટ્સએપ પર કોઈ બિઝનેસ સુધી પહોંચવા માટે વોટ્સએપ પર ક્લિક કરતી જાહેરાત મારફતે શરૂ થાય છે. આ વિન્ડો દરમિયાન મેસેજ ડિલિવરી મફત રહેશે. જો કે, મેટા બિઝનેસ એજન્ટનો ઉપયોગ કરતા બિઝનેસને આ મફત વિન્ડો દરમિયાન પણ અલગથી AI ટોકન ચાર્જ ચૂકવવો પડી શકે છે. આથી ૧ ઓક્ટોબરનો ફેરફાર ખાસ કરીને એવા બિઝનેસને અસર કરશે, જેઓ સતત કસ્ટમર સપોર્ટ માટે વોટ્સએપ પર આધાર રાખે છે અને ગ્રાહકો દ્વારા વાતચીત શરૂ કર્યા બાદ સર્વિસ રિસ્પોન્સ મોકલે છે. વોટ્સએપ બિઝનેસનો ઉપયોગ કરતા બિઝનેસે હવે નવા પ્રતિ-મેસેજ ચાર્જને પોતાના ખર્ચમાં સામેલ કરવો પડશે અને ૩૦ સપ્ટેમ્બર પહેલાં પેમેન્ટ વિગતો નોંધાવેલી છે તેની ખાતરી કરવી પડશે.

## વિપક્ષી બેઠક છોડ્યા બાદ અખિલેશ યાદવે કહ્યું, 'ઈન્ડિયા ગઠબંધન એકજૂથ છે'; આને ભાજપનું 'સૌથી મોટું દુઃખ' ગણાવ્યું

### નવી દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકની બેઠકમાં અખિલેશ યાદવની ગેરહાજરી પર ભાજપના નેતાઓએ કટાક્ષ કર્યા બાદ સપા મુખિયાએ પલટવાર કર્યો, બેઠકમાં સમાજવાદી પાર્ટીનું પ્રતિનિધિત્વ અન્ય નેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૩૦

નવી દિલ્હીમાં યોજાયેલી 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનની મહત્ત્વપૂર્ણ બેઠક વચ્ચે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ભારતીય જનતા પાર્ટી (BJP) પર તીખો પ્રહાર કરતા કહ્યું છે કે, ભાજપનું ''સૌથી મોટું દુઃખ'' એ જ છે કે સમગ્ર વિપક્ષ એકજૂથ છે. અખિલેશ યાદવ વિપક્ષી ગઠબંધનની આ બેઠકમાં ગેરહાજર રહ્યા બાદ ભાજપના ઘણા નેતાઓએ તેમના પર નિશાન સાધ્યું હતું. આ કટાક્ષોનો જવાબ આપતા ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં લખ્યું, ''આ જ ભાજપનું સૌથી મોટું દુઃખ છે કે ઈન્ડિયા ગઠબંધન મજબૂતીથી એકજૂથ છે.'' વિપક્ષી એકતા પર ચાલતી ચર્ચાઓ વચ્ચે અખિલેશ યાદવની ગેરહાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જોકે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સૌગત રોય અને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમે સ્પષ્ટતા કરી હતી કે સપા પ્રમુખને અગાઉથી નક્કી થયેલા કાર્યક્રમો હતા. અખિલેશ યાદવે બેઠકમાં ગેરહાજર રહેવા અંગે ગઠબંધનને અગાઉથી જ જાણ કરી દીધી હતી. તેઓ લખનૌમાં રામગોપાલ યાદવનું નામાંકન પત્ર દાખલ



કરાવવા માટે રોકાયા હતા. તૃણમૂલ સાંસદે ટૂંકા સમયની નોટિસ પર યોજાયેલી આ બેઠકને એક સકારાત્મક પહેલ ગણાવી હતી. બીજી તરફ, કોંગ્રેસ નેતા રાજેન્દ્ર પાલ ગૌતમે જણાવ્યું હતું કે બેઠકમાં રૂબરૂ હાજર રહેવું કે પોતાના પ્રતિનિધિને મોકલવા, તે અખિલેશ યાદવનો અંગત નિર્ણય છે. પરંતુ સમાજવાદી પાર્ટી વિપક્ષી એકતાને મજબૂત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, ''અમારો મુખ્ય હેતુ ઈન્ડિયા ગઠબંધનને મજબૂત રાખવાનો, દેશના લોકશાહી અને બંધારણનું રક્ષણ કરવાનો તથા ગઠબંધનના તમામ પક્ષોને યોગ્ય સન્માન આપવાનો છે.''

## 'મત ચોરી' પાછળ મોદી-શાહ મુખ્ય સૂત્રધાર છે : ખડગેનો સ્પષ્ટ આક્ષેપ; INDIA ગઠબંધન દ્વારા ૧લી નવેમ્બરે ભવ્ય રેલીની જાહેરાત

### સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજીની ઉપસ્થિતિમાં ખડગેએ કહ્યું કે, ગઠબંધને સામૂહિક રીતે 'લોકશાહીની હત્યા સામે લડવાનો' નિર્ણય લીધો છે

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે આરોપ મૂક્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર વિપક્ષ દ્વારા 'મત ચોરી'ની ઘટનાઓ પાછળ 'મુખ્ય સૂત્રધાર' છે. આ સાથે જ ૧૯ પક્ષોના INDIA ગઠબંધને ચૂંટણી પંચ સામે ત્રણ તબક્કાના આંદોલનની જાહેરાત કરી અને ચૂંટણી સુધારણા અંગે છ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો છે. INDIA ગઠબંધનની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા ખડગેએ જાહેરાત કરી હતી કે, વિપક્ષી પક્ષો ૨થી ૮ ઓક્ટોબર દરમિયાન જિલ્લા સ્તરે 'લોકશાહી બચાવો' કૂચ અને દેખાવો યોજશે. ત્યારબાદ ૯ ઓક્ટોબરે તમામ વિપક્ષી સાંસદો ચૂંટણી પંચ સુધી કૂચ કરશે અને ૧લી નવેમ્બરે દિલ્હીમાં એક ભવ્ય રેલી યોજાશે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજીની સાથે રહેલા ખડગેએ કહ્યું કે, ગઠબંધને સામૂહિક રીતે 'લોકશાહીની હત્યા સામે લડવાનો' નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, ૯ ઓક્ટોબરની કૂચ મૂળરૂપે બુધવાર માટે આયોજિત કરવામાં આવી હતી પરંતુ વિપક્ષે આ અભિયાન માટે પોતાના તમામ સાંસદોને એકત્રિત કરવાનો નિર્ણય લીધો. જિલ્લા સ્તરના વિરોધ પ્રદર્શનો જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીઓ બહાર યોજવામાં આવશે. ૧લી નવેમ્બરની દિલ્હી રેલી અત્યાર સુધીની સૌથી મોટી જન-એકત્રીકરણની ઘટના હશે કારણ કે, વિપક્ષ મતદાર યાદીઓ, SIR અને ચૂંટણી પંચની કામગીરી અંગેના પોતાના આરોપોને વ્યાપક જન-અભિયાનમાં ફેરવવા માંગે છે. ખડગેએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ (ECI)નો ઉપયોગ 'કઠપૂતળી' તરીકે કરવામાં આવી રહ્યો છે, જ્યારે કથિત મત ચોરી પાછળ મોદી અને શાહ 'અસલી સૂત્રધાર' છે. રાહુલ ગાંધી, મમતા બેનર્જી અને 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનના અન્ય નેતાઓ દ્વારા અનેક સૂચનો આપવામાં આવ્યા હતા અને આ અભિયાનમાં જનતા, યુવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) તથા એકતા અને લોકશાહી માટે પ્રતિબદ્ધ સંગઠનોને સામેલ કરવામાં આવશે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, બેઠકમાં 'ખૂબ સારી ચર્ચા' થઈ હતી અને 'મતની ચોરી' મુખ્ય મુદ્દો બનીને સામે આવ્યો હતો. તેમણે કહ્યું કે, પક્ષોમાં એક સમાન મત હતો કે, મોદી, શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે મતદાન પ્રણાલી પર પ્રહાર કર્યો છે. અમે ચૂપ નહીં રહીએ. અમે એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે, આમાં સામેલ લોકોને સજા મળે. તેમણે કહ્યું કે, બેઠકમાં એવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી કે, વિપક્ષ ચૂંટણીમાં ગેરરીતિ (ચૂંટણી ચોરી) અંગેના પોતાના આરોપને જનતા સુધી પહોંચાડવામાં સફળ રહ્યો છે. રાહુલે કહ્યું કે, વિપક્ષ 'બંધારણનો સામૂહિક રક્ષક' છે અને તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 'ઈન્ડિયા' ગઠબંધન આગામી મહિનાઓમાં 'દેશમાં ગંભીર પરિવર્તનો' લાવશે. મમતા બેનરજીએ કહ્યું કે, 'ઈન્ડિયા' ગઠબંધન એકજૂટ છે અને ચેતવણી આપી કે જો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનશે. ઈન્ડિયા ગઠબંધન સાથે છે અને મતચોરીની અસર જનતા ભોગવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે બંગાળમાં 'છેતરપિંડી' દ્વારા ચૂંટણી જીતી છે અને રાજ્યને 'લૂંટવાનો' આરોપ પણ મૂક્યો. જ્ઞાનેશ કુમારને 'ચોર' અને 'ડાકુ' ગણાવતા બેનરજીએ તેમના તાત્કાલિક રાજીનામાની માંગ કરી. તેમણે કહ્યું, 'અમારી માંગ છે કે, જો જ્ઞાનેશ કુમારને હટાવવામાં નહીં આવે તો આંદોલન ખૂબ મોટા સ્તરે જશે.' બેનરજીએ EVMની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે તેમને 'બાળી નાખવામાં' આવ્યા હતા અને નવું સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું હતું; તેમણે દાવો કર્યો કે આનાથી સમગ્ર ચૂંટણી પ્રણાલી જોખમમાં મૂકાઈ ગઈ છે. ખડગેએ કહ્યું કે, 'ઈન્ડિયા' ગઠબંધનના ૧૦૦ ટકા સભ્યોએ બેલેટ પેપર (મતપત્રક) પદ્ધતિ પર પાછા ફરવાનું સમર્થન કર્યું છે. INDIA ગઠબંધનના ૧૦૦ ટકા સભ્યોએ કહ્યું છે કે, બેલેટ પેપરનો ઉપયોગ થવો જોઈએ. બેઠકની શરૂઆતમાં આપેલા વક્તવ્યમાં ખડગેએ છ મુખ્ય માગણીઓ રજૂ કરી હતી જેના આધારે INDIA ગઠબંધન પોતાનો ચૂંટણી પ્રચાર આગળ વધારવા માંગે છે. પ્રથમ, ગઠબંધન ઈચ્છે છે કે, ભવિષ્યની ચૂંટણીઓ માટે SIR પ્રક્રિયા પહેલાની મતદાર યાદીનો ઉપયોગ કરવામાં આવે અને મતદાર યાદીમાં થતા દરેક સુધારા-વધારામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય. ખડગેએ કહ્યું કે, આમાં મતવિસ્તાર-વાર અને બૂથ-વાર માહિતીનો સમાવેશ થવો જોઈએ, જેમાં નામ ઉમેરવા, દૂર કરવા અને સુધારા કરવા જેવી બાબતોની વિગતો હોય. બીજું, યોગ્ય નોટિસ, કારણો અને અસરકારક અપીલ વ્યવસ્થા વિના કોઈ પણ કાયદેસરના મતદારનું નામ યાદીમાંથી દૂર ન કરવું જોઈએ. ત્રીજું, વહીવટી ખામીઓ, અપૂરતા દસ્તાવેજો અથવા જાગૃતિના અભાવને કારણે પાત્ર મતદારોને યાદીમાંથી બાકાત થતા અટકાવવા જોઈએ અને તેમનું રક્ષણ કરવું જોઈએ. ચોથું, વિપક્ષ EVMને બદલે બેલેટ પેપર દ્વારા મતદાન કરાવવાની માંગ કરે છે; તેમનું કહેવું છે કે, ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ અને ભરોસો પુનઃસ્થાપિત કરવા માટે આ જરૂરી છે. પાંચમું, યુવા અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારો માટે નોંધણી પ્રક્રિયા સરળ અને સુલભ હોવી જોઈએ. ખડગેએ આક્ષેપ કર્યો હતો કે, 'ફોર્મ ૬'માં કરવામાં આવેલા ફેરફારોએ નોંધણી કરાવવા ઈચ્છતા યુવાનો માટેના અવરોધો ઊભા કર્યા છે. છઠ્ઠું, આ ગઠબંધન સંસ્થાકીય જવાબદારી અને એવા ચૂંટણી પંચની અપેક્ષા રાખે છે જેના પર સમગ્ર રાજકીય વર્તુળમાં વિશ્વાસ હોય.

## વકીલથી લઈને મેયર અને હવે પ્રધાનમંત્રી : મોરોક્કોનાં પ્રથમ મહિલા વડાંપ્રધાન ફાતિમા એઝહરા અલ મન્સૂરી : અરબ વિશ્વમાં વડાપ્રધાનનું પદ સંભાળનાર ત્રીજી મહિલા

### ટ્યુનિશિયાના નજલા બૌડેન અને સારા ઝાફરાની ઝેન્ઝરી પછી ફાતિમા એઝહરા અલ મન્સૂરી અરબ વિશ્વમાં વડાપ્રધાનનું પદ સંભાળનાર ત્રીજી મહિલા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

મંગળવારે મધ્યમાર્ગી 'ઓથેન્ટિસિટી એન્ડ મોર્ડનિટી પાર્ટી' (PAM)ના ફાતિમા એઝહરા અલ મન્સૂરીની મોરોક્કોના વડાંપ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેઓ આ પદ સંભાળનાર દેશના પ્રથમ મહિલા બન્યાં છે. રાજા મોહમ્મદ છઠ્ઠા દ્વારા જાહેર કરાયેલી આ નિમણૂક ગયા અઠવાડિયે પૂર્ણ થયેલી દેશની સંસદીય ચૂંટણીઓમાં તેમની પાર્ટીએ સૌથી વધુ બેઠકો જીત્યા બાદ કરવામાં આવી હતી.

તેઓએ આ જીતને 'ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. અલ મન્સૂરી ટ્યુનિશિયાના નજલા બૌડેન અને સારા ઝાફરાની ઝેન્ઝરી પછી અરબ વિશ્વમાં વડાંપ્રધાનનું પદ સંભાળનાર ત્રીજી મહિલા બન્યાં છે. અલ મન્સૂરીએ તેમના વિજયી ભાષણમાં કહ્યું કે, આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે, આપણા દેશના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાની સરકારના વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે, આ ગર્વની વાત છે અને તે માત્ર મારા માટે જ નહીં પરંતુ આપણા દેશની તમામ મહિલાઓ માટે છે.

તેમની પાર્ટીની સ્થાપના ૨૦૦૮માં રાજાના મિત્ર ફુઆદ અલી અલ હિમ્મા દ્વારા ઈસ્લામવાદી 'જસ્ટિસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટી' (PJD)ના વૈકલ્પિક બળ તરીકે કરવામાં આવી હતી. તે મુખ્યત્વે સામાજિક આધુનિકીકરણ અને બિનસાંપ્રદાયિક વિચારોની હિમાયત કરે છે. PAMએ મોરોક્કોની સંસદના નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ'ની ૩૯૫ બેઠકોમાંથી ૯૭ બેઠકો મેળવી હતી. સ્પષ્ટ બહુમતી સાથે જીતવા માટે જરૂરી ૧૯૮ બેઠકો કરતાં ઘણી ઓછી બેઠકો મળવાથી, અલ મન્સૂરીની પાર્ટીએ દેશનું શાસન ચલાવવા માટે ગઠબંધન બનાવવું પડશે. રાજાએ વડાપ્રધાન પદ માટે ફોઝી લેકજા (જે દેશના ફૂટબોલ વડા અને તે જ પક્ષના અગ્રણી રાજકારણી છે) ને બદલે અલ મન્સૂરીની પસંદગી કરી. PAM (પાર્ટી ઓફ ઓથેન્ટિસિટી એન્ડ મોડર્નિટી)નું નેતૃત્વ ૨૦૨૪થી સામૂહિક નેતૃત્વ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેની તાજેતરની જીતે રાજા માટે વડાપ્રધાન પદના નેતાની પસંદગી કરવાની એક અસામાન્ય સ્થિતિ ઊભી કરી હતી. ભૂતકાળમાં, આવી નિમણૂકો મોટાભાગે માત્ર ઔપચારિકતા જ રહી છે, કારણ કે મોરોક્કોના મોટાભાગના પક્ષોનું નેતૃત્વ એક જ સેક્રેટરી જનરલ દ્વારા કરવામાં આવે છે. મોરોક્કો બંધારણીય રાજાશાહી ધરાવતો દેશ છે, જોકે મોટાભાગની સત્તા રાજાના હાથમાં જ રહે છે.

**વડાંપ્રધાન પદ સુધીની અલ મન્સૂરીની સફર :**

૫૦ વર્ષીય અલ મન્સૂરીનો જન્મ ૧૯૭૬માં મરાકેશમાં થયો હતો. તેમણે કાયદાનો અભ્યાસ કર્યો અને ફ્રાન્સની મોન્ટપેલિયર યુનિવર્સિટીમાંથી 'એડવાન્સ્ડ સ્ટડીઝ'માં ડિપ્લોમા તથા યુએસની ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી 'એંગ્લો-સેક્સન બિઝનેસ લો'માં ડિપ્લોમા લીધું હતું. તેમણે ૨૦૦૮માં રાજકારણમાં પ્રવેશ કર્યો જ્યારે PAM પક્ષની સ્થાપના થઈ હતી. ૨૦૦૯માં તેઓ મરાકેશના પ્રથમ મહિલા મેયર બન્યા અને એક દાયકાથી વધુ સમય સુધી આ પદ સંભાળ્યું.

૨૦૨૧માં તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો અને ગઠબંધન સરકારમાં મંત્રી તરીકે સેવા આપી. તેમની નિમણૂક રાષ્ટ્રીય અવકાશી આયોજન, શહેરી વિકાસ, આવાસ અને શહેરી નીતિ મંત્રી તરીકે કરવામાં આવી હતી. અલ જઝીરાના અહેવાલ મુજબ આ પોર્ટફોલિયો અનેક મહત્ત્વપૂર્ણ બાબતો સાથે સંકળાયેલો હતો, જેમ કે સીધો આવાસ સહાય કાર્યક્રમ, શહેરી આયોજન અને અવકાશી વિકાસને લગતા સુધારા અને અલ હાઉઝ ભૂકંપથી અસરગ્રસ્ત લોકોના પુનર્વસન અંગેની કામગીરી સામેલ છે.

અલ મન્સૂરીનું સત્તામાં આગમન એવા સમયે થયું છે જ્યારે દેશની આર્થિક સ્થિતિ અને રોજગારીની તકોના અભાવને કારણે યુવાનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫માં, જાહેર આરોગ્ય સેવાઓ, શિક્ષણ, રોજગાર અને જીવનધોરણને લઈને રોષે ભરાયેલા મોરોક્કન યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. મોરોક્કોના 'હાઈ કમિશન ફોર પ્લાનિંગ'એ આ વર્ષની શરૂઆતમાં અહેવાલ આપ્યો હતો કે, ૧૫-૨૪ વર્ષની વયના મોરોક્કન લોકોમાં બેરોજગારીનો દર ૨૦૨૪માં ૩૬.૭ ટકાથી વધીને ૨૦૨૫માં ૩૭.૨ ટકા થયો છે. આવી જ સામાજિક-આર્થિક હતાશાને કારણે હજારોની સંખ્યામાં મુખ્યત્વે યુવાન મોરોક્કન સ્થળાંતરિતો સ્પેનના પ્રદેશ 'સ્યુટા' તરફ ગયા હતા; આ સંકટે વિશ્વભરનું ધ્યાન



ખેંચ્યું હતું.

આ મુદ્દાઓ પર વાત કરતા અલ મન્સૂરીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, યુવાનો સંકટનો સામનો કરી રહ્યા છે અને આપણે તેમને ઉકેલો પૂરા પાડવા જ પડશે. અમે માત્ર ભાષણો દ્વારા નહીં પરંતુ નક્કર ઉકેલો દ્વારા તેમની આશા પુનઃસ્થાપિત કરવા માંગીએ છીએ.

તેમની પાર્ટીએ રોજગાર અને પરિવારોની ખરીદશક્તિના મુદ્દાઓ પર તેમના ચૂંટણી પ્રચારને કેન્દ્રિત કર્યો હતો. તેમણે પાંચ વર્ષમાં ૧૦ લાખ નવી નોકરીઓ, વાર્ષિક ૫ ટકાનો આર્થિક વિકાસ દર, ૨ ટકા ફુગાવો અને આરોગ્યસંભાળ, શિક્ષણ, સામાજિક સુરક્ષા તથા વેતનમાં વધુ રોકાણ કરવાનું વચન આપ્યું હતું. તેમની સરકાર ૨૦૩૦ના ફિફા (FIFA) વર્લ્ડકપને લગતા માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ્સમાં પણ મોટું રોકાણ કરે તેવી અપેક્ષા છે; આ વર્લ્ડકપનું સંયુક્ત યજમાનપદ મોરોક્કો, પોર્ટુગલ અને સ્પેન સંભાળશે.

મહિલાઓના મુદ્દાઓની વાત કરીએ તો અલ મન્સૂરીએ ઐતિહાસિક રીતે સંયમિત અભિગમ અપનાવ્યો છે અને લિંગ અસમાનતા કે મહિલાઓના અધિકારો અંગે જાહેરમાં કડક વલણ અપનાવવાનું ટાળ્યું છે. આ સ્થિતિ એવા સમયે જોવા મળી રહી છે જ્યારે મોરોક્કોમાં પુરૂષો અને મહિલાઓ માટે વારસાના સમાન અધિકારો અને બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે કેમ તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે.

જો કે, આંતરિક નીતિ ચૂંટાયેલી સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે પરંતુ વિદેશ નીતિ મુખ્યત્વે દેશના રાજવી પરિવારના અધિકારક્ષેત્રમાં રહેશે, જે વિદેશી બાબતો પર સત્તા ધરાવે છે. જો કે, PAMએ ગઠબંધન સરકારની રચના માટે તમામ પક્ષો સાથે કામ કરવાની તૈયારી દર્શાવી છે, તેમ છતાં જસ્ટિસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટી (PJD) અને ફેડરેશન ઓફ ડેમોક્રેટિક લેફ્ટ સહિતના કેટલાક પક્ષોએ વિપક્ષમાં રહેવાની જાહેરાત કરી છે.

ચૂંટણીમાં નોંધપાત્ર બેઠકો જીતનાર અન્ય મુખ્ય પક્ષોમાં નેશનલ રેલી ઓફ ઈન્ડિપેન્ડન્ટ્સ (RNI) અને ઈસ્તીકલાલ પાર્ટીનો સમાવેશ થાય છે. RNIના નેતૃત્વમાં, આ બંને પક્ષોએ PAM સાથે મળીને અગાઉની સરકાર બનાવી હતી. આ અગાઉ અલ મન્સૂરીની પાર્ટીએ નીતિગત ખામીઓ અંગે પરસ્પર આક્ષેપ-પ્રત્યાક્ષેપને કારણે RNI સાથે ગઠબંધન ચાલુ રાખવાની શક્યતાને નકારી કાઢી હતી; જો કે, સત્તામાં આવ્યા બાદ PAMએ તેના વલણમાં ફેરફાર કર્યો છે. અલ મન્સૂરીએ કહ્યું હતું કે, વાટાઘાટોના સંદર્ભમાં તેમની પાર્ટી માટે કોઈ 'રેડ લાઈન્સ' નથી અને અમે ભૂતકાળને પાછળ છોડીને આગળ વધી રહ્યા છીએ.

# ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મહુઆ મોઈત્રાએ કહ્યા 'ચોર' ચૂંટણી પંચમાં મોટા ખેલ અને ગરબડના ગંભીર આક્ષેપો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ મહુઆ મોઈત્રાએ દેશના ચૂંટણી પંચ (Election Commission of India) અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે અત્યંત આકરા પ્રહારો કરતા તેમને 'ચોર' કહ્યા છે. તાજેતરમાં સામે આવેલા રિપોર્ટ્સ અને ચૂંટણી પંચની અંદરના



રદ કરીને, દિલ્હીમાં બેઠેલા IT ના DG સીમા કરના અને જ્ઞાનેશ કુમારના માર્ગદર્શન હેઠળ 'ERO-Net'નો ઉપયોગ કરીને ગ્રાઉન્ડ લેવલના તબક્કાઓને બાયપાસ કરવામાં આવ્યા અને કેન્દ્રીય સ્તરેથી સોફ્ટવેર સાથે હેરાફેરી કરવામાં આવી.

ઉદાહરણ તરીકે : એક બૂથ પર ૯૪

## મહુઆ મોઈત્રાના ચમકારા...

'સાવધાન રહેજો - ક્રાંતિ આવી રહી છે ! જ્યાં સુધી આપણે આ ચોરની ચુંગાલમાંથી આપણા લોકતંત્રને પાછું મેળવી ન લઈએ, ત્યાં સુધી દરેક વ્યક્તિ શેરીઓમાં ઉતરી આવવાની છે.'

'મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર ચોર છે, ગુનેગાર છે. તેઓ ભારતની લોકશાહી પ્રક્રિયાને ખતમ કરવાના પ્રયાસોમાં લાગેલા છે. તેથી જ તેમની કોઈ પણ વિલંબ વગર તુરંત ધરપકડ કરવામાં આવવી જોઈએ.'

'ત્રણ સભ્યોવાળા ચૂંટણી પંચમાં તમામ સભ્યો સરખું જ મહત્ત્વ ધરાવે છે, તેમાંથી કોઈ પણ સુપિરિયર (ચડિયાતું) નથી. હવે આખી દુનિયા એમની આ રમતને સમજી ચૂકી છે.' 'બહુમતની ચોરી કરીને સરકાર બનાવવામાં આવી છે. જ્યાં સુધી આપણે આપણા લોકતંત્રને પાછું મેળવી ન લઈએ, ત્યાં સુધી આપણો આ વિરોધ અને ક્રાંતિ ચાલુ જ રહેશે.'

મતભેદોનો હવાલો આપતા તેમણે આક્ષેપ કર્યો છે કે, દેશમાં લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા સાથે મોટો ખેલ થઈ રહ્યો છે.

**ચૂંટણી પંચમાં સમાન દરજ્જો અને બહુમતીનો નિયમ :**

મહુઆ મોઈત્રાએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચમાં તમામ કમિશનરો દરજ્જામાં સમાન હોય છે, કોઈ સુપિરિયર (ઉચ્ચ) હોતું નથી. ચૂંટણી પંચ જે પણ નિર્ણય લે તે બહુમતીનો હોવો જોઈએ પરંતુ છેલ્લા ૧૦ મહિનામાં અન્ય બે ચૂંટણી કમિશનરો (મિ. સંધૂ અને મિ. જોશી)એ જ્ઞાનેશ કુમારની સાથે ૧૪ વાર અસહમતી (Dissent) દર્શાવી છે. એક જ દિવસમાં ૪-૪ વાર અસહમતી દર્શાવાઈ હોવાના પણ દાખલા છે.

**બહુમતી વગર લાદવામાં આવેલા ગેરકાયદે નિર્ણયો :**

અન્ય બે કમિશનરોની અસહમતી હોવા છતાં બહુમતી વિના જ્ઞાનેશ કુમારના જોર-જુલ્મથી નિર્ણયો લાદવામાં આવ્યા છે. આ નિર્ણયોથી પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને અન્ય ઘણા રાજ્યોમાં મતદાનની પેટર્ન અને ચૂંટણીઓ પર સીધી અસર પડી છે, જે કાયદાકીય રીતે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે.

**કમિશનરોને અંધારામાં રાખીને નિર્ણયો :** બંને ચૂંટણી કમિશનરોએ તેમની અસહમતી નોંધ (Dissent Note)માં લખ્યું છે કે, જ્ઞાનેશ કુમાર જે પણ નિર્ણયો લઈ રહ્યા હતા, તેમાંથી મોટાભાગના નિર્ણયો વિશે તેમને અંધારામાં રાખવામાં આવ્યા હતા અને તેઓ કંઈ જ જાણતા નહોતા.

**'ERO-Net' સોફ્ટવેર દ્વારા સીધો હસ્તક્ષેપ :** સૌથી ગંભીર બાબત સોફ્ટવેરની ગડબડ અંગે છે. સામાન્ય રીતે મતદાર યાદી સુધારણાનું કામ ગ્રાઉન્ડ લેવલે, વિધાનસભા ક્ષેત્ર અને બૂથ લેવલે સ્થાનિક અધિકારીઓ (SDM રેન્કના ERO) દ્વારા થાય છે પરંતુ અહીં તમામ ગ્રાઉન્ડ લેવલના ચેક્સ એન્ડ બેલેન્સ મતદારોને પાછા ઉમેરવાના હતા, જે સ્થાનિક EROની મંજૂરી હોવા છતાં કેન્દ્રીય સોફ્ટવેરે તેની પરવાનગી આપી નહોતી. આ શુદ્ધ હેરાફેરી અને છેતરપિંડી છે.

**'ફોર્મ-૬'માં નવો વિવાદ :** નવા મતદારો (૧૮ વર્ષથી ઉપરના નાગરિકો) માટે વપરાતા 'ફોર્મ-૬'માં એક નવો પ્રશ્ન ઉમેરવામાં આવ્યો કે 'શું તમારા માતા-પિતામાંથી કોઈ પણ SIR ૨૦૦૨માં હતા ?' આ પ્રશ્ન ઉમેરીને સામાન્ય નાગરિકો અને અનાથ યુવાનો માટે મતદાતા બનવાની પ્રક્રિયાને ઈરાદાપૂર્વક જટિલ બનાવવામાં આવી રહી છે.

**નિષ્કર્ષ :** સાંસદ મહુઆ મોઈત્રાના આ સનસનાટીભર્યા ખુલાસા બાદ દેશના ચૂંટણી પંચની નિષ્પક્ષતા અને પારદર્શિતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. તેમણે આ સમગ્ર પ્રક્રિયાને આખી સિસ્ટમ પર કબજો લેવા સમાન ગણાવીને લોકશાહી માટે ખતરનાક ગણાવી છે.

# પશ્ચિમ બંગાળ ભાજપને ધરી દેવા બદલ CECને 'ભારત રત્ન'થી સન્માનિત કરો : જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી

**મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતના ચૂંટણી પંચ (ECI)એ આત્મમંથન કરવું જોઈએ કારણ કે ચૂંટણી પંચ સામેના આરોપો કોઈ રાજકીય પક્ષ દ્વારા લગાવવામાં આવ્યા ન હતા**

(એજન્સી) તા.૩૦

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ મંગળવારે (૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬) મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર માટે 'પદ્મ પુરસ્કાર'ની ભલામણ કરવા બદલ ભાજપ પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળ રાજ્ય ભાજપને અપાવવા બદલ તેમને 'ભારત રત્ન'થી સન્માનિત કરવા જોઈએ. "પદ્મ ભૂષણ ? ત્યાં જ કેમ અટકી જવું ? તેમને 'ભારત રત્ન' આપો! રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એક કે બે વર્ષ બાકી છે ? તેમને રાષ્ટ્રપતિ બનાવો ! હવે જ્યારે તેમણે ભાજપ માટે આટલું બધું કર્યું છે. ભાજપને પશ્ચિમ બંગાળ ભેટમાં આપ્યું છે. હવે, પદ્મ ભૂષણની વાત કરવી એ મને તેમની સાથે મોટો અન્યાય લાગે છે," એમ શ્રી અબ્દુલ્લાએ શ્રીનગરમાં એક 'બાયર-સેલર મીટ' (ખરીદનાર-વેચનાર સંમેલન) દરમિયાન પત્રકારોને કહ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતના ચૂંટણી પંચ (ECI)એ આત્મમંથન કરવું જોઈએ કારણ કે ચૂંટણી પંચ સામેના આરોપો કોઈ રાજકીય પક્ષ દ્વારા લગાવવામાં આવ્યા ન હતા. "આજે



તમામ વિપક્ષી પક્ષો ચૂંટણી પંચની વિરુદ્ધ છે તે કારણ વગર નથી. પુરાવા કોઈ રાજકીય પક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યા ન હતા; પુરાવા અખબારી તપાસ દ્વારા સામે આવ્યા છે," તેમણે કહ્યું. તેમણે ઉમેર્યું હતું કે આ બાબતને છુપાવવાને બદલે, ચૂંટણી પંચે તેની કામગીરીમાં સુધારો કરવો જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આવા પ્રકારના આરોપો અને ઘટનાઓ ન બને. કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૦૨૯ની વિધાનસભા ચૂંટણી વિશે પૂછવામાં આવતા શ્રી અબ્દુલ્લાએ કહ્યું, "૨૦૨૯ હજુ ઘણું દૂર છે. પહેલા આપણે ૨૦૨૬, ૨૭ અને ૨૮ પસાર થવા દઈએ, પછી આપણે ૨૯ વિશે વાત કરીશું." એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ચીન સાથે ભારતના સંબંધોમાં સુધારા અંગે વિદેશ મંત્રી એસ. જયશંકરની વાત ખોટી નથી. "જયશંકર સાહેબની વાત ખોટી નથી. ગલવાન પછી સંબંધોની સ્થિતિ શું હતી ? તે ક્યાંય દેખાતા જ નહોતા. લોકોને તેમના ઘરની બાલ્કનીમાંથી ચીની ટીવી ફેંકી દેવાનું કહેવામાં આવતું હતું. આજે, આપણે માત્ર એકબીજાને મળી જ નથી રહ્યા, પરંતુ સારી વાતચીત પણ કરી રહ્યા છીએ. અને સ્થિતિ આવી જ હોવી જોઈએ," તેમણે કહ્યું. અબ્દુલ્લાએ કહ્યું કે તેમની પાર્ટીએ હંમેશાં પડોશીઓ અને અન્ય દેશો સાથે સારા સંબંધોનું સમર્થન કર્યું છે, કારણ કે તે દેશ માટે હિતકારી છે. કોઈપણ દેશ સાથે સારા સંબંધો હોવાના ફાયદાઓ પર ભાર મૂકતા તેમણે કહ્યું, "આપણા પડોશમાં એવા ઘણા દેશો છે જેમની સાથે આપણા સંબંધો બહુ સારા નથી. બાંગ્લાદેશને જ જુઓ." કોઈનું નામ લીધા વિના તેમણે ઉમેર્યું કે "અન્ય દેશો પણ છે."

# SIR પરના વિવાદ વચ્ચે ચૂંટણી પંચે જે રાજ્યોએ પ્રક્રિયા પૂર્ણ કરી છે ત્યાં ફોર્મ-૬માંથી વધારાની ઘોષણા દૂર કરી

**ચૂંટણી પંચે જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં ફોર્મ-૬માંથી SIR સંબંધિત વધારાની ઘોષણા દૂર કરી છે, ફોર્મમાં ફેરફાર અંગે કમિશનની અંદર ઊભા થયેલા પ્રશ્નો વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ચૂંટણી પંચે જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ છે ત્યાં ઓનલાઈન ફોર્મ ૬માંથી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સંબંધિત વધારાની ઘોષણા દૂર કરી દીધી છે. આ ફેરફાર ૨૯ સપ્ટેમ્બરની રાત્રે ECInet પોર્ટલ પર કરવામાં આવ્યો હતો. હવે મતદારો નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિર્ધારિત સામાન્ય ફોર્મ ૬નો ઉપયોગ આ રાજ્યોમાં નવા મતદારોની નોંધણી માટે કરવામાં આવશે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ચૂંટણી પંચમાં ફોર્મ ૬માં વધારાની SIR માહિતીના સમાવેશ અંગે મતભેદો ઊભા થયા છે. ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ આ ફેરફાર સામે વાંધો ઉઠાવ્યો હતો અને નિયમોમાં સુધારો કર્યા વિના તેના અમલીકરણ પર સવાલ ઉઠાવ્યા હતા. બંને ચૂંટણી કમિશનરોએ જણાવ્યું હતું કે, ફોર્મ ૬માં આવો સુધારો ગેરકાયદેસર હતો અને તે ફક્ત કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા જ કરી શકાય છે. ૨૬ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલ એક પ્રેસ રિલીઝમાં, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિર્ધારિત ફોર્મનો ઉપયોગ બિન-SIR સમયગાળા દરમિયાન કરવામાં આવશે. કમિશને મતદાર યાદીમાં નવા મતદારોનો સમાવેશ કરવા માટે ફોર્મ ૬માં કરવામાં આવેલા ફેરફારોનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, તેમને સુપ્રીમ કોર્ટે સમર્થન આપ્યું હતું. જો કે, ધ વાયરે અગાઉ અહેવાલ આપ્યો હતો કે, મે મહિનામાં સુપ્રીમ કોર્ટના નિર્ણયે ફોર્મ ૬માં આ ફેરફારોના ચૂંટણી પંચના બચાવ પર પ્રશ્નો ઊભા કર્યા હતા. એ નોંધનીય છે કે, ફોર્મ ૬એ નવા મતદારોની નોંધણી માટે વપરાતું વૈધાનિક ફોર્મ છે. જુલાઈમાં ECINET પર ઉપલબ્ધ ઓનલાઈન વર્ઝનમાં એક વધારાનું ઘોષણાપત્ર ઉમેરવામાં આવ્યું હતું. તેમાં અરજદારને પૂછવામાં આવ્યું હતું કે, શું તેમનું નામ અગાઉના SIRમાં સામેલ હતું અથવા તે સમયે તેમના માતા-પિતા કે દાદા-દાદીના નામ મતદાર યાદીમાં સામેલ હતા કે નહીં. કેટલાક કિસ્સાઓમાં, સંબંધિત જૂના મતદાર રેકોર્ડનો બૂથ અને સીરીયલ નંબર પણ માંગવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ આ ઘોષણાપત્ર ફરજિયાત તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું ન હતું પરંતુ તેને ભર્યા વિના, ઓનલાઈન અરજી પર પ્રક્રિયા કરી શકાતી નહોતી. SIR દરમિયાન ફોર્મ ૬માં વધારાનું ઘોષણાપત્ર ઉમેરવાની જોગવાઈ સૌપ્રથમ બિહારમાં લાગુ કરવામાં આવી હતી. બાદમાં તેને SIR દ્વારા આવરી લેવામાં આવતા અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ લાગુ કરવામાં આવી હતી. બે ચૂંટણી કમિશનરોએ આ ફેરફાર સામે જાહેરમાં વાંધો વ્યક્ત કર્યા પછી ફોર્મ ૬ ફરી ચર્ચામાં આવ્યું. અખબાર



અનુસાર બંને કમિશનરોએ જણાવ્યું હતું કે, ફોર્મ ૬માં આ પ્રકારનો ફેરફાર કરવા માટે મતદારોની નોંધણી નિયમો, ૧૯૬૦માં સુધારાની જરૂર પડી શકે છે. આ દરમિયાન ચૂંટણી પંચે આ આરોપો વચ્ચે જણાવ્યું હતું કે, SIR દરમિયાન ફોર્મ ૬ સાથે ઘોષણાપત્ર જોડવાનો નિર્ણય સર્વસંમતિથી અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ તેની સત્તાઓ અનુસાર હતો. પંચે એમ પણ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે ૨૭ મે, ૨૦૨૬ના રોજના તેના આદેશમાં આ ઘોષણાને સમર્થન આપ્યું હતું. આ પહેલા ૨૬ સપ્ટેમ્બરના રોજ પંચે સ્પષ્ટતા કરી હતી કે, SIR સમયગાળા દરમિયાન ફોર્મ ૬ સાથે સંબંધિત ઘોષણાપત્ર અમલમાં રહેશે, જ્યારે નિયમોમાં નિર્ધારિત સામાન્ય ફોર્મનો ઉપયોગ SIR સમાપ્ત થયા પછી કરવામાં આવશે. હવે તે જ ઘોષણાપત્રને ECINETમાંથી દૂર કરવામાં આવ્યું છે જ્યાં SIR પૂર્ણ થયું છે. જો કે, આ વધારાની ઘોષણા એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉપલબ્ધ છે જ્યાં SIR હજુ પણ ચાલુ છે. ફોર્મ ૬ આ પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે કારણ કે, તેના દ્વારા જ લાયક નાગરિકો મતદાર યાદીમાં સમાવેશ કરવાની વિનંતી કરે છે. તેથી ઉમેરવામાં આવેલી વધારાની માહિતી સીધા નવા મતદારો માટે નોંધણી પ્રક્રિયા સાથે સંબંધિત છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર SIR દરમિયાન ઘોષણાનો હેતુ અરજદાર અથવા તેમના પરિવારના અગાઉના મતદાર રેકોર્ડ સાથેના જોડાણને ઓળખવાનો હતો. પંચે એમ પણ જણાવ્યું હતું કે, ઘોષણા સબમિટ કરનારા અરજદારો પાસેથી કોઈ વધારાના દસ્તાવેજોની માંગ કરવામાં આવશે નહીં. ફોર્મ ૬માંથી SIR ઘોષણા દૂર કરવાનો તાજેતરનો નિર્ણય મહત્ત્વપૂર્ણ છે કારણ કે, હવે જે રાજ્યોમાં ખાસ સુધારો પૂર્ણ થયો છે, ત્યાં નવા મતદારો માટે અરજી પ્રક્રિયા નિયમોમાં નિર્ધારિત મૂળ ફોર્મ ૬ અનુસાર હશે.

## દિવાળીના ફટાકડા પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં, સમય અને પ્રકાર પર નિયંત્રણ : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

દિવાળીના તહેવાર પહેલાં ફટાકડાના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે નહીં પરંતુ તેનો અર્થ એવો પણ નથી કે લોકો ૨૪ કલાક ફટાકડા ફોડી શકે. સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારૂ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ એમ.એમ. સુંદરેશે જણાવ્યું હતું કે, દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની ધાર્મિક લાગણીઓ પર અસર થઈ શકે છે. બીજી તરફ, ફટાકડાના સતત અને અનિયંત્રિત ઉપયોગથી વાયુ અને ધ્વનિ પ્રદૂષણ વધવાની સાથે બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો અને નાના બાળકોના સ્વાસ્થ્ય પર પણ અસર થઈ શકે છે. કોર્ટે જણાવ્યું કે, એવો ઉકેલ શોધવાની જરૂર છે જે તહેવારની પરંપરાને જાળવી રાખે અને જાહેર આરોગ્ય સાથે પણ સમાધાન ન કરે. આ માટે ફટાકડા ફોડવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે, આગામી તબક્કામાં ફટાકડા ફોડવા માટે નિર્ધારિત સમય નક્કી કરવામાં આવી શકે છે. એટલે કે દિવાળીના દિવસે કોઈપણ સમયે અથવા આખી રાત ફટાકડા ફોડવાની મંજૂરી આપવાને બદલે નિયંત્રિત સમયગાળો નક્કી થઈ શકે છે. આ ઉપરાંત કયા



પ્રકારના ફટાકડાનો ઉપયોગ કરી શકાશે અને કયા પ્રકારના ફટાકડાઓ પર પ્રતિબંધ અથવા નિયંત્રણ રહેશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી શકે છે. તેનો મુખ્ય હેતુ ફટાકડાથી થતાં પ્રદૂષણને મર્યાદિત કરવાનો છે. કોર્ટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને કેન્દ્ર સરકારને ફટાકડાના વધુ પરીક્ષણો કરવા માટે સમય આપ્યો છે. ખાસ કરીને ફટાકડામાં બેરિયમની હાજરી અને તેની માત્રા અંગે તપાસ કરવામાં આવશે. સાથે જ ફટાકડાના સંયુક્ત ફાયર ટેસ્ટ કરીને તેનાથી ઉત્પન્ન થતાં અવાજનું ડેસિબલ સ્તર માપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ પરીક્ષણોના પરિણામોના આધારે કયા ફટાકડાનો ઉપયોગ મંજૂર કરી શકાય અને કયા ઉત્પાદનો પર નિયંત્રણ જરૂરી છે તે અંગે આગળની કાર્યવાહી થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે CPCB અને કેન્દ્ર સરકારને પરીક્ષણોના પરિણામો તથા વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ મામલે આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ થશે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં દિવાળી દરમિયાન વાયુ પ્રદૂષણનો મુદ્દો દર વર્ષે ચર્ચામાં રહે છે. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનો કેન્દ્રબિંદુ ફટાકડાના ઉપયોગ પર સંપૂર્ણ રોક લગાવવાનો નહીં પરંતુ ધાર્મિક ઉજવણી સાથે જાહેર આરોગ્ય અને પર્યાવરણની ચિંતાઓને કેવી રીતે સંતુલિત કરવી તે રહેશે. આગામી સુનાવણીમાં ફટાકડાના સમય, પ્રકાર અને પરીક્ષણોના પરિણામોને આધારે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

# પિતા સેનામાં જોડાવા માંગતા હતા, બાળકોએ તેમનું સ્વપ્ન પૂર્ણ કર્યું; એક ભાઈ અને બહેનની વાર્તા જે સાથે મળીને આર્મી ઓફિસર બન્યા

**IMA સફળતાની વાર્તા : ધૂળિયા ગામડાના રસ્તાઓથી લઈને ભારતીય સેનાની પાસિંગ આઉટ પરેડ સુધી... સાથે કૂચ કરીને, એક ભાઈ અને બહેને તેમના પિતાનું લાંબા સમયથી ચાલતું સ્વપ્ન પૂર્ણ કર્યું છે, મોટી બહેન માનસી દીક્ષિતને એવિએશન રેજિમેન્ટમાં લેફ્ટનન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે અને ભાઈ પ્રિયાંશુ દીક્ષિતને શીખ રેજિમેન્ટમાં લેફ્ટનન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૩૦

ઉત્તરપ્રદેશના એક નાના ગામમાંથી આવતા, માનસી દીક્ષિત અને પ્રિયાંશુ દીક્ષિતની સફળતાની વાર્તા તે બધા યુવાનો માટે પ્રેરણાથી ઓછી નથી જેઓ દેશની સેવા કરવાનું સ્વપ્ન જુએ છે. આ ભાઈ-બહેનની જોડીએ ભારતીય સેનામાં જોડાઈને માત્ર તેમના પરિવાર અને ગામનું સન્માન જ નહીં, પણ તેમના પિતાના લાંબા સમયથી ચાલતા સ્વપ્નને પણ પૂર્ણ કર્યું છે. માનસી અને પ્રિયાંશુ દીક્ષિત ઉત્તરપ્રદેશના એટાહ જિલ્લાના નાગલા ગામના રહેવાસી છે. નાના ગામના ધૂળિયા રસ્તાઓ પરથી શરૂ થયેલી તેમની સફર હવે ભારતીય સેના સુધી પહોંચી ગઈ છે. બંને ભાઈ-બહેનો સાથે શાળાએ જતા હતા. પછી, કોલેજમાં તેમના રસ્તા અલગ થઈ ગયા. પરંતુ સેનામાં જોડાવાના સ્વપ્ને તેમને ફરીથી સાથે લાવ્યા. અહેવાલો અનુસાર, બંને તેમના આખા ગામમાંથી સેનામાં જોડાનારા પહેલા અધિકારી છે. માનસી અને પ્રિયાંશુના પિતા, વિજેન્દ્ર બહાદુર દીક્ષિત, ભૂતપૂર્વ આરડીસી કેડેટ હતા. તેઓ પોતે ભારતીય સેનામાં જોડાઈને દેશની સેવા કરવા માંગતા હતા. જોકે, તબીબી કારણોસર, તેમનું સ્વપ્ન સ્વપ્ન જ રહ્યું. તેમના બાળકોએ તેમના પિતાના અધૂરા સપનાઓને તેમના પોતાના જુસ્સામાં ફેરવી દીધા છે. જો કે, પિતાએ ક્યારેય પોતાના સપના તેમના બાળકો પર લાદ્યા નહીં. તેમણે ફક્ત સારું શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે દરેક પ્રયાસ કર્યો. આમાં સવારે ૪ વાગ્યે ઉઠીને કોચિંગ ક્લાસમાં હાજરી આપવા અથવા અન્ય જરૂરિયાતો પૂરી કરવાનો સમાવેશ થતો હતો. બહેન ડીયુમાં કાયદાની વિદ્યાર્થીની હતી, તેના ભાઈના આગ્રહથી તેણે એસએસબીની પરીક્ષા આપી હતી. મોટી બહેન માનસી દિલ્હી યુનિવર્સિટીમાં કાયદાની વિદ્યાર્થીની હતી. તેણે એલએલબીની ડિગ્રી મેળવી હતી. તેના નાના ભાઈ પ્રિયશુ પાસે ગણિતમાં બી.એસસી. ડિગ્રી છે. એક સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં માનસીએ કહ્યું, "મારા ભાઈએ મને સશસ્ત્ર દળોમાં જોડાવા માટે પ્રેરણા આપી અને મને એસએસબી (સર્વિસિસ સિલેક્શન બોર્ડ) માટે તૈયારી કરવાનું કહ્યું." તેણીએ ઉમેર્યું, "તાલીમનો અનુભવ મજેદાર હતો કારણ કે અમે એકબીજાની સંભાળ રાખી હતી. મને પાંચ વખત એકેડેમી માટે ભલામણ કરવામાં આવી હતી અને આ વખતે હું જોડાઈ કારણ કે મારો ભાઈ પણ મારો



કોર્સમેટ હતો." પિતાએ કહ્યું, "બાળકોએ મારું સ્વપ્ન પૂર્ણ કર્યું." એક પિતા માટે, બંને બાળકોને એકસાથે સેનામાં જોડાવા એ એક સ્વપ્ન સાકાર થવા જેવું હતું. પાસિંગ આઉટ પરેડ દરમિયાન ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા, માનસી અને પ્રિયાંશુના પિતા, વિજેન્દ્ર બહાદુર દીક્ષિતે કહ્યું, "મને એ જાણીને ખૂબ આનંદ અને સંતોષ થાય છે કે મારા બાળકોએ મારા સપના પૂરા કર્યા છે. જ્યારે હું વિદ્યાર્થી હતો, ત્યારે હું પણ NCCનો વિદ્યાર્થી હતો. હું પણ આર્મીમાં જોડાવા માંગતો હતો." તેમણે ખુલાસો કર્યો કે તેમની પસંદગી કરવામાં આવી હતી, પરંતુ તબીબી કારણોસર તેમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, "ભલે હું મારું સ્વપ્ન પૂરું કરી શક્યો ન હતો, પણ મને ગર્વ છે કે મારા બાળકો આર્મીમાં જોડાયા." ૮ માર્ચ, ૨૦૨૬ના રોજ, ભાઈ-બહેનોએ ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (OTA)ની પાસિંગ આઉટ પરેડમાં સાથે માર્ચ કરી અને ભારતીય સેનામાં ઓફિસર તરીકે કમિશન મેળવ્યું. માનસીને આર્મી એવિએશન રેજિમેન્ટમાં કમિશન આપવામાં આવ્યું અને પ્રિયાંશુને શીખ રેજિમેન્ટ (ઈન્ફન્ટ્રી) માં લેફ્ટનન્ટ તરીકે કમિશન આપવામાં આવ્યું. આ ઐતિહાસિક ક્ષણ માત્ર દીક્ષિત પરિવાર માટે જ નહીં પરંતુ ગામ માટે પણ ગર્વની ક્ષણ હતી. ભાઈ-બહેનની આ સિદ્ધિ સાબિત કરે છે કે જો કોઈમાં આત્મવિશ્વાસ અને હિંમત હોય તો ગામના ધૂળિયા રસ્તાઓ પર ચાલીને પણ શિખર પર પહોંચી શકાય છે.

# બોલીવુડના સૌથી અમીર વ્યક્તિની સંપત્તિ રૂા.૩૬,૦૦૦ કરોડ; શાહરૂખ, સલમાન અને આમિર ખાનની સંયુક્ત સંપત્તિ કરતાં પણ વધુ; તેઓ અભિનેતા કે દિગ્દર્શક નહીં પરંતુ 'ટી-સીરીઝ'ના માલિક ભૂષણ કુમાર છે

(એજન્સી) તા.૩૦

હિન્દી સિનેમાને એક 'ઉદ્યોગ' (ઈન્ડસ્ટ્રી) તરીકે ઓળખ મળ્યાને હજુ ૩૦ વર્ષથી પણ ઓછો સમય થયો છે. ફિલ્મ જગતમાંથી ફિલ્મ ઉદ્યોગમાં થયેલા આ પરિવર્તન પછી સિનેમા ક્ષેત્રમાં પુષ્કળ નાણાં આવ્યા છે. વર્ષો દરમિયાન, ફિલ્મોમાં થયેલો વધારો અને અભિનેતાઓ તેમજ નિર્માતાઓની કમાણીમાં થયેલો વધારો આ બદલાવને વધુ સ્પષ્ટ કરે છે. આજે, બોલીવુડના સૌથી અમીર વ્યક્તિની સંપત્તિ વિશ્વભરના ટેક CEOની સંપત્તિની બરાબર છે. વાસ્તવમાં, તેમની પાસે એટલી સંપત્તિ છે કે ત્રણેય ખાન (શાહરૂખ, સલમાન, આમિર)ની સંયુક્ત સંપત્તિ પણ તેનાથી ઓછી છે. આ સાધારણ દેખાતા યુવાન હવે બોલીવુડના સૌથી અમીર વ્યક્તિ છે. તેઓ $૩.૮ બિલિયનની સંપત્તિ સાથે બોલીવુડના સૌથી અમીર વ્યક્તિ છે. ગયા અઠવાડિયે 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૬' જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ભારતના સૌથી અમીર પુરુષો અને મહિલાઓની સંપત્તિના અંદાજોની વિગતો આપવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોની જેમ, અદાણી અને અંબાણી પરિવારોએ ટોચના ૨ સ્થાન જાળવી રાખ્યા છે. આ યાદીમાં ખનિજ, રિયલ એસ્ટેટ, ફાર્માસ્યુટિકલ્સ અને ઊર્જા જેવા પરંપરાગત વ્યવસાયોના ઉદ્યોગસાહસિકોનું વર્ચસ્વ છે. મનોરંજન ઉદ્યોગમાંથી માત્ર એક જ વ્યક્તિ ટોચના ૧૦૦માં સ્થાન મેળવી શકી છે. T-સીરીઝના વડા ભૂષણ કુમાર ૮૭મા ક્રમે છે, જેમની અંદાજિત સંપત્તિ લગભગ રૂા.૩૬,૩૦૦ કરોડ (આશરે $૩.૮ બિલિયન) છે. તેમની સંપત્તિ અતુલ રૂઈયા (રૂા.૩૩,૪૦૦ કરોડ), કિરણ મઝુમદાર શો (રૂા.૩૨,૯૦૦ કરોડ) અને આદિત્ય ખેમકા (રૂા.૩૨,૨૦૦ કરોડ) જેવા કેટલાક સૌથી અમીર ભારતીયોની સંપત્તિ કરતાં પણ વધુ છે. ભૂષણ કુમાર



ભારતના સૌથી અમીર ફિલ્મ નિર્માતા છે. ભૂષણ કુમાર 'સન પિક્ચર્સ'ના કલાનિધિ મારન (જેમની અંદાજિત સંપત્તિ રૂા.૨૪,૬૦૦ કરોડ છે અને તેઓ યાદીમાં ૧૪૬મા ક્રમે છે) પાસેથી ભારતના સૌથી ધનિક ફિલ્મ નિર્માતાનું સ્થાન છીનવી લીધું છે. તેમણે બોલિવૂડના અગાઉના સૌથી ધનિક વ્યક્તિ રોની સ્ક્રૂવાલાને પણ પાછળ છોડી દીધા છે, જેમની સંપત્તિ આશરે રૂા.૧૬,૦૦૦ કરોડ હોવાનું મનાય છે. ૨૦૨૪ની 'હુરુન રિચ લિસ્ટ' મુજબ, ભૂષણ અને તેમના પરિવારની સંપત્તિ આશરે રૂા.૧૦,૫૦૦ કરોડ હોવાનો અંદાજ છે. માત્ર બે વર્ષમાં પરિવારની સંપત્તિમાં ૩.૫ ગણો વધારો થયો છે. આ વૃદ્ધિ 'ટી-સીરીઝ'ના મ્યુઝિક પ્રોડક્શન કંપની અને ફિલ્મ પ્રોડક્શન હાઉસ એમ બંને ક્ષેત્રોમાં થયેલા વિકાસ સાથે સુસંગત છે. ભૂષણની રૂા.૩૬,૩૦૦ કરોડની સંપત્તિ યાદીમાં તેમના પછીના ક્રમે આવતા વ્યક્તિ રોની સ્ક્રૂવાલાની સંપત્તિ કરતાં ૧૦૦% થી પણ વધુ છે. ઉદ્યોગના સૌથી ધનિક અભિનેતા શાહરૂખ ખાન આ યાદીમાં ઘણા પાછળ છે, જેમની સંપત્તિ આશરે રૂા.૯,૫૦૦ કરોડ હોવાનો અંદાજ છે. વાસ્તવમાં, શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનની સંયુક્ત સંપત્તિ (રૂા.૧૫,૦૦૦ કરોડ) એ ભૂષણની 'ટી-સીરીઝ' દ્વારા એકત્રિત કરેલી સંપત્તિના અડધા ભાગ કરતાં ઓછી છે. ભૂષણ 'સુપર કેસેટ્સ લિમિટેડ' (જે 'ટી-સીરીઝ' તરીકે લોકપ્રિય છે અને એક વિશાળ મલ્ટીમીડિયા કંપની છે)ના મેનેજિંગ ડિરેક્ટર છે. આ કંપનીની સ્થાપના ભૂષણના પિતા, સ્વર્ગસ્થ ગુલશન કુમારે ૧૯૮૩માં કરી હતી. ૧૯૯૭ માં ગુલશનના અવસાન બાદ, ભૂષણે તેમના કાકા અને પૂર્વ અભિનેતા કૃષ્ણ કુમાર સાથે મળીને કંપનીની જવાબદારી સંભાળી ત્યારે તેમની ઉંમર માત્ર ૧૯ વર્ષ હતી. તેમના નેતૃત્વ હેઠળ, 'ટી-સીરીઝ'નો વ્યાપ માત્ર રેકોર્ડ લેબલ પૂરતો સીમિત ન રહેતા ફિલ્મ વિતરણ અને ત્યારબાદ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ વિસ્તર્યો હતો. ૨૦૨૦ ના દાયકાની શરૂઆત સુધીમાં, 'ટી-સીરીઝ' વર્ષે ૨૦થી વધુ હિન્દી ફિલ્મોનું નિર્માણ કરી રહી હતી, જેનાથી તે દેશના સૌથી વધુ ફિલ્મોનું નિર્માણ કરતા પ્રોડક્શન હાઉસમાંનું એક બની ગયું હતું. ત્યાર પછીના વર્ષોમાં પ્રોડક્શન હાઉસનું કદ ઘટ્યું હોવા છતાં, તે સફળતા મેળવવામાં સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૨૬ માં, તેની ત્રણ થિયેટર-રિલીઝ ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સામૂહિક રીતે લગભગ રૂા.૭૦૦ કરોડની કમાણી કરી છે. ભૂષણ કુમારની T-Series પાસે MrBeastની ચેનલ પછી વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી YouTube ચેનલ પણ છે. તેની પાસે ૩૦૦ મિલિયનથી વધુ સબ્સ્ક્રાઈબર્સ સાથે વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી YouTube ચેનલ પણ છે. ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં, ૩૫૩ અબજથી વધુ વ્યૂઝ સાથે તે વિશ્વની સૌથી વધુ જોવામાં આવતી ચેનલ છે. T-Series ભારતીય સંગીત ક્ષેત્રે પણ વર્ચસ્વ ધરાવે છે. તે ભારતીય સંગીત બજારમાં ૩૫% હિસ્સો ધરાવે છે.

### તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં આક્રોશ

# વડોદરામાં માત્ર ૩૪ ડિગ્રી ગરમીમાં જ રસ્તા પરનો ડામર ઓગળ્યો, પગમાં ચોંટવા લાગ્યો

### ૩ મહિનામાં ૩ વખત રોડ તૂટ્યો, ચૂંટણી સમયે જ નેતાઓ દેખાય છે તેવો સ્થાનિકોનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૦

વડોદરા શહેરમાં રસ્તાની ગુણવત્તાને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. શહેરના તરસાલી વિસ્તારમાં રવિ પાર્ક સોસાયટી પાસે તાજેતરમાં બનાવવામાં આવેલો રોડ માત્ર ત્રણ દિવસમાં જ ઉખડી જતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. આશ્ચર્યજનક રીતે માત્ર ૩૪ ડિગ્રી જેટલી ગરમીમાં ડામર નરમ પડીને પગમાં ચોંટવા લાગ્યો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, રોડ બનાવ્યાને થોડા જ દિવસોમાં તેની સપાટી ખરાબ થવા લાગી હતી. વાહનોની અવરજવર થતાં ડામર ઉખડવા લાગ્યો અને રસ્તા પર કાંકરા તથા અન્ય સામગ્રી બહાર આવવા લાગી. રાહદારીઓ માટે પણ આ સ્થિતિ મુશ્કેલીજનક



બની છે. સ્થાનિક રહેવાસીઓનો વધુમાં આક્ષેપ છે કે આ માર્ગ છેલ્લા ત્રણ મહિનામાં ત્રણ વખત તૂટી ચૂક્યો છે. વારંવાર રોડનું સમારકામ કરવામાં આવે છે, પરંતુ થોડા સમય બાદ ફરી તેની સ્થિતિ ખરાબ થઈ જાય છે. જેના કારણે પાલિકાની રોડ બનાવવાની કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે. નાગરિકોનું કહેવું છે કે રોડ બનાવવા માટે જાહેર નાણાંનો ખર્ચ થાય છે, પરંતુ જો થોડા દિવસોમાં જ રસ્તો તૂટી જાય તો કામગીરીની ગુણવત્તા અને મટિરિયલની તપાસ થવી જરૂરી છે. રોડની હાલતથી નારાજ સ્થાનિકોએ રાજકીય પ્રતિનિધિઓ સામે પણ સવાલો ઉઠાવ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે ચૂંટણી આવે ત્યારે નેતાઓ વોટ માંગવા માટે વિસ્તારમાં આવે છે, પરંતુ નાગરિકોની રોજિંદી સમસ્યાઓના ઉકેલ માટે નિયમિત ધ્યાન આપવામાં આવતું નથી. સ્થાનિકોએ રસ્તાની ગુણવત્તાની તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની તેમજ ટકાઉ રોડ બનાવવાની માંગ કરી છે.

### ટ્રેડર્સ ફેડરેશનના પ્રમુખ તન્નાનો નાણા મંત્રીને પત્ર

# બીજી ઓક્ટોબરના 'નો UPI ડે'ને વેરાવળના વેપારીઓનું સમર્થન

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૩૦

વેરાવળ વેપારી એસોસિએશને UPI પર MDR ચાર્જ સામે વિરોધ કર્યો. ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિના દિવસે દેશભરમાં 'નો UPI ડે' મનાવાશે, જેમાં વેરાવળના વેપારીઓ પણ જોડાશે.

ગુજરાત ટ્રેડર્સ ફેડરેશનના પ્રમુખ જયેન્દ્રભાઈ તન્નાએ નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખી રૂ.૨,૦૦૦ કે તેથી વધુના ટ્રાન્ઝેક્શન પર ૦.૪૦ ટકા MDR ચાર્જ પાછો ખેંચવાની માંગ કરી. વેપારીઓ UPI ગેજેટ પર કાળું કપડું બાંધી વિરોધ કરશે. ફેડરેશને ગુજરાતના વેપારી સંગઠનોને ૨ ઓક્ટોબરે UPIનો ઉપયોગ ન કરવા અને રોકડમાં વ્યવહાર કરવા અપીલ કરી હતી. આ વિરોધ ગાંધીજીના અસહકારના માર્ગે કરાશે.

વેરાવળ વેપારી એસોસિએશનના મુકેશભાઈ ચોલેરા, અનિસ રાચ્છ, ગીરીશભાઈ હરવાણી, અરવિંદભાઈ રાણીંગા, ગિરીશભાઈ પટ્ટ, હાર્દિકભાઈ જોશી, સંદીપભાઈ ધનેશા, ગોપાલભાઈ મેરવાણા, ભાવેશભાઈ વડુકર, રાજેશભાઈ મશરૂ, અનિલભાઈ દેવાણી, હિરેનભાઈ, વિશાલભાઈ, મુન્નાભાઈ મશરૂ, મેહુલભાઈ, કેવિનભાઈ કાનાબાર તેમજ સટ્ટા બજાર રેડીમેડ એસોસિએશનના સુરેશભાઈ કાંજાણી, રવિભાઈ પદમાણી, સંજુભાઈ લાલવાણી સહિતના સભ્યો જોડાશે.

# ટંકારીઆના પનોતા પુત્ર અને યુ.કે.ના એમ.પી. ઈકબાલ હુસૈન મોહંમદનો વતનમાં ભવ્ય સન્માન સમારંભ યોજાયો

### સાત સમુંદર પાર ગામનું નામ રોશન કરનાર સાંસદના બહુમાન બદલ ટંકારીઆ ગામે ગૌરવની લાગણી અનુભવી; સામાજિક અગ્રણી અબ્દુલ્લાહ કામઠી સહિત પ્રતિષ્ઠિત નાગરિકો રહ્યા હાજર



(સંવાદદાતા દ્વારા) ટંકારીઆ, તા.૩૦

વિદેશની ધરતી પર રાજકીય ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ હાસિલ કરી આંતરરાષ્ટ્રીય સ્તરે ગામનું નામ રોશન કરનાર યુનાઈટેડ કિંગડમ (UK)ના અપક્ષ સાંસદ (MP) ઈકબાલહુસૈનનું વતનમાં આગમન થતાં સમગ્ર ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય બહુમાન કરવામાં આવ્યું હતું. આજરોજ ટંકારીઆ ગામે આવેલા તેમના નિવાસ્થાને સમસ્ત ટંકારીઆ ગામ વતી એક વિશેષ અને ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી પ્રસંગે ભરૂચ જિલ્લાના જાણીતા સામાજિક કાર્યકર અબ્દુલ્લાહ કામઠી ઉપરાંત ટંકારીઆ ગામના અનેક પ્રતિષ્ઠિત નાગરિકો, વડીલો અને સામાજિક અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પોતાના ગામના જ વતનીએ વિદેશમાં મેળવેલી આ અભૂતપૂર્વ સફળતાને વધાવવા માટે સમગ્ર ટંકારીઆ પંથકમાં ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનો દ્વારા એમ.પી. ઈકબાલહુસૈનને પરંપરાગત શાલ ઓઢાડીને તેમજ સન્માનપત્ર એનાયત કરીને ભાવભીનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામના પ્રતિષ્ઠિત આગેવાનોએ ગૌરવભેર જણાવ્યું હતું કે, ઈકબાલહુસૈને મેળવેલું આ પદ સમગ્ર ટંકારીઆ ગામ અને ભરૂચ જિલ્લા માટે અત્યંત ગૌરવ અને નવી પેઢી માટે પ્રેરણા સમાન છે. જ્યારે યુ.કે.ના એમ.પી. ઈકબાલહુસૈને પણ પોતાના વતન તરફથી મળેલા આ અપાર સ્નેહ, સત્કાર અને સન્માન બદલ ટંકારીઆ ગામના તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને વતન પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

### બરોડા ડેરીની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

# દૂધ ઉત્પાદકોને ૯૦ કરોડનો ભાવફેર અપાયો, વિરોધીઓનું મૌન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૦

બરોડા ડેરીની મળેલી વાર્ષિક જનરલ મીટીંગમાં દૂધ ઉત્પાદકોને ૯૦ કરોડનો ભાવ ફેર જાહેર કરવામાં આવ્યો હતો. બરોડા ડેરીની ૬૯મી એજીએમમાં ડેરીના વાર્ષિક હિસાબો રજૂ કરાતા સભાસદોએ મંજૂરી આપી હતી. બરોડા ડેરીએ આ વર્ષે ૧૫૭૨ કરોડ જેટલું ટર્નઓવર કર્યું છે. જ્યારે દૂધની આવકમાં ૭૫ લાખ લીટર જેટલો ઘટાડો થતાં દૂધ ઉત્પાદકોને ભાવ ફેરની રકમમાં ગત વર્ષની સરખામણીમાં ૧૦ કરોડનો ઘટાડો થયો છે. બરોડા ડેરીની એજીએમમાં પૂર્વ સાંસદ અને વડોદરા તેમજ છોટાઉદેપુર જિલ્લાના બે ધારાસભ્ય સહિતના ૫૦૦થી વધુ મંડળીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. પ્રમુખ દીનુ મામા અને ઉપપ્રમુખ જી.બી.સોલંકી દ્વારા ડેરીની કામગીરી તેમજ વિકાસના કાર્યોને રજૂ કરવામાં આવ્યા હતા. જો કે ડેરીના દૂધ ઉત્પાદકોને ભાવ ફેર વધુ મળે અને જુદી - જુદી માંગણીઓ કરીને રજૂઆતો કરનારા આગેવાનો વાર્ષિક સભામાં ચૂપ રહ્યા હતા. પરિણામે ડેરીના એજન્ડાને લગતી કામગીરી માત્ર પાંચ મિનિટમાં જ સંપન્ન થઈ હતી. જ્યારે સભાસદોના સન્માન તેમજ વધુ દૂધ આપનાર મંડળીઓના સન્માન જેવા કાર્યક્રમો લાંબા ચાલ્યા હતા.

# સિદ્ધપુરની એડનવાલા સ્કૂલ ખાતે લોકસુવિધા માટે સેવા સેતુ કેમ્પ યોજાયો



(તસવીર : જહીર મન્સુરી, સિદ્ધપુર)

(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૩૦

ગુજરાત સરકારના પ્રજાભિમુખ અભિગમ અંતર્ગત તા.૨૯/૯/૨૬ મંગળવારના રોજ વોર્ડ નંબર ૬માં એડનવાલા સ્કૂલ સિદ્ધપુર ખાતે સેવા સેતુ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આધાર કાર્ડ, રેશનકાર્ડ, આવક-જાતિના દાખલા, આયુષ્માન કાર્ડ અને પેન્શન યોજનાઓ જેવી જરૂરી સેવાઓ એક જ છત નીચે પૂરી પાડવામાં આવી હતી. વહીવટી તંત્રની ઝડપી કામગીરીથી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક કોર્પોરેટર કૈયુમખાન પોલાદી, કોર્પોરેટર અનીસખાન પોલાદી, ભૂરાભાઈ પઠાણ(સ્માર્ટ) એડનવાલા સ્કૂલના ટ્રસ્ટી હનીફખાન પોલાદી, જહુરભાઈ મન્સૂરી, અને સમાજ સેવક આસીફખાન પઠાણ, ઈમરાનખાન પોલાદી, સમીરભાઈ કુરેશી, મુશીદખાન પોલાદી, શેખ મકસૂદભાઈ, તથા જનપ્રતિનિધિઓ અને કર્મનિષ્ઠ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સિદ્ધપુર મુસ્લિમ સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ઘરઆંગણે જ સરકારી યોજનાઓના લાભ મળવાથી સ્થાનિક લોકોએ સરકાર અને તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વિકસિત ગુજરાત ઔદ્યોગિક પોલિસી -૨૦૨૬, FTA અને 'રેમ્પ' યોજના અંગે ઉદ્યોગકારોને માર્ગદર્શન અપાયું

# મહેસાણામાં અગ્રણી ઉદ્યોગકારો અને MSME કમિશનર વચ્ચે મહત્ત્વની બેઠક મળી

મહેસાણા, તા.૩૦

મહેસાણા સર્કિટ હાઉસ ખાતે આજરોજ એમ.એસ.એમ.ઈ. કમિશનર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને જિલ્લાના અગ્રણી ઔદ્યોગિક એસોસિએશનો અને અગ્રણી ઉદ્યોગકારો સાથે એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર જી.આઈ.ડી.સી. પ્રભવ જોશી તેમજ મહેસાણા ઈનચાર્જ જિલ્લા કલેક્ટર હર્ષિલ મીણા અને અધિક નિવાસી કલેક્ટર મયંક પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જિલ્લાના ઉદ્યોગ જગતને વેગ આપવા અને પ્રવર્તમાન નીતિઓની સમજ આપવા માટે આયોજિત આ બેઠકમાં જિલ્લાના વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ પણ સહભાગી થયા હતા.

આ બેઠકમાં એમ.એસ.એમ.ઈ. કમિશનરએ ઉદ્યોગકારો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને પડકારો પ્રત્યે અત્યંત હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. તેમણે તમામ રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળીને ઉદ્યોગકારોને ખાતરી આપી હતી કે રજૂ કરાયેલા પ્રશ્નોના ત્વરિત અને યોગ્ય નિરાકરણ માટે જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિશીલ બનાવવા માટે વહીવટીતંત્ર કટિબદ્ધ હોવાનું પણ જણાવ્યું.

બેઠક દરમિયાન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાના જનરલ મેનેજર દ્વારા વિકસિત ગુજરાત ઔદ્યોગિક પોલિસી-૨૦૨૬ અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, ભારત સરકારના ડી.જી.એફ.ટી. (DGFT)ના પ્રતિનિધિ દ્વારા એફ.ટી.એ. (FTA - ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) અને ડી.જી.એફ.ટી. દ્વારા સંચાલિત વિવિધ પ્રોત્સાહક યોજનાઓ વિશે ઉદ્યોગકારોને માહિતગાર કરવામાં આવ્યા હતા. લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ઉત્થાન માટેની મહત્ત્વકાંક્ષી 'રેમ્પ' (RAMP) યોજના અંગે પણ બેઠકમાં ગહન ચર્ચા કરવામાં આવી હતી, જેથી સ્થાનિક ઉદ્યોગકારો આ યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે.

# વેરાવળ ખાતે સમસ્ત પટણી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૩૦

વેરાવળમાં પટણી વેલફેર સોસાયટી અને સમસ્ત પટણી સમાજ દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારોહ યોજાયો હતો.જેમાં ધોરણ ૧થી Ph.D. કક્ષા સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું. તેમણે શૈક્ષણિક, ઈસ્લામિક, રમત-ગમત સહિતના ક્ષેત્રોમાં સિદ્ધિઓ મેળવી હતી.



(તસવીર : ઈકબાલ બાનવા, વેરાવળ)

આ કાર્યક્રમ વેરાવળના લાબોલા સ્થિત પટણી સમાજ હોલના પટાંગણમાં યોજાયો હતો. પટણી સમાજના પટેલ અફઝલ પંજાની આગેવાની હેઠળ આયોજન થયું હતું. સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા મુખ્ય અતિથિ હતા. તેમની સાથે હિન્દુ સમાજના જયકરભાઈ ચોટાઈ, ખારવા સમાજના ધનસુખભાઈ કુહાડા, સી.ટી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. ગઢવી, વેરાવળ વેપારી મંડળના મુકેશ ચોલેરા, અનિસ રાચ્છ, ગોપાલભાઈ, દીપકભાઈ સિંઘવડ, ડો.અબ્બાસ વોરા, મૌલાના સરફરાઝ નૂરી, હાજી ઈસ્માઈલ અલ્લાના, હાજીભાઈ એલ.કે.એલ. પાટણ ઘાંચી સમાજના પ્રમુખ યુસુફભાઈ કચરા, ફકીર સમાજના પ્રમુખ ઈકબાલ બાનવા, તુરક સમાજના પૂર્વ ઉપપ્રમુખ ઈમરાન રામશા, કુરેશી જમાતના હસનભાઈ કુરેશી સહિત સમાજના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સન્માન સમારોહમાં વેરાવળ ઉપરાંત ગુજરાત, ભારતના અન્ય રાજ્યો અને કેનેડા, યુકે, યુએસએ, ન્યુજર્સી જેવા વિદેશોમાં અભ્યાસ કરતા પટણી સમાજના વિદ્યાર્થીઓને પણ બિરદાવવામાં આવ્યા. કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત પટણી સમાજ, પટણી વેલફેર સોસાયટી અને મદદગાર ટીમના યુવાનોએ જહેમત કાર્યકમને સફળ બનાવેલ હતું.

# ધોળકા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન




(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૩૦

ધોળકા નગરપાલિકા તેમજ વહીવટી તંત્ર દ્વારા ૧૨મા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલી અનેક લોક ઉપયોગી યોજનાઓ તેમજ પ્રજાના પ્રશ્નોના ન્યાયી અને ઝડપી ઉકેલ આવે તે ઉમદા હેતુને ધ્યાનમાં લઈને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન નગરપાલિકા મીઠીકુઈ ઝોનલ ઓફિસ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ અનામિકાબેન ભટ્ટ, અમદાવાદ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કનુભાઈ પરમાર, ધોળકા શહેર ભાજપ પ્રમુખ સુનીલભાઈ પટેલ, ચીફ ઓફિસર પ્રાર્થના બહેન રાઠોડ, ધોળકા નગરપાલિકાનાં ઉપપ્રમુખ જયાબેન ઠાકોર, કારોબારી ચેરમેન અનિલભાઈ વાઘેલા, ભાજપ મહામંત્રી લાભુભાઈ રાણા, બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, પૂર્વ પ્રમુખો, હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી તંત્ર દ્વારા પહોંચાડવામાં આવ્યો હતો.

# ભૂજ ખાતે ઈન્ડિયન આર્મી દ્વારા ભવ્ય 'વોકેથોન' યોજાઈ

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૩૦

આજના આધુનિક અને દોડધામભર્યા જીવનમાં હૃદય રોગનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને, લોકોમાં હૃદયના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા અને ફિટનેસને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી ભારતીય સેનાની ૨૦૭૫ ફિલ્ડ હોસ્પિટલ દ્વારા ભૂજના ઐતિહાસિક સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ ખાતે 'વર્લ્ડ હાર્ટ ડે' નિમિત્તે એક ભવ્ય 'વોકેથોન'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલે સાંજે વોકેથોનનો પ્રારંભ થયો હતો. "Silent steps, Stronger heart" (શાંત પગલાં, મજબૂત હૃદય)ની થીમ આધારિત આ વોકેથોનનો રૂટ સ્મૃતિવનના એન્ટ્રી ગેટ પાર્કિંગથી શરૂ થઈને સનસેટ પોઈન્ટ સુધીનો રહ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં ભારતીય સેનાના આશરે ૧૫૦ જેટલા જવાનો અને અધિકારીઓએ અત્યંત ઉત્સાહભેર ભાગ લીધો હતો અને લોકોમાં સ્વાસ્થ્ય જાગૃતિનો પ્રબળ સંદેશો ફેલાવ્યો હતો. આ કાર્યક્રમના સફળ અને સુચારૂ આયોજન માટે આર્મીની ૨૦૭૫ ફિલ્ડ હોસ્પિટલ દ્વારા સ્મૃતિવનના ડાયરેક્ટર મનોજ પાંડે અને ભૂજ જિલ્લા વહીવટીતંત્ર સાથે વિશેષ સંકલન કરવામાં આવ્યું હતું.

### 'માતૃછાયા'થી અમેરિકા સુધી... એક વર્ષની બાળકીની નવી સફર

# નડિયાદની બાળકી હવે NRI ગુજરાતી દંપતીની દીકરી બની

### CARAની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટના હસ્તે દત્તક માતા-પિતાને સોંપણી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૩૦

નડિયાદની 'માતૃછાયા' અનાથ આશ્રમમાં મમતાની છત્રછાયા હેઠળ ઉછરેલી એક વર્ષની બાળકી હવે અમેરિકામાં સ્થાયી મૂળ ગુજરાતી NRI દંપતીના પરિવારની દીકરી બની છે. પરિવારની હૂંફથી વંચિત બાળકીના જીવનમાં હવે માતા-પિતાની મમતા, સુરક્ષા અને પોતાના ઘરનો નવો અધ્યાય શરૂ થયો છે.અમેરિકામાં સ્થાયી દંપતીએ ભારત સરકારની સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA)ની માર્ગદર્શિકા તથા એડોપ્શન રેગ્યુલેશન, ૨૦૨૨ મુજબ આંતરદેશીય દત્તક ગ્રહણની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. દસ્તાવેજોની ચકાસણીથી લઈને સક્ષમ સત્તાધિકારીઓની કાર્યવાહી સુધીની કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયના હસ્તે બાળકી તેના દત્તક માતા-પિતાને સોંપવામાં આવી હતી.

બાળકીની વિદાય સમયે 'માતૃછાયા'માં લાગણીસભર માહોલ સર્જાયો હતો. એક વર્ષથી બાળકીની સંભાળ રાખનાર આશ્રમના પરિવારજનો, બહેનો અને સ્ટાફે ભાવુક હૃદયે તેને નવા પરિવાર સાથે વિદાય આપી હતી. 'માતૃછાયા'ની છત્રછાયા છોડીને બાળકી હવે અમેરિકામાં પોતાના નવા પરિવાર સાથે જીવનની નવી સફર શરૂ કરશે. બાળકી નવા પરિવાર સાથે સુખી, સ્વસ્થ, સુરક્ષિત અને પ્રેમભર્યું જીવન જીવે તેવી શુભેચ્છાઓ ઉપસ્થિત સૌએ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ, માતૃછાયા અનાથ આશ્રમના અધિક્ષક સંદીપ પરમાર તથા ડિરેક્ટર સિસ્ટર મનીષા મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# સીડોકર ગામે હાજી રમકડાનું સન્માન



વેરાવળ તાલુકાના સીડોકર ગામે સીડોકર ગામના રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર હાજીભાઈ રમકડાનું સન્માન કરવામાં આવેલ હતું. સીડોકરના સરપંચ તથા આગેવાનો દ્વારા સીડોકર માતાજીના ભુઆતા રાજા આતા, ગ્રામ્ય મુસ્લિમ સમાજના પ્રમુખ મહંમદભાઈ તવાણી, સરપંચ બાલુભાઈ મકવાણા, ઉપસરપંચ સતારભાઈ તવાણી, ભરતભાઈ ચોપડા, જમાલભાઈ જે.કે. ઓટો, વાલજીભાઈ, લખમણ માસ્ટર, મહંમદ ઉમર, ગનીભાઈ પાર્ક, અલારખા અલી, વલી ગની, હાજી યુસુફ, ડોક્ટર પટેલ, ફકીર સમાજના રકીબશા બાપુ, મુસાભાઈ ઈમરાન સહિતના ઉપસ્થિત રહી હાજીભાઈ રમકડાનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

### રાત્રે દારૂની મહેફિલના આક્ષેપો

# પાલેજ હાઈસ્કૂલ આસપાસ ખાલી દારૂની બોટલો મળી આવતી હોવાની ફરિયાદો

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૩૦

પાલેજ રેલવે સ્ટેશન સામે આવેલા મુખ્ય પ્રવેશદ્વાર તથા કપાસિયા હોલ તરીકે જાણીતા વિસ્તારમાં પાલેજ હાઈસ્કૂલ, જૈન સંઘવાડી સહિતના સ્થળોની આસપાસ રાત્રિના સમયે અસામાજિક તત્વો અડિંગો જમાવતા હોવાની ફરિયાદો ઉઠી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ રાત્રિના સમયે કેટલાક શખ્સો દ્વારા બિયર, અંગ્રેજી દારૂ તેમજ દેશી દારૂનું સેવન કરવામાં આવતું હોવાના આક્ષેપો છે. ત્યારબાદ દારૂની ખાલી બોટલો અને પોટલીઓ શાળા સંકુલની આસપાસના કચરામાં ફેંકવામાં આવતી હોવાની પણ ફરિયાદો છે. શાળાની આસપાસ આવું વાતાવરણ ઊભું થવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ પણ શાળાના શિક્ષક વર્ગ દ્વારા પોલીસને વોટ્સએપ મારફતે



સ્થળના ફોટોગ્રાફ મોકલી જાણ કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તેમ છતાં પૂરતી કાર્યવાહી થઈ કે કેમ ? તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. શાળાના વિદ્યાર્થીઓ દરરોજ આવા દ્રશ્યો જોતા હોય તો તેમના પર તેની કેવી અસર પડે ? તે અંગે વાલીઓમાં ચર્ચા છે.

પોલીસ તંત્ર દ્વારા રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારીને જો કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોય તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### ૧૦થી ૧૫ ઝૂંપડા બળીને ખાક

# વડોદરાના તાંદલજા કિસ્મત ચોકડી પાસે ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ

### મજૂર પરિવારોનો સામાન બળીને ખાક, સદ્નસીબે કોઈ જાનહાનિ નહીં

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૦

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલી કિસ્મત ચોકડી પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ૮ થી ૧૦ ઝૂંપડા તેની ઝપેટમાં આવી ગયા હતા અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. મળતી વિગતો અનુસાર, ઝૂંપડામાં રહેલી ઘરવખરી, કપડાં, અનાજ અને ઘરનો તમામ સામાન સંપૂર્ણપણે બળી ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. વિસ્તારના સ્થાનિક આગેવાનો એ જણાવ્યું હતું કે, ધન ટેકરીના પાછળના ભાગે કલ્પેશભાઈ મહારાજની જગ્યામાં આ ઝૂંપડા આવેલા છે. અહીં ૧૦ થી ૧૫ ઝૂંપડામાં મજૂર પરિવારો રહે છે. મજૂરો આખો દિવસ કામ કરી થાકી ગયા હોવાથી ઝૂંપડાની બહાર સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક રાત્રે આગ ભભૂકી ઉઠી હતી. તરત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. સદનસીબે મજૂરો અને તેમના બાળકોનો આબાદ બચાવ થયો છે, માત્ર સામાન બળી ગયો છે.

વાસણા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર નંદકિશોર સોલંકીએ જણાવ્યું હતું કે, રાત્રે કોલ મળતા જ અમે તાત્કાલિક કિસ્મત ચોકડી ઝૂંપડપટ્ટી ખાતે પહોંચી ગયા હતા. દૂરથી જ આગ વિકરાળ સ્વરૂપમાં દેખાતી હતી. અમે તરત જ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. ૮ થી ૧૦ ઝૂંપડાઓમાં આગ લાગી હતી. છાપરા નીચે શું નુકસાન થયું છે તે તપાસ બાદ જાણવા મળશે. ફાયર વિભાગ અને પોલીસ દ્વારા આગ લાગવાના કારણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# બોલુન્દ્રાની સ્કૂલ બહાર વિદ્યાર્થિનીઓની છેડતી કરતા ત્રણ લુખ્ખાઓને દબોચ્યા

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર અસામાજીક તત્વો અને રોમિયો ગીરી કરતા તત્ત્વો સામે કરતા લાલ આંખ કરી છે. મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થિનીઓની ત્રણ લુખ્ખાઓએ જાહેરમાં છેડતી કરી હેરાન પરેશાન કરતા વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીઓ સમસમી ઉઠ્યા હતા હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા આવતી વિદ્યાર્થીઓની રોડ રોમિયોના રંજાડથી ડરનો માહોલ ઉભો થયો હતો. આ અંગે ટીંટોઈ પોલીસને ફરિયાદ કરવામાં આવતા પોલીસે ત્રણે લુખ્ખાઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ટીંટોઈ પોલીસે ટેક્નિક એનાલિસીસ અને બાતમીદારોની મદદથી જાલીયા ગામના આનંદ તખા તરાર, સુમિત શૈલેષ તરાર અને ભરત અરજણ તરારને ઝડપી પાડી કાયદાનો પાઠ ભણાવ્યો હતો. ટીંટોઈ પોલીસે પોક્સો સહિત અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અંકલેશ્વર GIDCના લૂંટ કેસમાં વધુ એકની ધરપકડ

અંકલેશ્વર, તા.૩૦

અંકલેશ્વર GIDCમાં કારમાંથી રૂ.૧૦ લાખ રોકડ ભરેલી બેગની લૂંટના ચકચારી કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદ સેન્ટ્રલ જેલમાં રહેલા લૂંટના મુખ્ય સૂત્રધાર તરીકે સામે આવેલા કુબેરનગરના રહેવાસી રોજનીશ ધર્મેન્દ્ર ગુમાનેને ટ્રાન્સફર વોરંટના આધારે અંકલેશ્વર GIDC પોલીસે ઝડપી પાડ્યો છે.ગત ૭ ડિસેમ્બરે શક્તિ એન્ટરપ્રાઈઝના એકાઉન્ટન્ટ ધવલ ભટ્ટ રૂ.૧૦ લાખની લૂંટની ઘટના ઘટી હતી. બનાવ અંગે અંકલેશ્વર GIDC પોલીસે તપાસ દરમિયાન અગાઉ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. કેસની વધુ તપાસ દરમિયાન પાટણ જિલ્લાના સિદ્ધપુરના સૌરભ મનહર ધવડની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### વડગામના કોંગી ધારાસભ્ય સામે પૂર્વ સરપંચના ખુલ્લેઆમ ગંભીર આક્ષેપો

# રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ અપાવવા માટે મેવાણીએ ચાર લાખ લીધા હતા

## ટોકરિયા ગામે સભામાં બોલાચાલી અંગેનો વીડિયો વાયરલ થતા રાજકારણ ગરમાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના વડગામના ટોકરિયા ગામમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની ઉપસ્થિતિમાં મળેલી સભામાં ગામના પૂર્વ સરપંચ યાકુબ મોહમ્મદે મેવાણી પર ગંભીર આક્ષેપો કરતા મામલો તંગ બન્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ મામલે પૂર્વ સરપંચ યાકુબ મોહમ્મદે આક્ષેપ કરતા



જીગ્નેશ મેવાણી
ધારાસભ્ય, વડગામ

યાકુબ મોહમ્મદ
પૂર્વ સરપંચ, ટોકરિયા

જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો. ગામમાં રાહતના દરે મળતા પ્લોટના ફોર્મ પંચાયત અને તાલુકા પંચાયતમાંથી મંજૂર થઈ ગયા હોવા છતાં, ધારાસભ્યે પાલનપુર TDOને કહીને પ્લોટની ફાળવણી અટકાવી દીધી હતી, જેથી તમામ ફોર્મ પરત આવ્યા હતા.

પૂર્વ સરપંચના આરોપો અને સભાના હોબાળા સામે જ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ

## પૂર્વ સરપંચે પ્લોટ દીઠ ૨૫ હજાર ઉઘરાવ્યાનું ખુલ્લુ થતાં આ ખેલ કર્યો : મેવાણી

કહ્યું કે, રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી સમયે તેમના મિત્રને ટિકિટ જોઈતી હોય મેવાણીને રૂપિયા ચાર લાખ આપ્યા હતા. જો કે, બાદમાં ટિકિટ મળી ન હતી અને પૈસા પણ મળ્યા ન હતા. પૂર્વ સરપંચના આક્ષેપ સામે મેવાણીએ કહ્યું કે, તેમની પાસે પુરાવા હોય તો આપે.

વધુમાં જણાવ્યું કે, યાકુબે ૧૦૨ લોકો જોડેથી ઘરના પ્લોટની લાલચે પ્લોટ દીઠ ૨૫-૨૫નું ઉઘરાણું કર્યું અને એ ઉઘાડો પડી ગયો. હું આનું ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન કરાવવાનો છું. આજે જે પોલીસ ફરિયાદ થઈ એ થવાની હતી એ એને ખબર હતી એટલા માટે એણે આ ખેલ કર્યો છે. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં આવેલા ટોકરીયા ગામે તાજેતરમાં યોજાયેલી મુસ્લિમ સમાજની સભામાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ક્ષણે સભા દરમિયાન ગામના પૂર્વ સરપંચ અને ધારાસભ્ય વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. ટોકરીયા ગામના પૂર્વ સરપંચ યાકૂબ મોહમ્મદે સભામાં થયેલા હોબાળા અંગે આજે ખુલાસો કરતા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સામે અનેક સણસણતા આક્ષેપો કર્યા. યાકૂબ મોહમ્મદના જણાવ્યા અનુસાર, તેમના એક મિત્રને વર્ષ ૨૦૨૩ની રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ જોઈતી હતી, જેના માટે તેમણે પાલનપુર સર્કિટ હાઉસ ખાતે જીગ્નેશ મેવાણીને રૂા.૪ લાખ રોકડા આપ્યા હતા. જોકે, ટિકિટ મળી નહોતી અને પૈસા પણ પરત આપવામાં આવ્યા નહોતા. સભા દરમિયાન તેમણે ઈસ્લામ ધર્મમાં અત્યંત મહત્ત્વપૂર્ણ પવિત્ર કુર્આન શરીફ હાથમાં રાખીને આ વાત સાબિત કરવાનો પડકાર પણ ફેંક્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે, ગામમાં મસ્જિદ અને કબ્રસ્તાન તરફ જતો રોડ બનાવવા અંગે ધારાસભ્યે આપેલું વચન પણ પાળ્યું નથી. આ ઉપરાંત, ઠાકરવાડાને જોડતા રોડ માટે રજૂઆત કરવા જતાં ધારાસભ્યે 'મુખ્યમંત્રી આપણું સાંભળતા નથી, તમારી રીતે જોઈ લો' એવો જવાબ આપી આકરા પ્રહારો સાથે વળતો જવાબ આપ્યો હતો. મેવાણીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, મારા મતવિસ્તાર કે બહાર, ગરીબોના ૧૦૦ ચોરસ વારના પ્લોટની યોજનામાંથી કોઈની પાસેથી રૂા.૨૫-૨૫ હજારનું ઉઘરાણું કરી, સરકારી કર્મચારીઓ સાથે સેટિંગ પાડી ખોટા લોકોને લાભ અપાવવાનું કૌભાંડ ચલાવાશે નહીં. આવા તત્વોને ગામની વચ્ચે ખુલ્લા પાડી તેમની સામે પોલીસ તપાસ કરાવાશે. નાણાંકીય ગેરરીતિના આરોપો અંગે મેવાણીએ પડકાર ફેંક્યો કે, જો કોઈ ભ્રષ્ટાચાર થયો હોય તો સંબંધિત કલેક્ટર, મામલતદાર કે પોલીસ સ્ટેશનમાં લિખિત ફરિયાદ કરવામાં આવે, તેઓ પોતે તેની નિષ્પક્ષ તપાસ કરાવશે.

### મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડની સમીક્ષા કરી

# રાજ્યના સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા ફ્રેમવર્ક મજબૂત બનાવવા સામૂહિક મંથન

## સરહદી વિસ્તારોમાં ગેરકાયદે પ્રવૃત્તિ કરનારાને સંદેશ; આવા કૃત્યો નહીં ચાલે : C.M.

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડની ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તાજેતરમાં સરહદી જિલ્લા ભૂજમાં યોજેલી બેઠકમાં સરહદ રક્ષક દળો, કેન્દ્રીય એજન્સીઓ, રાજ્ય અને જિલ્લા તંત્ર અને નાગરિકો એમ ચાર સ્તંભ આધારિત આ ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનો ખ્યાલ આપેલો છે. આ સંદર્ભમાં વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન અંતર્ગત સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા ફ્રેમવર્ક મજબૂત અને સંકલિત બનાવવાની દિશામાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સામૂહિક મંથન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ઘૂસણખોરી, નશીલા પદાર્થો, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિતના ૬ મુખ્ય ક્ષેત્રો પર ફોકસ કરીને સરહદી વિસ્તારોમાં થતી આવી ગતિવિધિઓ પર સતત નિગરાની અને પગલાઓ અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, ૩૬૦ ડિગ્રી દેખરેખનો દરેક વિભાગનો એપ્રોચ વધુ સઘન બનાવીને આપણે સરહદી ક્ષેત્રોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘુસષણખોરી, નશીલા પદાર્થોની હેરફેર અને ગેરકાયદે દબાણો કરનારાઓને સ્પષ્ટ સંદેશ આપવો છે કે ગુજરાતમાં હવે આવી પ્રવૃત્તિઓ કે કૃત્યોને ક્યાંય સ્થાન નથી અને આવી પ્રવૃત્તિઓ ચલાવી પણ લેવાશે નહીં. ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરહદી વિસ્તારના સેફ્ટી કન્સર્નને અગ્રતા આપતાં કામોને રોજીંદા કામો કરતાં અલગ પ્રકારના ગણાવતાં આવા કામોને સિસ્ટમના તૌર પર લેવા કરતાં ઉત્સાહી અને ખંતીલા લોકોને જોડીને પરિણામદાયી કામો વિના વિલંબે થાય તે સુનિશ્ચિત કરવા પર ભાર મુક્યો હતો. કેન્દ્રીય અને રાજ્ય સરકારની એજન્સીઝને ઈન્ટીગ્રેટેડ એપ્રોચથી પરસ્પરના સંકલન સાથે કાર્યરત રહેવાનો અનુરોધ કરતાં નાયબ મુખ્યમંત્રીએ દબાણો દૂર કરવાના કામો અટકે નહિ તેની પણ તાકીદ કરી હતી. આ સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, મુખ્ય સચિવ એમ.કે. દાસ તથા સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો, વિવિધ વિભાગોના અગ્ર સચિવો અને રાજ્ય પોલીસ દળના ડીજીપી, એડીજીપી તથા રેન્જ આઈ.જી. કક્ષાના અધિકારીઓ અને સરહદી જિલ્લાના કલેક્ટરો, પોલીસ અધિક્ષકો પણ જોડાયા હતા.

### AMC તંત્ર દિવાળીના તહેવારો પહેલા હરકતમાં આવ્યું !

# કાલુપુર વિસ્તારમાં ફટાકડાની ૩૦ દુકાનો મ્યુનિ. દ્વારા સીલ કરાઈ

## ફાયર NOC તથા BU પરમિશન ન મળતા દુકાનો સામે એક્શન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરમાં તહેવારોની મોસમ ટાણે નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સખત પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કાલુપુર વિસ્તારમાં આવેલી ફટાકડાની દુકાનો પર અમદાવાદ મનપાના તંત્ર દ્વારા અચાનક સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી, જેના કારણે વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

સ્થળ તપાસ દરમિયાન મોટાભાગની દુકાનોમાં પ્રીવેન્શન સેફ્ટી અને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થતું ન હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં વેપારીઓ પાસે જરૂરી ફાયર NOC (ફાયર નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) એટલે કે ફટાકડા ના વેચાણ માટેની પરવાનગી અને બીયુ પરમીશન મળી આવ્યા ન હતા, જેને ધ્યાનમાં રાખીને મનપાએ સુરક્ષાના ભાગરૂપે કડક કાર્યવાહી કરીને અંદાજે ૩૦ દુકાનોને સીલ કરી દીધી છે.

અમદાવાદ મનપા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, જે દુકાનદારો દ્વારા નિયમોનુસારના તમામ દસ્તાવેજો અને માન્ય ફાયર NOC સત્તાવાર રીતે રજૂ કરવામાં આવશે, ત્યારબાદ જ તેમને ફટાકડાના વેચાણ માટે યોગ્ય મંજૂરી આપવામાં આવશે. આ કાર્યવાહીથી અન્ય વિસ્તારોના વેપારીઓમાં પણ ફાયર સેફટી બાબતે જાગૃતિ અને ફફડાટ ફેલાયો છે. આમ આગામી તહેવારોને ધ્યાને લઈ મ્યુનિ. તંત્ર દ્વારા હરકતમાં આવી પગલા લેવાતા દુકાન ધારકોમાં ફફડાટ વ્યાપી જવા સાથે ચર્ચા પણ તેજ બની છે.

### દાગીના-રોકડ મળી રૂા.૫.૬૪ લાખની મતા ચોરાઈ

# અમદાવાદના મોટેરામાં NRIના બંધ બંગલોમાં તસ્કરો ત્રાટક્યા

## સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ સહિતનો મુદ્દામાલ લઈ ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદના મોટેરા વિસ્તારમાં બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરોએ ૫.૬૪ લાખની ચોરી કરી છે. માતા-પિતાની સારવાર અર્થે પરિવાર ગાંધીનગર ગયો હતો તે દરમિયાન ૨૦થી ૨૯ સપ્ટેમ્બર વચ્ચે આ ઘટના બની હતી. તસ્કરો બારીના સળિયા તોડી ઘરમાં પ્રવેશ્યા અને સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ સહિતનો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા દેવપ્રિયા-૨ સોસાયટીના એક બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરો બારીના સળિયા તોડી અંદર પ્રવેશ્યા હતા અને બંને માળની તિજોરી-કબાટના લોક તોડી સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ તેમજ કપડાં ભરેલી બેગ સહિત કુલ રૂા.૫.૬૪ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. માતા-પિતાની તબિયત ખરાબ હોવાથી પરિવાર ગાંધીનગર સારવાર અર્થે ગયો હતો તે દરમિયાન ૨૦થી ૨૯ સપ્ટેમ્બર વચ્ચે આ ચોરીની ઘટના બની હતી. ગાંધીનગર ખાતે રહેતા અને સ્કૂલ સંચાલક ૫૩ વર્ષીય કેતનભાઈ રમેશચન્દ્ર નાણાવટીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, મોટેરા સ્થિત દેવપ્રિયા-૨ ખાતે આવેલો બંગલા નંબર ૩ તેમની બહેન રાજુલબેનનો છે. માતા-પિતાની સારવાર ચાલતી હોવાથી તેઓ કેતનભાઈ સાથે ગાંધીનગર રહેવા ગયા હતા, જેથી મોટેરાનું મકાન બંધ હતું. ગત ૨૦ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અજાણ્યા તસ્કરોએ ઘરની ગેલેરીનો ઝાંપો તોડી, બારીના સળિયા વળાંક આપી/તોડી અને મચ્છરજાળી કાપીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘર સાફ કરવા નિયમિત આવતા મહિલાની દીકરી જ્યારે સફાઈ માટે પહોંચી ત્યારે તેણે ગેલેરીનો દરવાજો અને બારી તૂટેલી જોઈ હતી. તેણે તાત્કાલિક કેતનભાઈને ટેલિફોનિક જાણ કરી હતી. પરિવારે તાબડતોબ મોટેરા પહોંચી તપાસ કરતા ઘરની અંદર સામાન વેરવિખેર હાલતમાં મળ્યો હતો અને ચોરી થઈ હોવાની પુષ્ટિ થઈ હતી. તસ્કરોએ પહેલા નીચેના માળના બેડરૂમમાં પ્રવેશી તિજોરીનું લોક તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રૂા.૪૮,૭૦૦ રોકડા મળી કુલ રૂા.૧.૯૮ લાખની મતા ચોરી હતી. ત્યારબાદ ઉપરના માળના બેડરૂમમાં મુકેલા બ્રાઉન કલરના લાકડાના કબાટનું લોક તોડી તેમાંથી સોનાના દાગીના, લેપટોપ, આઈપેડ, રૂા.૨૫ હજાર રોકડા તેમજ રૂા.૧૦ હજારના ૧૦ ડ્રેસ ભરેલી લગેજ બેગ સહિત રૂા.૩.૬૫ લાખનો સામાન ચોરી લીધો હતો. બંને માળ મળીને કુલ રૂા.૫.૬૪ લાખની મતાની ચોરી થયાની જાણ થતા આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હિન્દુઓની વસ્તી ઘટી રહી છે ત્યારે હમારે 'હમ દો હમારે દો'નો કાનૂન બનાવવા મોદીને આહ્વાન કરીએ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

રાજકોટના રેસકોર્સ મેદાનમાં કથાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ મૂળ તેલંગાણાના વતની અને હિન્દુ વક્તા ટાઈગર રાજા સિંહ કે જેને લોકો ટી રાજા તરીકે ઓળખે છે તેમણે ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે તેમજ હિન્દુઓની જનસંખ્યા વધારવા માટે, ધર્મ પરિવર્તન તેમજ ફ્રેન્ડશીપના નામે દીકરીઓને ફસાવવાના કૃત્ય સામે સાવચેત રહેવા લોકોને અપીલ કરી હતી. તેઓએ દેશમાં હિન્દુઓની ઘટતી જન સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરી દેશમાં 'હમ દો હમારે દો'નો કાયદો લાવવા મોદીને આહવાન કર્યું હતું, જેમાં ગુજરાતીઓનું પણ સમર્થન માંગ્યુ હતું.

તેમણે ઉશ્કેરણીજનક અને વિવાદાસ્પદ નિવેદન કરતાં જણાવ્યું હતું કે, આપણા બાળકોને મિત્ર કોણ અને શત્રુ કોણ તેની ઓળખ શીખવી પડશે. જેમાં તેમણે કહ્યું કે તિલક કરે એ આપણો મિત્ર છે. ગાય માતાને ખાય એ આપણો શત્રુ. લવજેહાદ નામ પર આપણી બેન દીકરીઓને ફસાવે છે એ આપણો દુશ્મન છે. આપણા ગરીબ હિન્દુ પરિવારોને પૈસાની લાલચમાં અને ધાકધમકી આપી ધર્મપરિવર્તન કરાવે એ આપણો દુશ્મન છે. આ આપણા બાળકોને શીખડાવવાની ખાસ જરૂરિયાત છે. આજે આપણા દેશમાં આપણી જ બહેન દીકરીઓને ટાર્ગેટ બનાવી તેનું ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે. કેટલાક લોકો એવું માને છે ગુજરાતીઓ મીઠા હોય છે પરંતુ જ્યારે પોતાના ઉપર આવે તો ગુજરાતીઓ કોઈને છોડતા નથી એ લોકોને કહેવાનો અને દેખાડવાનો સમય આવી ગયો છે. ગુજરાત એવું રાજ્ય છે જેમને દેશની આઝાદી માટે યોગદાન આપ્યું છે. મારો એક જ સંકલ્પ છે ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવું છે અને આ સંકલ્પ સાથે જ હું આગળ વધી રહ્યો છું.' તેમ જણાવતા વધુ વિવાદી નિવેદન આપવા તેમણે જણાવ્યું કે, 'આપણો ધર્મ બદલવાની કોશિશ એ લોકો કરે છે જે 'અમે ૫ અમારા ૫૦'ની સ્કીમ લઈને ચાલે છે. ભારતમાં હિન્દુઓની જન સંખ્યા ખુબ ઝડપથી ઘટી રહી છે. કારણ કે આપણે લોકો એક સ્કીમ લઈને ચાલીએ છીએ 'હમ દો હમારે દો,' હવે તો એમાં પણ આગળ હમ દો હમારા એક અને GEN-Z તો એમાંથી પણ આગળ વધીને કહે છે કે 'બચ્ચા ના કચ્છા નીંદ આયે અચ્છી' આવા નારા લઈ ચાલે છે. આવા નારાથી હિન્દુ સમાજને કેટલું નુકસાન છે એ વિચારવાની જરૂર છે. વડાપ્રધાન મોદીને આપણે બધાએ એક આહવાન કરવાનું છે કે 'હમ દો હમારે દો' કાનૂન બનાવો કારણ કે આ આપણા દેશ માટે આવનાર પેઢી માટે ખુબ જ જરૂરી છે.'

### ભારતીય સેનાની બાલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા

# વ્યાપક હૃદય આરોગ્ય કાર્યક્રમ સાથે વિશ્વ હૃદય દિવસની ઉજવણી

અમદાવાદ, તા.૩૦

ભારતીય સેનાની બાલ્ડ ઈગલ બ્રિગેડે ''ડોન્ટ મિસ અ બીટ'' થીમ હેઠળ વિશ્વ હૃદય દિવસ ૨૦૨૬ની ઉજવણી કરી. આ અંતર્ગત મિલિટરી હોસ્પિટલ ભુજના સંકલન હેઠળ હૃદય અંગે જાગૃતિ, વહેલું નિદાન અને શારીરિક તંદુરસ્તી પર કેન્દ્રિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમોની શરૂઆત ૨૧ સપ્ટેમ્બરના રોજ હૃદયરોગ નિષ્ણાત ડૉ. મીત ઠક્કરના વ્યાખ્યાનથી થઈ, જેમાં તેમણે હૃદયરોગથી બચાવ, શરૂઆતના ચેતવણીરૂપ લક્ષણો અને સ્વસ્થ હૃદય માટેના ઉપાયો વિશે માહિતી આપી. ત્યારબાદ યોજાયેલી ઈન્ટરેક્ટિવ પેનલ ચર્ચામાં હૃદયરોગ સંબંધિત સામાન્ય ગેરમાન્યતાઓ વિશે સ્પષ્ટતા કરવામાં આવી હતી. ૨૩થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ૪૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સૈનિકો અને તેમના પરિવારજનો માટે વિશેષ હૃદય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરમાં ૩૬૦થી વધુ લાભાર્થીઓની ઈસીજી સહિત જરૂરી તપાસ કરવામાં આવી. આ સાથે હૃદય અંગે સતર્કતા અને તણાવ વ્યવસ્થાપન પરના જાગૃતિ સત્રો તેમજ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ સીપીઆરના પ્રાયોગિક નિદર્શનથી હૃદય સંબંધિત કટોકટીમાં તાત્કાલિક પ્રતિસાદ આપવાની સજ્જતા વધુ મજબૂત બની. કાર્યક્રમોનું સમાપન ૨૯ સપ્ટેમ્બર, વિશ્વ હૃદય દિવસના રોજ સ્મૃતિવન, ભુજના સનસેટ પોઈન્ટ સુધીના વોકાથોન સાથે થયું. વોકાથોનમાં ભુજ મિલિટરી સ્ટેશનના સૈનિકો અને તેમના પરિવારો, ગેઈમ્સ-જી.કે. જનરલ હોસ્પિટલના ફેકલ્ટી સભ્યો તથા સ્મૃતિવન મ્યુઝિયમના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. નિષ્ણાતોના વ્યાખ્યાન, આરોગ્ય તપાસ, નિષ્ણાત પરામર્શ, તણાવ વ્યવસ્થાપન, સીપીઆર જાગૃતિ અને ફિટનેસ પ્રવૃત્તિઓને એકસાથે આવરી લેતા આ કાર્યક્રમોએ નિવારક આરોગ્ય સંભાળની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા પ્રત્યે ભારતીય સેનાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી. સંદેશ સરળ છતાં મહત્ત્વપૂર્ણ છે-સક્રિય રહો, સતર્ક રહો અને હૃદયની ધડકનને ક્યારેય નજરઅંદાજ ન કરો.

# સિંહ શિકાર કેસ; આરોપીને મુક્ત રાખતો નીચલી અદાલતનો ચુકાદો હાઈકોર્ટે રાખ્યો બહાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં સિંહના શિકાર સંબંધિત વર્ષો જૂના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છૂટકારાનો મહત્ત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે સેશન્સ કોર્ટના વર્ષ ૨૦૦૯ના એ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે જેમાં એક આરોપીને તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. અદાલતે સખત શબ્દોમાં નોંધ્યું હતું કે, સરકારી પક્ષ આરોપી સામેના ગુના સાબિત કરવામાં ''તદ્દન નિષ્ફળ'' રહ્યો છે અને ટ્રાયલ કોર્ટ દ્વારા તેને આપવામાં આવેલી સજા કોઈ પણ મજબૂત કે આધારભૂત પુરાવા વગરની હતી.

મળતી વિગતો મુજબ, સિંહના શિકાર માટે ધારદાર હથિયારો અને લાકડીઓ વડે જાળ બિછાવવાનો તેમજ પ્રાણીની છાલ કે ખાલનો ઉપયોગ કરવાનો આરોપીઓ પર આરોપ હતો. આ કેસમાં કર્ણાટકના હુબલીથી ટ્રાન્સફર વોરંટ આધારે ધરપકડ કરાયેલા મૂળ આરોપીઓ સાથે સંબંધ હોવાના આધારે આ વ્યક્તિની બાદમાં સંડોવણી દર્શાવવામાં આવી હતી. શરૂઆતમાં મેજિસ્ટ્રેટ કોર્ટે આ આરોપીને આઈપીસીની કલમો અને વન્યજીવ સંરક્ષણ કાયદા (વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ)ની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવીને પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. જોકે, આ સજા સામે આરોપીએ ભાવનગર સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. ઓગસ્ટ ૨૦૦૯માં સેશન્સ કોર્ટે મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને રદબાતલ ઠેરવીને આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો, જેની સામે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટના જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છકે આ અપીલ પર સુનાવણી કરતા નોંધ્યું કે મૂળ એફ.આઈ.આર.માં આરોપીનું નામ પણ નહોતું. તપાસ દરમિયાન જપ્ત કરાયેલી એક ચિઠ્ઠી પર તેનો ફોન નંબર મળી આવવાના આધારે જ માત્ર તેને કેસમાં જોડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પંચનામાની કામગીરી અને ચિઠ્ઠીની જપ્તી અંગે પંચસાક્ષીનું નિવેદન પણ સંતોષકારક નહોતું. રાજ્ય પક્ષે લાઈ-ડીટેક્ટર ટેસ્ટના રિપોર્ટ પર ભાર મૂક્યો હતો, પરંતુ તે ટેસ્ટ કરનાર સાયન્ટિફિક ઓફિસરની કોર્ટમાં તપાસ જ કરવામાં આવી નહોતી, જેના કારણે તે અહેવાલ સાબિત થયેલો ગણી શકાય નહીં. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, સેશન્સ કોર્ટે તમામ પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરીને આરોપીને મુક્ત કરવાનો જે નિર્ણય લીધો હતો તે તાર્કિક અને કાયદાકીય રીતે યોગ્ય હતો. માત્ર આશંકાઓ કે બિન-મજબૂત સંજોગોના આધારે દોષિત ઠેરવી શકાય નહીં. આથી હાઈકોર્ટે રાજ્ય સરકારની અપીલ ફગાવી દઈ સેશન્સ કોર્ટના નિર્દોષ છૂટકારાના આદેશને બહાલ રાખ્યો છે.

### ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય

# ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન તરીકે તુષાર ધોળકિયા યથાવત્

## મુદ્દત ૨ વર્ષ લંબાવતા ૨૦૨૮ સુધી સેવા આપશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB)ના ચેરમેન તુષાર ધોળકિયાના કાર્યકાળને લઈને રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે તુષાર ધોળકિયાની કામગીરી અને અનુભવને ધ્યાનમાં રાખીને તેમના ચેરમેન પદના કાર્યકાળમાં વધુ બે વર્ષનો વધારો કરવાનો આદેશ કર્યો છે. આ નિર્ણયથી ગૌણ સેવા પસંદગી મંડળની કામગીરીમાં સાતત્ય જળવાઈ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તુષાર ધોળકિયાનો ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન તરીકેનો નિયમિત કાર્યકાળ તારીખ ૩૦મી સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થઈ રહ્યો હતો. મુદત પૂર્ણ થવાના આખરી દિવસે જ સરકારે મંજૂરી આપતાં હવે તેઓ વર્ષ ૨૦૨૮ સુધી ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન પદે સેવાઓ આપતા રહેશે. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૩ની જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ભરતી પ્રક્રિયાઓ યોજવાની મુખ્ય સત્તા અને જવાબદારી ગૌણ સેવા પસંદગી મંડળ હસ્તક હોય છે. આગામી સમયમાં રાજ્યમાં મોટી સંખ્યામાં વર્ગ-૩ની ભરતી પરીક્ષાઓ યોજાનાર છે, ત્યારે ચેરમેનના કાર્યકાળમાં કરાયેલા આ વધારાથી ભરતી પ્રક્રિયાઓ ઝડપી અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં મદદ મળશે.

### અમદાવાદ જિલ્લાના ગામના લોકો ૩ મહિનાથી નર્કાગાર જેવી સ્થિતિમાં !

# ધોળકા તાલુકાનું બદરખા ગામ વગર વરસાદે પાણીમાં ગરકાવ !

## પાણી નિકાલ માટે પ્રારંભમાં પંપ તો મૂક્યા, પરંતુ બે જ દિવસમાં ગાયબ !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું બદરખા ગામ આજે ચોમાસા વગર પણ પાણીમાં ગરકાવ થઈ ગયું છે ! છેલ્લા બેથી ત્રણ મહિનાથી ગામના રહીશો નરકાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. પાણી નિકાલ માટે તંત્રએ શરૂઆતમાં પંપ તો મૂક્યા, પરંતુ માત્ર બે જ દિવસમાં આ પંપ ઉઠાવી લેવાતાં તંત્રની નીતિ અને દાનત સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ધોળકા તાલુકાના બદરખા ગામે છેલ્લા કેટલાક દિવસથી જ્યાં કોઈ વરસાદ નથી પડ્યો, છતાં આખું ગામ પાણીમાં ડૂબેલું નજરે પડી રહ્યું છે ! ગામમાં છેલ્લા બે મહિના કરતાં વધુ સમયથી ઠેર-ઠેર દૂષિત પાણી ભરાયેલાં છે. સ્થાનિકોની વારંવારની રજૂઆતો બાદ તંત્રએ પાણી નિકાલ માટે પંપ મુકાવ્યા તો ખરા, પણ બે જ દિવસમાં નાટક પૂરૂં કરીને પંપ પાછા ખેંચી લીધા. તંત્રના આ અણઘડ વહીવટને કારણે પરિસ્થિતિ જસની તસ બની ગઈ છે. ગામમાં અન્ય વિસ્તારોમાં માટી અને કપચી નાખીને રસ્તા ઊંચા કરવામાં આવ્યા, પરંતુ વાહલા-દવલાની નીતિને કારણે રામદેવપીર મંદિર વિસ્તારમાં કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. અહીંના વેપારીઓના ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયા છે અને દુકાનોમાં પાણી ભરાઈ રહેતાં આર્થિક ફટકો પડી રહ્યો છે. સ્થિતિ એટલી હદે વિકટ બની છે કે ગામમાં ઈમર્જન્સી સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી શકે તેમ નથી. ગામ લોકો માટે અવરજવર કરવા માટે માત્ર ટ્રેક્ટર જ એકમાત્ર સહારા રૂપ બન્યું છે. લાંબા સમયથી ભરાયેલા રહેવાના કારણે પાણીનો કલર પણ બદલાઈ ગયો છે અને દુર્ગંધ મારી રહી છે. સ્થાનિક રહીશોમાં પગમાં ખંજવાળ અને ત્વચાની બીમારીઓ ફેલાવાની શરૂઆત થઈ ગઈ છે. ગ્રામજનોએ જણાવ્યું કે, હવે પ્રશ્ન એ થાય છે કે જિલ્લા વિકાસ અધિકારી ગામનો વિકાસ ઈચ્છે છે કે પછી ગામ બરબાદ થાય તેવું ઈચ્છે છે ? બીજી તરફ, ગામમાં પાણી ભરાવાની અને રસ્તાની વિકટ સમસ્યા અંગે સ્થાનિક મહિલાઓનો આક્રોશ ફાટી નીકળ્યો છે. રામાપીર મંદિર પાસે રહેતી અન્ય મહિલાઓએ સરપંચ સામે સીધા અને ગંભીર આક્ષેપો કર્યા છે. મહિલાઓનું કહેવું છે કે, સરપંચ સ્થળ પર પરિસ્થિતિ જોવા પણ આવતા નથી. સરપંચે પોતાના ખેતર તરફ જવાનો રસ્તો અને કંપની બનાવી દીધી, પરંતુ સામાન્ય રહીશો માટે રસ્તો કે અન્ય સુવિધા આપવાની દાનત દાખવી નથી.

# ગાઝા પર ઈઝરાયેલી હુમલામાં સાત લોકોનાં મોત; 'યુદ્ધવિરામ'ના ઉલ્લંઘનનો સિલસિલો ચાલુ

## પેસેન્જર વાન પર ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા છ લોકો અને રહેણાંક એપાર્ટમેન્ટ પરના હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે

(એજન્સી) તા.૩૦

ગાઝા પટ્ટી પરના ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા સાત પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે, કારણ કે, ઈઝરાયેલ લગભગ એક વર્ષ જૂના 'યુદ્ધવિરામ'નું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખી રહ્યું છે. પ્રત્યક્ષદર્શીઓ અને તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર બુધવારે દક્ષિણ-પશ્ચિમ ગાઝા શહેરના તલ અલ-હવા વિસ્તારમાં પેસેન્જર વાન પર ઈઝરાયેલી ડ્રોન હુમલામાં છ લોકો માર્યા ગયા હતા. એમ્બ્યુલન્સ અને કટોકટી સેવાઓ ચલાવતા માનવતાવાદી જૂથ 'પેલેસ્ટીન રેડ ક્રેસન્ટ સોસાયટી'એ જણાવ્યું હતું કે, તેમની ટીમોએ ૧૩ ઘાયલ લોકોને અલ-કુદ્દસ હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. તબીબી સૂત્રોએ અલ-જઝીરાને જણાવ્યું હતું કે, હુમલામાં ઘાયલ થયેલા લોકોની હાલત 'ગંભીર' છે. ગાઝા શહેરથી રિપોર્ટિંગ કરી રહેલા અલ-જઝીરાના હિન્દ ખોદારીએ કહ્યું, 'ડોક્ટરોનું કહેવું છે કે, ઘાયલોના જીવ બચાવવા મુશ્કેલ છે કારણ કે, વર્ષોના ઈઝરાયેલી હુમલા અને નાકાબંધીને કારણે આરોગ્ય વ્યવસ્થા પડી ભાંગી છે.' 'આ હુમલામાં મૃતકોની સંખ્યા આગામી કલાકોમાં વધી શકે છે.' અગાઉ સત્તાવાર પેલેસ્ટીની સમાચાર એજન્સી 'વાફા' (Wafa)એ અહેવાલ આપ્યો હતો કે, ગાઝા શહેરમાં અલ-શિફા હોસ્પિટલ નજીક એક રહેણાંક એપાર્ટમેન્ટ પર ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછી એક મહિલાનું મોત થયું હતું. અન્ય એક ઘટનામાં 'વાફા' દ્વારા ટાંકવામાં આવેલા સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર દક્ષિણ ગાઝામાં વિસ્થાપિત લોકો માટેના આશ્રયસ્થાન પર ઈઝરાયેલી ડ્રોન ત્રાટકતાં બે બાળકો સહિત ચાર પેલેસ્ટીનીઓ ઘાયલ થયા હતા. મધ્ય ગાઝામાં 'દેર અલ-બાલાહ'ની દક્ષિણ-પૂર્વમાં ઈઝરાયેલી દળો દ્વારા અન્ય બે પેલેસ્ટીનીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જ્યારે ગાઝા પટ્ટીના દક્ષિણ ભાગમાં આવેલા 'ખાન યુનિસ'માં પણ ઈઝરાયેલી ટેન્ક દ્વારા ગોળીબારના અહેવાલ મળ્યા હતા. આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે ગાઝાના આરોગ્ય મંત્રાલયે - જે સમગ્ર વિસ્તારની હોસ્પિટલોમાંથી જાનહાનિના આંકડા એકત્રિત કરે છે - બુધવારે વહેલી સવારે તેના તાજેતરના દૈનિક અપડેટમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઓછામાં ઓછા નવ લોકોના મૃતદેહો હોસ્પિટલોમાં લાવવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન આઠ લોકો માર્યા ગયા હતા અને એક મહિલાનું અગાઉની ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું, જેનાથી ગયા વર્ષે ઓક્ટોબરમાં ઈઝરાયેલ અને પેલેસ્ટીની જૂથ હમાસ વચ્ચે 'યુદ્ધવિરામ' શરૂ થયા ત્યારથી



માર્યા ગયેલા લોકોની સંખ્યા ઓછામાં ઓછી ૧૪૩૧ પર પહોંચી ગઈ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ જ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ૫૦૨૬ લોકો ઘાયલ થયા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ઘાયલ થયેલા ૩૧ લોકોનો પણ સમાવેશ થાય છે. ગાઝાના રહેવાસીઓ માટેની 'ભયાનક' પરિસ્થિતિનું વર્ણન કરતા ખુદારીએ કહ્યું, 'ગાઝામાં યુદ્ધવિરામ હોવો જોઈએ પરંતુ ઈઝરાયેલી સેનાની હિંસા અવિરત ચાલુ છે. દરરોજ પેલેસ્ટીનીઓ માર્યા જાય છે અને ઘાયલ થાય છે, તેમજ માનવીય પરિસ્થિતિ કથળી રહી છે.' તેમણે ઉમેર્યું, 'પટ્ટીની અંદર રહેલા દરેક વ્યક્તિ સુપરમાર્કેટમાં જવા, તેમના બાળકોને શાળાએ લઈ જવા અને તેમનું રોજિંદું જીવન જીવવામાં ડર અનુભવે છે.' આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર એકંદરે ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં પેલેસ્ટીનીઓ વિરુદ્ધ ઈઝરાયેલના નરસંહાર સમાન યુદ્ધમાં ઓછામાં ઓછા ૭૪,૦૩૨ લોકો માર્યા ગયા છે અને અન્ય ૧,૭૫,૧૪૨ લોકો ઘાયલ થયા છે. ઓગસ્ટમાં યુનાઈટેડ નેશન્સ સેટેલાઈટ સેન્ટરના વિશ્લેષણમાં જાણવા મળ્યું હતું કે, 'યુદ્ધવિરામ' અમલમાં આવ્યા ત્યારથી સમગ્ર ગાઝામાં નાશ પામેલા માળખાઓની સંખ્યામાં ૯ ટકાનો વધારો થયો છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના જણાવ્યા અનુસાર એકંદરે ગાઝામાં લગભગ ૮૨ ટકા માળખાઓ - એટલે કે આશરે ૨,૦૦,૦૦૦ ઈમારતોને નુકસાન થયું છે અને યુદ્ધની શરૂઆતથી તેમાંથી લગભગ બે-તૃતીયાંશ ઈમારતો સંપૂર્ણપણે નાશ પામી છે.

# ઈઝરાયેલી વિપક્ષે નેતાન્યાહુ સરકાર પર વેસ્ટ બેંકમાં કબજો જમાવનારાઓની હિંસાને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો

## ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પેલેસ્ટીનના વેસ્ટ બેંકના રામલ્લાહમાં ઈઝરાયેલીઓ દ્વારા હુમલો અને તોડફોડ કરાયા બાદ એક પેલેસ્ટીનીના ઘરનું દૃશ્ય

(એજન્સી) તા.૩૦

અનાદોલુના અહેવાલ મુજબ, મંગળવારે ઈઝરાયેલી વિપક્ષી નેતાઓએ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સરકાર પર "ચરમપંથીઓ"ને પ્રોત્સાહન આપવાનો અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાનો આરોપ મૂક્યો હતો. આ આરોપો કબજા હેઠળના વેસ્ટ બેંકમાં પેલેસ્ટીનીઓ અને તેમની સંપત્તિ પર કબજો જમાવનારાઓ (વસાહતીઓ) દ્વારા વધતા હુમલાઓ વચ્ચે કરવામાં આવ્યા હતા. આ ટીકા ત્યારે કરવામાં આવી જ્યારે મંગળવારે વહેલી સવારે કબજો જમાવનારાઓએ જાલુદ, કાર્યુત અને અલ-મુઘૈયર જેવા પેલેસ્ટીની ગામો પર હુમલો કર્યો, જેમાં ઘરો અને વાહનોને આગ લગાડવામાં આવી અને એક વૃદ્ધ મહિલા પર હુમલો કરવામાં આવ્યો; તે જ સમયે ઈઝરાયેલી દળોએ પણ કબજા હેઠળના પ્રદેશના કેટલાક વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના દળો અને બોર્ડર પોલીસે રાત્રિ દરમિયાન જાલુદમાં "ઈઝરાયેલી તોફાનીઓને વિખેરવા" માટે કાર્યવાહી કરી હતી. સેનાએ એક પેલેસ્ટીઈની પરિવારને ગામમાં તેમના ઘરે પાછા લાવવા માટે સંકલન કરવાનો પ્રયાસ કર્યો હતો; આ પરિવારને અગાઉ "તેમની વિરૂદ્ધ રાષ્ટ્રવાદી ગુનો" ગણાવવામાં આવેલી ઘટના બાદ ઘર છોડવાની ફરજ પડી હતી. સેનાએ કહ્યું, "હિંસાને કારણે પરિવારને તેમના ઘરે પાછા લાવવાનું મિશન પૂરૂં થઈ શક્યું નહીં." લશ્કરના જણાવ્યા અનુસાર, ગામમાં ૧૦૦થી વધુ ઈઝરાયેલી વસાહતીઓ હાજર હતા, જેમણે રસ્તાઓ રોક્યા હતા, ટાયર સળગાવ્યા હતા અને સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો. સેનાએ દાવો કર્યો હતો કે સૈનિકોએ ભીડને વિખેરવાના પગલાં લીધાં હતાં અને બે વસાહતીઓની ધરપકડ કરી હતી, જેમને પૂછપરછ માટે પોલીસને સોંપવામાં આવ્યા હતા. વેસ્ટ બેંકના પેલેસ્ટીનીઓનું કહેવું છે કે કબજો જમાવનારાઓ દ્વારા કરવામાં આવતા ઘણા હુમલા ઈઝરાયેલી સેનાના રક્ષણ હેઠળ થાય છે; સેનાએ પણ ઓક્ટોબર ૨૦૨૩થી દરોડા, ધરપકડ, ઘરો તોડી પાડવા અને અન્ય કામગીરીમાં વધારો કર્યો છે. કબજો જમાવનારાઓ દ્વારા કરવામાં આવતા આતંકવાદી હુમલાઓમાં પેલેસ્ટીનીઓની હત્યા, ઘરો અને માળખાઓ તોડી પાડવા, મસ્જિદો અને વાહનો સળગાવવા, ખેતીલાયક જમીન પર બુલડોઝર ફેરવવા, ખેડૂતોને તેમના ખેતરો સુધી પહોંચતા અટકાવવા, પેલેસ્ટીનીઓને વિસ્થાપિત કરવા અને તેમની જમીનો પર ગેરકાયદેસર વસાહતોનો વિસ્તાર કરવાનો સમાવેશ થાય છે. વિપક્ષી ડેમોક્રેટ્સ પાર્ટીના નેતા યાયર ગોલાને નેતાન્યાહુ સરકાર પર "આગ સાથે રમવાનો" આરોપ મૂક્યો. ગોલાને યુએસ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર ચેતવણી આપી કે, "નિર્દોષ નાગરિકો અને IDF (સેના)ના સૈનિકોએ તેની ભયાનક કિંમત ચૂકવવી પડશે." તેમણે ઉમેર્યું, "જુડિયા અને સમરિયા (વેસ્ટ બેંક) માં હિંસા અને હુમલાની ઘટનાઓ આપમેળે બનતી નથી. જ્યારે સરકાર કાયદાહીનતાનું વાતાવરણ ઊભું કરે છે અને ઉગ્રવાદીઓને વિસ્તારમાં આગ લગાડવા માટે પ્રોત્સાહિત કરે છે, ત્યારે જે લોહી વહેશે તેની જવાબદારી સરકારની જ હોય છે." પેલેસ્ટીની કોલોનાઈઝેશન એન્ડ વોલ રેઝિસ્ટન્સ કમિશનના જણાવ્યા અનુસાર, ઓગસ્ટ મહિનામાં ઈઝરાયેલી કબજેદારોએ વેસ્ટ બેંક (જેમાં કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમનો પણ સમાવેશ થાય છે)માં ૬૨૮ હુમલા કર્યા હતા. 'યશાર' પાર્ટીના નેતા ગાડી આઈસેનકોટે પણ જાલુદમાં કબજેદારો દ્વારા કરવામાં આવેલા હુમલાઓની નિંદા કરી હતી. આઈસેનકોટે 'X' પર કહ્યું, "જાલુદ ગામમાં આજે રાત્રે બનેલી ગંભીર ઘટનાઓ ભયાનક છે. હું સખત શબ્દોમાં તેની નિંદા કરૂં છું." તેમણે કબજેદારો દ્વારા પથ્થરમારો, આગચંપી અને હુમલાઓને "આતંક અને હિંસાના અભિયાન"નો એક ભાગ ગણાવ્યા અને આવા કૃત્યોને "અનૈતિક અને યહૂદી મૂલ્યોની વિરુદ્ધ" ગણાવ્યા. તેમણે કહ્યું કે આ કૃત્યો તમામ રહેવાસીઓની સુરક્ષા તેમજ સુરક્ષા દળોના કાર્યને નુકસાન પહોંચાડે છે. તેમણે કહ્યું, "અરાજકતા અને નિયંત્રણ ગુમાવવાની સ્થિતિ આવી જ હોય છે, જે વર્તમાન સરકાર હેઠળ ચરમસીમાએ પહોંચી છે." આઈસેનકોટે ઉમેર્યું, "આ વાસ્તવિકતા, જેમાં



વ્યક્તિઓ કાયદો પોતાના હાથમાં લે છે, તે એક એવી જોખમી નીતિનું સીધું પરિણામ છે જે જમીની સ્તરે પરિસ્થિતિને ભડકાવે છે, વસ્તીને નુકસાન પહોંચાડે છે અને સુરક્ષા કર્મચારીઓને જોખમમાં મૂકે છે." તેમણે ઈઝરાયેલી સત્તાવાળાઓને આહ્વાન કર્યું કે "તોફાનીઓ સામે શક્ય તેટલી વહેલી તકે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે.

આવી ઘટનાઓનું પુનરાવર્તન થવું બિલકુલ અસ્વીકાર્ય છે." બીજી તરફ, નેતન્યાહુએ દાવો કર્યો કે આ હિંસા "મુઠ્ઠીભર તોફાનીઓ" દ્વારા કરવામાં આવી હતી, જોકે સેનાએ જણાવ્યું હતું કે માત્ર જાલુદના હુમલામાં જ ૧૦૦થી વધુ કબજેદારો સામેલ હતા. તેમણે દાવો કર્યો, "આ મુઠ્ઠીભર તોફાનીઓ જુડિયા અને સમરિયા (વેસ્ટ બેંક)માં કાયદાનું પાલન કરતી વસાહતી જનતાનું પ્રતિનિધિત્વ કરતા નથી; તેઓ તેમના પ્રત્યે ભારે અન્યાય કરે છે અને આપણા દળોને તેમના મિશનને પૂર્ણ કરતા અટકાવે છે." ૨૦૨૨ના અંતમાં તેની રચના થઈ ત્યારથી, નેતન્યાહૂની સરકારે કબજેદારોને અભૂતપૂર્વ ટેકો પૂરો પાડ્યો છે, કબજે કરેલા પશ્ચિમ કાંઠે ૧૬૦ કૃષિ વસાહત ચોકીઓ સ્થાપવા સાથે ૧૦૪ નવી ગેરકાયદેસર વસાહતોની સ્થાપનાને મંજૂરી આપી હોવાનો બડાઈ માર્યો છે. ઈઝરાયેલી રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે ચેતવણી આપી હતી કે કબજેદારોની હિંસા પશ્ચિમ કાંઠે વસાહત સાહસને નુકસાન પહોંચાડે છે. તેમણે કહ્યું કે આગચંપી, પથ્થરમારો અને સૈન્ય અને સરહદ પોલીસ કર્મચારીઓ પર હુમલા "સંપૂર્ણપણે પ્રતિબંધિત છે અને તેને વાજબી ઠેરવી શકાય નહીં." "તોફાનીઓએ રજા અને વસાહત પ્રોજેક્ટને નુકસાન પહોંચાડ્યું," તેમણે ઠ પર સુક્કોટના યહૂદી રજાનો ઉલ્લેખ કરતા કહ્યું. તેમના ભાગરૂપે, વિદેશ પ્રધાન ગિડીઓન સારે પેલેસ્ટીની પર કબજેદારોના હુમલાઓના પરિણામોને અવગણ્યા, તેના બદલે સુરક્ષા દળો અને ગેરકાયદેસર વસાહત પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. વગેરે. "જાલુદ ગ્રામીણ વિસ્તારમાં રાતોરાત થયેલા રમખાણો, જેમાં મિલકતને આગ લગાડવી અને બોર્ડર પોલીસના સૈનિકોને ઈજા પહોંચાડવી શામેલ છે, તે ગંભીર અને ઘૃણાસ્પદ છે," તેમણે ઠ પર લખ્યું.

# ઈરાન યુદ્ધ લાઈવ : કતારની મધ્યસ્થતા બાદ પ્રસ્તાવ પર અમેરિકાના ઉત્તરની સમીક્ષા

## હોર્મુઝની સમુદ્રધુની ખોલવા અંગે શાંતિ વાટાઘાટો ચાલુ, જોકે અણુ મુદ્દાઓને લીધે વિલંબ; ગાઝામાં "સીઝફાયર" વચ્ચે પણ ઈઝરાયેલનો વાહન પર હુમલો, મૃત્યુઆંક વધવાની આશંકા

(એજન્સી) તા.૩૦

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને શાંત કરવા માટે કતારની મધ્યસ્થતા બાદ ઈરાને અમેરિકા તરફથી રજૂ કરવામાં આવેલા વળતા પ્રસ્તાવની સમીક્ષા શરૂ કરી છે. ઈરાને હોર્મુઝની સમુદ્રધુની (Strait of Hormuz)ને ફરીથી ખોલવા માટે અમેરિકાને એક પ્રસ્તાવ મોકલ્યો હતો, જેના જવાબમાં વોશિંગ્ટન તરફથી આ પ્રતિક્રિયા મળી છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાન સાથેની વાટાઘાટો "રચનાત્મક" રહી છે, પરંતુ પરમાણુ મુદ્દાઓને લીધે આખરી કરાર થવામાં વિલંબ થઈ રહ્યો છે. બીજી તરફ, રિવોલ્યુશનરી ગાર્ડનું કહેવું છે કે હોર્મુઝ વિસ્તારમાં દૈનિક સૈન્ય સંઘર્ષ ચાલુ છે અને તાજેતરમાં જ વધુ ત્રણ વેપારી જહાજો પર હુમલા થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

દરમિયાન, મધ્ય પૂર્વમાં અન્ય એક મોટા ઘટનાક્રમમાં અમેરિકાએ ઈરાકમાં આઈએસઆઈએલ (ISIL) સામે લડવા માટેના પોતાના ૧૨ વર્ષ જૂના સૈન્ય મિશનના સત્તાવાર અંતની જાહેરાત કરી છે. અમેરિકી આર્મી હવે આ કામગીરી જોર્ડનથી સંભાળશે. આ જાહેરાત બાદ ઈરાકના વડા પ્રધાન અલી અલ-ઝૈદીએ દેશ માટે "સાર્વભૌમત્વ"ના નવા અધ્યાયની શરૂઆત ગણાવીને આ પગલાંને આવકાર્યું છે.

બીજી તરફ, ગાઝા પટ્ટીમાં કહેવાતા "સીઝફાયર" (યુદ્ધવિરામ) છતાં ઈઝરાયેલી હુમલાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. ગાઝા સિટીમાં ઉત્તરથી દક્ષિણ તરફ જઈ રહેલા એક ફોક્સવેગન વાહનને ઈઝરાયેલી દળોએ નિશાન બનાવતા ઓછામાં ઓછા ૬ લોકોનાં મોત થયા છે અને ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક તબીબોના જણાવ્યા અનુસાર, વર્ષોના હુમલાઓ અને નાકાબંધીને કારણે ગાઝાની આરોગ્ય વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હોવાથી ઘાયલોની હાલત અત્યંત નાજુક



છે અને મૃત્યુઆંક હજુ વધવાની શક્યતા છે. ગાઝામાં સતત ડ્રોનના અવાજો અને વિસ્ફોટોને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે દહેશતનો માહોલ છે. આગામી શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને લોકો એક તરફ ઈઝરાયેલી હવાઈ હુમલાઓ અને બીજી તરફ વરસાદ અને ઠંડા પવનોથી પોતાનું રક્ષણ કરવા માટે સતત ઝઝૂમી રહ્યા છે. બાળકોને શાળાએ મોકલવા કે દૈનિક જરૂરિયાતો માટે બહાર નીકળવું પણ લોકો માટે જોખમી બની ગયું છે.

# યુએન શાંતિ રક્ષકોએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી ડ્રોન અને ફાઈટર જેટે ૩ દિવસમાં ૧૪૩ વખત લેબેનીઝ હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું

**● લેબેનોનમાં યુએન વચગાળાના દળે શુક્રવાર અને રવિવાર વચ્ચે ઈઝરાયેલને આભારી ૧૬૬ પ્રક્ષેપણ માર્ગો પણ રેકોર્ડ કર્યા હતા અને હિઝબુલ્લાહ દ્વારા કોઈ પ્રક્ષેપણ કરવામાં આવ્યું ન હતું. ● આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય શાંતિ રક્ષકોએ નાકુરાના દરિયાકાંઠે લેબેનીઝ પ્રાદેશિક પાણીમાં પ્રવેશતા ૧૨ ઈઝરાયેલી નૌકા જહાજોનું અવલોકન કર્યું હતું**

(એજન્સી) ન્યુ યોર્ક સિટી, તા.૩૦

દક્ષિણ લેબેનોનમાં યુએન શાંતિ રક્ષકોએ અહેવાલ આપ્યો હતો કે, સપ્તાહના અંતે ઈઝરાયેલી ડ્રોન, ફાઈટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર લેબેનીઝ હવાઈ ક્ષેત્રનું ૧૪૩ વખત ઉલ્લંઘન કરે છે. તે સમય દરમિયાન હિઝબુલ્લાહ અથવા અન્ય સશસ્ત્ર જૂથો તરફથી કોઈ રોકેટ કે તોપમારો જોવા મળ્યો નથી. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે સોમવારે ન્યૂયોર્કમાં પત્રકારોને જણાવ્યું હતું કે લેબનોનમાં યુએન ઈન્ટરિમ ફોર્સે શુક્રવાર અને રવિવાર વચ્ચે ઉલ્લંઘનો નોંધ્યા હતા. શાંતિ રક્ષકોએ તેમના મિશન હેઠળ આવરી લેવામાં આવેલા પૂર્વીય અને પશ્ચિમી બંને ક્ષેત્રોમાં અનેક હવાઈ હુમલાઓ પણ જોયા હતા. ડુજારિકે જણાવ્યું હતું કે ત્રણ દિવસ દરમિયાન, UNIFILએ કુલ ૧૬૬ અસ્ત્ર પ્રક્ષેપણ રેકોર્ડ કર્યા હતા, જે બધા ઈઝરાયેલી સૈન્યને આભારી હતા. "UNIFILને હિઝબુલ્લાહ અને અન્ય સશસ્ત્ર જૂથો દ્વારા કોઈ રોકેટ અથવા તોપખાનાના અસ્ત્ર પ્રક્ષેપણો મળ્યા નથી," તેમણે ઉમેર્યું. આંતરરાષ્ટ્રીય શાંતિ રક્ષકો, જેને તેમના વિશિષ્ટ રક્ષણાત્મક હેડવેરને કારણે "બ્લુ હેલ્મેટ" તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે UNIFILના સેક્ટર વેસ્ટમાં, નાકુરાના કિનારે લેબનીઝ પ્રાદેશિક પાણીમાં પ્રવેશતા ૧૨ ઈઝરાયેલી નૌકા જહાજો પણ જોયા, ડુજારિક ચાલુ રાખ્યું. તેમણે જણાવ્યું હતું કે શાંતિ રક્ષા મિશન લેબેનોનમાં સહાય પહોંચાડવાનું ચાલુ રાખ્યું હતું, અને માનવતાવાદી બાબતોના



સંકલન માટે યુએન કાર્યાલય સાથે સંકલનમાં, UNIFILએ સપ્તાહના અંતે બે માનવતાવાદી મિશનને સુવિધા આપી હતી, તેના દરેક ક્ષેત્રમાં એક. ઈઝરાયેલી હુમલાઓના તાજેતરના આંકડા એવા સમયે આવ્યા છે જ્યારે દક્ષિણ લેબેનોન ભારે લશ્કરી દબાણ હેઠળ છે, હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી દળોએ ૨ માર્ચે ઈરાન અને અમેરિકા વચ્ચેના વ્યાપક પ્રાદેશિક સંઘર્ષ વચ્ચે ફરી દુશ્મનાવટ શરૂ કર્યાના મહિનાઓ પછી. ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબેનોનમાં સરહદથી લગભગ ૧૦ કિલોમીટર સુધી ફેલાયેલા પ્રદેશનો એક પટ્ટો કબજે કર્યો છે, જેને ઈઝરાયેલી અધિકારીઓ "બફર ઝોન" તરીકે વર્ણવે છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, માર્ચથી ઈઝરાયેલી હુમલાઓએ લેબેનોનમાં ૪,૩૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. જૂનમાં ઈઝરાયલ અને લેબનોન વચ્ચે થયેલા કરારથી દુશ્મનાવટમાં માત્ર એક નાજુક વિરામ મળ્યો હતો. UNIFILએ ૧૯૭૮માં તેના શાંતિ રક્ષા મિશનની સ્થાપના થઈ ત્યારથી આ વિસ્તારનું નિરીક્ષણ કર્યું છે, પરંતુ ગયા વર્ષે ઓગસ્ટમાં અંતિમ વખત તેનું નવીકરણ થયા પછી આ વર્ષના અંતમાં તેનો આદેશ સમાપ્ત થવાનો છે. લેબેનોને યુએનને મિશન પાછું ખેંચવા પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે, ચેતવણી આપી છે કે તે ખતરનાક સુરક્ષા શૂન્યાવકાશ છોડી શકે છે.




નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મણિપુરની હિંસા : ત્રણ વર્ષ પછી પણ શાંતિનો રસ્તો કેમ અસ્પષ્ટ ?

લોકશાહી વ્યવસ્થામાં કોઈ રાજ્યમાં એકાદ દિવસ, એકાદ અઠવાડિયું કે થોડા મહિનાઓ માટે અશાંતિ સર્જાય તો તે દુર્ભાગ્યપૂર્ણ ઘટના હોઈ શકે, પરંતુ જ્યારે હિંસા ત્રણ વર્ષથી વધુ સમય સુધી કોઈ ને કોઈ સ્વરૂપે ચાલુ રહે ત્યારે પ્રશ્ન માત્ર કાયદો અને વ્યવસ્થાનો રહેતો નથી. તે શાસનની ક્ષમતા, રાજકીય સંવાદ, વહીવટી વિશ્વસનીયતા અને સમાજના જુદા જુદા સમુદાયો વચ્ચેના વિશ્વાસની કસોટી બની જાય છે. મણિપુર આજે એવી જ કસોટીમાંથી પસાર થઈ રહ્યું છે. મે ૨૦૨૩માં શરૂ થયેલી મેઈતેઈ અને કુકી-જો સમુદાયો વચ્ચેની હિંસાએ હજારો પરિવારોને વિસ્થાપિત કર્યા અને સામાજિક સંબંધોમાં ઊંડી ખાઈ ઊભી કરી. ત્રણ વર્ષથી વધુ સમય પછી પણ સંપૂર્ણ શાંતિ પાછી આવી નથી.

મણિપુરની સમસ્યાને માત્ર બે સમુદાયો વચ્ચેની અથડામણ તરીકે જોવી પણ કદાચ પૂરતી નથી. શરૂઆતમાં મેઈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાના પ્રશ્ને તણાવ વધ્યો અને ત્યારબાદ તે હિંસક સંઘર્ષમાં ફેરવાયો પરંતુ લાંબા સમય સુધી ચાલતી હિંસાએ હવે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે-વિસ્થાપન, સંપત્તિનું નુકસાન, સુરક્ષાનો અભાવ, રસ્તાઓ અને પુરવઠા પર અસર, પરસ્પર અવિશ્વાસ અને ન્યાયની પ્રક્રિયા અંગેના પ્રશ્નો. તાજેતરમાં નાગા સંગઠનો સાથે જોડાયેલા પ્રશ્નોએ પણ પરિસ્થિતિની જટિલતા બતાવી છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં કેન્દ્ર અને મણિપુર સરકાર સાથેની વાતચીત બાદ યુનાઈટેડ નાગા કાઉન્સિલે ત્રણ મહિનાથી ચાલતી હાઈવે નાકાબંધીને અસ્થાયી રીતે હટાવવાની સંમતિ આપી હતી. આ ઘટનાથી એટલું તો સ્પષ્ટ થાય છે કે મણિપુરનું સંકટ એક જ મુદ્દાથી ઉકેલાય તેવું નથી.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે હિંસા વચ્ચે પણ સામાન્ય નાગરિકનું જીવન સૌથી વધુ અસરગ્રસ્ત બને છે. જે લોકોના ઘરો બળી ગયા, જે પરિવારોને પોતાના ગામ છોડવા પડ્યા અને જેઓ લાંબા સમયથી રાહત શિબિરોમાં રહે છે, તેમના માટે 'સામાન્ય સ્થિતિ'નો અર્થ માત્ર રસ્તા પર ગોળીબાર બંધ થવો નથી. તેમને પોતાનું ઘર, રોજગાર, શિક્ષણ, સુરક્ષા અને ફરીથી પોતાના પડોશીઓ વચ્ચે વિશ્વાસ જોઈએ છે. ઓગસ્ટ ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટે લગભગ ૨૪,૦૦૦ હિંસાગ્રસ્ત પરિવારોને પુનર્વસન અને કલ્યાણ યોજનાઓના લાભો હજુ મળ્યા નથી તેવી ફરિયાદોની ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ આંકડો જ બતાવે છે કે રાહત અને પુનર્વસનની પ્રક્રિયા હજુ અધૂરી છે.

ન્યાયની પ્રક્રિયા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. હિંસામાં થયેલા ગુનાઓ માટે તપાસ અને કાનૂની કાર્યવાહી સમયસર થાય નહીં તો પીડિતોમાં અસુરક્ષાની લાગણી વધે છે અને આરોપીઓમાં ''સજા ક્યાં થવાની છે?''વાળી માનસિકતા પેદા થવાની શક્યતા રહે છે. જુલાઈ ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટે મણિપુર હિંસા સંબંધિત કેસોની તપાસમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી અને ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતોની શક્યતા પર વિચાર કર્યો હતો. સપ્ટેમ્બરમાં અદાલતે રાહત શિબિરોમાં થયેલા ૩૪ બિનસ્વાભાવિક મૃત્યુ અંગે પણ રાજ્ય સરકાર પાસેથી તપાસ અને પોસ્ટમોર્ટમ સંબંધિત જવાબ માંગ્યો હતો.

આ પરિસ્થિતિમાં 'કાયદો અને વ્યવસ્થા નિયંત્રણમાં છે' એવો માત્ર વહીવટી દાવો પૂરતો નથી. શાંતિનો અર્થ એ પણ છે કે નાગરિકને પોલીસ, પ્રશાસન અને ન્યાયવ્યવસ્થા પર વિશ્વાસ રહે. જો કોઈ સમુદાયને એવું લાગે કે તેની ફરિયાદ સાંભળવામાં આવતી નથી અથવા કોઈ પરિવારને પોતાનું ઘર પાછું મેળવવા વર્ષો રાહ જોવી પડે તો કાગળ પરની શાંતિ સામાજિક શાંતિ બની શકતી નથી. મણિપુરમાં હવે સૌથી મોટી જરૂરિયાત સંવાદની છે. સંવાદનો અર્થ માત્ર સરકાર અને એક-બે પ્રતિનિધિઓ વચ્ચે બેઠક કરવી નહીં પરંતુ મેઈતેઈ, કુકી-જો, નાગા અને અન્ય અસરગ્રસ્ત સમુદાયોના પ્રતિનિધિઓને વિશ્વાસપૂર્વક એક પ્રક્રિયામાં જોડવા જોઈએ. જમીન, વહીવટી સીમાઓ, સુરક્ષા, પુનર્વસન, રાજકીય પ્રતિનિધિત્વ અને ભવિષ્યની સહઅસ્તિત્વની વ્યવસ્થા જેવા પ્રશ્નો પર લાંબા ગાળાની ચર્ચા જરૂરી છે. કોઈપણ સમાધાન ત્યારે જ ટકાઉ બની શકે જ્યારે અસરગ્રસ્ત પક્ષોને તેમાં પોતાની વાત અને પોતાની સુરક્ષાનો વિશ્વાસ દેખાય.

સાથે જ, જવાબદારીનો પ્રશ્ન પણ ટાળી શકાય નહીં. મણિપુરની હિંસા પાછળના કારણો, હિંસા દરમિયાન થયેલી નિષ્ફળતાઓ અને ગુનાઓની તપાસ માટે કેન્દ્ર સરકારે ૨૦૨૩માં તપાસ પંચની રચના કરી હતી અને રાહત-પુનર્વસન માટે નાણાકીય સહાય પણ આપવામાં આવી છે. પરંતુ નાણાં ફાળવવા અને તપાસ પંચ રચવા જેટલું જ મહત્ત્વપૂર્ણ એ છે કે તેનું પરિણામ જમીન પર સામાન્ય નાગરિકને દેખાય.

# મહાન ગોઆન ભ્રાંતિ : અસ્મિતા, કારોબારી સત્તા અને વિભાજનની રાજકીય અર્થવ્યવસ્થા



## ભાગ-૧

દાયકાઓથી, ગોવા વિશેની લોકપ્રિય માન્યતા એક ખૂબ જ કાળજીપૂર્વક ઊભા કરવામાં આવેલા ભ્રમ પર નિર્ભર રહી છે. બહારની દુનિયા માટે, ગોવા સૂર્યના તડકાથી નહાતા દરિયાકિનારા, હળવાશભરી જીવનશૈલી અને પોર્ટુગીઝ શાસન પછીના ધાર્મિક સૌહાર્દના એક ઉત્કૃષ્ટ મોડેલ તરીકે ઓળખાતો એક સુંદર દરિયાકાંઠાનો વિસ્તાર રહ્યો છે. ત્યાંની સ્થાનિક સંસ્કૃતિ 'ગોયનકારપોણ'ની ઉજવણી કરતી, એક સમાન ભાષા, સહિયારી જગ્યાઓ અને મિશ્ર પરંપરાઓ પર આધારિત એક અનોખી, બહુ-ધાર્મિક ઓળખ છે. માનવામાં આવે છે કે, ગોવા રાજ્યને ભારતના અન્ય મુખ્ય ભાગોને પીડિત કરતા કોમી વિભાજન અને ધાર્મિક ઝઘડાઓથી સુરક્ષિત રાખતી હતી.

પરંતુ આ શાંત દેખાતી સપાટીની પાછળ એક અત્યંત કઠોર રાજકીય વાસ્તવિકતા છુપાયેલી છે. આજના આધુનિક ગોવામાં સામાજિક સૌહાર્દ જળવાઈ રહ્યો નથી, પરંતુ તેને વ્યવસ્થિત આયોજનબદ્ધ રીતે તોડી પાડવામાં આવી રહ્યો છે. રાજ્યનું વર્તમાન રાજકીય ચિત્ર એક એવી ગણતરીપૂર્વકની વ્યૂહરચના દ્વારા વ્યાખ્યાયિત થાય છે, જે ઐતિહાસિક ફરિયાદો કે વિવાદોને હથિયાર બનાવે છે, લઘુમતીઓ પ્રત્યેના પૂર્વગ્રહને ભડકાવે છે અને વસ્તીવિષયક ફેરફારોના ઊંડા ડરનો દુરૂપયોગ કરે છે. આ બધું આર્થિક મંદી, રાજ્ય પર સતત વધતું દેવું અને નીતિગત નિષ્ફળતાઓને છુપાવવા માટે કરવામાં આવી રહ્યું છે. ગોવાને વાસ્તવિક રીતે બહુમતીવાદી સામાજિક ઈજનેરીના મુખ્ય પ્રયોગશાળામાં ફેરવી દેવામાં આવ્યું છે, જ્યાં સ્થાનિક પ્રાદેશિકતાના નામે કોમી રણનીતિઓને વધુ તીવ્ર બનાવવામાં આવે છે, તેને સામાન્ય ગણાવવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**વૈચારિક માળખું : પ્રયોગશાળા સંઘવાદ, લઘુમતીકરણ અને સંસ્થાકીય રમખાણ પ્રણાલી**

એક નાનું દરિયાકાંઠાનું રાજ્ય રાજકીય ધ્રુવીકરણ માટે પ્રયોગશાળા કેવી રીતે બને છે તેનું વિશ્લેષણ કરવા માટે, વ્યક્તિએ રાજકીય સિદ્ધાંતના શ્રેણીબદ્ધ પાયાના ખ્યાલોના માધ્યમથી ગોવાનું પરીક્ષણ કરવું પડે. સંઘીય વ્યવસ્થાઓમાં, સામાન્ય રીતે નાના રાજ્યોનો ઉપયોગ નવી નીતિઓના પ્રયોગો કરવા માટે થાય છે, જેને પાછળથી રાષ્ટ્રીય સ્તરે લાગુ કરી શકાય. ગોવામાં આ પ્રયોગ કોઈ પ્રગતિશીલ સામાજિક કે આર્થિક સુધારા માટે નથી થયો, પરંતુ 'એથ્નોક્રેટિક ગવર્નન્સ' (કોઈ એક ચોક્કસ ધાર્મિક કે વંશીય જૂથનું વર્ચસ્વ ધરાવતું શાસન) અને સ્થાનિક બહિષ્કાર (spatial exclusion)ને મજબૂત કરવા માટે થયો છે. ગોવાની વસ્તી અન્ય રાજ્યો કરતાં અલગ છે-ત્યાં કેથોલિક ખ્રિસ્તીઓ ઐતિહાસિક રીતે મોટો અને પ્રભાવશાળી લઘુમતી સમુદાય છે અને મુસ્લિમો શ્રમિક વર્ગનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ જટિલ વસ્તીને કારણે, બહુમતીવાદી વ્યૂહરચનાકારો ત્યાં અન્ય મોટા રાજ્યોની જેમ સીધું કે આક્રમક ધ્રુવીકરણ કરી શક્યા નહીં. તેથી, તેમણે ગોવામાં એક વધુ અત્યાધુનિક પદ્ધતિ વિકસાવી. ગોવા એ વાતનો પ્રયોગ કરવાનું કેન્દ્ર બન્યું કે કેવી રીતે વિવિધ ધર્મો ધરાવતા રાજ્યમાં ઉચ્ચ વર્ગના લોકોને પોતાની તરફ કરીને, સરકારી તંત્ર દ્વારા ભેદભાવ કરીને અને સ્થાનિક સ્તરે ડરનું વાતાવરણ ઊભું કરીને બહુમતીવાદનું વર્ચસ્વ સ્થાપિત કરી શકાય. જેમ્સ હોલ્સ્ટનના નાગરિકત્વના સિદ્ધાંત (theory of citizenship) અનુસાર, સરકાર પોતાની સત્તાનો ઉપયોગ કરીને એવું વાતાવરણ ઊભું કરે છે જ્યાં અલગ-અલગ નાગરિકો સાથે અલગ-અલગ સ્તરનો વ્યવહાર કરવામાં આવે છે, જેને 'ભેદભાવયુક્ત નાગરિકત્વ' કહેવાય છે. સરકાર લોકોના કાનૂની હકો સીધી રીતે છીનવી લેતી નથી, પણ ધીમે-ધીમે અમુક ચોક્કસ જૂથો કે સમુદાયો પાસેથી તેમના વાસ્તવિક અને મૂળભૂત અધિકારો આંચકી લે છે. આ એવા હકો છે જેમ કે - જમીનનો અધિકાર, સંસ્કૃતિ બચાવવાનો અધિકાર અને સન્માનપૂર્વક રહેવાનો અધિકાર. કાગળ પર બધા નાગરિકો સમાન દેખાય છે પણ હકીકતમાં તેમની સાથે ભેદભાવ થાય છે.

રાજકીય વિજ્ઞાની પોલ બ્રાસના 'ઇન્સ્ટિટ્યુશનલાઇઝ્ડ રાયોટ સિસ્ટમ' (સંસ્થાગત રમખાણ પ્રણાલી)ના સિદ્ધાંત મુજબ, કોમી રમખાણો ક્યારેય અચાનક કે સ્વયંભૂ થતા નથી, પરંતુ તે એક સુઆયોજિત સિસ્ટમનો ભાગ હોય છે. તે સ્થાનિક કાર્યકરો અને રાજકારણીઓ જેવા લોકોના નેટવર્ક પર આધાર રાખે છે જેઓ આગ લગાડવાનું કામ કરે છે, એવા લોકો જે સ્થાનિક જમીન વિવાદોને વૈચારિક મુદ્દાઓમાં ફેરવી નાખે છે, અને રાજકીય અગ્રણીઓ જેઓ ચૂંટણીમાં વધુ મતદાન મેળવવા માટે પોલીસની કાર્યવાહીને નિયંત્રિત કરે છે.

**પર્રિકર મોડેલનો પૌરાણિક ભ્રમ : નિષ્ક્રિય ક્રાંતિ દ્વારા આધિપત્ય**

આધુનિક ગોવાની રાજનીતિને સમજવા માટે, ત્યાંના દિવંગત મુખ્યમંત્રી મનોહર પર્રિકરની આસપાસ ઊભી કરાયેલી પ્રચલિત માન્યતા કે ભ્રમને તોડવો ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે રાજકીય વિવેચકો લાંબા સમય સુધી પર્રિકરના એવા મોડેલના વખાણ કરતા રહ્યા છે, જેમાં તેમણે હિંદુ અને ખ્રિસ્તી સમુદાયોને એકસાથે લાવીને એક ઉદારવાદી રાજકીય ગઠબંધન બનાવ્યું હતું. જો કે, ઇટાલિયન વિચારક એન્ટોનિયો ગ્રામ્શીના 'પેસિવ રેવલ્યુશન' (નિષ્ક્રિય ક્રાંતિ) ના સિદ્ધાંતને આધારે જો આનું વિશ્લેષણ કરવામાં આવે - જેમાં સત્તાધારી પક્ષ કે ચુનંદા વર્ગ પોતાની સત્તા ટકાવી રાખવા માટે સામાન્ય જનતા કે વિરોધી જૂથોના નેતાઓને પોતાની સાથે જોડી લે છે (તેમનું હિત સાધ્યા વગર તેમને પોતાના પક્ષમાં કરી લે છે) પણ બદલામાં તેમને કોઈ વાસ્તવિક કે પાયાના અધિકારો આપતા નથી - તો સ્પષ્ટ થાય છે કે પર્રિકરનો કાર્યકાળ વાસ્તવમાં કોઈ મોટો બદલાવ નહોતો, પરંતુ માત્ર સારી પબ્લિક રિલેશન્સ વ્યૂહરચના દ્વારા વિરોધીઓ અને અન્ય સમુદાયોને રાજકીય રીતે પોતાના પક્ષમાં કરી લેવાનો એક દેખાડો હતો.

પરીકરે તેમની કારકિર્દીની શરૂઆતમાં જ સમજી લીધું હતું કે માત્ર બહુમતીવાદી એજન્ડા ૪૦ બેઠકોવાળી વિધાનસભામાં સ્થિર બહુમતી અપાવી શકે નહીં, જ્યાં ઐતિહાસિક રીતે ખ્રિસ્તી મતદારોનો હિસ્સો લગભગ ચોથા ભાગ (૨૫%) જેટલો હતો. આ પરિસ્થિતિનો સામનો કરવા માટે તેમણે એક એવી વ્યૂહરચના અપનાવી જે લઘુમતીઓના વિરોધને શાંત કરે અને સાથે સાથે તેમના પક્ષની વૈચારિક પકડનો વિસ્તાર પણ કરે.

૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં પોતાના પ્રથમ કાર્યકાળ દરમિયાન, પર્રિકરે વહીવટી કામગીરી વધારવાના બહાના હેઠળ ગુડ ફ્રાઈડે અને સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના તહેવાર માટેની લાંબા સમયથી ચાલી આવતી સત્તાવાર સરકારી રજાઓ રદ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, લોકોના ભારે વિરોધ અને આક્રોશને કારણે આ નિર્ણય ઝડપથી પાછો ખેંચવો પડ્યો હતો પરંતુ આ પગલાએ ગોવાના કેથોલિક સમુદાયની સંસ્થાઓની માળખાકીય મજબૂતી અને સહનશક્તિને ચકાસવા માટે એક પ્રારંભિક પ્રયોગ તરીકે કામ કર્યું હતું. જ્યારે સીધો મુકાબલો ચૂંટણીની દૃષ્ટિએ જોખમી સાબિત થયો, ત્યારે પર્રિકરે 'મિશન સાલસેત' તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. સાલસેત અને દક્ષિણ ગોવાના પ્રભાવશાળી કેથોલિક રાજકારણીઓને પક્ષની ટિકિટો, રાજકીય રક્ષણ અને સરકારી હોદ્દાઓ આપીને, તેમણે કેથોલિક મતોનું વિભાજન કર્યું. આનાથી તેમણે કોંગ્રેસ પક્ષના પરંપરાગત ગઢને નબળો પાડ્યો અને ભાજપની બિનસાંપ્રદાયિક અને સર્વસમાવેશી (બધાને સાથે લઈને ચાલનારી) છબી ઊભી કરી. ચર્ચ દ્વારા ચલાવવામાં આવતી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓને સરકારી સહાય આપીને અને પેરિશ (સ્થાનિક ચર્ચ વિસ્તાર)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ભંડોળ પૂરૂં પાડીને, તેમણે આ ચોક્કસ વર્ગના સમર્થનને વધુ મજબૂત કર્યું હતુ. જો કે, જ્યારે રાષ્ટ્રીય રાજકીય નિર્દેશો સ્થાનિક ધાર્મિક સંવેદનશીલતાઓ સાથે ટકરાયા, ત્યારે આ આપ-લેના કરારની મર્યાદાઓ ખુલ્લી પડી ગઈ હતી. ૨૦૧૪માં, જ્યારે કેન્દ્ર સરકારે ૨૫ ડિસેમ્બરને 'ગુડ ગવર્નન્સ ડે' (સુશાસન દિવસ) તરીકે જાહેર કર્યો ત્યારે પર્રિકરે રાષ્ટ્રીય નેતૃત્વ સાથે સહમતિ દર્શાવી અને સ્થાનિક રજાઓની પરંપરાઓનું રક્ષણ કરવાને બદલે નાતાલના દિવસે ફરજિયાત સત્તાવાર સરકારી કાર્યક્રમોનું આયોજન કર્યું હતુ.

**કેથોલિક આધિપત્યનું વિશ્લેષણ : સંસ્થાકીય કોમવાદ, જ્ઞાતિ અને વર્ગના વિશેષાધિકારો**

ગોવાના રાજકીય અર્થતંત્રનું વિશ્લેષણ ત્યાં સુધી અધૂરૂં ગણાશે, જ્યાં સુધી કેથોલિક સંસ્થાઓ (ખાસ કરીને ચર્ચ અને તેના વગદાર જમીનદારો)ને માત્ર બહુમતીવાદી આક્રમણના ભોગ બનેલા તરીકે જ જોવામાં આવશે. ગોવામાં ચર્ચ એક અત્યંત સાંપ્રદાયિક, જ્ઞાતિ-આધારિત, વર્ગ-સભાન અને ભેદભાવયુક્ત સત્તાનું માળખું છે. આ માળખું ધર્મનિરપેક્ષતા અને માનવ અધિકારોની આડમાં સામાજિક વિભાજનને સતત પ્રોત્સાહન આપે છે. ચર્ચની માળખાકીય શક્તિ સદીઓ જૂના પોર્ટુગીઝ વસાહતી શાસનના આશ્રયથી વારસામાં મળેલી વિશાળ જમીન, સ્થાવર મિલકત અને શૈક્ષણિક માળખામાંથી આવે છે. આ ઐતિહાસિક સંસાધનોનો ઉપયોગ સર્વસમાવેશક અને વિવિધ સમુદાયો વચ્ચે એકતા વધારવા માટે કરવાને બદલે, ચર્ચના ઉચ્ચ પદાધિકારીઓએ વારંવાર પોતાના અસ્તિત્વને ટકાવી રાખતા એક અલગ જૂથ તરીકે કામ કર્યું છે. આ સંસ્થાકીય પ્રભાવ અને સમૃદ્ધિએ સામાજિક અને ભૌગોલિક રીતે એક અલગ વાતાવરણ ઊભું કર્યું છે, જ્યાં કેથોલિક ચર્ચના ઉચ્ચ લોકો, ભદ્ર શાળાઓ, પેરિશ લેન્ડ ટ્રસ્ટ અને મૂલ્યવાન શહેરી મિલકતો પર નિયંત્રણ રાખીને, પોતાના સુરક્ષિત સંસ્થાકીય નેટવર્કની અંદર જ કામ કરે છે. જ્યારે ગોવાના સામાન્ય શ્રમજીવી વર્ગના સામાજિક-આર્થિક સંઘર્ષોથી પોતાને તદ્દન દૂર રાખે છે.

સાર્વત્રિક ભાઈચારાના ધાર્મિક દાવાઓ હોવા છતાં, ગોવાના કેથોલિક વહીવટી તંત્રમાં જ્ઞાતિવાદના મૂળ હજુ પણ ઊંડા ઉતરેલા છે. ઉચ્ચ જ્ઞાતિના કેથોલિક ભદ્ર વર્ગે ઐતિહાસિક રીતે ચર્ચ વિસ્તાર વહીવટ, ધાર્મિક સંગઠનો અને ચર્ચના નેતૃત્વ પર પોતાનો કબજો જમાવી રાખ્યો છે. તેઓ સંસ્થાકીય વર્ચસ્વ જાળવી રાખીને નીચલી જ્ઞાતિના કેથોલિકોને હાંસિયામાં ધકેલી દે છે. આ આંતરિક જ્ઞાતિ પ્રણાલી રાજ્યની વ્યાપક સામાજિક અસમાનતાને પ્રતિબિંબિત કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે સંસ્થાકીય સંસાધનો, શૈક્ષણિક તકો અને રાજકીય આશ્રય માત્ર વિશેષાધિકાર ધરાવતા કેથોલિક પરિવારો પૂરતા જ સીમિત રહે, જેઓ આર્થિક વર્ચસ્વ મેળવવા માટે પોતાના હોદ્દા અને મોભાનો ઉપયોગ કરે છે.

**૨૦૦૬ના સાનવોર્ડેમ રમખાણો : સક્રિય કેથોલિક સહભાગિતા અને વહીવટી નિષ્ક્રિયતા**

માર્ચ ૨૦૦૬ના સાનવોર્ડેમ-કુર્ચોરેમ રમખાણો દરમિયાન ગોવા કોમી હિંસાથી મુક્ત હોવાનો ભ્રમ કાયમ માટે તૂટી ગયો હતો. ગુડ્ડેમોલમાં મસ્જિદ અને મદ્રેસા તરીકે ઉપયોગમાં લેવાતા એક કથિત ગેરકાયદે પ્રાર્થના સ્થળના વિવાદથી શરૂ થયેલી આ હિંસા ઝડપથી સ્થાનિક મુસ્લિમ લઘુમતીઓ પરના એક આયોજિત, બે દિવસીય હુમલામાં ફેરવાઈ ગઈ હતી. જેના પરિણામે મુસ્લિમોની માલિકીની દુકાનો, ઘરો અને વાહનોની મોટા પાયે લૂંટફાટ અને વિનાશ થયો હતો, અને સેંકડો લોકોને ત્યાંથી ભાગી જવા માટે મજબૂર થવું પડ્યું હતું.

સાન્વોર્ડેમ કટોકટીના સંચાલન અને અમલીકરણે એ દર્શાવ્યું કે કેવી રીતે બંને મુખ્ય રાષ્ટ્રીય પક્ષો અને બંને મુખ્ય બિન-મુસ્લિમ ધાર્મિક સમુદાયોના સભ્યોએ-રાજકીય અને સામાજિક-આર્થિક લાભ મેળવવા માટે કોમી હિંસામાં ભાગ લીધો હતો.

સાનવોર્ડેમ રમખાણો પાછળનું એક મહત્વનું અને મોટાભાગે દબાવી દેવાયેલું સત્ય એ છે કે આ કોમી હિંસા માત્ર બહુમતી હિન્દુ ટોળાઓ દ્વારા જ નહોતી કરવામાં આવી. ચર્ચોરેમ-સાનવોર્ડેમ વિસ્તારમાં મુસ્લિમોની દુકાનો, ઘરો અને વાહનોને નિશાન બનાવનારા લૂંટારુઓ અને તોફાનીઓમાં ત્યાંના સ્થાનિક ખ્રિસ્તી રહેવાસીઓ અને યુવાનો પણ સક્રિયપણે સામેલ હતા. પરપ્રાંતિયો અને મુસ્લિમો પ્રત્યેના તીવ્ર પૂર્વગ્રહોને કારણે, આ હિંસામાં કેથોલિક લોકોની ભાગીદારીએ એ સાબિત કર્યું કે મુસ્લિમો પ્રત્યેનો આક્રોશ કેવી રીતે હિન્દુ બહુમતીવાળા તત્વો અને સ્થાનિક કેથોલિકોને એક નબળા અને શ્રમિક મુસ્લિમ લઘુમતી સમાજ વિરૂદ્ધ તાત્કાલિક એકસાથે લાવી શકે છે.

તે જ સમયે, રાજકીય આગેવાનોએ પોતાના વ્યૂહાત્મક ફાયદા માટે આ દબાયેલા તણાવનો ઉપયોગ કર્યો હતો. વિપક્ષમાં મનોહર પર્રિકરના નેતૃત્વ હેઠળ, દક્ષિણ ગોવાના ખાણકામ વિસ્તારોમાં જમણેરી સંગઠનો અને સ્થાનિક રાજકીય નેતાઓએ લઘુમતી ધાર્મિક સ્થળો અંગેની ચિંતાઓ અને આક્રોશને ભડકાવ્યો. આના જવાબમાં, તત્કાલીન મુખ્યમંત્રી પ્રતાપસિંહ રાણેના નેતૃત્વ હેઠળની શાસક કોંગ્રેસ સરકારે વહીવટી નિષ્ક્રિયતા દર્શાવી હતી. દક્ષિણ ગોવામાં હિન્દુ મતદારો તરફથી ચૂંટણીમાં નુકસાન થવાના ડરથી, કોંગ્રેસ નેતૃત્વએ પોલીસની તૈનાતીમાં વિલંબ કર્યો, તોફાનીઓને દેખતા જ ગોળી મારવાના આદેશ આપવાનો ઈન્કાર કર્યો અને પોલીસ સ્ટેશનમાંથી અટકાયત કરાયેલા તોફાનીઓને મુક્ત કરીને ભીડની માંગણીઓ સામે ઝૂકી ગઈ હતી. પોતાની આ નિષ્ક્રિયતા દ્વારા, કોંગ્રેસ પક્ષે બહુમતીવાદી વિચારસરણીને સ્વીકારી લીધી અને પોતાની ચૂંટણીલક્ષી સત્તા બચાવવા માટે મુસ્લિમ નાગરિકોના હિતોનું બલિદાન આપ્યું હતું.

**આંતર-લઘુમતી તણાવ : કેથોલિક ઈસ્લામોફોબિયા અને કબરસ્તાનનો ઈન્કાર.**

ગોવાના મુસ્લિમ સમુદાય પર થતા વ્યવસ્થિત જુલમ કે અન્યાય માટે માત્ર હિન્દુત્વવાદી સંગઠનોને જ જવાબદાર ન ગણી શકાય; તેમાં કેથોલિક રાજકીય નેતાઓ, ચર્ચ સાથે જોડાયેલા સામાન્ય લોકોના સંગઠનો અને ગામડાના પ્રભાવશાળી ઉચ્ચ વર્ગની સક્રિય સંડોવણી અને ખુલ્લો મુસ્લિમ વિરોધ પણ મોટો ભાગ ભજવે છે. મારગાઓ, પણજી અને વાસ્કો જેવા મુખ્ય કેન્દ્રોમાં ઈસ્લામિક કબ્રસ્તાન માટે જમીન ફાળવવાનો ૬૫ વર્ષનો સંસ્થાકીય ઇનકાર આ મિલીભગતનું એક સ્પષ્ટ ઉદાહરણ પૂરૂં પાડે છે. અસંખ્ય કિસ્સાઓમાં, જ્યારે મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા સરકારી એજન્સીઓએ કબ્રસ્તાન માટે જમીનના ટુકડાઓ નક્કી કર્યા, ત્યારે કેથોલિક રાજકીય નેતાઓ, સ્થાનિક પેરિશ એસોસિએશનો અને ગ્રામ પંચાયતોએ આ ફાળવણીનો વિરોધ કરવામાં આગેવાની લીધી હતી. તેઓએ ઈસ્લામિક દફન સ્થળોને રોકવા માટે નિયમિતપણે અરજીઓ એકત્રિત કરી, જાહેર વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું અને પર્યાવરણીય અથવા મ્યુનિસિપલ બાબતોના ખોટા બહાના હેઠળ વાંધાઓ ઉઠાવ્યા હતા. કબ્રસ્તાનનો વિરોધ કરવામાં આગેવાની લઈને, કેથોલિક ભદ્ર વર્ગ વાસ્તવમાં બહુમતીવાદી તત્વોને તેમના ખભા પર બંદૂક રાખીને ગોળી ચલાવવાની તક આપે છે. બહુમતીવાદી રાજકીય નેતાઓ ઘણીવાર પાછળ હટી જાય છે અને કેથોલિકોની આગેવાની હેઠળના સ્થાનિક વિરોધ પ્રદર્શનોને જમીન સંપાદન રોકવા દે છે. આનાથી મુસ્લિમોને ભૌગોલિક રીતે દૂર રાખવાનો બહુમતીવાદીઓનો હેતુ પણ પૂરો થઈ જાય છે અને તેઓ પોતાના પર લાગતા કોમી કટ્ટરતાના સીધા આક્ષેપોથી પણ બચી જાય છે. ગોવાની મોટાભાગની મુસ્લિમ વસ્તી કર્ણાટક અને મહારાષ્ટ્રમાંથી સ્થળાંતર કરીને આવેલી બીજી અને ત્રીજી પેઢીના શ્રમિક પરિવારોની બનેલી હોવાને કારણે, તેમની પ્રત્યે કેથોલિક સમુદાયનો વિરોધ ધાર્મિક કટ્ટરતા અને પરપ્રાંતિયો પ્રત્યેની તીવ્ર નફરતના મિશ્રણ તરીકે કામ કરે છે. કેથોલિક રાજકીય વાર્તાલાપમાં વારંવાર સ્થાનિકવાદી ભાષાનો ઉપયોગ કરીને મુસ્લિમ સ્થળાંતરિતોને ગોવાની સંસ્કૃતિ, સ્વચ્છતા અને વસ્તીવિષયક સંતુલન માટે જોખમરૂપ ગણાવવામાં આવે છે. આ વલણ પડદા પાછળ રહીને ગૌમાંસના સપ્લાયની સાંકળને ખોરવવા, ઝુઆરીનગર અને મડગાંવની ઝૂંપડપટ્ટીઓને હટાવવા અને ઈસ્લામિક પ્રાર્થના સ્થળો પર નિયંત્રણો લાદવાના બહુમતીવાદી અભિયાનોને સમર્થન આપે છે.

**પ્રણાલીગત નકાર : કબ્રસ્તાનોનું જૈવ-રાજકારણ અને પાયાના સ્તરે ડરાવવાની કે ધમકાવવાની પ્રવૃત્તિ**

માઈકલ ફૂકોના 'બાયોપોલિટિક્સ' (જીવરાજનીતિ)ના સિદ્ધાંત મુજબ-જેનો અર્થ એ થાય છે કે રાજ્ય સરકાર લોકોના શરીર, તેમની હિલચાલ અને જીવન-મરણના નિયમો પર પોતાની સત્તા ચલાવે છે-એ સ્પષ્ટ થાય છે કે ગોવામાં સરકારી તંત્ર લઘુમતી સમુદાયના લોકો ક્યાં ભણશે, ક્યાં બંદગી કરશે અને તેમને ક્યાં દફનાવવામાં આવશે તે નક્કી કરીને તેમના પર પોતાનું નિયંત્રણ રાખે છે.

આ ભેદભાવનું એક મોટું ઉદાહરણ મુસ્લિમ કબરસ્તાનનો મુદ્દો છે. ૧૯૬૧માં ગોવાની આઝાદી પછી, કોંગ્રેસ અને ભાજપની સતત આવેલી સરકારોએ વાયદાઓ કર્યા હોવા છતાં, મડગાંવ, પણજી અને વાસ્કો જેવા મોટા શહેરોમાં મુસ્લિમ સમાજ માટે કબરસ્તાનની યોગ્ય જગ્યા ફાળવવામાં આવી નથી. જ્યારે પણ કોઈ જમીન નક્કી થાય છે, ત્યારે સ્થાનિક નગરપાલિકાઓ, પંચાયતો અને અન્ય સમુદાયના સંગઠનો કાનૂની અડચણો, સરકારી વિલંબ અને વિરોધ પ્રદર્શનો કરીને કામ અટકાવી દે છે. આના કારણે દક્ષિણ અને મધ્ય ગોવાના મુસ્લિમ પરિવારોએ પોતાના સ્વજનોના મૃતદેહોને દફનાવવા માટે બીજા જિલ્લાઓમાં અથવા પાડોશી રાજ્યોમાં લઈ જવા પડે છે. આ ૬૫ વર્ષ જૂની નિષ્ફળતા એ કોઈ અકસ્માત નથી, પરંતુ એક એવી સોચી-સમજેલી નીતિ છે જે મુસ્લિમ નાગરિકોને એવો અહેસાસ કરાવવા માંગે છે કે આ રાજ્યમાં તેમનું સ્થાન કામચલાઉ છે અને તેમનું અહીં કોઈ સ્વાગત નથી. સ્થાનિક સ્તરે, આ વહીવટી અસ્વીકારને સીધી હેરાનગતિ દ્વારા વધુ મજબૂત કરવામાં આવે છે. સ્થાનિક બહુમતી ધરાવતા અગ્રણીઓ (જેમ કે દક્ષિણ ગોવાના પૂર્વ એસપી બેનાઉલીકર અને જમણેરી કાર્યકરો)એ પદ્ધતિસર મુસ્લિમ ધાર્મિક અને શૈક્ષણિક સ્થળોને નિશાન બનાવ્યા છે. આ તત્વો ગેરકાયદેસર બાંધકામો અથવા બિન-સ્થાનિક નોંધણી વગરના વિદ્યાર્થીઓની ઓળખ કરવાના બહાને સ્થાનિક મદ્રેસાઓ અને ખાનગી પ્રાર્થના હોલની અચાનક તપાસ ગોઠવીને સ્થાનિક સ્તરે ડરાવવાની રણનીતિઓ અપનાવે છે. તેઓ વસ્તી વિષયક ફેરફારો અંગે સોશિયલ મીડિયા પર ગભરાટ ફેલાવવા માટે ધાર્મિક શિક્ષણ કેન્દ્રો પર યુવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું નિયમિતપણે વીડિયો શૂટિંગ કરે છે અને માહિતી એકત્રિત કરે છે, જ્યારે સ્થાનિક મકાનમાલિકો અને ગ્રામ પંચાયતો પર મુસ્લિમ શૈક્ષણિક અને સામુદાયિક કેન્દ્રોના લીઝ કરાર (ભાડાપટ્ટા) રદ કરવા માટે દબાણ લાવે છે. ધાકધમકી આપવાની આ સ્થાનિક પ્રવૃત્તિઓ રાજ્યના પરોક્ષ રક્ષણ હેઠળ ચાલે છે. પોલીસ સત્તાવાળાઓ વારંવાર આવા કાર્યકરોની ફરિયાદો પર વિજિલન્ટ્સ (કાયદો હાથમાં લેનારા તત્વો)ને દંડ કરવાને બદલે મદ્રેસાના સંચાલકોની પૂછપરછ કરીને પ્રતિક્રિયા આપે છે, જે લઘુમતી સમુદાયમાં કાયમી અસુરક્ષાની ભાવના પેદા કરે છે.

**રાજકીય અર્થતંત્ર : જાહેર પ્રચારના મહોરા પાછળ આર્થિક મંદી**

ઓળખની રાજનીતિનો આક્રમક ઉછાળો એ ગોવાની ઘેરી બની રહેલી આર્થિક કટોકટીનો સીધો પ્રતિભાવ છે. વર્ષોથી, એક પછી એક આવેલી રાજ્ય સરકારોએ વચન આપ્યું હતું કે લોખંડની અયસ્ક (ઓર)ની ખાણકામ, મોટા પાયે પર્યટન અને રિયલ એસ્ટેટ પર આધારિત આર્થિક મોડલ કાયમી સમૃદ્ધિ લાવશે. પરંતુ વાસ્તવિકતા આર્થિક સ્થિરતા, ઉચ્ચ યુવા બેરોજગારી અને વધતા જતા જાહેર દેવા તરીકે સામે આવી છે.

જ્યારે સુપ્રીમ કોર્ટે પર્યાવરણીય નુકસાન અને નિયમનકારી વિસંગતતાઓને કારણે ગેરકાયદેસર લોખંડના ખાણકામ પર પ્રતિબંધ મૂક્યો, ત્યારે ગોવાના બિચોલિમ, સત્તારી, સાંગુએમ અને કુરચોરેમ જેવા અંતરિયાળ તાલુકાઓને ગંભીર આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો હતો. હજારો ટ્રક માલિકો, હોડી ઓપરેટરો અને મજૂરોએ રાતોરાત પોતાની આજીવિકા ગુમાવી દીધી હતી. ત્યારપછીના રાજ્યના નેતૃત્વએ ગ્રીન ટેક્નોલોજી અને ટકાઉ ઉદ્યોગો તરફ આગળ વધવાનું વચન આપ્યું હતું, પરંતુ તેનાથી લાંબા ગાળાની રોજગારી ખૂબ જ ઓછી પેદા થઈ હતી.

મહેસૂલનું નુકસાન ભરપાઈ કરવા અને રિયલ એસ્ટેટ ડેવલપર્સને ફાયદો કરાવવા માટે, રાજ્ય સરકારે વ્યાપક પ્રાદેશિક આયોજનને અવગણ્યું હતું. વિવાદાસ્પદ સુધારાઓ-(ખાસ કરીને ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ (TCP) એક્ટની કલમ 39A)ના કાયદાકીય અમલીકરણ દ્વારા ચીફ ટાઉન પ્લાનરને ખાનગી જમીનના પ્લોટોને ચોક્કસ કેસના આધારે, અલગ-અલગ પ્લોટ પ્રમાણે ઝોન બદલવાની વ્યાપક સ્વેચ્છાધિકારી સત્તા આપવામાં આવી હતી.

પ્રાદેશિક યોજના ૨૦૨૧માં નકશાની ભૂલો સુધારવાના બહાના હેઠળ, કલમ 39Aએ લાખો ચોરસ મીટર સુરક્ષિત ખેતીલાયક જમીન, ડાંગરના ખેતરો, બગીચાઓ અને પર્યાવરણની દ્રષ્ટિએ સંવેદનશીલ ટેકરીઓના ઢોળાવોને લક્ઝરી હાઉસિંગ ડેવલપમેન્ટ (આલીશાન મકાનો), મેગા-રિઝોર્ટ્સ અને ગેટડ વિલા માટે રહેણાંક વિસ્તારો (સેટલમેન્ટ ઝોન)માં બદલવાની મંજૂરી આપી દીધી હતી.

(ક્રમશઃ) (સૌ. : મુસ્લિમમિરર.કોમ)

**હદીસ બોધ**

ધનલાલસાથી તમારા હૃદયને મુક્ત રાખો

(હદીસ બોધ)

**બોધ વચન**

આપણું ધ્યેય સત્ય હોવું જોઈએ, સુખ નહીં.

- સોક્રેટિસ

**આજની આરસી**

૧ ઓક્ટોબર ગુરૂવાર ૨૦૨૬
૧૮ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા વદ પાંચમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૧૨
ખત્મે ઝવાલ ૧૨-૨૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૬

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# તિરૂનેલવેલી 'ઓનર કિલિંગ' : મદ્રાસ હાઈકોર્ટે કવિન સેલ્વાગણેશ હત્યા કેસમાં આરોપીના માતા-પિતા સામેની ચાર્જશીટ રદ કરી

## અદાલતે અપૂરતા પુરાવાને ટાંકીને માતા-પિતા સામેની ચાર્જશીટ રદ કરી હતી, જ્યારે જયપાલ સામેની કાર્યવાહી ચાલુ રહેશે

(એજન્સી) મદુરાઈ, તા.૩૦

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે તિરૂનેલવેલીના કેટીસી (KTC) નગરમાં ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ બનેલી દલિત આઈટી (IT) કર્મચારી સી. કવિન સેલ્વાગણેશની હત્યાના કેસમાં મુખ્ય આરોપી સુરજીતના માતા-પિતા, સરવણન અને કૃષ્ણકુમારી સામે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ રદ કરી છે. જસ્ટિસ આર. વિજયકુમારે સુરજીતના સંબંધી જયપાલ દ્વારા પોતાની સામેની ચાર્જશીટ રદ કરવાની માંગ કરતી અરજી ફગાવી દેતી વખતે આ આદેશ આપ્યો હતો. આશરે ૨૫ વર્ષીય કવિન સેલ્વાગણેશ તુતીકોરિન જિલ્લાના અરુમુગમંગલમ ગામનો રહેવાસી હતો. તે દેવેન્દ્ર કુલા વેલ્લાલર (અનુસૂચિત જાતિ/પલ્લાર) સમુદાયનો હતો. એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેણે ચેન્નાઈમાં TCS જેવી આઈટી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. તે યુનિવર્સિટી ગોલ્ડ મેડાલિસ્ટ હતો અને તેના પરિવારમાં સ્નાતક થનાર પ્રથમ પેઢીનો સભ્ય હતો. તેની માતા તમિલસેલ્વી સરકારી શાળામાં શિક્ષિકા છે. ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ કવિન તેની માતા સાથે તિરુનેલવેલીના કેટીસી નગરમાં આવેલી એક ખાનગી સિદ્ધા ક્લિનિકમાં ગયો હતો, જ્યાં તેની પ્રેમિકા સુભાષિની (જે સિદ્ધા પ્રેક્ટિશનર છે) કામ કરતી હતી. સુભાષિની મરાવર (મુક્કુલથોર/થેવર સમુદાય, MBC) સમુદાયની છે. તેના ભાઈ સુરજીતે કથિત રીતે કવિનને ક્લિનિકની બહાર બોલાવ્યો અને કહ્યું કે, તેના માતા-પિતા તેને મળવા માંગે છે. બાઈક પર લઈ જતી વખતે સુરજીતે જાતિસૂચક અપશબ્દો કહ્યા અને તેની પીઠ પાછળ છૂપાવેલા દાતરડા વડે તેને અનેક વાર ઘા માર્યા. કવિને બચવાનો પ્રયાસ કર્યો પરંતુ ઘટનાસ્થળે જ ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું. આ હત્યા દિવસે-દહાડે થઈ હતી. કવિનની માતા તમિલસેલ્વીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આંતર-જ્ઞાતીય પ્રેમ સંબંધને કારણે થયેલી આ જ્ઞાતિ-આધારિત 'ઓનર કિલિંગ' (માન-સન્માનના નામે હત્યા)ની ઘટના હતી. સુરજીતે આત્મસમર્પણ કર્યું હતું. તેના માતા-પિતા બંને તમિલનાડુ સ્પેશિયલ પોલીસ ફોર્સમાં સબ-ઈન્સ્પેક્ટર હતા અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સરવણન અને જયપાલની ધરપકડ સૌપ્રથમ કરવામાં આવી હતી, જ્યારે કૃષ્ણકુમારીની ધરપકડ બાદમાં (મે ૨૦૨૬માં) કરવામાં આવી હતી. સરકારી પક્ષે આરોપ મૂક્યો હતો કે, માતા-પિતા આ યોજનાથી વાકેફ હતા અને તેમાં મદદ કરી હતી. આ કેસ CBI-CIDને સોંપવામાં આવ્યો હતો. CBI-CIDએ ૮૩ સાક્ષીઓના નિવેદનોના આધારે ઓક્ટોબર ૨૦૨૫માં ચાર્જશીટ દાખલ કરી હતી. કવિનના પરિવારે મૃતદેહ સ્વીકારતા પહેલા આરોપીના માતા-પિતાની ધરપકડની માગણી કરી હતી. હાઈકોર્ટે અગાઉ CCTV ફૂટેજ (તિરૂનેલવેલી-સિવાલાપેરી NHAI માર્ગના)ની તપાસનો આદેશ આપ્યો હતો. તાજેતરના આદેશમાં કોર્ટે અપૂરતા પુરાવાને ટાંકીને માતા-પિતા સામેની ચાર્જશીટ રદ કરી હતી, જ્યારે જયપાલ સામેની કાર્યવાહી ચાલુ રહેશે. આ નિર્ણય જ્ઞાતિ-આધારિત હિંસાના કેસોમાં તપાસ અને પુરાવાની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા કરે છે.

# SPની નજર UPની 'દલિત રાજધાની' ગણાતા આગ્રા પર; દરેક બેઠક પર પોતાનો મત હિસ્સો ૨૭,૦૦૦થી વધારવા માટે યુવા અને મહિલા મતદારો પર દાવ

## UP વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ : સમાજવાદી પાર્ટી ૧૫ નવેમ્બરે આગ્રામાં દલિત સંમેલનનું આયોજન કરી રહી છે, આ માટે તમામ સ્થાનિક સંગઠનોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે

(એજન્સી) આગ્રા/નવી દિલ્હી, તા.૩૦

આગામી ઉત્તરપ્રદેશ ચૂંટણીને ધ્યાનમાં રાખીને, અખિલેશ યાદવે દરેક વિધાનસભા બેઠક પર પોતાનો મત હિસ્સો (vote share) ઓછામાં ઓછા ૨૭,૦૦૦થી વધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. સત્તામાં પાછા ફરવાના આ પ્રયાસમાં, સમાજવાદી પાર્ટીએ મતદારોના બે વર્ગો - મહિલાઓ અને યુવાનો - પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાર્ટી એવા દલિત મતદારોને પણ આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે જેઓ તાજેતરના વર્ષોમાં બહુજન સમાજ પાર્ટી (BSP)ના ચૂંટણીલક્ષી પતન વચ્ચે પાર્ટીથી દૂર થઈ રહ્યા હતા. દલિતોને આકર્ષવાની વ્યૂહરચનાના ભાગરૂપે, SPએ ૧૫ નવેમ્બરે આગ્રામાં દલિત સંમેલન યોજવાનો નિર્ણય કર્યો છે. અનુસૂચિત જાતિ (SC)ના મતદારોની મોટી વસ્તીને કારણે આગ્રાને ઉત્તર ભારતની 'દલિત રાજધાની' તરીકે પણ ઓળખવામાં આવે છે. SPના રાષ્ટ્રીય મહાસચિવ રામજી લાલ સુમને કહ્યું, "હું SC મતદારોને આ સંમેલનમાં હાજરી આપવા માટે આમંત્રિત કરવા પશ્ચિમ UPના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરી રહ્યો છું. સંમેલનમાં મોટી સંખ્યામાં લોકોની હાજરી સુનિશ્ચિત કરવા માટે અમે સ્થાનિક SC સંગઠનોના સંપર્કમાં છીએ. અમે મતદારોને જણાવીશું કે ભાજપને SC મતદારોના હિતોની કોઈ પરવા નથી." ઉલ્લેખનીય છે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેમની પાર્ટીએ દરેક વિધાનસભા બેઠક પર પોતાનો મત હિસ્સો ૨૭,૦૦૦ મતોથી વધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેમની પાર્ટી દરેક વિધાનસભા બેઠક પર ભાજપના મત હિસ્સામાં ૨૭,૦૦૦નો ઘટાડો કરવા માટે કામ કરશે. ૯૩ બેઠકો પર જીતનું અંતર (માર્જિન) આટલું જ હતું. સમાજવાદી પાર્ટીનો ઉદ્દેશ્ય તેના બૂથ-સ્તરના સંગઠનને મજબૂત કરવાનો, ઘરે-ઘરે જઈને સંપર્ક સાધવાનો અને ૨૦૨૨ની ચૂંટણીમાં ખૂબ ઓછા અંતરથી હારેલી બેઠકો પર પરિણામ બદલવાનો છે. SP એવી લગભગ ૯૩ બેઠકો પર લડી હતી જ્યાં જીત-હારનું અંતર ખૂબ ઓછું હતું. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, SPએ એવી ૭૨ બેઠકો પર સરસાઈ મેળવી હતી જ્યાં ભાજપનો વિજય થયો હતો. SP આ સરસાઈ જાળવી રાખવા અને તેને અન્ય વિધાનસભા મતવિસ્તારો સુધી વિસ્તારવા માટે પ્રયાસ કરી રહી છે. આગ્રામાં કુલ ૨૦ થી ૨૦.૫૭ લાખ મતદારોમાંથી, દલિત મતદારોનું પ્રમાણ લગભગ ૩૦ ટકા છે, એટલે કે આશરે ૬ લાખથી ૬.૨ લાખ મતદારો. આ એક અનામત બેઠક છે અને ૨૦૨૪માં ભાજપના એસ.પી. સિંહ બઘેલ અહીંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. શું સમાજવાદી પાર્ટી યુપીની ચૂંટણીમાં દલિત મતદારોને પોતાની તરફ આકર્ષી શકશે ? કોમેન્ટ સેક્શનમાં તમારો અભિપ્રાય જણાવો. કોમેન્ટ કરવા માટે ક્લિક કરો.

# બિહારમાં જમુઈ જેવી વધુ એક ઘટના... નિર્જન રસ્તા પર દલિત વિદ્યાર્થિની સાથે દુર્વ્યવહાર, ઝાડીઓમાં ખેંચી જવાનો પ્રયાસ

(એજન્સી) મુઝફ્ફરપુર, તા.૩૦

એક સગીર દલિત વિદ્યાર્થિની સાથે છેડતી કરવામાં આવી અને તેને બળજબરીથી ઝાડીઓમાં ખેંચી જવામાં આવી. પીડિતાના પરિવારની ફરિયાદ બાદ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ છેડતી માટે એક વોર્ડ સભ્યને આરોપી બનાવવામાં આવ્યા છે. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાંથી એક શરમજનક ઘટના સામે આવી છે. જમુઈ, સમસ્તીપુર અને બાંકા બાદ, હવે મુઝફ્ફરપુરના મનિયારી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં સગીર દલિત વિદ્યાર્થિની સાથે છેડતી અને તેને ઝાડીઓમાં ખેંચી જવાનો પ્રયાસ થયો છે. આ ઘટના માટે પાડોશી અને વોર્ડ સભ્ય સુનીલ પર આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટનાને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પીડિતા અને તેના પરિવારે પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે, જેમાં પાડોશી અને વોર્ડ સભ્ય સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે અને FIR નોંધીને કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. આ ઘટના એક નિર્જન રસ્તા પર બની હતી; વિદ્યાર્થિનીએ બૂમો પાડતા આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. પીડિતાના જણાવ્યા અનુસાર, શનિવારે રાત્રે લગભગ ૮ વાગ્યે તે પશુઓના વાડામાંથી પોતાની દાદીમાને સંબંધી સાથે ફોન પર વાત કરાવીને ઘરે પાછી ફરી રહી હતી. તે દરમિયાન, એક નિર્જન વિસ્તારમાં પાડોશી વોર્ડ સભ્યએ તેનો પીછો કર્યો અને તેનો હાથ પકડી લીધો. તેણે આરોપ લગાવ્યો કે જ્યારે તેણે પ્રતિકાર કર્યો, ત્યારે આરોપીએ તેને બળજબરીથી ઝાડીઓ તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો અને દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી તેની સાથે છેડતી કરી. વિદ્યાર્થિનીએ કહ્યું કે હિંમત એકઠી કરીને તેણે બૂમો પાડવાનું અને તેના પિતાને બોલાવવાનું શરૂ કર્યું. હોબાળો સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા,




ત્યારબાદ આરોપી ત્યાંથી ભાગી ગયો. ઘરે પહોંચ્યા પછી, વિદ્યાર્થિનીએ તેના પરિવારને આ ઘટના વિશે જાણ કરી. આરોપી ઘર છોડીને ભાગી ગયો હતો. પીડિતાની માતાએ જણાવ્યું કે તેની દીકરી દાદીમા સાથે ફોન પર વાત કરવા ગઈ હતી. પાછા ફરતી વખતે, વોર્ડ સભ્ય સુનીલે તેનો હાથ પકડ્યો અને તેને જંગલ તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે આરોપીએ છોકરી સાથે ગેરવર્તન પણ કર્યું હતું. ઘટનાની જાણ થયા પછી, તેઓ ફરિયાદ કરવા માટે આરોપીના ઘરે ગયા હતા, પરંતુ તે ત્યાંથી ભાગી ગયો હતો. રવિવારે, પીડિતાની માતાએ મનિયારી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને આરોપી સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગણી કરી હતી. પીડિતાના પરિવારની લેખિત ફરિયાદના આધારે પોલીસે એફઆઈઆર (FIR) નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. SDPO વેસ્ટ-૨ અનિમેશ જ્ઞાનીએ જણાવ્યું હતું કે તેમને પીડિતા તરફથી એક અરજી મળી છે જેમાં પાડોશી દ્વારા છેડતીનો આરોપ મૂકવામાં આવ્યો છે. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. જો આરોપો સાચા સાબિત થશે, તો સંડોવાયેલી વ્યક્તિ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી છે અને તેઓ પોતે તેના પર દેખરેખ રાખી રહ્યા છે.

# ભારત સામેની મેચમાં વેસ્ટ ઈન્ડિઝે રચ્યો ઈતિહાસ, નોંધાવ્યા ૫ વિક્રમ

તા.૩૦

ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત સામે રમાઈ રહેલી બીજી વન-ડે મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે વિસ્ફોટક બેટિંગ કરીને ૫ મોટા ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝનો પરાજય થયો હતો, પરંતુ બીજી મેચમાં કેરેબિયન ટીમે શ્રેણી ૧-૧થી બરાબર કરવાના મક્કમ ઈરાદા સાથે શરૂઆતથી જ દબદબો બનાવી દીધો હતો. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૪૦૫ રન ખડકી દીધા હતા અને ૧૯૮૩ના જમશેદપુર ખાતે નોંધાયેલા ૩૩૩/૮ રનના ૪૩ વર્ષ જૂના રેકોર્ડને તોડીને ભારત સામે પોતાનો સર્વોચ્ચ વન-ડે ટીમ સ્કોર નોંધાવ્યો હતો.







૧. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝનો સર્વોચ્ચ વન-ડે સ્કોર: વેસ્ટ ઈન્ડિઝે ૧૯૮૩માં જમશેદપુર ખાતે બનાવેલા ૩૩૩/૮ રનનો ૪૩ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ભારત સામે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૪૦૫ રન સાથે પોતાનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો.

૨. એક જ ઈનિંગ્સમાં ત્રણ સદી: વેસ્ટ ઈન્ડિઝના ઈતિહાસમાં સૌપ્રથમ વખત એક જ વન-ડે ઈનિંગ્સમાં ૩ બેટર્સ (જહોન કેમ્પબેલ, શાઈ હોપ અને અમીર જાંગૂ)એ સદી ફટકારી. વિશ્વ ક્રિકેટમાં પણ આવી ઘટના માત્ર છઠ્ઠી વખત બની છે. અગાઉ વેસ્ટ ઈન્ડિઝ તરફથી ભારત સામેની મેચમાં એક મેચમાં સૌથી વધુ ખેલાડીએ સદી ફટકારી હોય તેવી બે ઘટના બની છે, તેમાં ૧૯૮૩માં એક મેચમાં ગોર્ડન ગ્રીનિજ (૧૧૫) અને વિવ રિચર્ડ્સ (૧૪૯) તે પછી ૨૦૧૯માં શાઈ હોપ (૧૦૨) અને શિમરોન હેટમાયરે (૧૩૯) સદી ફટકારી હતી.

૩. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝ તરફથી સૌથી ઝડપી સદી: જહોન કેમ્પબેલે માત્ર ૬૫ બોલમાં સદી ફટકારીને રિકાર્ડો પોવેલનો ૭૨ બોલનો જૂનો રેકોર્ડ તોડ્યો.

૪. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝ તરફથી સૌથી ઝડપી અડધી સદી: જહોન કેમ્પબેલે માત્ર ૨૯ બોલમાં અડધી સદી પૂર્ણ કરીને ક્રિસ ગેલના ૩૦ બોલના રેકોર્ડને પાછળ છોડ્યો.

૫. વેસ્ટ ઈન્ડિઝ માટે સદીઓની બાબતમાં બ્રાયન લારાને પાછળ છોડ્યા: શાઈ હોપે પોતાની ૨૦મી વન-ડે સદી ફટકારીને બ્રાયન લારાના ૧૯ સદીના રેકોર્ડને તોડ્યો.

આજની મેચમાં વેસ્ટ ઈન્ડિઝના ત્રણ બેટરોએ સદી ફટકારીને નવો ઈતિહાસ રચ્યો છે. જહોન કેમ્પબેલ, શાઈ હોપ અને અમીર જાંગૂએ સદી ફટકારીને વન-ડે ક્રિકેટના વિશિષ્ટ રેકોર્ડમાં વેસ્ટ ઈન્ડિઝનું નામ કાયમ માટે અંકિત કર્યું છે. આ ત્રિપુટીના શાનદાર પ્રદર્શનના કારણે ભારત સામેની મેચમાં પ્રથમ વખત વિન્ડિઝના ત્રણ બેટર્સે એક જ ઈનિંગ્સમાં સદી ફટકારવાની અનોખી સિદ્ધિ મેળવી છે.

ઓપનર જહોન કેમ્પબેલે શાનદાર શરૂઆત અપાવતાં માત્ર ૬૫ બોલમાં સદી પૂરી કરી હતી. ડાબોડી બેટર કેમ્પબેલે ૧૭મી ઓવરમાં પ્રથમ મેચના સ્ટાર બોલર કુલદીપ યાદવના બોલ પર સિંગલ રન લઈને પોતાની સદી પૂર્ણ કરી હતી. તેણે ૬૮ બોલમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૧૦૧ રન બનાવ્યા હતા. ૬૫ બોલમાં સદી ફટકારીને કેમ્પબેલે ભારત સામે વેસ્ટ ઈન્ડિઝ તરફથી સૌથી ઝડપી વન-ડે સદી નોંધાવી રિકાર્ડો પોવેલનો ૭૨ બોલનો જૂનો રેકોર્ડ તોડ્યો હતો. આ ઉપરાંત, તેણે માત્ર ૨૯ બોલમાં અડધી સદી પૂરી કરીને ક્રિસ ગેલના ૩૦ બોલમાં અડધી સદીના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો હતો.

- જહોન કેમ્પબેલ ૬૫ બોલ (ગુવાહાટી, ૨૦૨૬)
- રિકાર્ડો પોવેલ ૭૨ બોલ (સિંગાપોર, ૧૯૯૯)
- માર્લોન સેમ્યુઅલ્સ ૭૩ બોલ (વિજયવાડા, ૨૦૦૨)
- શિમરોન હેટમાયર ૭૪ બોલ (ગુવાહાટી, ૨૦૧૮)
- શિમરોન હેટમાયર ૮૫ બોલ (ચેન્નઈ, ૨૦૧૯)
- જહોન કેમ્પબેલ ૨૯ બોલ (ગુવાહાટી, ૨૦૨૬)
- ક્રિસ ગેલ ૩૦ બોલ (અમદાવાદ, ૨૦૦૨ તેમજ પોર્ટ ઓફ સ્પેન, ૨૦૧૯)
- વેવેલ હાઈન્ડ્સ ૩૨ બોલ (વડોદરા, ૨૦૦૨)
- નિકોલસ પૂરન ૩૩ બોલ (વિશાખાપટ્ટનમ, ૨૦૧૯)

વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન અને વિકેટકીપર શાઈ હોપે પણ શાનદાર સદી નોંધાવી હતી. હોપે ૯૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૧૦૪ રન બનાવીને પોતાની કારકિર્દીની ૨૦મી વન-ડે સદી પૂરી કરી હતી. આ સદી સાથે હોપે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ બેટ્સમેન બ્રાયન લારાના ૧૯ સદીના રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

ત્યારબાદ અમીર જાંગૂએ આક્રમક બેટિંગ સંભાળતાં ૭૭ બોલમાં ૧૧૪ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી, જેમાં ૧૩ ચોગ્ગા અને ૩ છગ્ગા સામેલ હતા. જાંગૂએ પોતાની સદી માત્ર ૭૦ બોલમાં પૂરી કરી હતી અને ત્યારબાદ પણ ઝડપી રન બનાવીને ટીમના સ્કોરને ૩૫૦ને પાર પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કેમ્પબેલ આઉટ થયા બાદ શાઈ હોપ અને અમીર જાંગૂએ વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સને મજબૂતી આપી હતી. બંને વચ્ચે ચોથી વિકેટ માટે ૧૮૨ રનની મોટી ભાગીદારી નોંધાઈ હતી, જેણે ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી દીધી હતી. આ ભાગીદારી દરમિયાન બંને બેટર્સે પોતપોતાની સદી પૂર્ણ કરી ભારતીય બોલરો પર સતત દબાણ બનાવી રાખ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૪૦૫ રન બનાવીને નવો ઈતિહાસ રચ્યો છે. આ સ્કોર ભારત સામે વેસ્ટ ઈન્ડિઝના સમગ્ર વન-ડે ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ સ્કોર સાબિત થયો છે અને વર્ષ ૧૯૮૩ના જમશેદપુર ખાતે નોંધાયેલા ૩૩૩ રનના જૂના રેકોર્ડને તોડી નાખ્યો છે. ઈનિંગ્સના અંતિમ તબક્કામાં રોસ્ટન ચેઝે અણનમ ૨૯ રન અને શમર જોસેફે અણનમ ૧૪ રનનું ઉપયોગી યોગદાન આપી સ્કોર ૪૦૦ને પાર પહોંચાડ્યો હતો. ભારત સામેની આ બીજી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝની બેટિંગે ક્રિકેટ રેકોર્ડ બુકમાં એક યાદગાર સુવર્ણ અધ્યાય ઉમેરી દીધો છે.

# વર્લ્ડકપ ૨૦૨૭ માટે બે વખતની ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝ સીધી ક્વોલિફાય થવામાં નિષ્ફળ !

તા.૩૦

ક્રિકેટ ચાહકો માટે એક મોટા સમાચાર છે ! વનડે વર્લ્ડ કપનો રોમાંચ પૂરા ૨૪ વર્ષ પછી આફ્રિકા ખંડમાં પરત ફરી રહ્યો છે. ૨૦૨૭માં રમાનારા આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ (૧૪મી આવૃત્તિ) માટે ટીમોએ અત્યારથી જ કમર કસી લીધી છે. પરંતુ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ આ મેગા ઈવેન્ટનું સત્તાવાર શેડ્યૂલ જાહેર થાય તે પહેલાં જ ક્રિકેટ જગતમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. બે વખતની ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝની ટીમ વર્લ્ડ કપ માટે સીધી ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહી છે ! ચાલો સમજીએ કે કઈ ૧૦ ટીમો સીધી વર્લ્ડ કપમાં જશે, યજમાન હોવા છતાં નામિબિયા કેમ બહાર છે અને આ વખતના વર્લ્ડ કપનું નવું રોમાંચક ૩-સ્ટેજ ફોર્મેટ કેવું હશે.

આગામી ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ ત્રણ દેશો- દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે રમાવાનો છે. અગાઉ ૨૦૦૩માં આફ્રિકામાં વર્લ્ડ કપ રમાયો હતો. આ મેગા ઈવેન્ટનું સત્તાવાર શેડ્યૂલ ટૂર્નામેન્ટ શરૂ થવાના બરાબર એક વર્ષ પહેલા એટલે કે ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં જાહેર થવાની અપેક્ષા છે. આ વર્લ્ડકપમાં કુલ ૧૪ ટીમો ભાગ લેશે.

ભલે વર્લ્ડ કપમાં ૧૪ ટીમો રમવાની હોય, પરંતુ માત્ર ૧૦ ટીમોને જ સીધી એન્ટ્રી (Direct Qualification) મળશે.

- યજમાન દેશો: દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને યજમાન હોવાના નાતે સીધી એન્ટ્રી મળી ગઈ છે. પરંતુ ત્રીજો યજમાન દેશ નામિબિયા સીધો ક્વોલિફાય થઈ શક્યો નથી કારણ કે તે ICCનો પૂર્ણ સભ્ય (Full Member) નથી.
- રેન્કિગ આધારિત ક્વોલિફિકેશન: બાકીની ૮ સીધી એન્ટ્રી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજના ICC ODI રેન્કિગના આધારે નક્કી કરવામાં આવી છે. આ લિસ્ટમાં ભારતીય ટીમ હાલમાં ટોચના સ્થાને છે.

રેન્કિગમાં પાછળ હોવાને કારણે બે વખતની વર્લ્ડ ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝ અને આયર્લેન્ડ સીધી ક્વોલિફાય થઈ શકી નથી. હવે આ બંને ટીમોએ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં અન્ય ૮ ટીમો સાથે રમવું પડશે. આ ૧૦ ટીમોમાંથી જે ૪ ટીમો જીતશે, તે વર્લ્ડ કપમાં આગળ વધશે.

૧. દક્ષિણ આફ્રિકા (યજમાન)
૨. ઝિમ્બાબ્વે (યજમાન)
૩. ભારત
૪. ઓસ્ટ્રેલિયા
૫. અફઘાનિસ્તાન
૬. બાંગ્લાદેશ
૭. ઈંગ્લેન્ડ
૮. ન્યુઝીલેન્ડ
૯. પાકિસ્તાન
૧૦. શ્રીલંકા

જુલાઈ ૨૦૨૬માં ICC દ્વારા વર્લ્ડ કપના ફોર્મેટમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. હવે આ ટૂર્નામેન્ટ ૩ અલગ-અલગ તબક્કામાં રમાશે.

સ્ટેજ ૧: સુપર સિરીઝ (Super Series)

- ક્વોલિફાઈંગ પ્રક્રિયાના અંતે ૧૨મા, ૧૩મા અને ૧૪મા ક્રમે રહેલી ત્રણ ટીમો વચ્ચે આ નવી સિરીઝ રમાશે.
- ત્રણેય ટીમો રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં એકબીજા સામે રમશે.
- આમાંથી માત્ર ૧ વિજેતા ટીમ આગળ જશે, બાકીની ૨ ટીમો બહાર થઈ જશે.

સ્ટેજ ૨: ગ્રુપ સ્ટેજ (Group Stage)

- અહીં કુલ ૧૨ ટીમો ભેગી થશે. સ્ટેજ ૧માંથી આવેલી ૧ વિજેતા ટીમ + પહેલાથી લાયકાત ધરાવતી ૧૧ ટીમો.
- આ ૧૨ ટીમોને ૬-૬ ટીમોના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. આ તબક્કામાં કુલ ૩૦ મેચો રમાશે.
- દરેક ગ્રુપમાંથી ટોપ-૩ ટીમો (કુલ ૬) + બંને ગ્રુપની બાકીની ૬ ટીમમાંથી જે ટીમનું પ્રદર્શન શ્રેષ્ઠ હશે તે ૧ ટીમ એમ કુલ ૭ ટીમો આગળના રાઉન્ડ માટે ક્વોલિફાય થશે.

સ્ટેજ ૩: સુપર ૭ અને નોકઆઉટ (Super 7 & Knockouts)

- આગળ આવેલી ૭ ટીમો વચ્ચે સિંગલ રાઉન્ડ-રોબિન લીગ રમાશે, જેમાં કુલ ૨૧ મેચો થશે.
- લીગ પોઈન્ટ ટેબલની ટોચની ૪ ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ કરશે.
- પ્રથમ સેમિફાઈનલ: પ્રથમ ક્રમે રહેલી ટીમ અને ચોથા ક્રમે રહેલી ટીમ વચ્ચે રમાશે.
- બીજી સેમિફાઈનલ: બીજા ક્રમે રહેલી ટીમ અને ત્રીજા ક્રમે રહેલી ટીમ વચ્ચે રમાશે.
- અંતે, બંને સેમિફાઈનલની વિજેતા ટીમો વર્લ્ડ કપની ટ્રોફી જીતવા માટે ફાઈનલ મહામુકાબલામાં ટકરાશે.

### પરફેક્ટ ૧૦ના શોટ્સ અને વર્લ્ડ રેકોર્ડની બરાબરી

# ભારતને સાતમો 'ગોલ્ડ', તીરંદાજીમાં ચીનને હરાવી મહિલાઓએ કરી કમાલ

## ભારતે ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો છે, આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણ ચંદ્રક આવી ગયો છે

નવી દિલ્હી, તા.૩૦

એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૧મા દિવસે ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે અદ્ભુત પ્રદર્શન કરીને સમગ્ર દેશનું માથું ગર્વથી ઊંચું કરી દીધું છે. ફાઈનલના રોમાંચક જંગમાં ચીનની ટીમને હાર આપીને ભારતે ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો છે. આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણચંદ્રક આવી ગયો છે. ખિતાબી મુકાબલાની શરૂઆતથી જ ભારતીય મહિલા ખેલાડીઓએ ચીન પર દબાણ બનાવી દીધું હતું. પહેલા જ રાઉન્ડમાં ભારતની ત્રણેય તીરંદાજોએ અચૂક નિશાન સાધીને ૧૦-૧૦ના પરફેક્ટ શૉટ્સ ફટકાર્યા હતા. ચીને ફાઈનલ રાઉન્ડમાં ૧૦ના સ્કોરથી શરૂઆત કરી હતી, પરંતુ ત્યારબાદ બે વાર ૯નો સ્કોર થતાં તેઓ પાછળ ફેંકાઈ ગયા હતા. ભારતીય ટીમે સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦નો સ્કોર કરીને જીત નક્કી કરી હતી. અંતિમ ક્ષણોમાં પણ સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦નો સ્કોર સાધીને ભારતીય મહિલા ટીમે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી હતી અને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. ફાઈનલ પહેલાં સેમીફાઈનલમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે શ્વાસ થંભાવી દેનારી ટક્કર જોવા મળી હતી. અત્યંત કટોકટીના સમયે ભારતીય મહિલા ખેલાડીઓ ચિખિથા તનીપ્રથી, પ્રિતિકા પ્રદીપ અને જ્યોતિ સુરેખા વેન્નમની ત્રિપુટીએ અદ્ભુત સંયમ અને કૌશલ્ય દાખવ્યું હતું. દક્ષિણ કોરિયાની મજબૂત ટીમે આકરી નિશાનેબાજી કરી હતી, પરંતુ ચિખિથાની શાનદાર વાપસી, પ્રિતિકાના અચૂક નિશાના અને અનુભવી જ્યોતિ સુરેખાના આખરી ઓપના દમ પર ભારતે ૨૩૪-૨૩૩ના રોમાંચક માર્જિનથી કોરિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ચીન અને કોરિયા જેવા તીરંદાજીના મહારાથી દેશોને ધૂળ ચાટતી કરનાર ચિખિથા, પ્રિતિકા અને જ્યોતિ સુરેખાની આ સુવર્ણ ત્રિપુટીએ સાબિત કરી દીધું છે કે ભારતીય તીરંદાજી હવે વિશ્વની સર્વોચ્ચ શક્તિઓમાં સામેલ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક ગોલ્ડ મેડલથી દેશભરના રમતપ્રેમીઓમાં જશ્નનો માહોલ છવાઈ ગયો છે.

# એશિયાડમાં કચ્છી યુવતીએ ૧૦૦ મી. તથા ૨૦૦ મી. રેસમાં જીત્યા બે કાંસ્ય ચંદ્રક

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૩૦

જાપાનના નાગોયા શહેરમાં યોજાઈ રહેલ એશિયન્સ ગેમ્સ અંતર્ગત મીઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં યોજાયેલ ૨૦૦ મીટર દોડમાં તથા ૧૦૦x૪ રીલે મિક્સડ દોડમાં મૂળ કચ્છની હરિતા ભદ્રાએ બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

ભૂજથી આશરે ૭૫ કિ.મી. દૂર આવેલ નાનકડા રવા ગામ (તા.અબડાસા)ના મૂળ રહેવાસી કિર્તનભાઈ ભદ્રા (ભાનુશાલી)ની ૨૩ વર્ષીય પુત્રીને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં બબ્બે બ્રોન્ઝ મેડલ




પ્રાપ્ત થતા કચ્છના ભાનુશાલી સમાજ સહિત સમગ્ર જિલ્લામાં ગર્વની લાગણી પ્રસરી છે.

ભાનુશાલી સમાજના અગ્રણી ગોવિંદભાઈએ 'ગુજરાત ટુડે'ને વિગતો આપતા જણાવ્યું હતું કે, હરિતા ભદ્રાનો પરિવાર મૂળ કચ્છનો છે તેમના દાદા રવા ગામમાં ખેડૂત હતા. તેમના પિતા કિર્તનભાઈ હાલે ઘાટકો પર (મુંબઈ)માં કાપડનો વ્યવસાય કરી રહ્યા છે. ગોવિંદભાઈએ કહ્યું કે, હરિતાને બચપનથી રમત-ગમત પ્રત્યે અનેરો લગાવ છે. તે સતત સખત મહેનત કરે છે, સંઘર્ષ કરે છે. તેનું સ્વપ્ન હતું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેને મેડલ પ્રાપ્ત થાય. હવે તેણીનું એ સ્વપ્ન પુરૂ થયું છે. અલબત્ત હજી વધુ મહેનત કરી આગળ વધી તેણી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાનું ધ્યેય ધરાવે છે. ૨૦૦ મીટર આ દોડમાં ગોલ્ડ મેડલ સિંગાપુરની શાંતિ પરેરા, સિલ્વર મેડલ ચીનની ચેન યુજીને અને બ્રોન્ઝ મેડલ હરિતા ભદ્રાને પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત ૧૦૦ મીટરx૪ રીલે મિક્સડ દોડમાં પણ હરિતા ભદ્રાએ વધુ એક કાંસ્ય ચંદ્રક મેળવેલ છે. ૧૦૦x૪ મિક્સડમાં ગુરીન્દર સિંહ, એભિષેક કુજુર, સ્નેહા સત્યનારાયણ, હરિતાના સાથી રહ્યા હતા. કચ્છી યુવતીએ એથ્લેટિક્સમાં બે કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધાર્યું છે.

**હદીસ બોધ**
ધનલાલસાથી તમારા હૃદયને મુક્ત રાખો (હદીસ બોધ)

**બોધ વચન**
આપણું ધ્યેય સત્ય હોવું જોઈએ, સુખ નહીં. - સોક્રેટિસ

**આજની આરસી**
૧ ઓક્ટોબર ગુરૂવાર ૨૦૨૬
૧૮ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા વદ પાંચમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૧૨
ખત્મે ઝવાલ ૧૨-૨૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૬

**અગત્યની સૂચના**
આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# વેસ્ટ-ઇન્ડિઝ સામે ભારતનો ઐતિહાસિક વિજય...પાંચ સદી અને ગિલની બેવડી સદી સાથે સર્જાયા સંખ્યાબંધ વિક્રમો



**ગુવાહાટીમાં ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બીજી વન-ડેમાં પાંચ સદીનો વિશ્વ રેકોર્ડ સર્જાયો. વેસ્ટ ઈન્ડિઝે ૪૦૫ રન બનાવ્યા, જેમાં ૩ સદી સામેલ હતી. ભારતે ૪૦૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતા રોહિત (૧૦૧) અને ગિલ (૧૪૫★)ની સદીથી ૨૫૫/૧ રન બનાવ્યા. રોહિતે ૧૨૦૦૦ વન-ડે રન અને ભારતમાં ૨૦૦ સિક્સનો રેકોર્ડ પણ બનાવ્યો**



તા.૩૦

ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી બીજી વન-ડે મેચ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસની સૌથી રોમાંચક અને રેકોર્ડબ્રેક મેચ સાબિત થઈ છે. પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૪૦૫ રનનો વિશાળ સ્કોર ખડકીને ભારત સામે પોતાનો સર્વોચ્ચ વન-ડે સ્કોર બનાવ્યો હતો. જો કે, ભારતીય ટીમે ૪૦૬ રનના વિશાળ લક્ષ્યાંક સામે વળતો પ્રહાર કરતાં માત્ર ૪૩.૩ ઓવરમાં ૨ વિકેટના નુકસાને ૪૦૬ રન બનાવી ૮ વિકેટે યાદગાર અને ઐતિહાસિક વિજય મેળવી લીધો છે. કેપ્ટન શુભમન ગિલની અણનમ ૨૨૩ રનની તોફાની બેવડી સદી અને રોહિત શર્માની શાનદાર સદીએ ભારતીય ટીમને વિજયની સીમારેખા પાર કરાવી દીધી હતી. વેસ્ટ ઈન્ડિઝના ૪૦૬ રનના લક્ષ્યાંક સામે ઓપનર રોહિત શર્મા અને શુભમન ગિલે ભારતને તોફાની શરૂઆત અપાવીને પ્રથમ વિકેટ માટે ૨૫૫ રનની વિશાળ ભાગીદારી નોંધાવી હતી. રોહિત શર્મા ૭૫ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૬ છગ્ગા સાથે ૧૦૧ રન ફટકારી આઉટ થયો હતો. ત્યારબાદ આવેલા વિરાટ કોહલીએ ૧૯ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૨૯ રન ફટકાર્યા હતા. બીજી તરફ કેપ્ટન શુભમન ગિલે આક્રમક બેટિંગ ચાલુ રાખીને માત્ર ૧૩૩ બોલમાં ૨૬ ચોગ્ગા અને ૮ છગ્ગાની રમઝટ સાથે અણનમ ૨૨૩ રનની અદ્ભુત ઈનિંગ્સ રમી હતી. તેને મજબૂત સાથ આપતા ઋતુરાજ ગાયકવાડે ૩૭ બોલમાં ૨ ચોગ્ગા સાથે અણનમ ૩૧ રન બનાવીને ભારતને ૩૯ બોલ બાકી રહેતાં જ ૪૩.૩ ઓવરમાં જીત અપાવી દીધી હતી. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી આ મેચમાં બંને ટીમો તરફથી કુલ ૫ સદી નોંધાતા વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં નવો રેકોર્ડ નોંધાયો છે. પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝ તરફથી જહોન કેમ્પબેલ, શાઈ હોપ અને અમીર જાંગૂએ સદી ફટકારી હતી, જેના જવાબમાં ભારત તરફથી રોહિત શર્મા અને શુભમન ગિલે સદી ફટકારી. આંતરરાષ્ટ્રીય વન-ડે ક્રિકેટમાં પ્રથમ વખત એક જ મેચમાં ૫ સદીઓ જોવા મળી છે. અગાઉ એક જ વન-ડે મેચમાં મહત્તમ ૪ સદી નોંધાયાની ઘટના માત્ર ત્રણ વખત (૧૯૯૮માં લાહોર ખાતે પાકિસ્તાન-ઓસ્ટ્રેલિયા, ૨૦૧૩માં નાગપુર ખાતે ભારત-ઓસ્ટ્રેલિયા અને ૨૦૨૩માં હૈદરાબાદ ખાતે પાકિસ્તાન-શ્રીલંકા) બની હતી. કેપ્ટન શુભમન ગિલે અણનમ ૨૨૩ રન બનાવીને વન-ડે ઈતિહાસમાં ટાર્ગેટનો પીછો કરતી વખતે સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ગિલે ગ્લેન મેક્સવેલના અણનમ ૨૦૧ રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે, જે તેણે ૨૦૨૩માં અફઘાનિસ્તાન સામે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બનાવ્યો હતો. શુભમન ગિલે વન-ડે કરિયરની પોતાની બીજી બેવડી સદી માત્ર ૧૧૭ બોલમાં પૂરી કરીને વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી ડબલ સેન્ચુરી ફટકારવાનો ઈશાન કિશનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ઈશાન કિશને ૨૦૨૨માં બાંગ્લાદેશ સામે ૧૨૬ બોલમાં બેવડી સદી ફટકારી હતી. આ સાથે ગિલ રોહિત શર્મા પછી વન-ડેમાં એકથી વધુ બેવડી સદી ફટકારનારો વિશ્વનો માત્ર બીજો બેટર બની ગયો છે. ભારતીય ટીમે માત્ર ૨૯.૧ ઓવરમાં ૩૦૦ રન પૂરા કરીને વન-ડે ક્રિકેટ ઈતિહાસમાં કોઈપણ ટીમ દ્વારા સૌથી ઝડપી ૩૦૦ રન બનાવવાનો નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. અગાઉ આ રેકોર્ડ સાઉથ આફ્રિકાના નામે હતો, જેણે ૨૦૦૬માં ઓસ્ટ્રેલિયા સામે ૩૨.૨ ઓવરમાં ૩૦૦ રન બનાવ્યા હતા. ગિલે માત્ર ૮૯ બોલમાં પોતાના ૧૫૦ રન પૂરા કર્યા હતા અને ભારત માટે વન-ડેમાં સૌથી ઝડપી ૧૫૦ રન બનાવનારો બેટર બન્યો હતો. તેણે ઈશાન કિશનનો ૧૦૩ બોલનો રેકોર્ડ તોડ્યો હતો. લૉવેસની ઓવરમાં ચોગ્ગો ફટકારીને ગિલે આ સીમાચિહ્ન સર કર્યું હતું. શુભમન ગિલે પોતાની ૬૮મી ઈનિંગ્સમાં ૩૫૦૦ વન-ડે રન પૂરા કરીને સાઉથ આફ્રિકાના હાસિમ આમલા (૬૯ ઈનિંગ્સ)નો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ યાદીમાં બાબર આઝમે ૭૫, વિવિયન રિચર્ડ્સ અને શાઈ હોપે ૭૬-૭૬, જ્યારે શિખર ધવન અને જો રૂટે ૮૧-૮૧ ઈનિંગ્સ લીધી હતી. આ ઉપરાંત ગિલે ભારતમાં પોતાના ૨૦૦૦ વન-ડે રન પણ પૂરા કર્યા છે. રોહિત શર્મા અને શુભમન ગિલે પ્રથમ વિકેટ માટે ૨૫૫ રનની વિશાળ ભાગીદારી નોંધાવીને ભારત માટે વન-ડે ઈતિહાસમાં બીજી સૌથી મોટી ઓપનિંગ પાર્ટનરશિપનો રેકોર્ડ બનાવ્યો છે. ભારતીય ઓપનિંગ જોડીઓમાં ૨૦૦૧માં પાર્લ ખાતે તેંડુલકર-ગાંગુલીની ૨૫૮ રનની ભાગીદારી બાદ આ સર્વોચ્ચ છે. આ ઉપરાંત બંનેએ માત્ર ૨૧.૧ ઓવરમાં ભારત માટે સૌથી ઝડપી ૨૦૦ રન પૂરા કરવાનો નવો કીર્તિમાન પણ સ્થાપિત કર્યો હતો. શુભમન ગિલે વેસ્ટ ઈન્ડીઝ સામે માત્ર ૬૨ બોલમાં સદી પૂરી કરીને ભારતીય બેટર તરીકે સૌથી ઝડપી સદીનો વિરેન્દ્ર સેહવાગનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સેહવાગે ૨૦૧૧માં ઈન્દોર ખાતે ૬૯ બોલમાં સદી ફટકારી હતી. ગિલની વર્ષ ૨૦૨૬માં ભારતમાં આ સતત ત્રીજી અને ઓવરઓલ ૧૧મી વન-ડે સદી છે. રોહિત શર્માએ રોસ્ટન ચેઝની ઓવરમાં સિંગલ લઈને વન-ડેમાં પોતાના ૧૨૦૦૦ રન પૂરા કર્યા હતા. રોહિતે આ સિદ્ધિ ૨૮૨ ઈનિંગ્સ અને ૧૨,૯૭૩ બોલમાં હાંસલ કરી છે. તે સૌથી ઓછી ઈનિંગ્સમાં ૧૨ હજાર રન બનાવનારા ભારતીય બેટર્સમાં વિરાટ કોહલી (૨૪૨ ઈનિંગ્સ) પછી બીજા ક્રમે રહ્યો છે, જ્યારે સચિન તેંડુલકર અને કોહલી પછી આ મુકામ હાંસલ કરનાર તે ત્રીજો ભારતીય બન્યો છે. રોહિત શર્મા એક જ દેશમાં ૨૦૦ વન-ડે સિક્સ ફટકારનારો વિશ્વનો પ્રથમ બેટર બન્યો છે. ગુવાહાટીમાં પોતાની ઈનિંગ્સની ચોથી સિક્સ ફટકારતાંની સાથે જ તેણે ભારતમાં આ સિદ્ધિ મેળવી હતી. આ યાદીમાં વેસ્ટ ઈન્ડિઝમાં ૧૪૭ સિક્સ સાથે ક્રિસ ગેલ બીજા અને ન્યૂઝીલેન્ડમાં ૧૩૨ સિક્સ સાથે માર્ટિન ગુપ્ટિલ ત્રીજા સ્થાને છે.

**વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ઈનિંગ્સમાં બનાવેલા મોટા રેકોર્ડ :** ● વેસ્ટ ઈન્ડિઝે ભારત સામેનો પોતાનો સર્વોચ્ચ ODI સ્કોર ૪૦૫/૭ બનાવીને ૧૯૮૩માં જમશેદપુર ખાતે બનાવેલા ૩૩૩/૮ના રેકોર્ડને તોડી નાખ્યો. ● વેસ્ટ ઈન્ડિઝના ઈતિહાસમાં સૌપ્રથમ વખત એક જ ઈનિંગ્સમાં ૩ બેટર્સ (જહોન કેમ્પબેલ, શાઈ હોપ અને અમીર જાંગૂ)એ સદી ફટકારી, જે વિશ્વ ક્રિકેટમાં માત્ર છઠ્ઠી ઘટના છે. ● જહોન કેમ્પબેલે માત્ર ૬૫ બોલમાં સદી ફટકારીને ભારત સામે વેસ્ટ ઈન્ડિઝ તરફથી સૌથી ઝડપી વન-ડે સદીનો રિકાર્ડો પોવેલનો ૭૨ બોલનો રેકોર્ડ તોડ્યો. ● જહોન કેમ્પબેલે માત્ર ૨૯ બોલમાં અડધી સદી પૂરી કરીને ક્રિસ ગેલના ૩૦ બોલના રેકોર્ડને પાછળ છોડ્યો. શાઈ હોપે પોતાની ૨૦મી વન-ડે સદી પૂરી કરીને બ્રાયન લારાના ૧૯ વન-ડે સદીના રેકોર્ડને તોડી નાખ્યો. ઓપનર જહોન કેમ્પબેલે ૬૮ બોલમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ૧૦૧ રન બનાવ્યા હતા. કીસી કાર્ટીએ ૧૦ બોલમાં ૨ ચોગ્ગા સાથે ૯ રન કર્યા હતા.

કેપ્ટન શાઈ હોપે ૯૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૧૦૪ રનનું યોગદાન આપ્યું હતું. અમીર જાંગૂએ ૭૭ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકારી ૧૧૪ રન બનાવ્યા હતા. શેરફેન રધરફોર્ડ ૧ બોલ રમીને શૂન્ય રને આઉટ થયો હતો. રોસ્ટન ચેઝે ૨૫ બોલમાં ૪ ચોગ્ગા સાથે અણનમ ૨૯ રન જોડ્યા હતા.

# તિરૂનેલવેલી 'ઓનર કિલિંગ' : મદ્રાસ હાઈકોર્ટે કવિન સેલ્વાગણેશ હત્યા કેસમાં આરોપીના માતા-પિતા સામેની ચાર્જશીટ રદ કરી

## અદાલતે અપૂરતા પુરાવાને ટાંકીને માતા-પિતા સામેની ચાર્જશીટ રદ કરી હતી, જ્યારે જયપાલ સામેની કાર્યવાહી ચાલુ રહેશે

(એજન્સી) મદુરાઈ, તા.૩૦

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે તિરૂનેલવેલીના કેટીસી (KTC) નગરમાં ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ બનેલી દલિત આઈટી (IT) કર્મચારી સી. કવિન સેલ્વાગણેશની હત્યાના કેસમાં મુખ્ય આરોપી સુરજીતના માતા-પિતા, સરવણન અને કૃષ્ણકુમારી સામે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ રદ કરી છે. જસ્ટિસ આર. વિજયકુમારે સુરજીતના સંબંધી જયપાલ દ્વારા પોતાની સામેની ચાર્જશીટ રદ કરવાની માંગ કરતી અરજી ફગાવી દેતી વખતે આ આદેશ આપ્યો હતો. આશરે ૨૫ વર્ષીય કવિન સેલ્વાગણેશ તુતીકોરિન જિલ્લાના અરુમુગમંગલમ ગામનો રહેવાસી હતો. તે દેવેન્દ્ર કુલા વેલ્લાલર (અનુસૂચિત જાતિ/પલ્લાર) સમુદાયનો હતો. એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેણે ચેન્નાઈમાં TCS જેવી આઈટી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. તે યુનિવર્સિટી ગોલ્ડ મેડાલિસ્ટ હતો અને તેના પરિવારમાં સ્નાતક થનાર પ્રથમ પેઢીનો સભ્ય હતો. તેની માતા તમિલસેલ્વી સરકારી શાળામાં શિક્ષિકા છે. ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ કવિન તેની માતા સાથે તિરુનેલવેલીના કેટીસી નગરમાં આવેલી એક ખાનગી સિદ્ધા ક્લિનિકમાં ગયો હતો, જ્યાં તેની પ્રેમિકા સુભાષિની (જે સિદ્ધા પ્રેક્ટિશનર છે) કામ કરતી હતી. સુભાષિની મરાવર (મુક્કુલથોર/થેવર સમુદાય, MBC) સમુદાયની છે. તેના ભાઈ સુરજીતે કથિત રીતે કવિનને ક્લિનિકની બહાર બોલાવ્યો અને કહ્યું કે, તેના માતા-પિતા તેને મળવા માંગે છે. બાઈક પર લઈ જતી વખતે સુરજીતે જાતિસૂચક અપશબ્દો કહ્યા અને તેની પીઠ પાછળ છૂપાવેલા દાતરડા વડે તેને અનેક વાર ઘા માર્યા. કવિને બચવાનો પ્રયાસ કર્યો પરંતુ ઘટનાસ્થળે જ ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું. આ હત્યા દિવસે-દહાડે થઈ હતી. કવિનની માતા તમિલસેલ્વીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આંતર-જ્ઞાતીય પ્રેમ સંબંધને કારણે થયેલી આ જ્ઞાતિ-આધારિત 'ઓનર કિલિંગ' (માન-સન્માનના નામે હત્યા)ની ઘટના હતી. સુરજીતે આત્મસમર્પણ કર્યું હતું. તેના માતા-પિતા બંને તમિલનાડુ સ્પેશિયલ પોલીસ ફોર્સમાં સબ-ઈન્સ્પેક્ટર હતા અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સરવણન અને જયપાલની ધરપકડ સૌપ્રથમ કરવામાં આવી હતી, જ્યારે કૃષ્ણકુમારીની ધરપકડ બાદમાં (મે ૨૦૨૬માં) કરવામાં આવી હતી. સરકારી પક્ષે આરોપ મૂક્યો હતો કે, માતા-પિતા આ યોજનાથી વાકેફ હતા અને તેમાં મદદ કરી હતી.

# SPની નજર UPની 'દલિત રાજધાની' ગણાતા આગ્રા પર; દરેક બેઠક પર પોતાનો મત હિસ્સો ૨૭,૦૦૦થી વધારવા માટે યુવા અને મહિલા મતદારો પર દાવ

## UP વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ : સમાજવાદી પાર્ટી ૧૫ નવેમ્બરે આગ્રામાં દલિત સંમેલનનું આયોજન કરી રહી છે, આ માટે તમામ સ્થાનિક સંગઠનોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે

(એજન્સી) આગ્રા/નવી દિલ્હી, તા.૩૦

આગામી ઉત્તરપ્રદેશ ચૂંટણીને ધ્યાનમાં રાખીને, અખિલેશ યાદવે દરેક વિધાનસભા બેઠક પર પોતાનો મત હિસ્સો (vote share) ઓછામાં ઓછા ૨૭,૦૦૦થી વધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. સત્તામાં પાછા ફરવાના આ પ્રયાસમાં, સમાજવાદી પાર્ટીએ મતદારોના બે વર્ગો - મહિલાઓ અને યુવાનો - પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાર્ટી એવા દલિત મતદારોને પણ આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે જેઓ તાજેતરના વર્ષોમાં બહુજન સમાજ પાર્ટી (BSP)ના ચૂંટણીલક્ષી પતન વચ્ચે પાર્ટીથી દૂર થઈ રહ્યા હતા. દલિતોને આકર્ષવાની વ્યૂહરચનાના ભાગરૂપે, SPએ ૧૫ નવેમ્બરે આગ્રામાં દલિત સંમેલન યોજવાનો નિર્ણય કર્યો છે. અનુસૂચિત જાતિ (SC)ના મતદારોની મોટી વસ્તીને કારણે આગ્રાને ઉત્તર ભારતની 'દલિત રાજધાની' તરીકે પણ ઓળખવામાં આવે છે. SPના રાષ્ટ્રીય મહાસચિવ રામજી લાલ સુમને કહ્યું, "હું SC મતદારોને આ સંમેલનમાં હાજરી આપવા માટે આમંત્રિત કરવા પશ્ચિમ UPના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરી રહ્યો છું. સંમેલનમાં મોટી સંખ્યામાં લોકોની હાજરી સુનિશ્ચિત કરવા માટે અમે સ્થાનિક SC સંગઠનોના સંપર્કમાં છીએ. અમે મતદારોને જણાવીશું કે ભાજપને SC મતદારોના હિતોની કોઈ પરવા નથી." ઉલ્લેખનીય છે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેમની પાર્ટીએ દરેક વિધાનસભા બેઠક પર પોતાનો મત હિસ્સો ૨૭,૦૦૦ મતોથી વધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેમની પાર્ટી દરેક વિધાનસભા બેઠક પર ભાજપના મત હિસ્સામાં ૨૭,૦૦૦નો ઘટાડો કરવા માટે કામ કરશે. ૯૩ બેઠકો પર જીતનું અંતર (માર્જિન) આટલું જ હતું. સમાજવાદી પાર્ટીનો ઉદ્દેશ્ય તેના બૂથ-સ્તરના સંગઠનને મજબૂત કરવાનો, ઘરે-ઘરે જઈને સંપર્ક સાધવાનો અને ૨૦૨૨ની ચૂંટણીમાં ખૂબ ઓછા અંતરથી હારેલી બેઠકો પર પરિણામ બદલવાનો છે. SP એવી લગભગ ૯૩ બેઠકો પર લડી હતી જ્યાં જીત-હારનું અંતર ખૂબ ઓછું હતું. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, SPએ એવી ૭૨ બેઠકો પર સરસાઈ મેળવી હતી જ્યાં ભાજપનો વિજય થયો હતો. SP આ સરસાઈ જાળવી રાખવા અને તેને અન્ય વિધાનસભા મતવિસ્તારો સુધી વિસ્તારવા માટે પ્રયાસ કરી રહી છે. આગ્રામાં કુલ ૨૦ થી ૨૦.૫૭ લાખ મતદારોમાંથી, દલિત મતદારોનું પ્રમાણ લગભગ ૩૦ ટકા છે, એટલે કે આશરે ૬ લાખથી ૬.૨ લાખ મતદારો. આ એક અનામત બેઠક છે અને ૨૦૨૪માં ભાજપના એસ.પી. સિંહ બઘેલ અહીંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. શું સમાજવાદી પાર્ટી યુપીની ચૂંટણીમાં દલિત મતદારોને પોતાની તરફ આકર્ષી શકશે ? કોમેન્ટ સેક્શનમાં તમારો અભિપ્રાય જણાવો. કોમેન્ટ કરવા માટે ક્લિક કરો.

# બિહારમાં જમુઈ જેવી વધુ એક ઘટના... નિર્જન રસ્તા પર દલિત વિદ્યાર્થિની સાથે દુર્વ્યવહાર, ઝાડીઓમાં ખેંચી જવાનો પ્રયાસ

(એજન્સી) મુઝફ્ફરપુર, તા.૩૦

એક સગીર દલિત વિદ્યાર્થિની સાથે છેડતી કરવામાં આવી અને તેને બળજબરીથી ઝાડીઓમાં ખેંચી જવામાં આવી. પીડિતાના પરિવારની ફરિયાદ બાદ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ છેડતી માટે એક વોર્ડ સભ્યને આરોપી બનાવવામાં આવ્યા છે. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાંથી એક શરમજનક ઘટના સામે આવી છે. જમુઈ, સમસ્તીપુર અને બાંકા બાદ, હવે મુઝફ્ફરપુરના મનિયારી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં સગીર દલિત વિદ્યાર્થિની સાથે છેડતી અને તેને ઝાડીઓમાં ખેંચી જવાનો પ્રયાસ થયો છે. આ ઘટના માટે પાડોશી અને વોર્ડ સભ્ય સુનીલ પર આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટનાને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પીડિતા અને તેના પરિવારે પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે, જેમાં પાડોશી અને વોર્ડ સભ્ય સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે અને FIR નોંધીને કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. આ ઘટના એક નિર્જન રસ્તા પર બની હતી; વિદ્યાર્થિનીએ બૂમો પાડતા આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. પીડિતાના જણાવ્યા અનુસાર, શનિવારે રાત્રે લગભગ ૮ વાગ્યે તે પશુઓના વાડામાંથી પોતાની દાદીમાને સંબંધી સાથે ફોન પર વાત કરાવીને ઘરે પાછી ફરી રહી હતી. તે દરમિયાન, એક નિર્જન વિસ્તારમાં પાડોશી વોર્ડ સભ્યએ તેનો પીછો કર્યો અને તેનો હાથ પકડી લીધો. તેણે આરોપ લગાવ્યો કે જ્યારે તેણે પ્રતિકાર કર્યો, ત્યારે આરોપીએ તેને બળજબરીથી ઝાડીઓ તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો અને દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી તેની સાથે છેડતી કરી. વિદ્યાર્થિનીએ કહ્યું કે હિંમત એકઠી




કરીને તેણે બૂમો પાડવાનું અને તેના પિતાને બોલાવવાનું શરૂ કર્યું. હોબાળો સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા, ત્યારબાદ આરોપી ત્યાંથી ભાગી ગયો. ઘરે પહોંચ્યા પછી, વિદ્યાર્થિનીએ તેના પરિવારને આ ઘટના વિશે જાણ કરી. આરોપી ઘર છોડીને ભાગી ગયો હતો. પીડિતાની માતાએ જણાવ્યું કે તેની દીકરી દાદીમા સાથે ફોન પર વાત કરવા ગઈ હતી. પાછા ફરતી વખતે, વોર્ડ સભ્ય સુનીલે તેનો હાથ પકડ્યો અને તેને જંગલ તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે આરોપીએ છોકરી સાથે ગેરવર્તન પણ કર્યું હતું. ઘટનાની જાણ થયા પછી, તેઓ ફરિયાદ કરવા માટે આરોપીના ઘરે ગયા હતા, પરંતુ તે ત્યાંથી ભાગી ગયો હતો. રવિવારે, પીડિતાની માતાએ મનિયારી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને આરોપી સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગણી કરી હતી. પીડિતાના પરિવારની લેખિત ફરિયાદના આધારે પોલીસે એફઆઈઆર (FIR) નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. SDPO વેસ્ટ-૨ અનિમેશ જ્ઞાનીએ જણાવ્યું હતું કે તેમને પીડિતા તરફથી એક અરજી મળી છે જેમાં પાડોશી દ્વારા છેડતીનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# બે કલાકમાં ત્રણ સુવર્ણ ચંદ્રક : બુધવારે ભારતીય તીરંદાજોએ કેવી રીતે ઝંડા લહેરાવી દીધા

## મિશ્ર ટીમે LA2028 (લોસ એન્જલસ ૨૦૨૮) માટે સ્થાન નિશ્ચિત કર્યું, જ્યારે પુરૂષ અને મહિલા ટીમોએ તેમના સુવર્ણ ચંદ્રક જાળવી રાખ્યા

નાગોયા, તા.૩૦

એક જ દિવસમાં ત્રણ સુવર્ણ ચંદ્રક ! આ એક શાનદાર દિવસ રહ્યો. ભારતની સુવર્ણ ચંદ્રકોની સંખ્યા ૧૦ પર પહોંચી છે, જેમાં શૂટિંગના એક ચંદ્રકનો પણ સમાવેશ થાય છે. જોકે, મુખ્ય ધ્યાન તીરંદાજી, ખાસ કરીને કમ્પાઉન્ડ તીરંદાજી પર હતું. ભારતે ગત આવૃત્તિમાં જીતેલા પાંચ સુવર્ણ ચંદ્રકોનો બચાવ કરવાનો હતો. તે પાંચમાંથી તેઓએ અત્યાર સુધીમાં ત્રણ જીતી લીધા છે અને આ ત્રણેય ચંદ્રકો બુધવારે સવારે જ મળ્યા હતા.

તાલીમ પદ્ધતિઓમાં ફેરફાર, નાગોયામાં ભારતીય ભોજન, સ્પર્ધાના સ્થળની નજીક રહેઠાણ, હળવું વાતાવરણ, મેચ જેવી સ્થિતિનું અનુકરણ (સિમ્યુલેશન) અને ઘણું બધું: આ રીતે તીરંદાજોએ એશિયન ગેમ્સ માટે તૈયારી કરી હતી. જ્યારે કમ્પાઉન્ડ તીરંદાજો તેમની સેમી-ફાઈનલ અને ત્યારબાદ ફાઈનલ માટે સ્ટેજ પર આવ્યા, ત્યારે તેઓ તે સ્થળથી પહેલેથી જ પરિચિત હતા. આસપાસનું વાતાવરણ, ધ્વજ, સ્ટેજ અને પ્રેક્ષકોનો ઉત્સાહ-બધું જ જાણીતું હતું. તીરંદાજોએ સોનીપતમાં એક મહિના સુધી અઠવાડિયામાં ચાર દિવસ આવા જ વાતાવરણમાં તાલીમ લીધી હતી.

આખરે, બુધવારે વરસાદ પડ્યો નહીં. ઓકાઝાકી સેન્ટ્રલ પાર્ક નાગોયાથી લગભગ ૫૫ કિમી દૂર આવેલું છે. જેમ જેમ ટ્રેન શહેરથી દૂર જાય છે, તેમ વસ્તી ઓછી થતી જાય છે અને આસપાસ વધુ હરિયાળી જોવા મળે છે. તીરંદાજીનું સ્થળ નાગોયાના એક રમણીય વિસ્તારમાં આવેલી લીલીછમ ટેકરી પર સ્થિત છે. આ સંકુલમાં બેઝબોલ મેદાન, જિમ્નેશિયમ, વોલીબોલ



અને ટેનિસ કોર્ટની સુવિધાઓ છે. તીરંદાજી માટે પરિસ્થિતિઓ આદર્શ હતી. પવન પણ હળવો હતો.

ભારત કમ્પાઉન્ડ તીરંદાજી માટે જાણીતું છે. આ ચોક્કસ શ્રેણીમાં ભારતનું વિશ્વભરમાં વર્ચસ્વ છે અને એશિયન ગેમ્સમાં તમામ શ્રેષ્ઠ ચંદ્રકો જીતવાની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવતી હતી. શરૂઆત મહિલા ટીમની મેડલ જીત સાથે થઈ, જેમાં જ્યોતિ સુરેખા, ટી. ચિકિતા અને કિશોરવયની પૃથિકા પ્રદીપે સાથે મળીને વિશ્વ વિક્રમ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. ભારતીય કમ્પાઉન્ડ તીરંદાજીમાં રહેલી ઊંડી પ્રતિભા અને ક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ પૃથિકા છે. અર્થશાસ્ત્રના પ્રથમ વર્ષની કોલેજની વિદ્યાર્થિની પૃથિકા, જેણે માત્ર 'તીરંદાજી' (archery) શબ્દ ગમી જવાથી આ રમત અપનાવી હતી, તેણે અદ્‌ભૂત પ્રદર્શન કર્યું છે. ભવિષ્યમાં પૃથિકા જેવી અન્ય પ્રતિભાઓ પણ સામે આવે તેવી શક્યતા છે.

જો આ માત્ર શરૂઆતની ઝલક હતી, તો મુખ્ય સફળતા ત્યારે મળી જ્યારે ચિકિતા અને સાહિલ જાધવની મિશ્ર ટીમે માત્ર સુવર્ણ ચંદ્રક જ નહીં, પરંતુ LA28 (લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિક્સ) માટેની ટિકિટ પણ મેળવી લીધી. તેમના તીરંદાજી કૌશલ્યમાં કોઈ ખામી નહોતી અને તેમણે અન્ય કોઈપણ સ્પર્ધક કરતાં વધુ વખત 'બુલ્સ આઈ' (લક્ષ્યના કેન્દ્રબિંદુ) પર નિશાન સાધ્યું હતું. જાધવે પુરૂષ ટીમ ઈવેન્ટમાં કુશલ દલાલ અને ટી. ગણેશ મણિ રત્નમ સાથે મળીને બીજો સુવર્ણ ચંદ્રક પણ જીત્યો.

એશિયન ગેમ્સ પહેલાં, તીરંદાજી ટીમ સોનીપત ખાતે કેમ્પમાં હતી. કોચોએ સમગ્ર તીરંદાજી કોર્સને સ્પર્ધાના સ્થળ જેવું જ સ્વરૂપ આપ્યું હતું. તેમણે ટીમને વિચલિત કરવા માટે અન્ય તીરંદાજો અને તાલીમાર્થીઓને પણ ત્યાં બોલાવ્યા હતા.

ભારતના રાષ્ટ્રીય કોચ જીવનજોત સિંહ તેજા, જેઓ ફાઈનલમાં મહિલા ટીમ સાથે હતા, તેમણે કહ્યું, "SAI સોનીપત ખાતે અમે બિલકુલ તેવું જ વાતાવરણ ઊભું કર્યું હતું. અમે તે જ સ્ક્રીન લગાવી, તે જ મ્યુઝિક સિસ્ટમનો ઉપયોગ કર્યો, સમાન લક્ષ્યો (ટાર્ગેટ્સ) ગોઠવ્યા અને તેવું જ પોડિયમ, ધ્વજ અને રંગોની યોજના (કલર સ્કીમ) તૈયાર કરી. ત્યારબાદ, અમે 'સેન્ટર ઓફ એક્સેલન્સ'માંથી બીજી એક ટીમ બનાવી જેથી તેઓ અઠવાડિયામાં બેથી ચાર વખત અમારી રાષ્ટ્રીય ટીમ સામે સ્પર્ધા કરી શકે."

ટીમ મેનેજમેન્ટે અન્ય ફેરફારો પણ કર્યા હતા. કોચે કહ્યું, "અમે સતત 'પ્રેશર ટ્રેનિંગ' (દબાણ હેઠળ તાલીમ) કરી રહ્યા હતા, પરંતુ સ્પર્ધાના સ્થળ જેવું આ સંપૂર્ણ સેટઅપ ગયા મહિને તૈયાર કરવામાં આવ્યું હતું અને અમે તેમાં ૧૫ દિવસ સુધી તાલીમ લીધી હતી."

તેમની તાલીમ પદ્ધતિમાં પણ થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. તેમણે તીર ચલાવવાનું ભારણ (એરો લોડ) ઘટાડ્યું છે અને તીરંદાજી સિવાયની તાલીમ (ઓફ-આર્ચરી ટ્રેનિંગ) વધારી છે. તેમણે ચોક્કસ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા પર પણ ભાર મૂક્યો છે.

દબાણ હેઠળ શાંત રહેવાની અન્ય એક રીત પણ છે. કોચ તેમની સાથે ૨૦૨૪ પેરિસ ગેમ્સ વિશે વાત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. "અમે મજાક-મસ્તી કરી રહ્યા હતા અને મેચ વિશે બહુ વિચારતા નહોતા," તેમણે કહ્યું.

જેવું કમ્પાઉન્ડ તીરંદાજી (આર્ચરી) ઓલિમ્પિક્સમાં સામેલ થયું, કે તરત જ અન્ય ટીમોએ પણ તેની તૈયારી શરૂ કરી દીધી. ચીન, જે અગાઉ ક્યારેય વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ નહોતું રહ્યું, તેણે પણ શાનદાર પ્રદર્શન કરવાનું શરૂ કર્યું. આ વખતે તેઓ મહિલા ટીમ ઈવેન્ટની ફાઈનલમાં અને મિક્સ્ડ ટીમ ઈવેન્ટની સેમીફાઈનલમાં પહોંચ્યા હતા.

"અમારી ટીમ વધુ મજબૂત હતી કારણ કે અમે અહીં બરાબર એવું જ પ્રદર્શન કર્યું જેવું અમે પ્રેક્ટિસ દરમિયાન કરતા હતા," કોચે કહ્યું. જીવંજ્યોત થોડા સમય માટે કેનેડા ગયા હતા અને જ્યારે ટીમનું પ્રદર્શન નબળું પડવા લાગ્યું ત્યારે તેમને પાછા બોલાવવામાં આવ્યા. ૩૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા કોચે ખેલાડીઓ માટે લક્ષ્યાંકો અને ધ્યેયો નક્કી કર્યા.

પ્રેક્ટિસ દરમિયાન પણ, તેઓ ખેલાડીઓને '૧૦' અને 'X' (સૌથી અંદરનું વર્તુળ અથવા 'ઈનર ૧૦') સ્કોર કરવાનું કહેતા હતા. "હું તેમને કહેતો કે, 'જો તમે છ તીર છોડો, તો તે છ એ છ '૧૦' હોવા જોઈએ અને તેમાંથી ઓછામાં ઓછા ત્રણ 'X' હોવા જોઈએ.' પ્રેક્ટિસના અંતે, અમે નક્કી કરતા કે જે ખેલાડીઓ છ 'X' સ્કોર કરે તેઓ જ તે દિવસની પ્રેક્ટિસ પૂરી કરી શકે," તેમણે કહ્યું. હાઈ પરફોર્મન્સ ડિરેક્ટર ડેવ કઝિન્સે પણ પ્રક્રિયા અને સિમ્યુલેશન (વાસ્તવિક પરિસ્થિતિનું અનુકરણ) વિશે વાત કરી. તેમણે ઉમેર્યું કે તેઓએ એ પણ સુનિશ્ચિત કર્યું કે ખેલાડીઓ વિવિધ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરે. તીરંદાજો સોનીપતની ગરમ અને ભેજવાળી આબોહવાને ટેવાયેલા હતા. તેમના માટે સૌથી મોટો પડકાર ખૂબ ઠંડા અને વરસાદી દિવસો જેવી પરિસ્થિતિનું અનુકરણ કરવાનો હતો. "આજનો દિવસ ઘર જેવો લાગે છે, પરંતુ અહીં તાપમાન લગભગ ૧૦-૧૫ ડિગ્રી સેલ્સિયસ ઓછું છે," કઝિન્સે કહ્યું. તેમની પાસે તેનો પણ ઉકેલ હતો. દેશભરના વિવિધ કેન્દ્રોમાં તાલીમ દ્વારા તેમણે ખેલાડીઓને તે પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયાર કર્યા. મિશ્ર ટીમે આટલી વહેલી તકે ક્વોટા મેળવી લીધો હોવાથી, હવે ભારત માટે તે સ્પર્ધા પર ધ્યાન કેન્દ્રિત કરવું સરળ રહેશે. કોઈપણ બાબત નસીબ પર છોડવામાં આવી ન હતી. અહીંના ખોરાક સાથે અનુકૂલન સાધવું કેટલાક ખેલાડીઓ માટે થોડું મુશ્કેલ હતું, તેથી 'ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન' અને 'સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા'એ તેમને તે વ્યવસ્થા કરવામાં મદદ કરી. તેમણે તીરંદાજોને સ્પર્ધાના સ્થળની નજીક રહેવાની વ્યવસ્થા પણ કરી આપી હતી.

### પરફેક્ટ ૧૦ના શોટ્સ અને વર્લ્ડ રેકોર્ડની બરાબરી

# ભારતને સાતમો 'ગોલ્ડ', તીરંદાજીમાં ચીનને હરાવી મહિલાઓએ કરી કમાલ

## ભારતે ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો છે, આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણ ચંદ્રક આવી ગયો છે

નવી દિલ્હી, તા.૩૦ : એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૧મા દિવસે ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે અદ્‌ભુત પ્રદર્શન કરીને સમગ્ર દેશનું માથું ગર્વથી ઊંચું કરી દીધું છે. ફાઈનલના રોમાંચક જંગમાં ચીનની ટીમને હાર આપીને ભારતે ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો છે. આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણચંદ્રક આવી ગયો છે. ખિતાબી મુકાબલાની શરૂઆતથી જ ભારતીય મહિલા ખેલાડીઓએ ચીન પર દબાણ બનાવી દીધું હતું. પહેલા જ રાઉન્ડમાં ભારતની ત્રણેય તીરંદાજોએ અચૂક નિશાન સાધીને ૧૦-૧૦ના પરફેક્ટ શૉટ્સ ફટકાર્યા હતા. ચીને ફાઈનલ રાઉન્ડમાં ૧૦ના સ્કોરથી શરૂઆત કરી હતી, પરંતુ ત્યારબાદ બે વાર ૯નો સ્કોર થતાં તેઓ પાછળ ફેંકાઈ ગયા હતા. ભારતીય ટીમે સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦નો સ્કોર કરીને જીત નક્કી કરી હતી. અંતિમ ક્ષણોમાં પણ સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦નો સ્કોર સાધીને ભારતીય મહિલા ટીમે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી હતી અને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. ફાઈનલ પહેલાં સેમીફાઈનલમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે શ્વાસ થંભાવી દેનારી ટક્કર જોવા મળી હતી. અત્યંત કટોકટીના સમયે ભારતીય મહિલા ખેલાડીઓ ચિખિથા તનીપ્રથી, પ્રિતિકા પ્રદીપ અને જ્યોતિ સુરેખા વેન્નમની ત્રિપુટીએ અદ્‌ભુત સંયમ અને કૌશલ્ય દાખવ્યું હતું. દક્ષિણ કોરિયાની મજબૂત ટીમે આકરી નિશાનેબાજી કરી હતી, પરંતુ ચિખિથાની શાનદાર વાપસી, પ્રિતિકાના અચૂક નિશાના અને અનુભવી જ્યોતિ સુરેખાના આખરી ઓપના દમ પર ભારતે ૨૩૪-૨૩૩ના રોમાંચક માર્જિનથી કોરિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ચીન અને કોરિયા જેવા તીરંદાજીના મહારાથી દેશોને ધૂળ ચાટતી કરનાર ચિખિથા, પ્રિતિકા અને જ્યોતિ સુરેખાની આ સુવર્ણ ત્રિપુટીએ સાબિત કરી દીધું છે કે ભારતીય તીરંદાજી હવે વિશ્વની સર્વોચ્ચ શક્તિઓમાં સામેલ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક ગોલ્ડ મેડલથી દેશભરના રમતપ્રેમીઓમાં જશ્નનો માહોલ છવાઈ ગયો છે.

# એશિયાડમાં કચ્છી યુવતીએ ૧૦૦ મી. તથા ૨૦૦ મી. રેસમાં જીત્યા બે કાંસ્ય ચંદ્રક

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૩૦




જાપાનના નાગોયા શહેરમાં યોજાઈ રહેલ એશિયન્સ ગેમ્સ અંતર્ગત મીઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં યોજાયેલ ૨૦૦ મીટર દોડમાં તથા ૧૦૦x૪ રીલે મિક્સડ દોડમાં મૂળ કચ્છની હરિતા ભદ્રાએ બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

ભૂજથી આશરે ૭૫ કિ.મી. દૂર આવેલ નાનકડા રવા ગામ (તા.અબડાસા)ના મૂળ રહેવાસી કિર્તનભાઈ ભદ્રા (ભાનુશાલી)ની ૨૩ વર્ષીય પુત્રીને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં બબ્બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થતા કચ્છના ભાનુશાલી સમાજ સહિત સમગ્ર જિલ્લામાં ગર્વની લાગણી પ્રસરી છે.

ભાનુશાલી સમાજના અગ્રણી ગોવિંદભાઈએ 'ગુજરાત ટુડે'ને વિગતો આપતા જણાવ્યું હતું કે, હરિતા ભદ્રાનો પરિવાર મૂળ કચ્છનો છે તેમના દાદા રવા ગામમાં ખેડૂત હતા. તેમના પિતા કિર્તનભાઈ હાલે ઘાટકોપર (મુંબઈ)માં કાપડનો વ્યવસાય કરી રહ્યા છે. ગોવિંદભાઈએ કહ્યું કે, હરિતાને બચપનથી રમત-ગમત પ્રત્યે અનેરો લગાવ છે. તે સતત સખત મહેનત કરે છે, સંઘર્ષ કરે છે. તેનું સ્વપ્ન હતું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેને મેડલ પ્રાપ્ત થાય. હવે તેણીનું એ સ્વપ્ન પુરૂં થયું છે. અલબત્ત હજી વધુ મહેનત કરી આગળ વધી તેણી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાનું ધ્યેય ધરાવે છે. ૨૦૦ મીટર આ દોડમાં ગોલ્ડ મેડલ સિંગાપુરની શાંતિ પરેરા, સિલ્વર મેડલ ચીનની ચેન યુજીને અને બ્રોન્ઝ મેડલ હરિતા ભદ્રાને પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત ૧૦૦ મીટરx૪ રીલે મિક્સડ દોડમાં પણ હરિતા ભદ્રાએ વધુ એક કાંસ્ય ચંદ્રક મેળવેલ છે. ૧૦૦x૪ મિક્સડમાં ગુરીન્દર સિંહ, એભિષેક કુજુર, સ્નેહા સત્યનારાયણ, હરિતાના સાથી રહ્યા હતા. કચ્છી યુવતીએ એથ્લેટિક્સમાં બે કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધાર્યું છે.

# સંભલથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી : CEC જ્ઞાનેશ કુમાર સામે 'હિતોના સંઘર્ષ' અંગેની ચિંતાઓ

## ચૂંટણી પંચે સંભલમાં મતદારોને મતદાન કરતા રોકવાની ફરિયાદોને ફગાવી દીધી હતી; આ નિર્ણય રિટર્નિંગ ઓફિસર મનીષ બંસલના અહેવાલના આધારે લેવાયો હતો, જેઓ જ્ઞાનેશ કુમારના જમાઈ છે

(એજન્સી) તા.૩૦

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અન્ય ચૂંટણી કમિશનરોની જાણ કે સંમતિ વિના લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયોને કારણે તપાસના દાયરામાં છે; 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ની તપાસમાં આ બાબત સામે આવી છે. જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની બેન્ચ દ્વારા કુમારની પુત્રી અને નોઈડાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમને આપવામાં આવેલી રાહત અંગે પણ 'હિતોના સંઘર્ષ'ના પ્રશ્નો ઊભા થયા છે. આ ન્યાયાધીશના પુત્ર મધ્યપ્રદેશમાં ચૂંટણી પંચ માટે 'સ્ટેન્ડિંગ કાઉન્સેલ' (સરકારી વકીલ) તરીકે સેવા આપે છે. આ પહેલીવાર નથી કે જ્યારે કુમાર અને તેમના પરિવારને લઈને 'હિતોના સંઘર્ષ' અંગેની ચિંતાઓ સામે આવી હોય.



૭ મે, ૨૦૨૪ના રોજ લોકસભાની ચૂંટણી દરમિયાન ઉત્તરપ્રદેશના સંભલમાં મુસ્લિમ મતદારોને અનેક મતદાન મથકો પરથી બળજબરીથી બહાર કાઢવામાં આવતા હોવાના વીડિયો ફૂટેજ સામે આવ્યા હતા. આમાંના ઘણા મતદારો મહિલાઓ હતી, જેમણે જણાવ્યું હતું કે, પોલીસ અધિકારીઓએ તેમને મતદાન કરતા રોકવા માટે તેમની સાથે મારપીટ કરી હતી પરંતુ ચૂંટણી પંચે આ ફરિયાદો પર કોઈ કાર્યવાહી કરી નહીં. તેના બદલે પંચે રિટર્નિંગ ઓફિસરના નિવેદનનું સમર્થન કર્યું અને તે ગંભીર ફૂટેજને 'ખોટા' અને 'ગેરમાર્ગે દોરનારા' ગણાવ્યા.

સંભલમાં ચૂંટણીનું સંચાલન કરનાર રિટર્નિંગ ઓફિસર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મનીષ બંસલ હતા જેઓ તે સમયે ચૂંટણી કમિશનર તરીકે ફરજ બજાવતા હતા અને જ્ઞાનેશ કુમારના જમાઈ છે. ચૂંટણી પંચમાં મુખ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત અન્ય બે ચૂંટણી કમિશનરો હોય છે. તમામ નિર્ણયો સામૂહિક રીતે લેવાના હોય છે, જ્યારે સર્વસંમતિ ન હોય, ત્યારે બહુમતીથી નિર્ણય લેવાય છે. સંભલ મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર સાથેના વ્યક્તિગત સંબંધોને ધ્યાનમાં રાખીને કુમારે સંભલ અંગેની વિચાર-વિમર્શની પ્રક્રિયામાંથી પોતાને અલગ રાખ્યા હતા કે કેમ તે સ્પષ્ટ નથી.

**સંભલમાં હિંસા :**

૭ મેના રોજ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન યોજાયું હતું. સંભલમાં સમાજવાદી પાર્ટીના ઝિયા-ઉર-રહેમાન બર્ક અને ભારતીય જનતા પાર્ટીના પરમેશ્વર લાલ સૈની વચ્ચે મુકાબલો હતો. ઓવારી ગામના મતદાર, ૭૦ વર્ષીય બાનોએ જણાવ્યું હતું કે, હિંસાનો પ્રથમ દોર સવારે લગભગ ૧૦ વાગ્યે શરૂ થયો હતો. તેઓ મતદાન મથક પર હાજર હતા ત્યારે પોલીસ અધિકારીઓથી ભરેલી એક કાર ત્યાં આવીને અચાનક ઊભી રહી. પોલીસે મતદારો પર લાઠીચાર્જ કર્યો અને તેઓ ત્યાંથી ભાગી ગયા. પોતાના જમણા ગાલ પરનો સોજો અને ઘૂંટણ પરની ઈજા બતાવતા બાનોએ કહ્યું, એક પુરૂષ પોલીસકર્મીએ મને માર માર્યો હતો. મેં મારા જીવનભર મતદાન કર્યું છે પરંતુ આવું દૃશ્ય ક્યારેય જોયું નથી.

નજીકના શાહબાઝપુર ગામમાં, ૩૮ વર્ષીય સકીનાએ પણ આવી જ હિંસાની ઘટના વર્ણવી હતી. તેમણે કહ્યું, જ્યારે તેઓ પુરૂષોને માર મારવા લાગ્યા, ત્યારે હું ત્યાં જ ઊભી રહી; મને લાગ્યું કે તેઓ કદાચ મહિલાઓ સાથે આવું નહીં કરે પરંતુ મહિલાઓને પણ માર મારવામાં આવ્યો હતો. આ આક્ષેપોની પુષ્ટિ ઓનલાઈન શેર કરાયેલા વીડિયો અને 'ધ ક્વિન્ટ', 'ન્યૂઝલોન્ડ્રી' અને 'કારવા' (Caravan) જેવી ન્યૂઝ વેબસાઈટ્સના અહેવાલો દ્વારા કરવામાં આવી હતી.

ઓવારીમાં એક વીડિયોમાં મતદારો બૂથ પરથી ભાગતા જોવા મળ્યા હતા, જ્યારે બહાર રહેલા પોલીસ અધિકારીઓ તેમનો પીછો કરી રહ્યા હતા, લાઠીઓ મારી રહ્યા હતા અને તેમના હાથમાંથી કાગળના ટુકડા છીનવી રહ્યા હતા. સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય પિંકી સિંહ યાદવ દ્વારા શેર કરાયેલા અન્ય એક વીડિયોમાં પોલીસ અધિકારીઓ મતદાન કેન્દ્રની અંદર મતદારો પર લાઠીચાર્જ કરતા જોવા મળ્યા હતા. નજીકના શાહબાઝપુર મતદાન કેન્દ્રના એક વીડિયોમાં મહિલા મતદારો બૂથ છોડીને જતી જોવા મળી હતી, જ્યારે ડઝનબંધ પોલીસ અધિકારીઓ લાઠીઓ સાથે ત્યાં ઊભા હતા. વીડિયો રેકોર્ડ કરનાર વ્યક્તિ કહે છે, તેઓ તેમને મતદાન કરવા દેતા નથી. તેઓ તેમને મારી રહ્યા છે અને ધક્કો મારીને બહાર કાઢી રહ્યા છે. ચૂંટણી પંચના બૂથ-સ્તરના સત્તાવાર આંકડા દર્શાવે છે કે, અગાઉની ચૂંટણીઓમાં આ બંને ગામોએ સમાજવાદી પાર્ટીને જંગી સમર્થન આપ્યું હતું.

આવી પરિસ્થિતિઓમાં આગળ શું પગલાં લેવા તે અંગે કાયદો સ્પષ્ટ છે. 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧'ની કલમ ૫૭ મુજબ જો હિંસાને કારણે ચૂંટણીમાં અવરોધ ઊભો થાય, તો રિટર્નિંગ ઓફિસરે મતદાનને પછીની તારીખ સુધી મુલતવી રાખવું પડે છે. સંભલમાં મતદાન મુલતવી રાખવાને બદલે રિટર્નિંગ ઓફિસર મનીષ બંસલે જણાવ્યું હતું કે, તેમણે ઓવારીના એક વીડિયોની તપાસ કરી હતી અને તેમાં જાણવા મળ્યું હતું કે, બૂથની અંદર બિનજરૂરી રીતે મોટી સંખ્યામાં લોકો હાજર હતા. પોલીસ અધિકારીઓએ માત્ર તેમને ત્યાંથી બહાર કાઢ્યા હતા અને લાઈનો બનાવીને મતદાન પ્રક્રિયા હાથ ધરી હતી.

બીજા દિવસે સવારે બંસલના નિવેદનના આધારે ચૂંટણી પંચે ટ્વિટ કર્યું કે ઓવારીમાં મતદારોને મતદાન કરતા રોકવાના દાવા 'ખોટા' અને 'ગેરમાર્ગે દોરનારા' હતા. કોઈપણ મતદારને તેમનો મત આપવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા ન હતા.

આ ઘટનાક્રમની આ શ્રેણી કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા કરે છે.

ભારતના ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂંટણી કમિશનરોનો સમાવેશ થાય છે. 'ચૂંટણી પંચ (ચૂંટણી કમિશનરોની સેવાની શરતો અને કામકાજનું સંચાલન) અધિનિયમ, ૧૯૯૧' મુજબ ચૂંટણી પંચ નિર્ણય લઈ શકે છે પરંતુ જો મતાંતર હોય, તો તે બાબતનો નિર્ણય બહુમતીના અભિપ્રાય મુજબ લેવામાં આવશે.

૭ મેના રોજ સંભલ હિંસા અંગે બંસલનું નિવેદન ત્રણ કમિશનરો સમક્ષ રજૂ થયું હશે. તેમાંથી એક, કુમાર, બંસલની પત્ની મેધા રૂપમનાં પિતા હતા. બંસલ અને રૂપમ બંને ઉત્તરપ્રદેશ કેડરના ભારતીય વહીવટી સેવા (IAS)ના અધિકારીઓ છે.

શું બંસલના સસરા કુમારે સંભલ અંગેની વિચારણાની પ્રક્રિયામાંથી પોતાને અલગ રાખ્યા હતા ? શું કુમારે એ વાત જાહેર કરી હતી કે, રિટર્નિંગ ઓફિસર તેમના સંબંધી છે ? જો નહીં, તો શું કુમારે બંસલના સમર્થનમાં મત આપ્યો કે તેની વિરુદ્ધમાં ? આ એક મહત્ત્વપૂર્ણ કિસ્સો છે જ્યાં પારિવારિક સંબંધો અને બંધારણીય જવાબદારીઓ વચ્ચે ટકરાવ જોવા મળે છે. ચૂંટણી પંચમાં હિતોના સંઘર્ષ અંગે કોઈ ચોક્કસ કાયદા કે નિયમો નથી પરંતુ તેના અધિકારીઓ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે કાયદેસર રીતે ફરજ પર હોય છે.

# હૈદરાબાદમાં એક વ્યક્તિએ માંસની દુકાન બળજબરીથી બંધ કરાવી; ફરિયાદ નોંધાય તો પોલીસ કાર્યવાહી કરશે

(એજન્સી) હૈદરાબાદ, તા.૩૦

સોમવાર, ૨૮ સપ્ટેમ્બરના રોજ શેકપેટ (Shaikpet) વિસ્તારમાં એક વ્યક્તિએ બીફ (ગોમાંસ) વેચતી દુકાન બળજબરીથી બંધ કરાવી દીધી હતી. તેણે દાવો કર્યો હતો કે શાળાના ૧૦૦ મીટરના દાયરામાં માંસની દુકાનો ચલાવવી જોઈએ નહીં.



ટોલીચોકીના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) સૈયદ ફિયાઝે જણાવ્યું હતું કે શાળાઓની નજીક પાનની દુકાનો ચલાવવા પર પ્રતિબંધ છે; જો કે, માંસની દુકાનો માટે આવો કોઈ નિયમ લાગુ પડતો નથી.

તેમણે કહ્યું કે ફરિયાદ નોંધાયા બાદ કાર્યવાહી કરવામાં આવશે. ACPએ 'Siasat.com'ને કહ્યું, 'ભલે ફરિયાદ નોંધાય નહીં, તેમ છતાં તમામ વિગતોની ચકાસણી કર્યા પછી અમે 'સુઓ મોટુ' (સ્વયં સંજ્ઞાન લઈને) કાર્યવાહી કરીશું.'

આ વિસ્તારનો અધિકારક્ષેત્ર ધરાવતી ગોલકોંડા પોલીસે જણાવ્યું હતું કે તેમને અત્યાર સુધી કોઈ ફરિયાદ મળી નથી.

ટોલીચોકીના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) સૈયદ ફિયાઝે જણાવ્યું હતું કે શાળાઓની નજીક પાનની દુકાનો ચલાવવા પર પ્રતિબંધ છે; જો કે, માંસની દુકાનો માટે આવો કોઈ નિયમ લાગુ પડતો નથી.

તેમણે કહ્યું કે ફરિયાદ નોંધાયા બાદ કાર્યવાહી કરવામાં આવશે. ACPએ 'Siasat.com'ને કહ્યું, 'ભલે ફરિયાદ નોંધાય નહીં, તેમ છતાં તમામ વિગતોની ચકાસણી કર્યા પછી અમે 'સુઓ મોટુ' (સ્વયં સંજ્ઞાન લઈને) કાર્યવાહી કરીશું.'

દરમિયાન, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ કહ્યું કે આ ઘટના હૈદરાબાદમાં સાંપ્રદાયિક સૌહાર્દને ડહોળવાનો પ્રયાસ હતો. MLC રિયાઝુલ હસન અફંદીએ સંપથ મુધિરાજ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# 'જેન આલ્ફાને રોકવાનો પ્રયાસ ?' : અંડર-૧૮ માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાના સરકારના વિચાર પર CJPના સવાલ

## 'ઓનલાઈન સુરક્ષાના નામે સગીરો પર પ્રતિબંધ કાગળ પર વ્યાજબી લાગી શકે છે; પરંતુ શું તેની પાછળ અન્ય કોઈ હેતુ છે -જેન ઝેડે જે કર્યું તે જેન આલ્ફાને કરતા રોકવાનો ? તે પૂછવું વ્યાજબી છે,' CJPના સ્થાપક અભિજીત દીપકેએ જણાવ્યું

(એજન્સી) તા.૩૦

કેન્દ્ર સરકાર દ્વારા ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ ખોલવા પર પ્રતિબંધ મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ આ પગલાં સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે આ નિયમો પાછળ યુવા પેઢીને ઓનલાઈન સત્તાધીશો સામે અવાજ ઉઠાવતા રોકવાનો હેતુ હોઈ શકે છે.



ટામ્સ નાઉના એક અહેવાલનો હવાલો આપતા અભિજીત દીપકેએ X (ટ્વિટર) પર લખ્યું હતું કે, આટલા વર્ષો સુધી ભાજપે મુખ્ય પ્રવાહના મીડિયા અને વોટ્સએપ દ્વારા પોતાના વિમર્શ (નેરેટિવ) પર નિયંત્રણ રાખ્યું હતું, પરંતુ ઈન્સ્ટાગ્રામએ એક અલગ યુદ્ધમેદાન છે. તેમણે ઉમેર્યું કે, 'જેન ઝેડ' (Gen Z)એ રાજકીય પ્રોપેગંડા પર સવાલો ઉઠાવવા, મજાક ઉડાવવા અને પડકારવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યો હતો અને હવે 'જેન આલ્ફા' (Gen Alpha) પણ ડિજિટલ દુનિયામાં સક્રિય થઈ રહી છે.

દીપકેએ વધુમાં જણાવ્યું હતું કે, ૧૫ અને ૧૬ વર્ષના કિશોરો પણ સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સત્તામાં બેઠેલા લોકોની ખુલ્લેઆમ ટીકા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ઓનલાઈન સુરક્ષાના નામે લાવવામાં આવતા પ્રતિબંધો પાછળ જેન આલ્ફાને જેન ઝેડના રસ્તે ચાલતી રોકવાનો છૂપો ઈરાદો હોઈ શકે છે. તેમણે સરકારને સલાહ આપી હતી કે સમગ્ર પેઢીનો અવાજ દબાવવાને બદલે ઓનલાઈન ગર્લ્સને હેરાન કરતા એકાઉન્ટ્સ સામે કડક કાર્યવાહી કરીને ઈન્ટરનેટને સુરક્ષિત બનાવવું જોઈએ.

બીજી તરફ, સર્વોચ્ચ અદાલતમાં 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ' નામની NGO દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન આ મુદ્દો સામે આવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે કેન્દ્ર સરકારને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે ૧૮ વર્ષની લઘુત્તમ વયમર્યાદાના નિયમો લાગુ કરવા વિચારણા કરવા જણાવ્યું હતું. આ અરજીમાં બાળકો સાથે ઓનલાઈન શોષણ, સાયબર બુલિંગ, ગેરકાયદેસર ડેટા પ્રોફાઈલિંગ અને અયોગ્ય કન્ટેન્ટ જેવા જોખમો સામે રક્ષણની માંગ કરવામાં આવી છે. કોર્ટમાં સરકારનો પક્ષ રજૂ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સરકાર સગીરોની સુરક્ષા માટે આઈટી નિયમો, ૨૦૨૧માં સુધારો કરવા અને જરૂરી કાનૂની જોગવાઈઓ દાખલ કરવા માટે સંપૂર્ણ તૈયાર છે. આ મુદ્દે ટૂંક સમયમાં યોગ્ય કાયદાકીય કદમ ઉઠાવવામાં આવશે.

# બાંગ્લાદેશ મોકલાયા બાદ મહિનાઓથી ગુમ : કોર્ટે વિદેશી નાગરિક હોવાનો ચુકાદો રદ કર્યા પછી આસામની મહિલાનો પરિવાર તેની વાપસીની રાહ જોઈ રહ્યો છે

(એજન્સી) તા.૩૦

ગૌહાટી હાઈકોર્ટે મુમતાઝ બેગમને વિદેશી નાગરિક જાહેર કરતો ચુકાદો રદ કર્યો હોવા છતાં બાંગ્લાદેશમાં તેમની શોધખોળ ચાલી રહી છે. આસામની રહેવાસી ૪૩ વર્ષીય મુમતાઝ બેગમને જૂન મહિનામાં સરહદ પાર બાંગ્લાદેશ મોકલી દેવામાં આવી હતી અને ત્યારથી તેઓ ગુમ છે.

'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના અહેવાલ મુજબ બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયના અધિકારીઓ મુમતાઝને શોધવાનો પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ રવિવાર સુધી તેમની પાસે તેમના વિશે કોઈ માહિતી નહોતી.

મંત્રાલયના રાજકીય અને ઈમિગ્રેશન વિભાગના અધિક સચિવ ડૉ. ઝિયાઉદ્દીન અહેમદે જણાવ્યું હતું કે, આ મામલો ૨૭ સપ્ટેમ્બરે પોલીસ અને અન્ય વિભાગોને સોંપવામાં આવ્યો હતો.

આ ઘટનાક્રમ ગૌહાટી હાઈકોર્ટ દ્વારા ૩ સપ્ટેમ્બરે વિદેશ મંત્રાલયને આપવામાં આવેલા નિર્દેશ બાદ સામે આવ્યો છે, જેમાં કોર્ટે મંત્રાલયને 'બાંગ્લાદેશમાં મુમતાઝને શોધવાનો અને તેમને પાછા લાવવાનો પ્રયાસ કરવા' કહ્યું હતું.

કોર્ટે આસામ સરકારને તેમના પતિ મુઝમ્મેલ હકને ૨ લાખ રૂપિયાનું વચગાળાનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે, તેમને 'તેમના પતિ અથવા પરિવારના કોઈ પુખ્ત સભ્યને જાણ કર્યા વિના દેશનિકાલ કરવામાં આવ્યા હતા.'

કોર્ટે અવલોકન કર્યું હતું કે, ફોરેનર્સ ટ્રિબ્યુનલે મુમતાઝને આદેશને પડકારતા રોકવા માટે તેના અભિપ્રાયની પ્રમાણિત નકલ જારી કરવામાં 'જાણીજોઈને અને ઈરાદાપૂર્વક વિલંબ' કર્યો હતો.

નાગાંવની રહેવાસી મુમતાઝને ફોરેનર્સ ટ્રિબ્યુનલ દ્વારા વિદેશી નાગરિક જાહેર કરવામાં આવી હતી. જો કે, ગૌહાટી હાઈકોર્ટે ટ્રિબ્યુનલના અભિપ્રાયને રદ કર્યો અને પુનઃવિચારણા કરવાનો આદેશ આપ્યો. કોર્ટે ટ્રિબ્યુનલ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓના મૂલ્યાંકનમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું.

આ પુરાવાઓમાં ૧૯૬૫ અને ૧૯૭૦ની મતદાર યાદીમાં તેમના દાદાના નામ, તેમના પિતાની ૧૯૭૭ની મતદાર યાદીની નોંધ અને મતદાર ઓળખપત્ર, ગાંવબુરાહ (ગ્રામ વડા) અને ગ્રામ પંચાયતના પ્રમાણપત્રો, શાળાનું ટ્રાન્સફર સર્ટિફિકેટ અને જમીનના રેકોર્ડનો સમાવેશ થતો હતો. અદાલતે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, ભારતીય ભૂમિ પર રહેતા લોકોને પણ મૂળભૂત માનવ અધિકારો લાગુ પડે છે. કોર્ટે આસામ પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને નિર્દેશ આપ્યો હતો કે, વિદેશી નાગરિક જાહેર કરાયેલા લોકોને ટ્રિબ્યુનલના આદેશો વિશે જાણ કરવામાં આવે અને તેમને તેમના જિલ્લાની બહાર ખસેડતા પહેલા તેમના પુખ્ત વયના પરિવારના સભ્યોને જાણ કરવામાં આવે.

કોર્ટે મુમતાઝને ભારતની બહાર મોકલવાની પ્રક્રિયાની ટીકા કરતા કહ્યું કે, તેમને હાઈકોર્ટ સમક્ષ 'ફોરેનર્સ ટ્રિબ્યુનલ'ના અભિપ્રાયને પડકારવાની તક આપવામાં આવી ન હતી.

મુમતાઝ ૩૦ મેના રોજ તેમના વકીલ સાથે ફોરેનર્સ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થયાં હતાં, ત્યારબાદ તેમને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ૪થી ૧૩ જૂન દરમિયાન તેમને જુરીયા અને નાગાંવ સદર પોલીસ સ્ટેશન, ગોલપારામાં માટિયા હોલ્ડિંગ સેન્ટર અને શ્રીભૂમિમાં એરાલીગુલ હોલ્ડિંગ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

બીએસએફ (BSF)ના જણાવ્યા અનુસાર ૧૩ જૂને તેમને દળને



સોંપવામાં આવ્યાં હતાં અને બીજા દિવસે કાચરના કલાઈનચેરા થઈને બાંગ્લાદેશ મોકલી દેવામાં આવ્યાં હતાં.

ત્યારથી તેમના ઠેકાણા વિશે કોઈ માહિતી મળી નથી.

ભારતમાં તેમના વિશે કોઈ માહિતી ન હોવાથી, બાંગ્લાદેશમાં પત્રકારો, માનવાધિકાર કાર્યકરો, અધિકારીઓ અને સુરક્ષા તંત્રના સભ્યોએ તેમને શોધવાના પ્રયાસો શરૂ કર્યા; ખાસ કરીને સિલહટ અને તેની આસપાસના વિસ્તારોમાં, જ્યાં તેમને લઈ જવામાં આવ્યા હોવાની શક્યતા હતી.

૨૨ સપ્ટેમ્બરના રોજ બંગાળી અખબારોમાં મુમતાઝનો ફોટો અને તેમની ઓળખની વિગતો (જેમાં 'ફોરેનર્સ આઈડેન્ટિફિકેશન પોર્ટલ ID'નો સમાવેશ થાય છે) સાથેની એક અપીલ પ્રકાશિત કરવામાં આવી હતી.

બંગાળી દૈનિક 'માનવ કંઠ' (Manob Kantha) એ પણ તેમનો ફોટો પ્રકાશિત કર્યો હતો અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવી રહેલી શોધખોળ અંગે અહેવાલ આપ્યો હતો.

આ કેસ આસામની ફોરેનર્સ ટ્રિબ્યુનલ્સની વધતી જતી ટીકા વચ્ચે સામે આવ્યો છે. નાગરિકતાની કાર્યવાહીમાં બંગાળી ભાષી મુસ્લિમોને અપ્રમાણસર રીતે નિશાન બનાવવામાં આવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે અને અધિકારો માટે કામ કરતા જૂથો તથા નાગરિક સમાજના સંગઠનો પૂરતી નોટિસ, કાનૂની ઉપાયોની સુલભતા અને યોગ્ય કાનૂની પ્રક્રિયા વિના લોકોને અટકાયતમાં લેવા અને દેશનિકાલ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

આસામની ટ્રિબ્યુનલ્સે છેલ્લા ચાર વર્ષમાં લગભગ ૧,૩૦,૦૦૦ લોકોની ભારતીય નાગરિકતા રદ કરી છે.

ટીકાકારોનો આરોપ છે કે, વિદેશી જાહેર કરાયેલા લોકોને ઘણીવાર ટ્રિબ્યુનલના નિર્ણયોને પડકારવાની અર્થપૂર્ણ તક મળતા પહેલા જ અટકાયતમાં લેવામાં આવે છે અને દેશનિકાલ કરવામાં આવે છે, જેનાથી તેમના બંધારણીય અને કાનૂની અધિકારોના ઉલ્લંઘન અંગે ચિંતા ઊભી થાય છે. જુલાઈ ૨૦૨૫માં નેશનલ લૉ સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી અને ક્વીન મેરી યુનિવર્સિટી ઓફ લંડને આસામના 'ફોરેનર્સ ટ્રિબ્યુનલ્સ' (વિદેશી નાગરિકો માટેની ટ્રિબ્યુનલ) અને ભારતના નાગરિકત્વ અંગેના નિર્ણયની પ્રક્રિયાના અભ્યાસમાં વ્યાપક મનસ્વીપણું નોંધ્યું હતું; જેમાં દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢવા તેમજ ખોટી રીતે નિશાન બનાવવાની સામે કાનૂની સુરક્ષાના અભાવ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

# થાણેના વૃદ્ધાશ્રમમાં વિનોદ કાંબલીને ઘર જેવો જ અનુભવ થાય છે : વાઈરલ વીડિયોમાં ક્રિકેટરનો ખુલાસો

## એક વીડિયોમાં આ પૂર્વ સ્ટાર ક્રિકેટરે કહ્યું કે, તેઓને અહીં રહેતા ક્યારેય એવું નથી લાગતું કે હું ઘરથી દૂર છું

(એજન્સી) તા.૩૦

સચિન તેંડુલકરના બાળપણના મિત્ર અને ભારતના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી સ્વાસ્થ્ય અને વ્યક્તિગત મુશ્કેલીઓને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી ચર્ચામાં રહ્યા છે. તાજેતરમાં બે દિવસ પહેલા સામે આવેલા એક વીડિયોને કારણે તેઓ ફરી ચર્ચામાં આવ્યા છે, જેમાં મહારાષ્ટ્રના થાણેમાં આવેલા એક વૃદ્ધાશ્રમ (એલ્ડર-કેર સેન્ટર)માં ૫૪ વર્ષીય કાંબલી બે વ્યક્તિના રૂમમાં રહેતા જોવા મળ્યા હતા.

'નિદાન સેન્ટર ફોર એલ્ડર કેર' (NIDAN Centre for Elder Care) દ્વારા જાહેર કરાયેલા એક સત્તાવાર વીડિયોમાં કાંબલીએ આ સુવિધા વિશે વાત કરી હતી, જેનાથી લોકોનું ધ્યાન પડ્યું હતું. તેમણે કહ્યું કે, ''હું હાલમાં 'નિદાન' ખાતે સારવાર લઈ રહ્યો છું. અહીંની સુવિધાઓ ઉત્તમ છે. અહીંની સ્વચ્છતા અને અન્ય તમામ બાબતો ખૂબ સારી છે. અહીં રહેતા મને ક્યારેય એવું નથી લાગતું કે હું ઘરથી દૂર છું. મને અહીંના લોકો તરફથી ખૂબ પ્રેમ અને આદર મળે છે.



થાણેની નજીકની હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તેમને આ વૃદ્ધાશ્રમમાં દાખલ કરવામાં આવ્યા હતા. 'નિદાન'ના સ્થાપક ડૉ. મહેશ નાઈકે જણાવ્યું હતું કે, કાંબલીને તેમના રોજિંદા જીવનમાં મદદ કરવા અને સાથે સાથે તેમના વાતાવરણમાં ફેરફાર પૂરો પાડવા માટે આ કેન્દ્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શૈલેષ અગ્રવાલ, જેઓ કાંબલીના લાંબા સમયથી ડોક્ટર છે, તે મારા મિત્ર છે. હોસ્પિટલમાં સારવાર બાદ અગ્રવાલે તેમને મારા કેન્દ્રમાં મોકલ્યા હતા કારણ કે તેઓ ખાવા-પીવાનો ઈનકાર કરી રહ્યા હતા. તેથી, અમે તેમને અહીં લાવ્યા છે. વાતાવરણમાં ફેરફાર તેમને વર્તમાન પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવામાં મદદ કરશે. ૨૩ સપ્ટેમ્બરે, અમે તેમને અમારા માટે એક રિવ્યુ વીડિયો બનાવવાનું કહ્યું હતું. તેમણે માત્ર મજાક-મસ્તીમાં તે કર્યું હતું, અને તે વીડિયો વાયરલ થઈ ગયો. તેમણે અમારા કેન્દ્રમાં મદદ કરવાની પણ સ્વૈચ્છિક તૈયારી દર્શાવી છે. NIDANના સ્ટાફે જણાવ્યું હતું કે કાંબલી દિવસ દરમિયાન દિનચર્યાના કડક નિયમોનું પાલન કરે છે અને તેમને વ્યસ્ત રાખવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

NIDANમાં કાંબલીની દેખરેખ રાખનાર અને તેમના સેક્રેટરી રંજના યોગેશ દવનેએ કહ્યું, ''કાંબલીજીની સારી રીતે સંભાળ રાખવામાં આવી રહી છે. તેમના દિવસની શરૂઆત સવારની વોક સાથે થાય છે અને ત્યારબાદ નાસ્તો કર્યા પછી, અમે નિયમિત તબીબી તપાસ માટે ગયા હતા. ત્યારબાદ યોગ અને પછી બપોરનું ભોજન લેવામાં આવ્યું હતું. સાંજે અમે ગાયન સત્ર અને ફિઝિયોથેરાપીનું આયોજન કર્યું હતું. તેમણે ખૂબ જ ઉત્સાહ સાથે દરેક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.

તેઓ ઘણીવાર તેમના સાથી ખેલાડી, ૭૦ વર્ષીય લક્ષ્મી નારાયણ સાથે મેદાન પરની પોતાની સિદ્ધિઓની વાતો કરે છે, જેમ કે પાકિસ્તાનના ઈકબાલ સિકંદર સામે તેમણે ફટકારેલી પહેલી સિક્સર. તેમને પોતાની સદીઓ અને બેવડી સદીઓ યાદ છે; ખાસ કરીને ૧૯૯૨-૯૩ની શ્રેણીમાં ઈંગ્લેન્ડ સામે બનાવેલા ૨૨૭ રન ભારતની બેટિંગ સિદ્ધિઓમાં આજે પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ત્રણ અઠવાડિયાના રોકાણ બાદ ગયા અઠવાડિયે ગણેશ પૂજા માટે કાંબલી જ્યારે કેન્દ્ર છોડીને ઘરે ગયા, ત્યારે ડૉ. નાઈકે કહ્યું કે, ''આપણી વચ્ચે એક દિગ્ગજ ખેલાડી છે. તેઓ આપણા માટે એક આદર્શ છે. અમે તેમને જીવનભર અહીં રાખવા માંગીએ છીએ. જ્યારે પણ તેમને ઈચ્છા થાય, અથવા જ્યારે પણ તેઓ આરામ કરવા કે વાતાવરણ બદલવા માંગતા હોય, ત્યારે તેઓ અહીં આવીને રહી શકે છે. અહીં તેમનું હંમેશા સ્વાગત છે.

અંકલેશ્વરમાં કોમન ફેસિલિટી Vs કોમન ફેસિલિટી ? : જગજાહેર

# ઉદ્યોગ અગ્રણીઓની આંતરિક ખેંચતાણ : જેની અસર હવે Narmada Clean Techના Expansion પર પડે તેવી ભીતિ

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૩૦

ETLની ઘટના બાદ કેટલાક ઉદ્યોગ અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલી જાહેર ટિપ્પણીઓએ ઉદ્યોગ જગતમાં ચાલી રહેલા મતભેદો અને અલગ-અલગ દૃષ્ટિકોણો હાલ ચર્ચામાં છે.

આ પરિસ્થિતિમાં એક સ્વાભાવિક સવાલ છે - શું ઉદ્યોગ જગતની આંતરિક ખેંચતાણની અસર હવે Narmada Clean Techના Expansion પર પણ જોવા મળશે ? અને આનો જવાબ સમય જ આપશે.

જે રીતે ઉદ્યોગ અગ્રણીઓ તથા માંધાંતાઓ જ કોમન ફેસિલિટી માટે આક્ષેપ, પ્રતિ આક્ષેપ કરવામાં જોતરાયા છે. ત્યારે Narmada Clean Techના ૧૦ કિમી.ના રેડિઅસમાં આવતા વિસ્તારોની પ્રજા આ સમગ્ર ઘટનાક્રમો જોઈ રહી છે. ઉદ્યોગ અગ્રણીઓ વચ્ચેના આંતરિક રાજકારણ, એકબીજા વચ્ચેનો "સહયોગ" કે "વિકાસ"ની પરિભાષા હવે સ્પષ્ટ થતી જાય છે.

કોમન ફેસિલિટીઓ અંગે ઉદ્યોગ જગતમાં કોઈ મતભેદ હોય તો તેનો અંતિમ નિર્ણય તથ્યો, વૈજ્ઞાનિક મૂલ્યાંકન, નિયમો અને જાહેર હિતના આધારે થવો જોઈએ. નહીં કે આક્ષેપ, પ્રતિ આક્ષેપ થકી.

જો ETL જેવી કોમન ફેસિલિટી અંગે ઉદ્યોગ અગ્રણીઓ પોતે જ સલામતી, પર્યાવરણ અને જવાબદારી અંગે પ્રશ્નો ઉઠાવે છે, તો એ જ માપદંડો અન્ય તમામ કોમન ફેસિલિટીઓ માટે પણ લાગુ થવા જોઈએ.

ખેર આંતરિક રાજકારણને ભાપી ગયેલ આસપાસના ગામોની પ્રજા હવે NCTના એક્સપાન્શનના Public Hearingમાં સમર્થનમાં હોય કે વિરોધમાં તે હવે મહત્વનું બન્યું છે.

અંકલેશ્વર દેશના મહત્ત્વના ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. ઉદ્યોગો રોજગાર અને અર્થતંત્ર માટે જરૂરી છે, પરંતુ ઉદ્યોગ સાથે પર્યાવરણ અને જાહેર સલામતી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

ETLની ઘટના પછી ઉદ્યોગ જગતમાંથી જ ઊભા થયેલા સવાલોએ હવે એક મોટો પ્રશ્ન સામે મૂક્યો છે - "મોટો ઉદ્યોગ હોય કે નાનો ઉદ્યોગ, કોમન ફેસિલિટી હોય કે અન્ય ઔદ્યોગિક એકમ -શું પર્યાવરણ અને સલામતીના માપદંડ ખરેખર સૌ માટે એકસરખા છે ?"

આ જ પ્રશ્ન હવે Narmada Clean Techના Expansion ના Public Hearingમાં પણ મહત્ત્વનો બની શકે છે.આગામી દિવસોમાં જોવામાં આવશે કે ઉદ્યોગોની આંતરિક ખેંચતાણ, ETLની ઘટના બાદ ઊભી થયેલી ચર્ચા અને સ્થાનિક પ્રજાની જાગૃતિનો NCT Expansionના Public Hearing પર શું પ્રભાવ પાડી શકે છે.પરંતુ એક વાત નિશ્ચિત છે - અંકલેશ્વરના વિકાસ સાથે પર્યાવરણની સુરક્ષા અને પ્રજાનો અવાજ પણ સહયોગીઓના વિકાસની જ પ્રક્રિયાનો અભિન્ન ભાગ હોવો જોઈએ.

# કુખ્યાત રવિ પૂજારી ગેંગનો સાગરીત ૨૩ વર્ષ બાદ મુંબઈથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૦

વડોદરાનો ૨૩ વર્ષ જૂનો લૂંટનો કેસ આખરે ફરી જીવંત બન્યો. વડોદરા ગ્રામ્ય એસઓજીની ટીમે મુંબઈના બાંદ્રામાં હોવાની ચોક્કસ માહિતીના આધારે કરજણની રૂા.૧૨.૬૩ લાખની લૂંટના કેસમાં ૨૩ વર્ષથી ફરાર રવિ પૂજારી ગેંગના કુખ્યાત રમેશ કિટ્ટા પુજારીને મુંબઈથી ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ૧૧ મે, ૨૦૦૩ના રોજ કરજણ તાલુકાના ગણપતપુરા ગામની સીમમાં ટ્રકને ઓવરટેક કરી રોકી હતી. ચપ્પુ બતાવી ટ્રકચાલકના હાથ બાંધી તથા મોઢે પટ્ટો બાંધી તેને બેભાન કરી દેવાયો હતો. ત્યારબાદ ટ્રકમાં ભરેલી ૯ ટન ૩૭૩ કિલોગ્રામ તાંબાની કૉયલ લૂંટી લેવામાં આવી હતી, જેની કિંમત તે સમયે રૂા.૧૨.૬૩ લાખ હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું હતું. આ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં રમેશ કિટ્ટા પુજારી છેલ્લા ૨૩ વર્ષથી પોલીસની પકડથી દૂર હતો. દરમિયાન આરોપી મુંબઈમાં હોવાની માહિતી મળતાં ટીમે બાંદ્રામાં કાર્યવાહી કરી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસ રેકોર્ડ મુજબ, રમેશ પુજારી અગાઉ પણ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું નોંધાયું છે. પોલીસના જણાવ્યા પ્રમાણે તે આંતરરાજ્ય ગેંગનો સાગરિત છે અને અગાઉ બોરસદ ટાઉનમાં ફાયરિંગ તથા હત્યાના પ્રયાસના ગુનામાં રવિપ્રકાશ સુલિયા પુજારી ઉર્ફે રવિ પુજારી સાથે ઝડપાયો હતો. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેની સામે લૂંટ, હત્યાના પ્રયાસ અને હથિયાર સંબંધિત સહિતના ગુનાઓ નોંધાયેલા છે.

# આણંદથી AMR સામે દેશવ્યાપી જાગૃતિ અભિયાનનો શંખનાદ, ૧૦ હજાર વિદ્યાર્થીઓ જોડાયા

## ૨ હજારથી વધુ ભાવિ ફાર્માસિસ્ટોની રેલીથી એન્ટિબાયોટિક્સના તર્કસંગત ઉપયોગનો સંદેશ

(સાંવાદાતા દ્વારા)
આણંદ, તા.૩૦

વિશ્વ ફાર્માસિસ્ટ ડે અને નેશનલ ફાર્મસી વીક - ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત આણંદમાંથી એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) સામે દેશવ્યાપી જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. અભિયાનમાં કોલેજ સ્તરે આશરે ૧૦ હજાર વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયા હતા, જેમાંથી ૧,૨૦૦ ચુનંદા વિદ્યાર્થીઓને મુખ્ય કાર્યક્રમ માટે પસંદ કરાયા હતા. ૯૦થી વધુ ફાર્મસી શિક્ષણવિદોએ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કર્યું હતું, જ્યારે વૃંદાવન ગ્રાઉન્ડથી સરદાર પટેલ યુનિવર્સિટી સુધી યોજાયેલી AMR જાગૃતિ રેલીમાં ૨ હજારથી વધુ ભાવિ ફાર્માસિસ્ટો જોડાયા હતા. આણંદથી શરૂ થયેલી આ પહેલને આગામી તબક્કે દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ૪૦થી વધુ જાગૃતિ કાર્યક્રમો માટે મોડેલ તરીકે આગળ ધપાવવાનો ઉદ્દેશ છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ મોન્ટુકુમાર પટેલ અને ઉપપ્રમુખ જશુભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ યોજાયેલા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ AMRના વધતા પડકાર અંગે જાગૃતિ ફેલાવવા તેમજ એન્ટિબાયોટિક્સનો જવાબદાર અને તર્કસંગત ઉપયોગ કરવા અંગે લોકો સુધી સંદેશ પહોંચાડવાનો હતો. કરમસદ-આણંદ મહાનગરપાલિકાના મેયર દિપીકાબેન પટેલ, ડેપ્યુટી મેયર કમલેશ ડાભી, સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) નિરંજન પટેલ, SRKSM પ્રમુખ હેમંત પટેલ, SPEC પ્રમુખ શીતલભાઈ તથા PCI સેન્ટ્રલ કાઉન્સિલના સભ્યોની ઉપસ્થિતિમાં રેલીને પ્રસ્થાન કરાવાયું હતું.

SPU ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ખેડા લોકસભાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, ભાજપ ગુજરાતના જનરલ સેક્રેટરી ડૉ. પ્રશાંત કોરાટ, આણંદના ધારાસભ્ય યોગેશ પટેલ, ભાજપ પ્રમુખ સંજય પટેલ, PCI ઉપપ્રમુખ જશુભાઈ ચૌધરી, PCI એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ડૉ. અતુલ કુમાર નાસા, ડૉ. અનિલ નાયક, IMA પ્રમુખ, પ્રો. (ડૉ.) નિરંજન પટેલ તથા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ ભરતભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.શ્રીકાંત જોશી, ડૉ. સંજય તોશનીવાલ, ડૉ. અશ્વિન દુધરેજિયા, ડૉ. તેજલ ગાંધી, ડૉ. ફાલ્ગુન મહેતા અને ડૉ. ઉમંગ શાહ સહિતના અગ્રણીઓ સાથે ૯૩ સભ્યોની આયોજક સમિતિએ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

# વઢવાણમાં રોડ પર પડેલા ખાડાથી હાલાકી



વઢવાણ શહેરના ઉકાકંદોઈની દુકાનથી લઈ અબોલ પીરની દરગાહ સહિતના વિસ્તારોમાં રસ્તાની વચ્ચોવચ મોટા મોટા ખાડા છે. નગરપાલિકાએ તોડેલા રસ્તાઓ જ્યારે મહાનગરપાલિકા બની હોવા છતાં પણ તેનું યોગ્ય નિરાકરણ ન લાવવાના કારણે અનેક લોકો હાલમાં પરેશાની ભોગવી રહ્યા છે. શાળાએ જતા બાળકો અને તેમના વાલીઓ અવારનવાર આ ખાડામાં પડી જાય છે. છતાં પણ વાઈસ પ્રેસિડન્ટને આ ખાડા પુરવામાં કોઈ પ્રકારનો રસ ન હોવાનું પણ લોકોમાંથી જાણવા મળી રહ્યું છે. આ ખાડાઓનું પુરાણ કરાવે તેવી આ વિસ્તારને મહિલાઓ અને રહેવાસીઓની માંગ ઉઠી છે. નવાઈની વાત તો એ છે કે દરરોજ વાહન ચાલકો આ ખાડાના કારણે પોતાના વાહનનું બેલેન્સ ગુમાવી નીચે પટકાય છે, ત્યારે તાત્કાલિક વિસ્તારમાં ખાડાઓનું બૂરાણ કરવા આ વિસ્તારના લોકોમાંથી માંગણી ઉઠવા પામી છે. **(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)**

# અંકલેશ્વરના રહીશ ACP એમ.એસ. શેખને DCP તરીકે બઢતી

## પોલીસબેડા અને શહેરીજનોમાં ખુશીનો માહોલ

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૩૦

ગુજરાત પોલીસ સેવામાં ઉત્કૃષ્ટ ફરજ બજાવી રહેલા અને અંકલેશ્વરના વતની એવા સહાયક પોલીસ કમિશનર (ACP) એમ.એસ. શેખને નાયબ પોલીસ કમિશનર (DCP) તરીકે પ્રમોશન મળતાં પોલીસ તંત્ર સહિત અંકલેશ્વર પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ ગઈ છે. તેમની આ સિદ્ધિ બદલ સહકર્મીઓ, શુભેચ્છકો અને સ્થાનિક આગેવાનો તરફથી અભિનંદન અને શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે. એમ.એસ. શેખે પોતાનું પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અંકલેશ્વર તથા ભરૂચ ખાતે પૂર્ણ કર્યું હતું. અભ્યાસ પૂર્ણ કર્યા



બાદ તેઓ ગુજરાત પોલીસ દળમાં જોડાયા હતા. સેવાકાળ દરમિયાન સતત પરિશ્રમ, અડગ શિસ્ત અને પ્રામાણિક કાર્યશૈલીને કારણે તેમણે પોલીસ સેવામાં ઉત્તરોત્તર પ્રગતિ હાંસલ કરી છે. ACP તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે ગુના નિયંત્રણ, કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ જાળવણી તેમજ લોકહિતના કાર્યોમાં કાયદાકીય પ્રક્રિયાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું હતું. સંવેદનશીલ પરિસ્થિતિઓમાં પણ ત્વરિત અને કડક નિર્ણયો લેવાની તેમની ક્ષમતાને કારણે તેઓ એક કર્તવ્યનિષ્ઠ અધિકારી તરીકે જાણીતા બન્યા છે. તેમનું આ પ્રમોશન તેમની વર્ષોની નિષ્ઠાપૂર્વકની સેવા, ફરજ પ્રત્યેનું સમર્પણ અને ઉત્કૃષ્ટ કામગીરીનું પરિણામ છે. DCP તરીકેની નવી અને મહત્ત્વપૂર્ણ જવાબદારીમાં પણ તેઓ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ મજબૂત બનાવશે તેવી લોકઅપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬નો વિરોધ

# સુરત જિલ્લા વકીલ મંડળની બે દિવસીય હડતાળનું એલાન

## સવારથી કોર્ટ પરિસર બહાર પક્ષકારોના ટોળા જામ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૦

સુરત જિલ્લા વકીલ મંડળનાં કાઉન્સીલ સભ્યોની મળેલી બેઠક દરમિયાન ગુજરાત રાજ્ય ભાડા વિધેયકનાં નવા કાયદાનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો.

હાલમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. જે જૂના મુંબઈ ભાડા નિયંત્રણ અધિનિયમ ૧૯૪૭નું સ્થાન લેશે. અલબત્ત, ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬માં લેખિત કરાર ફરજિયાત કરવાની સાથે-સાથે સિક્યોરિટી ડિપોઝિટની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ સિવાય મકાન માલિક મહત્તમ ૩ મહિનાનાં ભાડા જેટલી જ ડિપોઝિટ વસુલ કરી શકશે તથા ભાડુઆત ખાલી કરતી વખતે એક મહિનામાં ડિપોઝિટ પણ પરત કરવાની રહેશે. નવા વિધેયકથી નાગરિકોનાં કાનુની અધિકારો છીનવાઈ જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે તથા વહીવટી તંત્રનું રાજ સ્થાપિત થાય તેવા આક્ષેપો પણ ઉઠી રહ્યા છે. જેને કારણે સુરત સહિત સમગ્ર રાજ્યનાં વકીલો દ્વારા તબક્કાવાર વિરોદ પ્રદર્શન અને હડતાળનું એલાન કરવામાં આવી રહ્યું છે. જેનાં ભાગરૂપે આજરોજ સુરત જિલ્લા વકીલ મંડળની કાઉન્સીલ સભ્યોની બેઠકમાં પણ ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના નવા કાયદાના અમલ સામે ભારેવિરોધ નોંધાવવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન બે દિવસીય હડતાળનું એલાન કરવાની સાથે આજે તથા આગામી ૩જી તારીખ સુધી તમામ વકીલોને કોર્ટ કામથી અળગા રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. જેનાં ભાગરૂપે જો કોઈ વકીલ કે પક્ષકાર કોર્ટ સમક્ષ હાજર ન રહી શકે તો તેમની ગેરહાજરીનાં કારણે કોઈપણ કેસમાં એક તરફી હુકમ, કેસ રદ્દ કરવો કે વોરંટ-સમન્સ ઈશ્યૂ કરવા જેવા હુકમો ન કરવા માટે સુરતનાં પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજને પણ રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ કોર્ટ પરિસરની બહાર પક્ષકારોની ભારે ભીડને કારણે એક તબક્કે ટ્રાફિક જામનાં દશ્યો પણ જોવા મળ્યા હતા.

લિંબાયતમાં મુબલ્લીગ સાથે કથિત પોલીસ મારપીટ મામલો

# ન્યાય અને પોલીસકર્મીને સસ્પેન્ડ કરવાની માંગ સાથે ૪થીએ ડીસીપી કચેરીએ પ્રતીક ધરણાની ચીમકી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૦

લિંબાયત વિસ્તારમાં મુબલ્લીગ ઈરફાન શેખ સાથે કથિત રીતે પોલીસ કર્મચારી દ્વારા મારામારી અને દુર્વ્યવહાર કરવાના આક્ષેપો મામલે હવે મુસ્લિમ સમાજે ન્યાય માટે આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો છે.દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજના કન્વીનર અસલમ સાયકલવાળાની આગેવાની હેઠળ ગત રાત્રે મીઠીખાડી ખાતે સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત લોકોએ એકસૂરે ઈરફાન શેખને ન્યાય મળે તેમજ તેમની સાથે કથિત મારપીટ કરનાર પોલીસ કર્મચારી મુકેશ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ મામલે હવે આગામી ૪ ઓક્ટોબરે ઉધના ખાતે આવેલી ડીસીપી ડો. કાનન દેસાઈની કચેરી ખાતે પ્રતીક ધરણા યોજવાની જાહેરાત કરવામાં આવી છે. મુબલ્લીગ ઈરફાન શેખ સહીત સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે આ સમગ્ર મામલે ડીસીપી સમક્ષ મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે.આ મામલે કાર્યવાહી કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી. જોકે, તેમનો આક્ષેપ છે કે હજુ સુધી આ મામલે કોઈ સંતોષકારક કાર્યવાહી કરવામાં આવી નથી.બેઠકમાં સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, રજૂઆતો બાદ પણ જો કાર્યવાહી નહીં થાય તો લોકશાહી ઢબે વિરોધ નોંધાવવામાં આવશે. ઈરફાન શેખને ન્યાય મળે અને કથિત રીતે મારપીટ કરનાર પોલીસ કર્મચારી સામે કાર્યવાહી થાય તેવી માંગ સાથે ૪ ઓક્ટોબરના પ્રતીક ધરણામાં મોટી સંખ્યામાં લોકો જોડાય તેવી અપીલ કરવામાં આવી છે.

ત્રીજા દિવસે પણ દબાણ હટાવ ઝુંબેશ યથાવત્

# પ્રાંતિજનગરમાં લારી-ગલ્લા સહિતના દબાણો દૂર કરી ફૂટપાથ ખુલ્લા કરાયા

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૩૦

પ્રાંતિજ શહેરમાં નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ ત્રીજા દિવસે પણ યથાવત્ રહી હતી. નગરપાલિકાની ટીમ દ્વારા ભાંખરીયા બસ સ્ટેશન, હનુમાન ચોક, એપ્રોચરોડ રોડ, બજાર વિસ્તાર સહિતના વિવિધ વિસ્તારોમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ કામગીરી દરમિયાન જાહેર માર્ગો અને ફૂટપાથ પર ઊભી કરાયેલી લારી-ગલ્લા સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા તેમજ નડતરરૂપ દુકાનોના ઓટલા તથા બજાર વિસ્તારમાં આવેલા અન્ય દબાણો હટાવી રસ્તાઓ અને ફૂટપાથ ખુલ્લા કરાવવામાં આવ્યા હતા સાથે જ ગંદકી દૂર કરી સફાઈ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા સતત ત્રીજા દિવસે કરવામાં આવેલી કાર્યવાહીને પગલે દબાણકર્તાઓમાં ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો. બીજી તરફ કાર્યવાહી દરમિયાન નાના-મોટા વેપારીઓમાં રોષ પણ જોવા મળ્યો હતો. દબાણ હટાવવાની કામગીરીમાં કાયમી દબાણો સાથે વેપાર માટે ઉપયોગમાં લેવાતી કેટલીક જગ્યાઓ પણ ખાલી કરાવવામાં આવતાં વેપારીઓમાં નારાજગી જોવા મળી હતી. જાહેર માર્ગો બજાર અને ફૂટપાથ પરના દબાણો દૂર થતાં રસ્તાઓ વધુ ખુલ્લા બન્યા હતા અને રાહદારીઓ માટે અવરજવર સરળ બની હતી જોકે, દબાણ હટાવવાની કામગીરી બાદ ફરીથી દબાણ ન થાય તે માટે નગરપાલિકા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવે તેવી પણ સ્થાનિકોમાં માંગ ઉઠી છે. દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર સોલંકી, એસ.આઈ. સંજયભાઈ ચૌધરી, ચિન્ટુભાઈ, મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ પટેલ, અનિલભાઈ સહિતનો પાલિકા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# નેશનલ હાઈવે પર દબાણ હટાવવા માટે કલેક્ટર તેજસ પરમારનું અલ્ટીમેટમ

## કલેક્ટરના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા માર્ગ સલામતી સમિતિની ૪૯મી બેઠકનું આયોજન

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૦

સુરત જિલ્લામાં હાઈવે પર વાહન ચાલકોની સુરક્ષા તેમજ ટ્રાફિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા માર્ગ સલામતી સમિતિની ૪૯મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે નેશનલ હાઈવે-૫૩ ઉપર દબાણ હટાવવાની કામગીરી અંગે સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે માર્ગ અને મકાન વિભાગ હેઠળના જિલ્લાનાં મુખ્ય અને આંતરિક રસ્તાઓની માર્જિન જગ્યામાં મૂકાયેલા અનધિકૃત હોંર્ડિંગ્સ અંગે જાણકારી મેળવી હતી. સંબંધિત અધિકારીઓને અકસ્માતની શક્યતા વધારતા તેમજ ટ્રાફિકની સમસ્યા ઉભા કરતા આવા હોર્ડિંગ્સ ઓળખી યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ સિવાય કલેક્ટરે મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર બેદરકારીપૂર્વક પાર્ક કરાયેલા વાહનોને લીધે થતાં ફેટલ અકસ્માતો નિવારવા સૂચનો મેળવી પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરીટી વિભાગના અધિકારીઓ સાથે મળી યોગ્ય પગલાં લેવા ચર્ચા કરી હતી.

પલસાણા, કામરેજ, માંડવી અને ઓલપાડ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં અકસ્માતોની પેટર્નને આધારે જરૂરી પગલા લેવા ચર્ચા કરી હતી. બેઠકમાં સુરત જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા, આરટીઓ અને એઆરટીઓનાં અધિકારી કર્મચારીઓ, માર્ગ અને મકાન, પોલીસ, નેશનલ હાઈવે, માહિતી તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં ગાર્બેજ કલેકશનની ફરિયાદોને પગલે ગાડીઓ વધારવા તજવીજ

## ઝોનમાં ૧૦૦ની જરૂરિયાત સામે હાલમાં માત્ર ૬૭ ગાર્બેજ કલેકશનની ગાડીઓ ઉપલબ્ધ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૦

સુરત મહાનગર પાલિકાનાં આરોગ્ય ચેરમેન દ્વારા આજરોજ વરાછા - બી (સરથાણા) ઝોનની મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન તેઓએ અધિકારીઓ સાથે બેઠકનું આયોજન કર્યું હતું અને ઝોનની સમસ્યાઓથી અવગત થયા બાદ તેનાં નિરાકરણ માટેની તજવીજ હાથ ધરી હતી. ખાસ કરીને સરથાણા ઝોનમાં છેલ્લા કેટલાક સમયથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીઓની સમસ્યા ભારે વિકરાળ બની છે. સરથાણા ઝોનમાં અંદાજે ૫૦ હજારથી વધુ મિલ્કતોનો વધારો થયો હોવા છતાં ગાર્બેજ કલેકશનનાં વ્હીકલની સીમિત સંખ્યાને કારણે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની છાશવારે ફરિયાદો ઉઠવા પામતી હોવાનું ધ્યાને આવતાં અશોક રાંદેરિયા દ્વારા આ દિશામાં વહેલી તકે જરૂરી તજવીજ હાથ ધરવાનું જણાવ્યું હતું. હાલમાં સરથાણા ઝોનમાં માત્ર ૬૭ ગાર્બેજ કલેકશન વ્હીકલ સામે ૧૦૦થી વધુ ગાર્બેજ કલેકશનની જરૂરીયાત હોવાનું જાણવા મળ્યું છે. આ સિવાય સોસાયટીઓમાં આવેલ સીઓપીમાં બનાવવામાં આવેલ ગાર્ડન વેસ્ટનાં નિકાલ માટે પણ તેઓએ આવશ્યક કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું. વધુમાં, ઝોનનાં આરોગ્ય વિભાગમાં હાલમાં એસઆઈ અને એસએસઆઈનાં સ્ટાફમાં ૨૫ ટકાની ઘટ હોવાને કારણે પણ કામગીરી પર પ્રતિકુળ અસર પડી રહી હોવાને કારણે સમિતિ દ્વારા વહેલી તકે સ્ટાફની નિમણૂંક અંગે જણાવવામાં આવ્યું હતું.

# જંબુસર ખાતે ગમખ્વાર અકસ્માતમાં આંગણવાડી વર્કરનું મોત

જંબુસર, તા.૩૦

પ્રાપ્ત માહિતી અનુસાર જંબુસરમાં ગમખ્વાર અકસ્માતમાં આંગણવાડી વર્કરનું મોત થતાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જંબુસર શહેરમાં બેન્ક ઓફ બરોડા પાસે એક્ટિવા અને ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા સવાર શ્વેતાબેન સંજયસિંહ યાદવનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૃતક શ્વેતાબેન જંબુસર તાલુકાના કાવા ગામે આંગણવાડી વર્કર તરીકે ફરજ બજાવતા હતા. અકસ્મતની ઘટનાને પગલે સ્થળ પર લોકોનાં



ટોળા એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજુલા કોસ્ટગાર્ડ સ્ટેશનમાં સિપાઈનો ગળાફાંસો ખાઈ આપઘાત

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૩૦

રાજુલામાં આવેલા કોસ્ટગાર્ડ સ્ટેશનની SO મેસના મનોરંજન રૂમમાં કોસ્ટગાર્ડના ૨૮ વર્ષીય સિપાઈએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મૃતક ધાર્મિક શાંતિલાલ કોટડીયા (ઉં.વ.૨૮), રહે. પવન પાર્ક સોસાયટી, જોષીપુરા, જૂનાગઢ હોવાનું જાણવા મળ્યું છે. તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૮:૩૫ વાગ્યા પહેલાં શ્રીજી હોટેલ પાસે આવેલા કોસ્ટગાર્ડ ઓફિસની SO મેસના મનોરંજન કક્ષમાં પંખા સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે પ્રેમચંદ હરચંદ યાદવ (ઉં.વ.૪૫), કોસ્ટગાર્ડ કર્મચારી, હાલ કોસ્ટગાર્ડ સ્ટેશન, રાજુલા, મૂળ રાજસ્થાનના એ મરીન પીપાવાવ પોલીસને જાણ કરતાં પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

# વડોદરાના જ્યુબિલી બાગ પાસે ભૂવો પડતાં વાહનચાલકો પરેશાન



(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૦

વડોદરાના જ્યુબિલી બાગ પાસે રોડ બેસી જતાં ભૂવો પડ્યો હોવાની ઘટના સામે આવી છે. રોડ બેસી જતાં વાહનચાલકોને અવરજવર દરમિયાન ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ તંત્ર દ્વારા રોડ પર કામકાજ ચાલી રહ્યું છે, ત્યારે બીજી તરફ રોડ બેસી જવાથી સર્જાયેલી સ્થિતિને કારણે સ્થાનિકો અને વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ સમગ્ર મામલે સ્થાનિક લોકો અને વિસ્તારના સામાજિક અગ્રણીએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રોડની કામગીરી વચ્ચે આવી રીતે ભૂવો પડવો અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે તે ગંભીર બાબત છે. તેમણે તંત્ર દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક ધ્યાન આપી ભૂવો પુરવાની તેમજ રસ્તાની યોગ્ય કામગીરી કરવાની માંગ કરી છે. રસ્તા પર સર્જાયેલી આ સ્થિતિને કારણે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# મુંદ્રા પોર્ટ ખાતે શ્રમિકના અકસ્માત બાદ વાહનોમાં તોડફોડ

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૩૦

મુંદ્રા પોર્ટ ખાતે ફેબટેક કંપનીમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા MPનો શ્રમિક બસમાં સવાર થઈ રહ્યો હતો. ત્યારે અકસ્માતે પડી જતા ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માતથી રોષે ભરાયેલા શ્રમિકોએ ઊભેલા વાહનોમાં તોડફોડ કરી હતી. મુંદ્રા પોલીસને બનાવની જાણ થતા બનાવના સ્થળે પહોંચી સ્થિતિને કાબૂમાં લીધી હતી.ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર્થે હોસ્પિટલ લઈ જવાયો છે અને તેના પર થયેલ શસ્ત્રક્રિયા સફળ રહી છે.

જાતિના દાખલા મુદ્દે તંત્ર સામે આદિવાસી સમાજમાં રોષ

# અમીરગઢ મામલતદાર કચેરીએ રાત્રિના સમયે ગ્રામજનો ધરણા પર બેઠા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩૦

અમીરગઢ તાલુકાના પાંચથી છ ગામના આદિવાસી સમાજના લોકો રાત્રિના સમયે અમીરગઢ મામલતદાર કચેરી ખાતે પહોંચી ગયા હતા અને પોતાની માંગણીઓને લઈને ધરણા પર બેઠા હતા. જાતિના દાખલા સમયસર મળી રહે તે સહિતની માંગ સાથે લોકોએ તંત્ર સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. આદિવાસી સમાજના લોકોના જણાવ્યા મુજબ, વન અધિકારના ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે જાતિના દાખલાની જરૂરિયાત હોવાને કારણે જાતિના દાખલા મેળવવા માટે લોકો દ્વારા લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી રહી છે. તેમ છતાં કામગીરીમાં વિલંબ થતો હોવાના આક્ષેપ સાથે લોકોમાં અસંતોષ ફેલાયો હતો. રાત્રિના સમયે મોટી સંખ્યામાં લોકો મામલતદાર કચેરી ખાતે એકત્ર થતાં તંત્ર દ્વારા પણ મામલો થાળે પાડવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા લોકોની રજૂઆત સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. તંત્ર તરફથી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી મળ્યા બાદ મામલો થાળે પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, જાતિના દાખલા મુદ્દે આદિવાસી સમાજના લોકોમાં રહેલો અસંતોષ અને તેમની માંગણીઓ અંગે હવે તંત્ર દ્વારા કેટલી ઝડપથી કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

ડીસા કોર્ટનો સમાજમાં દાખલારૂપ ચુકાદો

# સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને ૨ લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૩૦

ડીસાની ચોથા એડિશનલ સેશન્સ કોર્ટના સેશન્સ જજ એસ. એમ. કાનાબારે સ્ત્રીઓ અને બાળકો સામેના ગંભીર અપરાધો અટકાવવા સંદર્ભે એક અત્યંત મહત્વનો અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે. ૧૬ વર્ષની સગીરાનું લલચાવી-ફોસલાવી અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં આરોપી વિષ્ણુભાઈ દશરથભાઈ ઠાકોરને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૨,૦૦,૦૦૦/-નો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત મુજબ, આરોપી વિષ્ણુભાઈ દશરથભાઈ ઠાકોર (રહે. ડીસા રેલ્વે સ્ટેશન) એ ૧૬ વર્ષ અને ૨ માસની સગીર વયની ભોગ બનનારને લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી ગયો હતો. ભોગ બનનાર સગીર હોવાની પૂરી જાણ હોવા છતાં આરોપીએ તેની સાથે બે વાર શારીરિક સંબંધ બાંધી ગુનો આચર્યો હતો. ? આ અંગે ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર બી.વી. પટેલ દ્વારા કરીને આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેનો પોક્સો કેસ નંબર ૧૨/૨૦૨૧ તરીકે કેસ ચાલ્યો હતો. આ કેસ ડીસાના ચોથા એડિશનલ સેશન્સ જજ એસ. એમ. કાનાબારની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી વિષ્ણુભાઈ દશરથભાઈ ઠાકોરને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને ૨,૦૦,૦૦૦/-ના દંડની સજા સંભળાવી છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને થયેલ શારીરિક અને માનસિક યાતના ધ્યાને રાખીને કોર્ટે તેને રૂા.૬,૦૦,૦૦૦/-નું વળતર મંજૂર કરવાનો હુકમ કર્યો છે.

**નામ બદલેલ છે**
મારૂ જુનું નામ મનસુરી જાવીદ જાકીરહુશૈન હતુ જે બદલીને નવું નામ **મનસુરી જાવીદ ઝાકીરહુશેન** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૧૨૨૬, નબીપુર રેલ્વે સ્ટેશન સામે, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**CHANGE OF NAME**
I HAVE CHANGE OF MY OLD NAME FROM **TANKARIWALA ALTAF SABBIR ABDUL** TO NEW NAME **TANKARIWALA ALTAF SHABBIR** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADD :- 224 KHARI UPAR, PO. SAROD, JAMBUSAR, BHARUCH, PIN.392180

"ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન : GPSC"ને ભાજપે "ગમતા પાર્ટી સિલેક્શન કમિશન" બનાવી દીધું : ડૉ.દોશી

# ભાજપના સક્રિય સભ્ય અને RSS સાથે જોડાયેલાને GPSCમાં સભ્ય બનાવી દેવાયા

## ડૉ.શિશિર ત્રિવેદીની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

રાજ્ય સરકારે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)માં એકસાથે ૭ નવા સભ્યોની નિમણૂક કરી હતી. જેમાં સભ્ય પદે શિશિર ત્રિવેદીની પણ નિમણૂક કરતા વિવાદ સર્જાયો છે. શિશિર ત્રિવેદી ભાજપના સક્રિય સભ્ય હોવાથી કોંગ્રેસે નિમણૂક અયોગ્ય ગણાવી અને તાત્કાલિક રદ કરવા માંગ કરી છે.

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ આ અંગે જણાવ્યું હતું કે, GPSCમાં નિમણૂક કરેલા એક સભ્ય શિશિર ત્રિવેદી જે ભાજપના સક્રિય સભ્ય છે અને RSS સાથે જોડાયેલા છે. આજે પણ તેના X (ટ્વીટર) હેન્ડલ પર ભાજપ સાથે જોડાયેલા અને રાજકીય રીતે સક્રિય હોય તેવું જોવા મળે છે. એક રાજકીય વ્યક્તિ કઈ રીતે ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે. છેલ્લા ઘણાં સમયથી ભાજપે GPSCને ગમતા પાર્ટી સિલેક્શન કમિશન બનાવી દીધું છે. જેના કારણે પસંદગી પ્રક્રિયા પર અનેક પ્રકારના પ્રશ્નો ઊભા થયા છે. શિશિર ત્રિવેદી અંગ્રેજી અને ગુજરાતી યોગ્ય રીતે લખી શકતા નથી તે વર્ગ ૧-૨ની પંસદગી માટે કઈ રીતે ઈન્ટરવ્યુ લેશે તેમ કહી




કોંગ્રેસે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

પ્રવક્તાએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતમાં વર્ગ ૧-૨ સહિતની વિવિધ ભરતીમાં માટે ગુજરાત જાહેર સેવા આયોગની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. GPSC છેલ્લા ઘણા સમયથી વિવાદનો કેન્દ્ર બની ગયું છે. લાંબા સમય સુધી સભ્યોની નિમણૂક કરવામાં આવી ન હતી, જેના કારણે ૧૫,૦૦૦ જેટલા ઉમેદવારો પાસ થયા હોવા છતાં તેની ઈન્ટરવ્યૂની પ્રક્રિયા થઈ શકી ન હતી. ઈન્ટરવ્યૂ માટે પાંચ વર્ષ સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. લાંબા વિવાદ બાદ GPSCના સભ્યની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે, અગાઉ પણ અનેક વખત ગુજરાતના યુવાનો સાથે ભેદભાવ થયો છે. લેખિતમાં માર્ક્સ વધુ હોય તો ઈન્ટરવ્યૂમાં ઓછા આપવામાં આવે અને તો ઈન્ટરવ્યૂમાં માર્ક્સ વધુ હોય તો લેખિતમાં ઓછા હોય છે, તેથી આ આખી ગોઠણવાળી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેના કારણે અનેક આશાસ્પદ ઉમેદવારો સાથે રમત રમાઈ રહી છે. અગાઉ પણ સામે આવ્યું છે કે, ગમતા માણસોને પસંદ કરવા માટે અગાઉથી જ વિગતો આપી દેવામાં આવી હતી. 'તેમજ એવું કહેવામાં આવે છે કે, અમે ચિઠ્ઠીઓ નાખીએ છીએ પરંતુ તે ચિઠ્ઠીઓ આવે છે ક્યાંથી ? આ ચિઠ્ઠી પાછળ ખેલ કયા કયા ખેલાઈ રહ્યા છે ? જેના કારણે ઉજ્જવલ ભવિષ્ય ધરાવતા હોવા છતાં ઉમેદવારો પસંદ થઈ શકતા નથી. શિશિર ત્રિવેદીની કેટલીક પોસ્ટ પરથી જોવા મળે છે તે અંગ્રેજી અને ગુજરાતી જેવી ભાષામાં શબ્દો પણ સાચા લખી શકતા નથી. તે હવે વર્ગ ૧-૨ ના પંસદગી માટેની ઈન્ટરવ્યૂમાં બેસવાના છે. ભાજપ અને RSS દ્વારા પોતાના મળતિયાઓને પાસ કરાવવા માટે વ્યવસ્થામાં લાવવા માટે સિસ્ટમ પર કબજો કરવામાં આવી રહ્યો છે. 'તમામ ભરતીઓ અત્યારે ભ્રષ્ટાચારના કેન્દ્ર સમાન બની ગઈ છે. કોંગ્રેસ માંગ કરે છે કે, તાત્કાલિક શિશિર ત્રિવેદીની નિમણૂક રદ કરવામાં આવે.'

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ શિશિર ત્રિવેદીની નિમણૂકને લઈને સવાલ ઉઠાવ્યા છે. ગરીબ મધ્યમ વર્ગના સાચા ઉમેદવારોના ભોગે ભાજપના કાર્યકરોને સરકારી નોકરી આપવા માટેનું સુનિયોજિત ષડયંત્ર હોવાનો અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે. સરકારે ગુજરાતના યુવાનોના ભવિષ્ય ચોરી કરવાની કોશિશ કરી છે તેનો જવાબ ગુજરાતના યુવાનોને આપવા ચાવડાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાસે માંગ કરી છે.

વિધાનસભામાં તાજેતરમાં સરકાર દ્વારા પસાર કરાયેલ વિધેયક

# મકાન ભાડા કરારને લગતા વિધેયક સામે રાજ્યના વકીલો દ્વારા ઉગ્ર વિરોધ

## અધિકારીઓને સત્તા સોંપવાની જોગવાઈથી ન્યાયતંત્રની સ્વાયત્તતા સામે પ્રશ્નાર્થ ઊભો થતો હોવાનો વકીલ મંડળોનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલ 'ગુજરાત ભાડા વિધેયક'નો રાજ્યભરના વકીલો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. વકીલોએ સેશન્સ કોર્ટ સહિત વિવિધ કોર્ટ પરિસરોની બહાર એકઠા થઈને ભારે સૂત્રોચ્ચાર સાથે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. આ વિધેયકની કેટલીક જોગવાઈઓ સામે વાંધો ઉઠાવીને વકીલોએ કામકાજથી અળગા રહીને (હડતાળ પાડીને) પ્રતીક વિરોધ નોંધાવ્યો છે, જેના કારણે કોર્ટની રોજિંદી કામગીરી પર પણ અસર જોવા મળી હતી.

વકીલોના જણાવ્યા અનુસાર, નવા ભાડા વિધેયકમાં સિવિલ કોર્ટોની સત્તા અને અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે, જે ન્યાયિક પ્રક્રિયા અને પક્ષકારો માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ભાડા કરાર અને મકાનમાલિક-ભાડૂઆતના વિવાદોના ઉકેલ માટે સિવિલ કોર્ટની જગ્યાએ અન્ય એજન્સીઓ કે અધિકારીઓને સત્તા સોંપવાની જોગવાઈથી ન્યાયતંત્રની સ્વાયત્તતા સામે પ્રશ્નાર્થ ઊભો થતો હોવાનો આક્ષેપ વકીલ મંડળો દ્વારા કરવામાં આવ્યો છે. કોર્ટ પરિસરની બહાર વિરોધ પ્રદર્શન કરતા વકીલોએ માંગ કરી છે કે, સરકાર તાત્કાલિક ધોરણે ભાડા વિધેયકમાં સિવિલ કોર્ટની સત્તા પુનઃસ્થાપિત કરે અથવા આ બિલમાં જરૂરી સુધારા-વધારા કરે. જો વકીલોની રજૂઆતો અને માંગણીઓ પર યોગ્ય ધ્યાન આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી આંદોલન ચલાવવાની અને સંપૂર્ણ કામકાજનો બહિષ્કાર કરવાની ચીમકી પણ વકીલ મંડળ દ્વારા આપવામાં આવી છે.

"સભ્યોની નિમણૂક સ્વાગત યોગ્ય પરંતુ હસમુખ પટેલના કાર્યકાળની ભરતી પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ વિના સંઘર્ષ અધૂરો"

# GPSC આંદોલનને મોટી આંશિક સફળતા : ૭+૧ નવા સભ્યોની નિમણૂક

## મુખ્ય માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : સામાજિક ક્રાંતિ અભિયાન

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતભરના વિવિધ ૨૯ સામાજિક સંગઠનોના સંયુક્ત જોડાણથી "સામાજિક ક્રાંતિ અભિયાન"ના નેજા હેઠળ GPSCની ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા, જવાબદારી અને સમાન ન્યાયની માંગ સાથે છેલ્લા ૧૭ દિવસથી સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે અવિરત આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન દરમિયાન GPSCના ચેરમેન હસમુખ પટેલને અધ્યક્ષપદેથી દૂર કરવાની તથા તેમના કાર્યકાળ દરમિયાન થયેલી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસની પણ માંગ કરવામાં આવી રહી છે. GPSCમાં લાંબા સમયથી ખાલી પડેલી સભ્યોની જગ્યાઓને કારણે ખાસ કરીને ભરતી તથા ઈન્ટરવ્યૂ પ્રક્રિયાની પારદર્શિતા અને કાર્યપદ્ધતિ અંગે ઉમેદવારો તથા વિવિધ સામાજિક સંગઠનો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવતા રહ્યા



હતા. સરકાર દ્વારા હવે GPSCમાં ૭+૧ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. સામાજિક ક્રાંતિ અભિયાન આ નિર્ણયને પોતાના સતત લોકશાહી સંઘર્ષની આંશિક સફળતા અને પ્રથમ ચરણની મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જુએ છે અને સરકારના આ પગલાનું સ્વાગત કરે છે. પરંતુ સંગઠનોનું સ્પષ્ટ કહેવું છે કે માત્ર નવા સભ્યોની નિમણૂકથી GPSC સંબંધિત તમામ પ્રશ્નોનું નિરાકરણ થયું નથી. સામાજિક ક્રાંતિ અભિયાનની મુખ્ય માંગ એ છે કે GPSCના ચેરમેન હસમુખ પટેલના કાર્યકાળ દરમિયાન થયેલી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

આ માટે સરકાર સમક્ષ નીચેની માંગણીઓ મૂકવામાં આવી છે:

૧. GPSCની ભરતી પ્રક્રિયામાં UPSCની માફક વધુમાં વધુ પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે.

૨. ઈન્ટરવ્યૂ પ્રક્રિયા અને ઈન્ટરવ્યૂ માર્ક્સ અંગે સ્પષ્ટ, એકસમાન અને જાહેર માર્ગદર્શિકા બનાવવામાં આવે.

૩. હસમુખ પટેલના અધ્યક્ષપદના કાર્યકાળ દરમિયાન થયેલી સરકારી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

૪. તપાસ માટે નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરવામાં આવે, જેમાં બંધારણીય અનામત વર્ગોના યોગ્ય પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવે.

૫. તપાસ સમિતિનો અંતિમ અહેવાલ જાહેર ન થાય ત્યાં સુધી હસમુખ પટેલને GPSCના અધ્યક્ષપદની કામગીરીથી દૂર રાખવામાં આવે.

૬. તપાસમાં કોઈ ગેરરીતિ અથવા નિયમવિરુદ્ધ કાર્યવાહી પુરવાર થાય તો કાયદા અને નિયમો અનુસાર જવાબદારી નક્કી કરી અસરગ્રસ્ત ઉમેદવારોને યોગ્ય ન્યાય આપવામાં આવે.

છેલ્લા ૧૭ દિવસથી ચાલી રહેલા આ લોકશાહી આંદોલનને સંગઠિત, સક્રિય અને અસરકારક બનાવવામાં વિવિધ સામાજિક સંગઠનોના આગેવાનો તથા કાર્યકર્તાઓએ સતત મહેનત કરી છે. ખાસ કરીને દીપસિંહ ઠાકોર, અજમલજી ઠાકોર, ડૉ. બી.સી. રાઠોડ, એડવોકેટ દર્શિલ કંથારીયા, કમલેશ ધવન, હસમુખ સક્સેના, મનોજ ગેડીયા, અશોક સમ્રાટ અને ઈકબાલ એહમદ મિરઝાએ ધરણાંને સફળ બનાવવા માટે સતત સંકલન, જનજાગૃતિ, સંગઠનાત્મક કામગીરી અને રજૂઆતોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ આગેવાનોના સતત પ્રયાસો તથા ૨૯ જેટલા વિવિધ સામાજિક સંગઠનોની એકતા અને સહભાગિતાના પરિણામે GPSCમાં લાંબા સમયથી ખાલી પડેલી સભ્યોની જગ્યાઓ ભરવાની દિશામાં સરકાર દ્વારા ૭+૧ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયને આંદોલનની પ્રથમ ચરણની મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. સામાજિક ક્રાંતિ અભિયાનનું સ્પષ્ટ માનવું છે કે GPSC જેવી મહત્વપૂર્ણ જાહેર સંસ્થામાં ભરતીની સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક, જવાબદાર અને તમામ વર્ગોના ઉમેદવારો માટે સમાન ન્યાયના સિદ્ધાંત પર આધારિત હોવી જોઈએ. ૭+૧ નવા સભ્યોની નિમણૂક અમારા માટે અંતિમ જીત નથી; પરંતુ અમારી મુખ્ય માંગણીઓ તરફ થયેલું એક મહત્વપૂર્ણ પગલું છે. મુખ્ય માંગણીઓનો સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં સુધી સામાજિક ક્રાંતિ અભિયાન લોકશાહી અને બંધારણીય માર્ગે પોતાની રજૂઆત તથા આંદોલન ચાલુ રાખશે.

### ઝેન-ઝી કલાકાર શરણ કળા દ્વારા દિવ્યાંગ બાળકોને સશક્ત બનાવી રહ્યા છે

તા.૩૦

આજના ડિજિટલ યુગમાં જ્યાં મોટાભાગના યુવાનો સોશિયલ મીડિયા અને અસ્થાયી ટ્રેન્ડ્સમાં વ્યસ્ત છે, ત્યાં બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર શરણ દહિલીવાલા એક અલગ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડી રહ્યા છે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સાથ-સહકારથી, શરણ પોતાની કળા દ્વારા ન્યુરોડાઈવર્જન્ટ (દિવ્યાંગ/વિશેષ) બાળકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવાનું કામ કરી રહ્યા છે.

જોધપુર આર્ટ ગેલેરી ખાતે ૨૮ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી તેમનું એક્ઝિબિશન "ધ ફાઈવ-કોર x ધ ઈનફાઈનાઈટ મેક્રોકોસમ" યોજાવા જઈ રહ્યું છે. આ પ્રદર્શન દ્વારા શરણ માત્ર એક કલાકાર તરીકે જ નહીં, પરંતુ દેશના દિવ્યાંગ યુવાનો માટે આશાનું એક સાચું કિરણ બનીને ઉભરી રહ્યા છે.

### 'મોતીલાલ ઓસવાલ નિફ્ટી REITs એન્ડ રિયલ્ટી ઈન્ડેક્સ ફંડ' લોન્ચ

અમદાવાદ, તા.૩૦

મોતીલાલ ઓસવાલ મ્યુચ્યુઅલ ફંડ (એમઓએમએફ) દ્વારા તેની નવીનતમ ફંડ ઑફર, "મોતીલાલ ઓસવાલ નિફ્ટી REITs એન્ડ રિયલ્ટી ઈન્ડેક્સ ફંડ" લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ એક ઓપન-એન્ડેડ સ્કીમ છે, જે ટ્રેકિંગ ક્ષતિને આધીન રહીને નિફ્ટી REITs એન્ડ રિયલ્ટી ટોટલ રિટર્ન ઈન્ડેક્સ (ટીઆરઆઈ)ને રિપ્લિકેટ કરે છે. આ ફંડ દ્વારા રોકાણકારોને ભારતમાં લિસ્ટેડ REITs અને રિયલ એસ્ટેટ કંપનીઓમાં રોકાણનો અવસર મળે છે. પરંપરાગત રીતે રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા માટે સીધી રીતે મિલકત ખરીદવાનો માર્ગ અપનાવવામાં આવતો રહ્યો છે- પરંતુ આ માર્ગ સામાન્ય રીતે ઓછો તરલ (લિક્વિડ) હોય છે અને તેમાં શરૂઆતમાં મોટી રકમનું રોકાણ જરૂરી બને છે. જોકે, REITs (રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ) દ્વારા આવક પેદા કરતી રિયલ એસ્ટેટમાં લિસ્ટેડ અને ટ્રેડ કરી શકાય તેવા સ્વરૂપે રોકાણની સુવિધા ધીમે-ધીમે વધુ સુલભ બની છે.

સ્પેસટેક ક્ષેત્રે ગુજરાતે વગાડ્યો ડંકો; સ્ટાર્ટઅપની સિદ્ધિ

# ગુજરાતમાં તૈયાર થયેલો થર્મલ ઈન્ફ્રારેડ કેમેરા આજે અમેરિકાથી અવકાશમાં થશે લોન્ચ

## ખાનગી કંપનીનો પ્રથમ કેમેરા સામાન્ય સેટેલાઈટ કેમેરાને ન દેખાય તેવી તસવીરો લેવા સક્ષમ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

ભારતની ખૂબ ઝડપથી વિકસિત થઈ રહેલી સ્પેસટેક ઈકોસિસ્ટમમાં ગુજરાત એક મહત્વપૂર્ણ સિદ્ધિ સાથે આ ક્ષેત્રમાં ડંકો વગાડવા તૈયાર છે. અમદાવાદના સ્ટાર્ટઅપે ઘરઆંગણે તૈયાર કરેલો સ્વદેશી થર્મલ ઈન્ફ્રારેડ અર્થ ઑબ્ઝર્વેશન પેલૉડ (થર્મલ ઈન્ફ્રારેડ કેમેરા) ૧ ઓક્ટોબરે અમેરિકાથી સ્પેસટેકના 'ફાલ્કન ૯' રૉકેટ દ્વારા અવકાશમાં પહોંચાડવામાં આવશે. આ કેમેરાને તપસ-૧ (TAPAS-1) નામ આપ્યું છે, જેને પૃથ્વી પરથી લગભગ ૫૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં એક સેટેલાઈટ સાથે પ્રસ્થાપિત કરવામાં આવશે. અહીંથી તે પૃથ્વીના અલગ અલગ સ્થળો પર ગરમી અને તાપમાનની વધઘટની હાઈ રેઝોલ્યુશન તસવીરો મેળવીને તેનું ડેટા પ્રોસેસિંગ કરશે. આ ડેટા અર્બન હીટ મેનેજમેન્ટ, કૃષિ અને પાણીનુ સ્ટ્રેસ મોનિટરિંગ, ઔદ્યોગિક અને આપદા સમયનું મોનિટરિંગ અને જંગલોમાં આગની ઘટનાઓની ઓળખ કરવા માટે જરૂરી આંતર્દષ્ટિ પૂરી પાડશે.



આ સ્ટાર્ટઅપની શરૂઆત વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં કરવામાં આવી છે. કંપનીના CEO શ્રવણસિંઘ પાસે ૧૯થી વધુ વર્ષોનો ઉપગ્રહોને લગતા ઈવોવેશન્સનો અનુભવ છે જ્યારે ડૉ. રાનેન્દુ ઘોષે ૨૭ વર્ષ સુધી ISROમાં કૃષિ, હાઈડ્રોલોજી અને માટી વિજ્ઞાનને લગતા સેટેલાઈટ પેલૉડની ટેક્નોલોજી પર કામ કર્યું છે. ગુજરાતમાં નિર્માણ કરવામાં આવેલો તપસ-૧ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવામાં મદદ કરશે. ૩ કિલોગ્રામ વજન વાળો તપસ-૧ સેટેલાઈટ પર પેલૉડ તરીકે રહેશે. તેની ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે તે થર્મલ ઈન્ફ્રારેડ રેડિયેશનને કેપ્ચર કરશે. સાદી ભાષામાં કહીએ તો પૃથ્વીની સપાટી પરથી નિકળતી ગરમીના ફેરબદલને તે તસવીર તરીકે કેપ્ચર કરશે. આ ડેટાનું AI દ્વારા વિશ્લેષણ કરી શકાય છે અને આ થર્મલ ઈન્ટેલિજન્સ વિવિધ ક્ષેત્રો માટે ઉપયોગી બની શકે છે. "આ ડેટાથી જંગલોમાં લાગતી આગને મોનિટરિંગ કરી શકાય છે. તે સિવાય કોઈ શહેરમાં કયા વિસ્તારોમાં તાપમાનની કેટલી વધઘટ રહે છે, તે રિયલટાઈમમાં ટ્રેકિંગ કરી શકાય છે. શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં તાપમાન અલગ અલગ હોય છે. આ રીતે કોર્પોરેશનને હીટ સ્ટ્રેસ માટે જરૂરી આયોજન કરવામાં મદદ મળે છે." "આ ટેક્નોલોજી પૃથ્વીના થર્મોમીટર તરીકે કાર્ય કરશે. તેના દ્વારા કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ અગત્યના ડેટા પ્રાપ્ત થઈ શકે છે. તેના દ્વારા પાક માટે જરૂરી આયોજન વધુ આધુનિક અને સચોટ રીતે થઈ શકે છે. અર્બન પ્લાનિંગમાં પણ તે મદદરૂપ બની શકે છે. અને સૌથી મહત્વની બાબત એ છે કે તેના માટે કોઈ મોટાપાયે વધારાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂર નથી. આ ડેટા સીધો સેટેલાઈટથી જ ઉપલબ્ધ થઈ શકશે." Satleo પાસે આ ક્ષેત્રના અનુભવી લોકોની ૪૦થી વધુ લોકોની ટીમ છે અને વર્ષ ૨૦૨૯ સુધીમાં આ પ્રકારના વધુ ૮ સેટેલાઈટ લૉન્ચ કરવાની યોજના બનાવી છે. વ્યવસાયિક રીતે આ પેલૉડ લોન્ચ થયા બાદ ડેટાને વિવિધ કંપનીઓ સાથે શેર કરવામાં આવશે. તપસ-૧ને સંપૂર્ણ રીતે ગુજરાતમાં કંપનીની લેબમાં વિકસિત કરવામાં આવ્યો છે, જે ત્રણ વર્ષ સુધી ભ્રમણકક્ષામાં રહેશે. તપસ દ્વારા થર્મલ ઈમેજિંગને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને વધુ વિસ્તૃત અને ગહન માહિતી મેળવવામાં મદદ મળે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એકતાનગર પહોંચી નર્મદાના નીરના વધામણા કર્યા

# સરદાર સરોવર નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરની મહત્તમ સપાટીએ પહોંચ્યો

## ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો, ૭ મહાપાલિકા સહિત આશરે ૪ કરોડ લોકોને પાણી મળે છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

સરદાર સરોવર નર્મદા ડેમ આખરે તેની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર પર પહોંચી ગયો છે. થોડા સમય પહેલાં ડેમની જળસપાટી ૧૩૮.૬૭ મીટર હતી અને સંપૂર્ણ ભરાવાથી માત્ર ૧ સેન્ટિમીટર દૂર હતો. હવે ડેમ પૂર્ણ સપાટીએ પહોંચતા એકતાનગરમાં જળ પૂજન અને નર્મદા નીર વધામણા કાર્યક્રમ યોજાયો હતો.

૧૩૮.૬૮ મીટરની પૂર્ણ સપાટીએ નર્મદા ડેમ:નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે અને હવે ડેમ આ પૂર્ણ સપાટીએ પહોંચી ગયો છે. ડેમમાં ઉપરવાસમાંથી ૪૪,૮૮૪ ક્યુસેક પાણીની આવક થઈ રહી હતી. ડેમમાં હાલ ૫,૭૪૭.૧૨ MCM લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એકતાનગર પહોંચ્યા હતા અને અહીં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં નર્મદા નીર વધામણા કાર્યક્રમ યોજાયો હતો. ૨૦૧૭માં વડાપ્રધાન દ્વારા નર્મદા બંધ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યા બાદ સરદાર સરોવર ડેમ સતત ૭મી વખત તેની મહત્તમ જળસપાટીએ પહોંચ્યો હોવાનું જણાવાયું છે. આ સાથે ડેમની જળસંગ્રહ ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થવાની સ્થિતિ સર્જાઈ છે. હાલ કેનાલ હેડ પાવર હાઉસના ૩ ટર્બાઈન મારફતે વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. બીજી તરફ રિવર બેડ પાવર હાઉસના તમામ ટર્બાઈન હાલ બંધ છે. ડેમમાંથી હાલમાં ૧૨,૭૮૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમ સંપૂર્ણ ભરાઈ જતા રાજ્યના ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો અને ૭ મહાપાલિકા સહિત આશરે ૪ કરોડ નાગરિકો માટે જળ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ મદદ મળશે. ગુજરાતમાં પીવાના પાણી અને સિંચાઈ માટે નર્મદા જળસંગ્રહનું વિશેષ મહત્ત્વ છે. ગુજરાત માટે નર્મદા ડેમ માત્ર એક જળસંગ્રહ યોજના નહીં પરંતુ પીવાના પાણી, સિંચાઈ અને વીજ ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ આધાર છે. ડેમ પૂર્ણ સપાટીએ પહોંચતા એકતાનગરમાં મુખ્યમંત્રીએ નર્મદા નીરના વધામણા કર્યા હતા. મુખ્યમંત્રીએ નર્મદાના નીરના વધામણાં કરતાં કહ્યુ કે, ચાલુ વર્ષમાં સમગ્ર નર્મદા બેસીનમાં આવેલ કુલ પાણીના જથ્થાને ધ્યાને લઈને સામાન્ય વર્ષોમાં ગુજરાતને ફાળવવામાં આવતા ૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણીની સામે હાલમાં આશરે ૭.૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણી ઉપલબ્ધ છે. આ ઉપલબ્ધ અમૂલ્ય જળનો કરકસરપૂર્વક, સમજદારીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરી પાણીના દરેક ટીપાનો મહત્તમ સદુપયોગ કરવો એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### અમદાવાદમાં યોજાશે આઈએએકૉન ૨૦૨૬

અમદાવાદ, તા.૩૦

એઆઈ અને રોબોટિક્સ જેવી આધુનિક ટેક્નોલોજી સાંધા બદલવાની સર્જરીને વધુ ચોકસાઈપૂર્વક કરવામાં અને દર્દીઓની સારવારનાં પરિણામો સુધારવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે ? આ વિષયને કેન્દ્રમાં રાખીને ઈન્ડિયન આર્થ્રોપ્લાસ્ટી એસોસિએશન (આઈએએ)ની ૨૨મી વાર્ષિક કોન્ફરન્સ આઈએએકૉન ૨૦૨૬નું આયોજન અમદાવાદમાં કરવામાં આવ્યું છે. એપિક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે જાહેર કરવામાં આવેલી આ કોન્ફરન્સ ૨૩થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ક્લબ ઓ-૭ ખાતે યોજાશે. તેમાં ૧,૦૦૦થી વધુ નોંધાયેલા પ્રતિનિધિઓ અને ભારત સહિત વિવિધ દેશોના ૧૮૦ નિષ્ણાતો ભાગ લેશે. આ વર્ષની કોન્ફરન્સની થીમ 'ઈવોલ્વિંગ આર્થ્રોપ્લાસ્ટી : રોબોટિક્સ, કાઈનેમેટિક્સ એન્ડ ઈનોવેશન' રાખવામાં આવી છે. આ અંગે આયોજન સમિતિના અધ્યક્ષ ડૉ. એચ. પી. ભાલોડિયાએ જણાવ્યું હતું કે, "આઈએએકૉન ૨૦૨૬ ઈન્ડિયન આર્થ્રોપ્લાસ્ટી એસોસિએશન માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. દેશના અગ્રણી નિષ્ણાતોને એક મંચ પર લાવી ભારતમાં આર્થ્રોપ્લાસ્ટી સારવારના ધોરણોને વધુ ઉન્નત બનાવવાનો અમારો પ્રયાસ છે.

વિદ્યાર્થિનીઓએ વીડિયો ઉતારી ફરિયાદ કરી છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહિ !

# નિરમા યુનિવર્સિટીમાં ગર્લ્સ હોસ્ટેલ સામે યુવકના બિભત્સ ચેનચાળા !

## યુનિવર્સિટી સુરક્ષા કરવાને બદલે વિદ્યાર્થિનીઓના પહેરવેશ પર પ્રતિબંધો લાદી રહી છે !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં H5 બ્લોક નજીક બિભત્સ વર્તનનો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચ્યો છે. H4 ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓએ આ ઘટનાનો વીડિયો ઉતારી સત્તાવાળાઓને ઈમેલ દ્વારા જાણ કરી હતી. વિદ્યાર્થિનીઓનો આક્ષેપ છે કે, ૧ વર્ષ પહેલા પણ આવી જ ઘટના બની હતી, છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. યુનિવર્સિટી સુરક્ષાને બદલે વિદ્યાર્થિનીઓના પહેરવેશ પર પ્રતિબંધો લાદી રહી છે, જે ગંભીર સવાલો ઊભા કરે છે.

અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં ગર્લ્સ હોસ્ટેલ નજીકના H5 બ્લોકમાં એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતા બિભત્સ વર્તનનો વીડિયો વાયરલ થતાં મોટો વિવાદ સર્જાયો છે. H4 ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓએ આ શરમજનક ઘટનાનો વીડિયો ઉતારી સત્તાવાળાઓને ઈમેલ દ્વારા જાણ કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી તેવો આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થિનીઓના આક્ષેપ મુજબ ૧ વર્ષ અગાઉ પણ આવી જ ઘટના બની હતી, પરંતુ યુનિવર્સિટી આરોપી સામે પગલાં લેવાના બદલે વિદ્યાર્થિનીઓ સામે કાર્યવાહી કરવાનો ડર બતાવી તેમના પહેરવેશ પર પ્રતિબંધો મુકવા તરફ વધુ ધ્યાન આપી રહ્યું છે, જે કેમ્પસની સુરક્ષા અને પ્રશાસનની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કરે છે.

તાજેતરના વિવાદ અનુસાર, નિરમા યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થિનીએ કેમ્પસમાં હસ્તમૈથુન કરતા એક વ્યક્તિનો વીડિયો ઉતારીને ફરિયાદ કરી છે. પીડિતા રાગિણી (બદલેલું નામ)ના જણાવ્યા મુજબ, આ ઘટના H5 બ્લોકમાં બની હતી અને તેનું રેકોર્ડિંગ H4 ગર્લ્સ હોસ્ટેલમાંથી કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ દાવો કર્યો છે કે, અમે આ અંગે ડીન અને યુનિવર્સિટી સત્તાવાળાઓને ઈમેલ દ્વારા ફરિયાદ કરી હતી, પરંતુ તેનો કોઈ ફાયદો થયો ન હતો. પીડિતાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, ૧ વર્ષ પહેલા પણ આવી જ એક ઘટના બની હતી અને ત્યારે કોઈ જ પગલાં લેવામાં આવ્યા ન હતા. તેમણે વધુમાં આરોપ લગાવ્યો છે કે, યોગ્ય કાર્યવાહી કરવાને બદલે સત્તાવાળાઓ ઉલ્ટાનું મહિલાઓના પહેરવેશ પર પ્રતિબંધો લાદી રહ્યા છે. આ અંગે કોંગ્રેસે સવાલ ઉઠાવી યુનિ.માં દિકરીઓ સુરક્ષિત છે ખરી ? તેવા પ્રશ્ન સાથે બેન-દિકરીઓની હોસ્ટેલમાં બિભત્સ હરકત કરતા તત્વ ઉપર તાકીદે કાર્યવાહી થાય તેવી કોંગ્રેસે માંગ કરી છે.

# SIR વિવાદ : 'હવે બહુ થયું' - નાગરિક સમાજે મતદાર સુધારા પ્રક્રિયા પાછી ખેંચવાની અને ECIની જવાબદારી નક્કી કરવાની માંગ કરી

**પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયામાં યોજાયેલી બેઠકમાં વકીલો, પૂર્વ ન્યાયાધીશો, કાર્યકરો અને જાહેર જીવનની હસ્તીઓએ નામ કાઢી નાખવામાં આવેલા મતદારોના નામ પુનઃસ્થાપિત કરવા, મતદાર યાદીઓનું જાહેર ઓડિટ કરવા, ચૂંટણી પંચના SIR સંબંધિત રેકોર્ડ જાહેર કરવા અને CEC જ્ઞાનેશ કુમારના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયો અંગે સ્વતંત્ર તપાસની માંગ કરી છે**

(એજન્સી) તા.૩૦

૨૮ સપ્ટેમ્બરે પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયામાં યોજાયેલી બેઠક સાથે ચૂંટણી પંચની મતદાર યાદીઓની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને ચાલી રહેલો વિવાદ વધુ ઉગ્ર બન્યો. વરિષ્ઠ વકીલો, પૂર્વ ન્યાયાધીશો, કાર્યકરો અને જાહેર જીવનની અનેક હસ્તીઓના વિશાળ જૂથે SIR પ્રક્રિયા પાછી ખેંચવાની માંગ કરી હતી. સાથે જ કરોડો મતદારોને અસર કરતા નિર્ણયો કેવી રીતે લેવામાં આવ્યા તેની ચૂંટણી પંચ દ્વારા વધુ કડક તપાસ અને જવાબદારી નક્કી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. પ્રેસ કોન્ફરન્સમાં જસ્ટિસ મર્લાપલ્લે, વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલ, વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહ, વકીલ પ્રશાંત ભૂષણ, વરિષ્ઠ વકીલ સંજય હેગડે, સૈયદા હમીદ, તીસ્તા સેતલવાડ, યોગેન્દ્ર યાદવ, નિખિલ ડે અને અન્ય હાજર રહ્યા હતા. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરૈશી અને પૂર્વ દિલ્હી લેફ્ટનન્ટ ગવર્નર નજીબ જંગ પણ હાજર હતા. તેમણે જાહેર કર્યું કે આઠ મુદ્દાની માંગ માત્ર SIR રોકવા પૂરતી મર્યાદિત નહોતી. તેમાં મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા મતદારોના નામ પુનઃસ્થાપિત કરવા, આગામી ચૂંટણીઓ માટે SIR પહેલાંની મતદાર યાદી પર પરત જવા, નામ કાપવામાં આવ્યા હોય તેની જાહેર ચકાસણી કરવા, ચૂંટણી પંચના આંતરિક રેકોર્ડ ઉપલબ્ધ કરાવવા, સંસ્થાકીય સુધારા કરવા અને કથિત ગેરરીતિઓની સ્વતંત્ર તપાસ કરવાની માંગ સામેલ હતી.

**આ તમામ માંગોના કેન્દ્રમાં એક સરળ મુદ્દો હતો :** ચૂંટણી યાદીમાં પહેલેથી સામેલ નાગરિકોને મત આપવાનો અધિકાર કોઈ અસ્પષ્ટ વહીવટી પ્રક્રિયા દ્વારા છીનવી લેવામાં ન આવે અને ત્યારબાદ એ નિર્ણય ખોટો હતો તે સાબિત કરવાની જવાબદારી પણ તે નાગરિક પર ન નાખવામાં આવે. SIRની શરૂઆત બિહારમાં થઈ હતી અને ત્યારબાદ તેને અન્ય રાજ્યોમાં પણ લાગુ કરવામાં આવી. મે ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૩૨૪ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૧(૩) હેઠળ બિહારમાં SIR હાથ ધરવાની ચૂંટણી પંચની સત્તાને માન્ય ઠેરવી હતી. કોર્ટે માન્યું હતું કે, કાયદેસર અને ચોક્કસાઈભરી મતદાર યાદી જાળવવા સાથે આ પ્રક્રિયાનો યોગ્ય સંબંધ છે. જો કે, આ ચુકાદાથી SIRના અમલ અંગેના વિવાદોનો અંત આવ્યો નથી. SIRની વિશાળતા પોતે જ ચિંતાનો મોટો મુદ્દો છે. તપાસ અનુસાર દેશવ્યાપી SIR પ્રક્રિયા દરમિયાન ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીઓમાંથી ૧૩ કરોડથી વધુ નામ કાઢી નાખવામાં આવ્યા હતા. ચૂંટણી કમિશનરો સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ ૧૦ મહિનાના સમયગાળામાં મતદાર યાદીના સુધારા સાથે જોડાયેલા વિવિધ પગલાં સામે સત્તાવાર રીતે ઓછામાં ઓછા ૧૪ વખત વાંધો નોંધાવ્યો હતો. પશ્ચિમ બંગાળ સૌથી વધુ વિવાદાસ્પદ ઉદાહરણ બની ગયું છે. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, SIR પ્રક્રિયા દરમિયાન ૨૭.૧૬ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, જ્યારે નામ કાઢવા અથવા ઉમેરવા સામે કુલ ૩૮.૨૦ લાખ અપીલો દાખલ કરવામાં આવી હતી. ૧૮ સપ્ટેમ્બર સુધીમાં માત્ર ૧.૦૨ લાખ અપીલોનો નિકાલ થયો હતો અને ૩૭ લાખથી વધુ અપીલો પેન્ડિંગ હતી. ચૂંટણી પંચના સોગંદનામામાં એવી સંપૂર્ણ વિગતો આપવામાં આવી નહોતી કે કેટલા મતદારોએ પોતાનું નામ પુનઃસ્થાપિત કરવા માટે અપીલ કરી હતી અને કેટલા કેસમાં એવા મતદારો સામે અપીલ કરવામાં આવી હતી જેમનું નામ મતદાર યાદીમાં જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુએ ન્યાયિક અધિકારીઓ દ્વારા મતદાર યાદીમાં સામેલ રાખવામાં આવેલા ૧૬ લાખથી વધુ મતદારો સામે અપીલો દાખલ કરવાની મંજૂરી કોણે આપી હતી તે અંગે સવાલ ઉઠાવ્યા બાદ વિવાદ થયો હતો. સંધુએ ખાસ પૂછ્યું હતું કે, આ અપીલો દાખલ કરવાની મંજૂરી કોણે આપી હતી અને ચૂંટણી પંચ વતી તે અપીલો કોણે દાખલ કરી હતી. સંધુ, ચૂંટણી કમિશનર વિવેક જોશી અથવા તે સમયના પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને પણ આ અપીલો દાખલ કરવાની પ્રક્રિયા અથવા તેના આધાર અંગે જાણ કરવામાં આવી નહોતી.

**પ્રેસ કોન્ફરન્સમાં કરવામાં આવેલી પ્રથમ માંગ સ્પષ્ટ હતી :** ચૂંટણી પંચે સમગ્ર દેશમાં SIR પ્રક્રિયા પાછી ખેંચી લેવી જોઈએ અને SIR પહેલાંની મતદાર યાદીમાં રહેલા પરંતુ બાદમાં કાઢી નાખવામાં આવેલા દરેક મતદારનું નામ પુનઃસ્થાપિત કરવું જોઈએ. જૂથે એવી પણ માંગ કરી હતી કે, આગામી ચૂંટણીઓ SIR પહેલાંની મતદાર યાદીના આધારે યોજવામાં આવે અને જ્યાં જરૂરી હોય ત્યાં સંક્ષિપ્ત સુધારા કરવામાં આવે. આ માત્ર ચૂંટણી સંબંધિત ડેટાનો વિવાદ નથી. મતદારનું નામ કાઢી નાખવામાં આવે તો તે નાગરિક ચૂંટણીમાં ભાગ લઈ શકે કે નહીં તે નક્કી થઈ શકે છે. ખોટી રીતે કાઢી નાખવામાં આવેલા નામને સુધારવાની જવાબદારી પણ એવા લોકો પર વધુ પડી શકે છે જેમને સરકારી પોર્ટલ, દસ્તાવેજો અથવા વહીવટી મદદ સરળતાથી ઉપલબ્ધ નથી.

**આ અભિયાન ચલાવનારાઓ મૂળભૂત ધારણા પુનઃસ્થાપિત કરવા માંગે છે :** હાલના મતદારોના નામ મતદાર યાદીમાં જળવાઈ રહેવા જોઈએ, જ્યાં સુધી તેમને દૂર કરવાનો નિર્ણય પારદર્શક અને જાહેરમાં ચકાસી શકાય તેવી પ્રક્રિયા દ્વારા સાબિત ન થાય. બીજી માંગ મતદાર યાદીઓનું ગ્રામસભા, વોર્ડસભા અથવા મતદાન મથકના સ્તરે જાહેર સામાજિક ઓડિટ કરવાની છે. આ માંગ ચૂંટણી પંચના પોતાના મતદાર યાદી સંબંધિત માળખામાં સમાવિષ્ટ પ્રક્રિયાઓ પર આધારિત છે પરંતુ તેનો હેતુ જાહેર ચકાસણીને માત્ર ઔપચારિક પ્રક્રિયા પૂરતી મર્યાદિત ન રાખવાનો છે. BLO અને ERO હાજર રહે, મતદારો ખોટી રીતે કાઢી નાખવામાં આવેલા નામોની ઓળખ કરી શકે અને



તાત્કાલિક સુધારા કરી શકાય એવી માંગ કરવામાં આવી છે. આ માંગ ખાસ કરીને એવા કિસ્સાઓમાં મહત્ત્વપૂર્ણ છે જ્યાં અસરગ્રસ્ત મતદારને પોતાનું નામ કાઢી નાખવામાં આવ્યું છે તેની જાણ ત્યાં સુધી ન થાય જ્યાં સુધી તે મતદાન કરવા પહોંચે નહીં. નાગરિકે કોઈ અદૃશ્ય વહીવટી નિર્ણય શોધીને તેની સામે વાંધો ઉઠાવવો પડે તેના બદલે પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ ચકાસણી પ્રક્રિયાને જાહેર ક્ષેત્રમાં લાવવામાં આવશે. અભિયાન ચલાવનારાઓ ઈચ્છે છે કે, આ માત્ર હાલની SIR માટેની વ્યવસ્થા ન રહે પરંતુ કાયમી સુરક્ષા વ્યવસ્થા બને. જૂથે ચૂંટણી પંચને SIR પાછળ રહેલા સંપૂર્ણ દસ્તાવેજી રેકોર્ડ જાહેર કરવાની માંગ કરી છે. તેમાં દરેક તબક્કામાં SIR હાથ ધરવાનો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો તેની ફાઈલો, ચૂંટણી પંચની બેઠકોની કાર્યવાહી, ચૂંટણી કમિશનરો અને ડેપ્યુટી ચૂંટણી કમિશનરો દ્વારા કરવામાં આવેલા વાંધાઓ, 'લોજિકલ ડિસ્ક્રેપન્સી' અને 'VIP' જેવી શ્રેણીઓ માટે ઉપયોગમાં લેવાયેલા માપદંડો, BLOની અરજીમાં કરવામાં આવેલા ફેરફારો, ECI, મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને ચૂંટણી નોંધણી અધિકારીઓ વચ્ચે થયેલા સંદેશાવ્યવહાર, સંબંધિત WhatsApp સંદેશાવ્યવહાર તેમજ ECINetનો સંપૂર્ણ લોગ અને સોર્સ કોડ સામેલ છે. પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં નામ જાળવી રાખવાના ન્યાયિક અધિકારીઓના નિર્ણય સામે દાખલ કરાયેલી ૧૬ લાખથી વધુ અપીલો પાછળના નિર્ણયનો રેકોર્ડ જાહેર કરવાની પણ ખાસ માંગ કરવામાં આવી છે. આ માંગ ચૂંટણી પંચની અંદર આ અપીલો અને ચૂંટણી વહીવટ માટે ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી સિસ્ટમના કેટલાક પાસાઓ અંગે ઊભા થયેલા કથિત આંતરિક સવાલોને ધ્યાનમાં લેતાં મહત્ત્વપૂર્ણ બની છે. મુદ્દો માત્ર એ નથી કે ચૂંટણી પંચે કોઈ પ્રક્રિયાનું પાલન કર્યું કે નહીં. પ્રશ્ન એ છે કે, કોણે શું નિર્ણય લીધો, કઈ માહિતીના આધારે લીધો, કયા માપદંડોનો ઉપયોગ થયો અને કઈ સુરક્ષા વ્યવસ્થા હેઠળ નિર્ણય લેવાયો હતો તે સમજવા માટે જરૂરી સંસ્થાકીય રેકોર્ડ શું જનતા જોઈ શકે છે ?

મતદાર યાદી અંગેના વિવાદ પર બોલતાં કપિલ સિબ્બલે એવા નિર્ણયો પર સવાલ ઉઠાવ્યો હતો જે તેમના કહેવા મુજબ સમગ્ર ચૂંટણી પંચની ભાગીદારી વિના મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા લેવામાં આવ્યા હોય તેવું જણાતું હતું. સિબ્બલે કહ્યું, 'જો કોઈ નિર્ણય એક જ મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા લેવામાં આવે છે, તો તે ચોક્કસપણે ચૂંટણી પંચનો નિર્ણય નથી.' તેમણે અગાઉના ચૂંટણી સંબંધિત નિર્ણયો રદ કરવાની માંગ કરી હતી અને કહ્યું હતું કે, મતદાર યાદી ૨૪ જૂનની નોટિફિકેશન પહેલાં અસ્તિત્વમાં રહેલી યાદીના આધારે હોવી જોઈએ. તેમણે દિલ્હીમાં ઘર-ઘર જઈને કરવામાં આવતી ચકાસણીની વ્યવહારિકતા અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો. સિબલે કહ્યું, 'હવે બહુ થયું,' તેમણે યુવાનો, પ્રેસ તથા નાગરિકોને લોકશાહી સંસ્થાઓના રક્ષણ માટે એકસાથે ઊભા રહેવાની અપીલ કરી હતી. અન્ય માંગમાં ચૂંટણી પંચના સંસ્થાકીય માળખાને પણ સીધું નિશાન બનાવવામાં આવ્યું હતું. જૂથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી અને જો તેઓ રાજીનામું ન આપે તો મહાભિયોગની કાર્યવાહી શરૂ કરવાની માંગ કરી હતી. તેમણે એવી નિમણૂક વ્યવસ્થાની માંગ કરી હતી જે સરકારના નિયંત્રણથી મુક્ત હોય. પ્રસ્તાવિત તપાસમાં મુખ્ય ચૂંટણી કમિશનર, અન્ય ચૂંટણી કમિશનરો, અધિકારીઓ અને તૃતીય પક્ષોની કામગીરીની તપાસ કરવામાં આવે તેવી માંગ છે. તેમાં કોઈ કાર્યવાહી અથવા નિષ્ક્રિયતાના કારણે ખોટી રીતે મતાધિકારથી વંચિત કરવામાં આવ્યા કે સત્તાવાર ફરજનો ભંગ થયો કે નહીં તેની પણ તપાસ કરવામાં આવે. આ માંગ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે વિવાદ હવે માત્ર SIR સિદ્ધાંતરૂપે કાયદેસર છે કે નહીં ત્યાં સુધી મર્યાદિત રહ્યો નથી. સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR હાથ ધરવાની ચૂંટણી પંચની સત્તાને પહેલેથી જ માન્ય ઠેરવી છે. આ સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે, મતદારોને ખોટી રીતે બહાર કરવામાં આવતા કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવે છે, નિર્ણયોનો રેકોર્ડ કેવી રીતે જાળવવામાં આવે છે અને જ્યારે ચૂંટણી પંચની પ્રક્રિયાઓ સામે સવાલો ઉઠે ત્યારે સંસ્થાને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય. પ્રેસ ક્લબમાં જાહેર કરાયેલી આ આઠ માંગો માત્ર પ્રક્રિયાગત સુધારા કરતાં વધુ છે. તેમાં મતદાર યાદીના સુધારાને જાહેર તપાસ હેઠળ લાવવાની, ખોટી રીતે બહાર કરવામાં આવેલા મતદારોને પુનઃસ્થાપિત કરવાની અને મતદાર યાદીમાં કોને સામેલ કરવું કે બહાર કરવું તે નક્કી કરતી વહીવટી તથા ટેક્નોલોજીકલ વ્યવસ્થા અંગે ચૂંટણી પંચને સંપૂર્ણ માહિતી જાહેર કરવા માટે જવાબદાર બનાવવાની માંગ કરે છે. આ મુદ્દો માત્ર ડેટાબેઝની ચોકસાઈનો નથી. પ્રશ્ન એ છે કે, મતદાર યાદીમાં કોણું નામ રહેશે, રાજ્ય દ્વારા ખોટો નિર્ણય લેવાય ત્યારે તેની કિંમત કોણ ચૂકવશે અને આ નિર્ણયો લેતી વ્યવસ્થાને પણ અર્થપૂર્ણ જાહેર જવાબદારી હેઠળ લાવી શકાય કે નહીં.

**(સૌ.: સબરંગ ઈન્ડિયા)**

# રાયબરેલીમાં અખિલેશ યાદવની મુલાકાત દરમિયાન વિશાળ જનમેદની ૨૦૨૭ની UP વિધાનસભા ચૂંટણીની વહેલી તૈયારીના સંકેત

(એજન્સી) રાયબરેલી, તા.૩૦

સમાજવાદી પાર્ટી (SP)ના પ્રમુખ અખિલેશ યાદવની ૨૪ સપ્ટેમ્બરની રાયબરેલી મુલાકાત દરમિયાન વિશાળ જનમેદની ઉમટી પડી હતી. આ ઘટનાએ ૨૦૨૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં રાજ્યમાં નવી રાજકીય હલચલને વેગ આપ્યો છે. SPના ધારાસભ્ય રાહુલ લોધી પર પોલીસ દ્વારા કથિત હુમલાના વિરોધમાં આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, રસ્તામાં અને જાહેર સભા સ્થળે મોટી સંખ્યામાં સમર્થકો એકત્ર થતાં આ કાર્યક્રમ મોટા રાજકીય શક્તિપ્રદર્શન તરીકે બદલાઈ ગયો. અખિલેશ યાદવની મુલાકાતથી રાયબરેલીમાં SPની ચૂંટણીલક્ષી તૈયારીઓ, પાર્ટીના રાજકીય પ્રભાવ અને કોંગ્રેસ સાથેના ગઠબંધનના ભાવિ અંગે પણ ચર્ચા તેજ બની છે. SP પ્રમુખ પિતૃપક્ષ બાદ નવરાત્રિ દરમિયાન પોતાનું ચૂંટણી અભિયાન શરૂ કરવાની તૈયારીમાં હતા. સાથે જ કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો સાથે ચૂંટણીલક્ષી સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા પણ ચાલી રહી હતી.પરંતુ રાયબરેલી જિલ્લા મુખ્યાલય ખાતેના વિરોધપ્રદર્શન દરમિયાન રાહુલ લોધી સાથે પોલીસ દ્વારા કથિત મારપીટની ઘટના બાદ તેમણે પોતાનો રાજકીય કાર્યક્રમ આગળ ધપાવ્યો હતો. SPના જણાવ્યા અનુસાર લોધી લખનઉ પહોંચ્યા અને અખિલેશ યાદવને સમગ્ર ઘટનાની જાણ કરી. ત્યારબાદ SP પ્રમુખે ૨૪ સપ્ટેમ્બરે રાયબરેલી જવાનો નિર્ણય કર્યો હતો. અખિલેશ યાદવ લખનઉથી ખાસ તૈયાર કરાયેલા PDA (પછાત, દલિત અને અલ્પસંખ્યક) રથમાં રાયબરેલી તરફ રવાના થયા હતા. રસ્તામાં અનેક સ્થળોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. બછરાવાંમાં SP ધારાસભ્ય શ્યામ સુંદર ભારતીના નેતૃત્વ હેઠળ સમર્થકોએ તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ હરચંદપુરમાં પણ મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા. હરચંદપુરનું પ્રતિનિધિત્વ SP ધારાસભ્ય રાહુલ લોધી કરે છે. PDA રથ રાયબરેલી શહેર તરફ આગળ વધતો ગયો તેમ ભીડ પણ વધતી ગઈ. અખિલેશ યાદવના વાહન પાછળ સમર્થકોનો કાફલો અંદાજે ૮થી ૧૦ કિલોમીટર સુધી લાંબો હતો. આ ભીડમાં યુવાનો, મહિલાઓ અને વિવિધ સામાજિક વર્ગોના લોકો સામેલ હતા. તેમાં પછાત વર્ગો, દલિતો, અલ્પસંખ્યકો તેમજ સવર્ણ સમુદાયના લોકો પણ જોવા મળ્યા હતા. ખાસ વાત એ હતી કે, કાર્યક્રમની શરૂઆત એક સ્થાનિક રાજકીય ઘટનાના વિરોધરૂપે થઈ હતી. અખિલેશ યાદવની સભામાં રાયબરેલીમાં અગાઉના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની સભાઓ કરતાં પણ વધુ ભીડ હોવાના દાવા કરવામાં આવ્યા હતા. જો કે, આ તુલનાને સાબિત કરવા માટે કોઈ સ્વતંત્ર આંકડો ઉપલબ્ધ નથી. રાયબરેલી શહેરના સરકારી ઈન્ટર કોલેજના મેદાનમાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં કેટલાક સમર્થકો માટે મંચ સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું. લોકોને મંચ સુધી પહોંચાડવા અને SP પ્રમુખને હાર પહેરાવવા માટે JCB મશીનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિશાળ જનમેદનીને સંબોધતા અખિલેશ યાદવે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોતાની પાર્ટીના રાજકીય એજન્ડા અંગે વાત કરી. સભાને સંબોધતા અખિલેશ યાદવે PDAને પછાત વર્ગો, દલિતો અને અલ્પસંખ્યકોના રાજકીય ગઠબંધન ગણાવ્યું. તેમણે કહ્યું કે, PDA એવા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે જેઓ ભેદભાવ અને મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, PDA રથ અન્યાય અને સામાજિક અપમાનનો



ભોગ બનેલા લોકોના સંઘર્ષનું પ્રતીક છે. BJPનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, અમે ૨૦૨૪માં તેમને હરાવ્યા છે અને ૨૦૨૭માં તેમનો સંપૂર્ણ સફાયો કરીશું. અખિલેશ યાદવે BJP પર સમાજમાં વિભાજન ઊભું કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, તેમની પાર્ટી ચૂંટણીલક્ષી તેમજ સામાજિક ભેદભાવ સામે લડશે. તેમણે રાજ્ય સરકારની કાયદો-વ્યવસ્થાની કામગીરીની ટીકા કરી. હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો સાથે ભેદભાવ અને ગેરકાયદેસર બાંધકામના આરોપસર લોકો સામે બુલડોઝરનો ઉપયોગ કરવાનો પણ તેમણે આક્ષેપ કર્યો. તેમના દાવા મુજબ કેટલાક સમુદાયો સાથે અન્ય લોકોની સરખામણીમાં અલગ વ્યવહાર કરવામાં આવે છે.

SP પ્રમુખે ઉત્તરપ્રદેશ પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)ની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા અને ભ્રષ્ટાચાર તથા અન્યાયી વ્યવહારના આક્ષેપો કર્યા. તેમના આ નિવેદનો દ્વારા SPને ઉત્તરપ્રદેશની BJP સરકારના રાજકીય વિકલ્પ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે જનસમર્થન મેળવવાના પ્રયાસરૂપે અખિલેશ યાદવે અનેક પ્રસ્તાવિત નીતિઓની વાત કરી. તેમણે કહ્યું કે, SP સત્તામાં પરત આવશે તો અગ્નિવીર ભરતી વ્યવસ્થા નાબૂદ કરવામાં આવશે અને યુવાનોને કાયમી રોજગારની તકો આપવામાં આવશે. સરકારી નોકરીઓમાં આઉટસોર્સિંગ વ્યવસ્થા પણ સમાપ્ત કરવાની અને રાજ્યના આરોગ્ય માળખામાં વ્યાપક સુધારા કરવાની તેમણે જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, 'દરેકને ન્યાય મળશે અને દરેકને કામ મળશે.' અખિલેશ યાદવના નિવેદનો ખાસ કરીને યુવા મતદારો અને PDAના રાજકીય માળખા હેઠળ પાર્ટી સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહેલા વિવિધ સામાજિક વર્ગોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા હતા. અખિલેશ યાદવની મુલાકાતનું વિશેષ રાજકીય મહત્ત્વ છે કારણ કે, રાયબરેલી લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કરે છે અને જિલ્લાના વિધાનસભા મતવિસ્તારોમાં SPની નોંધપાત્ર હાજરી છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં SPએ રાયબરેલી જિલ્લામાં બછરાવાં, હરચંદપુર, લાલગંજ અને ઉંચાહાર એમ ચાર બેઠકો જીતી હતી. જો કે, ઉંચાહારના SP ધારાસભ્ય મનોજ પાંડેએ બાદમાં SP છોડીને BJP સાથે જોડાણ કર્યું હતું. તેના કારણે જિલ્લામાં SPની સંખ્યા ઘટી હતી. BJPએ રાયબરેલી સદર અને સલોન બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસ જિલ્લામાં એક પણ વિધાનસભા બેઠક જીતી શકી નહોતી.

# ખાણકામથી પ્રભાવિત વિસ્તારોના કલ્યાણ માટે ફાળવવામાં આવેલા ઓડિશા DMF ફંડના ખર્ચમાં ગંભીર ખામીઓ : CAG

**ઓડિશામાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનની સ્થાપના રાજ્યના ખાણકામથી પ્રભાવિત લોકો અને વિસ્તારોના કલ્યાણ અને સુખાકારી માટે કરવામાં આવી હતી, વિધાનસભામાં રજૂ કરાયેલા CAG રિપોર્ટમાં આ ભંડોળના મૂલ્યાંકન, પુનઃપ્રાપ્તિ અને દેખરેખમાં નોંધપાત્ર પ્રણાલીગત ખામીઓ દર્શાવવામાં આવી હતી, કેટલાક કિસ્સાઓમાં ભંડોળ અન્ય હેતુઓ માટે વાળવામાં આવ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (CAG)એ ઓડિશા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF) હેઠળ પ્રોજેક્ટ્સની મંજૂરી અને અમલીકરણમાં ઘણી ખામીઓ ઉજાગર કરી છે. DMFની સ્થાપના રાજ્યના ખાણકામથી પ્રભાવિત લોકો અને વિસ્તારોના કલ્યાણ અને સુખાકારી માટે કરવામાં આવી હતી. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ સોમવારે (૨૮ સપ્ટેમ્બર) ઓડિશા વિધાનસભામાં રજૂ કરાયેલા એક અહેવાલમાં, દેશની સર્વોચ્ચ ઓડિટ સંસ્થાએ ઓડિટ માટે પસંદ કરાયેલા ખાણકામ વર્તુળો અને કાર્ય વિભાગોમાં DMF યોગદાનના મૂલ્યાંકન, સંગ્રહ અને દેખરેખમાં નોંધપાત્ર પ્રણાલીગત ખામીઓ દર્શાવી હતી. CAGએ જણાવ્યું હતું કે, નિશ્ચિત DMF યોગદાન દરનો દુરુપયોગ, અંતિમ રોયલ્ટી મૂલ્યાંકન પછી યોગદાનનું પુનઃમૂલ્યાંકન કરવામાં નિષ્ફળતા અને વિલંબિત ચૂકવણી પર વ્યાજ વસૂલવામાં નિષ્ફળતા, આ બધાને કારણે DMF વસૂલાતમાં નોંધપાત્ર નુકસાન થયું છે. આ યોગદાન ઓડિશામાં ખાણકામ પટાવાળાઓ દ્વારા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનને કરવામાં આવતી ફરજિયાત નાણાકીય ચૂકવણી છે.

ઓડિટ રિપોર્ટ મુજબ છ જિલ્લાઓએ વ્યાજ સહિત રૂા.૨૨,૫૬૮.૧૭ કરોડના DMF યોગદાન એકત્રિત કર્યા હતા અને ૨૦૧૫-૧૬ અને ૨૦૨૩-૨૪ વચ્ચે DMF ભંડોળમાંથી રૂા.૨૦,૯૪૭.૫૨ કરોડના ૧૭,૪૩૫ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. આમ છતાં આ છ DMFમાંથી કોઈએ લાંબા ગાળાની પરિપ્રેક્ષ્ય યોજના અને માસ્ટર પ્લાન તૈયાર કર્યો નથી. ઓડિટ માટે પસંદ કરાયેલા છ જિલ્લાઓમાં સુંદરગઢ, કેઓંઝર, જાજપુર, મયુરભંજ, ધેંકનાલ અને નબરંગપુરનો સમાવેશ થાય છે.

અહેવાલમાં જણાવાયું છે કે, '૨૦૧૫-૧૬થી ૨૦૨૩-૨૪ દરમિયાન કેઓંઝર અને સુંદરગઢ જિલ્લામાં DMF તરફથી કુલ ૯૭૩૯ પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા હતા, જેનો કુલ ખર્ચ ૧૭,૯૨૬.૭૯ કરોડ રૂપિયા હતો. આમાંથી ૯૭૬ બિન-અસરગ્રસ્ત ગામોમાં પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા માટે ૯૮૩.૩૨ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, જ્યારે ૪૮૮ સીધી અસરગ્રસ્ત ગામોમાં અને ૯૬ પરોક્ષ રીતે અસરગ્રસ્ત ગામોમાં એક પણ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો ન હતો.

અહેવાલ મુજબ જાજપુર DMFમાં ઉપયોગમાં લેવાયેલા ૧૧૬૪.૪૩ કરોડ રૂપિયામાંથી, ૪૩.૫૪ ટકા, અથવા ૫૦૭.૦૨ કરોડ રૂપિયા, પરોક્ષ રીતે અસરગ્રસ્ત વિસ્તારોમાં ખર્ચવામાં આવ્યા હતા, જે નિર્ધારિત ૪૦ ટકા મર્યાદા કરતાં વધુ હતા.

ઓડિટ માટે પસંદ કરાયેલા છ DMFમાંથી, મયુરભંજ, ધેંકાનાલ અને નબરંગપુર જિલ્લાઓએ ૨૦૧૫ દરમિયાન વધારાના DMF ભંડોળ માટે ફ્લેક્સી ડિપોઝિટ/ઓટો સ્વીપ એકાઉન્ટ્સનો વિકલ્પ પસંદ કર્યો ન હતો જેથી ૨૦૨૪. આના પરિણામે ૯.૪૯ કરોડ રૂપિયાનું વ્યાજ ગુમાવ્યું. તેવી જ રીતે, કેઓંઝર ડીએમએફને ૮૪.૫૧ કરોડ રૂપિયાનું વ્યાજ ગુમાવવું પડ્યું. કેગે જણાવ્યું હતું કે, મનરેગા હેઠળ કામ માંગતા લોકોને વધારાનું વેતન ચૂકવવા માટે જાજપુર, કેઓંઝર અને સુંદરગઢ જિલ્લાના ડીએમએફમાંથી ૧૭૧.૭૯ કરોડ રૂપિયા છૂટા કરવામાં આવ્યા હતા, જે ગ્રામીણ વિકાસ મંત્રાલયની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન છે.

**અન્ય હેતુઓ માટે ઉપયોગમાં લેવાયેલા DMF ભંડોળ :** ઓડિટરે નોંધ્યું હતું કે, સુંદરગઢ DMFના કુલ ૯૯.૮૧ કરોડના વહીવટી ખર્ચમાંથી રૂા.૨૫.૦૧ કરોડ વહીવટી કાર્ય સિવાયની વસ્તુઓ પર અનિયમિત રીતે ખર્ચવામાં આવ્યા હતા. આમાં પોલીસ પેટ્રોલિંગ માટે વાહનો ભાડે લેવા, મ્યુનિસિપલ ઓફિસનું નવીનીકરણ, કલેક્ટરના નિવાસસ્થાન પર વાંચન ખંડનું નવીનીકરણ, ઉદ્ઘાટન સમારોહ માટેના ખર્ચ અને શાળા કાર્યક્રમોનું આયોજન સામેલ છે. જાજપુર, કેઓંઝર અને સુંદરગઢ DMFમાં પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી અમલીકરણ એજન્સીઓએ રૂા.૪૭૦.૨૫ ની વણખર્ચાયેલી રકમ પરત કરી નથી. કરોડ અને DMFને રૂા.૨૬.૫૧ કરોડનું વ્યાજ. તેવી જ રીતે ધેંકનાલ અને મયુરભંજની અમલીકરણ એજન્સીઓએ તેમના સંબંધિત DMFને ૮૭ લાખ રૂપિયાનું વ્યાજ પરત કર્યું ન હતું. CAGએ એ પણ નોંધ્યું છે કે, DMF ભંડોળમાંથી ૧૩૬.૭૭ કરોડ રૂપિયાના ખર્ચે સુંદરગઢમાં હોકી સ્ટેડિયમ બનાવવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ યોજના માર્ગદર્શિકા




હેઠળ મંજૂર કરાયેલી કોઈપણ પ્રવૃત્તિઓમાં આવતો નથી.

**કોવિડ દરમિયાન DMF ભંડોળ ખાનગી હોસ્પિટલો પર ખર્ચવામાં આવ્યું હોવાના આરોપો :**

CAGએ શોધી કાઢ્યું કે ઓડિશાના ત્રણ ખનિજ સમૃદ્ધ જિલ્લાઓએ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ખાનગી હોસ્પિટલોમાં ICU અને સામાન્ય પથારી અનામત રાખવાને બદલે જિલ્લા ખનિજ ફાઉન્ડેશન ભંડોળમાંથી ૧૪૫.૦૬ કરોડ રૂપિયાનો અનિયમિત ખર્ચ કર્યો.

ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ઓડિટમાં જાણવા મળ્યું કે જાજપુર, કેઓંઝર અને સુંદરગઢના DMFએ કોવિડ-૧૯ દર્દીઓની સારવાર માટે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) વ્યવસ્થા હેઠળ ખાનગી હોસ્પિટલોને ભાડે રાખી હતી. આ હોસ્પિટલોને બેડ અનામત રાખવા માટે ચૂકવણી કરવામાં આવી હતી, ભલે ખાણ મંત્રાલયે DMFને PPP મોડેલ હેઠળ ખાનગી હોસ્પિટલોમાં બેડ રિઝર્વ કરવાનો નિર્દેશ આપ્યો ન હતો. આ ત્રણ જિલ્લાઓએ હોસ્પિટલો દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવોના આધારે દર નક્કી કર્યા હતા. જો કે, ઓડિટમાં આ દરો અંગે કોઈ વાટાઘાટો કે સોદાબાજીનો રેકોર્ડ મળ્યો નથી.

**ત્રણ ખાનગી હોસ્પિટલોને કરોડો રૂપિયા ચૂકવવામાં આવ્યા :**

જાજપુરના કુઆખિયામાં આવેલી ભૂમિખા મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલને ૨૪ મેથી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૧ દરમિયાન ૫૦ ICU અને ૧૫૦ જનરલ બેડ રિઝર્વ કરવા માટે નિયુક્ત કરવામાં આવી હતી. DMFએ આ માટે હોસ્પિટલને ૯.૭૦ કરોડ રૂપિયા ચૂકવ્યા.

કીઓંઝરમાં રાંકી હોસ્પિટલ ઉત્કલ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક એપ્રિલ ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, આરક્ષિત ICU બેડની સંખ્યા ૧૪થી ૪૪ અને જનરલ બેડની સંખ્યા ૩૬થી ૧૦૬ સુધી હતી. આ માટે હોસ્પિટલને રૂા.૨૫.૯૧ કરોડ ચૂકવવામાં આવ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૨ દરમિયાન સુંદરગઢ DMF દ્વારા જય પ્રકાશ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરને ICU અને જનરલ બેડ રિઝર્વ કરવા માટે રૂા.૧૦૯.૪૫ કરોડની સૌથી વધુ ચૂકવણી કરવામાં આવી હતી. હોસ્પિટલે રૂા.૯૮.૮૫ કરોડ ચૂકવવાના હતા પરંતુ વધારાના રૂા.૧૦.૬૦ કરોડ ચૂકવવામાં આવ્યા હતા. ઓડિટ મુજબ આ બેડ રિઝર્વેશન પ્રોજેક્ટ્સ નિયમોનું ઉલ્લંઘન કરીને અમલમાં મૂકવામાં આવ્યા હતા અને ખાણકામથી પ્રભાવિત લોકો માટે આરોગ્ય માળખાગત સુવિધા વિકસાવવાના પ્રધાનમંત્રી ખાણ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ઉદ્દેશ્યને નબળો પાડ્યો હતો.

**મોબાઈલ મેડિકલ વાનમાં અનિયમિતતાઓ :**

ઓડિટમાં સુંદરગઢ ડીએમએફ દ્વારા સાત વર્ષમાં મોબાઈલ મેડિકલ વાન (એમએમવી) પર ખર્ચવામાં આવેલા રૂા.૭.૪૪ કરોડમાં પણ અનિયમિતતાઓ જોવા મળી.

ઓડિટ મુજબ આ મોબાઈલ મેડિકલ વાનમાં તૈનાત કેટલાક ડોકટરો પાસે માન્ય તબીબી પરમિટ નહોતી. કુલ ૭૮ તબીબી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી, જેમાંથી નવ સંબંધિત મેડિકલ કાઉન્સિલ સાથે માન્ય નોંધણીનો અભાવ હોવાનું જણાયું હતું. ઓડિટરે ઓડિશા સરકારને નિયમો અનુસાર DMF ફંડ એકાઉન્ટ્સની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવા અને અમલીકરણ એજન્સીઓ પાસેથી ભંડોળ પર મેળવેલ વ્યાજ વસૂલ કરવાની સલાહ આપી હતી. CAGએ એવી પણ ભલામણ કરી હતી કે, રાજ્ય સરકાર મંજૂર પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરે, નાણાકીય વર્ષમાં જારી કરાયેલા ભંડોળનો સંપૂર્ણ ઉપયોગ સુનિશ્ચિત કરે અને તેના માટે ઉપયોગિતા પ્રમાણપત્રો સબમિટ કરે.

# કુણાલ કામરાએ વિધાનસભાના વિશેષાધિકારના મુદ્દે હસ્તક્ષેપ અરજી સાથે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો : અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગે સવાલો ઉઠાવ્યા

(એજન્સી) તા.૩૦

કોમેડિયન કુણાલ કામરાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરીને સાત ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ ચાલી રહેલા એક કેસમાં હસ્તક્ષેપ કરવાની માગણી કરી છે. આ બેન્ચ વિધાનસભાના વિશેષાધિકારની મર્યાદા અને નાગરિકના મૂળભૂત અધિકારો, જેમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે, સાથે તેના સંબંધની તપાસ કરશે. કામરાએ આ કેસમાં પોતાને પક્ષકાર બનાવવાની પરવાનગી માંગી છે. આ કેસમાં બંધારણની કલમ ૧૯૪(૩) હેઠળના વિધાનસભાના વિશેષાધિકાર અને કલમ ૧૯(૧)(એ) તથા ૨૧ હેઠળ આપવામાં આવેલા અધિકારો વચ્ચેના સંબંધ અંગે સવાલો છે. સાત ન્યાયાધીશોની બેન્ચ ૬ ઓક્ટોબરથી આ મામલાની સુનાવણી શરૂ કરવાની છે. કામરાની આ હસ્તક્ષેપ અરજીની પૃષ્ઠભૂમિમાં મહારાષ્ટ્ર વિધાનસભા સમક્ષ તેમના વિરુદ્ધ ચાલી રહેલી વિશેષાધિકાર ભંગની કાર્યવાહી છે. આ કાર્યવાહી તેમના 'નયા ભારત' નામના કોમેડી શોને લઈને ચાલી રહી છે. જો કે, કામરાએ વિશેષાધિકાર સમિતિ સમક્ષ કહ્યું હતું કે, તેમના કોમેડી શૉથી મહારાષ્ટ્ર વિધાનસભાની કામગીરીમાં કોઈ દખલ થઈ નહોતી. તેમણે દલીલ કરી હતી કે, આ કાર્યક્રમ બંધારણની કલમ ૧૯(૧)(એ) હેઠળ મળેલા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ હતો. આ ઉપરાંત વીડિયો અપલોડ થયા બાદ ધારાસભ્ય મુરજી કાંજી પટેલે ખાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં કામરાના કાર્યક્રમ દ્વારા શિંદેની બદનામી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ હેઠળ FIR નોંધવામાં આવી હતી. કામરાએ ફોજદારી કેસ રદ કરવાની માગણી સાથે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટે તેમની અરજી પેન્ડિંગ રહે ત્યાં સુધી તેમની ધરપકડ ન કરવાનો આદેશ આપ્યો હતો. ચાર્જશીટ દાખલ કરવામાં આવે તો FIRના સંબંધમાં કાર્યવાહી આગળ ન વધારવા માટે પણ કોર્ટે સંબંધિત



અદાલતને નિર્દેશ આપ્યો હતો. કામરાની સુપ્રીમ કોર્ટ સમક્ષની હસ્તક્ષેપ અરજી અનુસાર હજુ સુધી ચાર્જશીટ દાખલ કરવામાં આવી નથી અને હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહી પણ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરેલી અરજીમાં કામરાએ દલીલ કરી છે કે, નાગરિકોના વક્તવ્યને દબાવવા માટે વિધાનસભાના વિશેષાધિકારનો ઉપયોગ કરી શકાય નહીં. તેમણે રજૂઆત કરી છે કે, 'નાગરિકોના વક્તવ્યને દબાવવા માટે વિધાનસભાના વિશેષાધિકારનો ઉપયોગ લોકશાહીના હૃદય પર પ્રહાર કરે છે.' કામરાએ દલીલ કરી છે કે, જ્યારે વિધાનસભાના વિશેષાધિકાર અને નાગરિકની વાણી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા વચ્ચે ટકરાવ ઊભો થાય ત્યારે બંને વચ્ચે બંધારણીય રીતે સુમેળભર્યો ઉકેલ શોધવો જોઈએ અને મુક્ત અભિવ્યક્તિનું રક્ષણ કરવું જોઈએ. બીજી તરફ, સુપ્રીમ કોર્ટે એ પણ વિચારવું પડશે કે આ સ્વતંત્રતા વિધાનસભાઓને બંધારણ હેઠળ આપવામાં આવેલા વિશેષાધિકારો સાથે કેવી રીતે લાગુ પડે છે. તેમની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, અરજદારનું માનવું છે કે, તેમનો કેસ દર્શાવે છે કે, વિધાનસભાના વિશેષાધિકારોનો ઉપયોગ માત્ર પ્રેસના સભ્યોની વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને જ નહીં પરંતુ વિધાનસભાના સભ્યોની કામગીરી અંગે બોલવા માંગતા કોઈપણ નાગરિકની સ્વતંત્રતાને પણ અસર કરે છે. બંધારણની જોગવાઈઓનો ઉપયોગ ચૂંટાયેલા પ્રતિનિધિઓની કામગીરી અંગેના વક્તવ્ય અને ટિપ્પણીને નિરુત્સાહિત કરવા માટે થઈ શકે તે ચિંતાજનક છે. આ હસ્તક્ષેપ અરજી અનુસાર અનેક વખત મુદત પડ્યા બાદ કામરા ૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વિશેષાધિકાર સમક્ષ હાજર થયા હતા. તેમણે સમિતિ સમક્ષ લેખિત દલીલો અને કાનૂની સંદર્ભો રજૂ કર્યા હતા. વિશેષાધિકારની કાર્યવાહી હજુ પેન્ડિંગ છે. હવે કામરાએ સુપ્રીમ કોર્ટ સમક્ષ પોતાની દલીલો રજૂ કરવાની પરવાનગી માંગી છે. તેમની દલીલ છે કે, સાત ન્યાયાધીશોની બેન્ચ જે બંધારણીય પ્રશ્નોની તપાસ કરવાની છે, તેની સીધી અસર તેમના કેસ પર પડે છે. એન. રવિ કેસની શરૂઆત ૨૦૦૩માં તમિલનાડુ વિધાનસભા દ્વારા The Hinduના વરિષ્ઠ પત્રકારો અંગે પસાર કરાયેલા ઠરાવથી થઈ હતી. વિધાનસભાએ હિન્દુના સંપાદક એન. રવિ, એક્ઝિક્યુટિવ એડિટર માલિની પાર્થસારથી, પ્રકાશક એસ. રંગરાજન, બ્યૂરો ચીફ વી. જયંત અને સ્પેશિયલ કરસ્પોન્ડન્ટ રાધા વેંકટેશનને વિધાનસભાના વિશેષાધિકાર ભંગ અને કન્ટેમ્પ્ટ બદલ ૧૫ દિવસની જેલની સજા કરવાનો ઠરાવ કર્યો હતો. તેમની ધરપકડ માટે વોરન્ટ પણ બહાર પાડવામાં આવ્યા હતા. જો કે, સુપ્રીમ કોર્ટે આ કાર્યવાહી પર રોક લગાવ્યા બાદ પત્રકારોની ધરપકડ થઈ નહોતી. ૮ ડિસેમ્બર, ૨૦૦૩ના એક આદેશમાં સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, આ વિવાદમાં કાયદાના મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા થાય છે. તેમાં બંધારણની કલમ ૧૯૪(૩)નું અર્થઘટન અને વાણી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ કરતી કલમ ૧૯(૧)(એ) તથા જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરતી કલમ ૨૧ સાથે તેનો સંબંધ સામેલ હતો. આ મામલો પાંચ ન્યાયાધીશોની બેન્ચને મોકલવામાં આવ્યો હતો. ૨૦૦૪માં તેને સાત ન્યાયાધીશોની બેન્ચને સોંપવામાં આવ્યો હતો, કારણ કે, સંબંધિત પ્રશ્નો અંગે અગાઉની પાંચ અને સાત ન્યાયાધીશોની બેન્ચના ચુકાદાઓમાં વિરોધાભાસ હોવાનું કોર્ટે નોંધ્યું હતું. સાત ન્યાયાધીશોની બેન્ચ ૬ ઓક્ટોબરે આ કેસની સુનાવણી શરૂ કરશે અને દલીલો ૧૫ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવાનો પ્રસ્તાવ છે. કામરાની હસ્તક્ષેપ અરજી વકીલ અર્થી રાઘવને તૈયાર કરી છે અને વકીલ માનસી બિંજરાજકાએ તેના માધ્યમથી અરજી દાખલ કરવામાં આવી છે.

"સભ્યોની નિમણૂક સ્વાગત યોગ્ય પરંતુ હસમુખ પટેલના કાર્યકાળની ભરતી પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ વિના સંઘર્ષ અધૂરો"

# GPSC આંદોલનને મોટી આંશિક સફળતા : ૭+૧ નવા સભ્યોની નિમણૂક

## મુખ્ય માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : સામાજિક ક્રાંતિ અભિયાન

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતભરના વિવિધ ૨૯ સામાજિક સંગઠનોના સંયુક્ત જોડાણથી "સામાજિક ક્રાંતિ અભિયાન"ના નેજા હેઠળ GPSCની ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા, જવાબદારી અને સમાન ન્યાયની માંગ સાથે છેલ્લા ૧૭ દિવસથી સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે અવિરત આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન દરમિયાન GPSCના ચેરમેન હસમુખ પટેલને અધ્યક્ષપદેથી દૂર કરવાની તથા તેમના કાર્યકાળ દરમિયાન થયેલી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસની પણ માંગ કરવામાં આવી રહી છે. GPSCમાં લાંબા સમયથી ખાલી પડેલી સભ્યોની જગ્યાઓને કારણે ખાસ કરીને ભરતી તથા ઈન્ટરવ્યૂ પ્રક્રિયાની પારદર્શિતા અને કાર્યપદ્ધતિ અંગે ઉમેદવારો તથા વિવિધ સામાજિક સંગઠનો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવતા રહ્યા હતા. સરકાર દ્વારા હવે GPSCમાં ૭+૧ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. સામાજિક ક્રાંતિ અભિયાન આ નિર્ણયને પોતાના સતત લોકશાહી સંઘર્ષની આંશિક સફળતા અને પ્રથમ ચરણની મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જુએ છે અને સરકારના આ પગલાનું સ્વાગત કરે છે. પરંતુ સંગઠનોનું સ્પષ્ટ કહેવું છે કે માત્ર નવા



સભ્યોની નિમણૂકથી GPSC સંબંધિત તમામ પ્રશ્નોનું નિરાકરણ થયું નથી. સામાજિક ક્રાંતિ અભિયાનની મુખ્ય માંગ એ છે કે GPSCના ચેરમેન હસમુખ પટેલના કાર્યકાળ દરમિયાન થયેલી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

આ માટે સરકાર સમક્ષ નીચેની માંગણીઓ મૂકવામાં આવી છે:

૧. GPSCની ભરતી પ્રક્રિયામાં UPSCની માફક વધુમાં વધુ પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે.

૨. ઈન્ટરવ્યૂ પ્રક્રિયા અને ઈન્ટરવ્યૂ માર્ક્સ અંગે સ્પષ્ટ, એકસમાન અને જાહેર માર્ગદર્શિકા બનાવવામાં આવે.

૩. હસમુખ પટેલના અધ્યક્ષપદના કાર્યકાળ દરમિયાન થયેલી સરકારી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

૪. તપાસ માટે નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરવામાં આવે, જેમાં બંધારણીય અનામત વર્ગોના યોગ્ય પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવે.

૫. તપાસ સમિતિનો અંતિમ અહેવાલ જાહેર ન થાય ત્યાં સુધી હસમુખ પટેલને GPSCના અધ્યક્ષપદની કામગીરીથી દૂર રાખવામાં આવે.

૬. તપાસમાં કોઈ ગેરરીતિ અથવા નિયમવિરુદ્ધ કાર્યવાહી પુરવાર થાય તો કાયદા અને નિયમો અનુસાર જવાબદારી નક્કી કરી અસરગ્રસ્ત ઉમેદવારોને યોગ્ય ન્યાય આપવામાં આવે.

છેલ્લા ૧૭ દિવસથી ચાલી રહેલા આ લોકશાહી આંદોલનને સંગઠિત, સક્રિય અને અસરકારક બનાવવામાં વિવિધ સામાજિક સંગઠનોના આગેવાનો તથા કાર્યકર્તાઓએ સતત મહેનત કરી છે. ખાસ કરીને દીપસિંહ ઠાકોર, અજમલજી ઠાકોર, ડૉ. બી.સી. રાઠોડ, એડવોકેટ દર્શિલ કંથારીયા, કમલેશ ધવન, હસમુખ સક્સેના, મનોજ ગેડીયા, અશોક સમ્રાટ અને ઈકબાલ એહમદ મિરઝાએ ધરણાંને સફળ બનાવવા માટે સતત સંકલન, જનજાગૃતિ, સંગઠનાત્મક કામગીરી અને રજૂઆતોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ આગેવાનોના સતત પ્રયાસો તથા ૨૯ જેટલા વિવિધ સામાજિક સંગઠનોની એકતા અને સહભાગિતાના પરિણામે GPSCમાં લાંબા સમયથી ખાલી પડેલી સભ્યોની જગ્યાઓ ભરવાની દિશામાં સરકાર દ્વારા ૭+૧ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયને આંદોલનની પ્રથમ ચરણની મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. સામાજિક ક્રાંતિ અભિયાનનું સ્પષ્ટ માનવું છે કે GPSC જેવી મહત્વપૂર્ણ જાહેર સંસ્થામાં ભરતીની સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક, જવાબદાર અને તમામ વર્ગોના ઉમેદવારો માટે સમાન ન્યાયના સિદ્ધાંત પર આધારિત હોવી જોઈએ. ૭+૧ નવા સભ્યોની નિમણૂક અમારા માટે અંતિમ જીત નથી; પરંતુ અમારી મુખ્ય માંગણીઓ તરફ થયેલું એક મહત્વપૂર્ણ પગલું છે. મુખ્ય માંગણીઓનો સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં સુધી સામાજિક ક્રાંતિ અભિયાન લોકશાહી અને બંધારણીય માર્ગે પોતાની રજૂઆત તથા આંદોલન ચાલુ રાખશે.

ડો.નસીમ જી. કાદરી સહિત દિગ્ગજો ઉપસ્થિત રહ્યા

# સુરતની એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલમાં ૨૨મું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

## આપણો દેશ આવનાર સમયમાં ચોક્કસ મહાસત્તા બનશે તેવું બાળ વૈજ્ઞાનિક બાળકોના ચહેરા પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે : જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ







(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૦

આજના વૈજ્ઞાનિક યુગમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ વિજ્ઞાનની પોતાની કલાકૃતિ ખૂબ જ સરસ રીતે રજુ કરતા જોઈને આપણો ભારત દેશ આગામી આવનાર સમયમાં ચોક્કસ મહાસત્તા બનશે તેવુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઉપસ્થિત બાળ વૈજ્ઞાનિક બાળકોના ચહેરા ઉપરથી સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું હોવાનું જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત., જિલ્લા શિક્ષણઅધિકારીની કચેરી સુરત અને ધી એસ.ડી.એમ.એ.એસ સંચાલિત સોદાગહવાડ સ્ટ્રિટ એંગ્લો ઉર્દૂ હાઈસ્કુલ અને ચક્કીવાલા ગર્લ્સ હાઈસ્કુલ તથા તમામ શાળાઓના સંયુકત ઉપક્રમે આયોજીત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત એસયુએસ-કક્ષાનું ૨૨મું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઉપસ્થિત અને મુખ્ય મહેમાન એવા જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારએ ઉક્ત વિધાન ટાંકયાં હતા. આ અંગે સુરત જિલ્લા શિક્ષણ અધિકારી અને સંભારણના મુખ્ય મહેમાન ડૉ.ભગીરથસિંહ પરમારએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૨માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ એડ.ડૉ.નસીમ જી. કાદરી સહિત સમગ્ર કમિટિના સભ્યો હાજર રહ્યાંનો આ પ્રસંગ એક અદ્ભુત અને સંકલ્પનો સમન્વયનો એક અનોખો સંગમ પ્રસ્થાપિત તેમજ વિદ્યાર્થીઓની કૃતિઓનું નિરીક્ષણ કર્યા બાદ વિદ્યાર્થીઓ સાથે કરેલ સંવાદ બાદ તથા વિજ્ઞાન, ટેકનોલોજી, સંશોધન અને નવીનતા અંગે પણ હાજર બાળ વિજ્ઞાનિકોને માર્ગદર્શન આપી બાળ વિજ્ઞાનિકોને પ્રોત્સાહક કર્યા હોવાનું સંસ્થાના પ્રમુખ એડ.ડૉ.નસીમ કાદરીએ જણાવ્યું હતું. એંગ્લો ઉર્દૂ હાઈસ્કુલના પટાંગણમાં યોજાયેલા ૨૨માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઉપસ્થિત અથિતિ ઈ.આઈ. ડી.ઈ.ઓ જગદીશભાઈ ચાવડાએ ઉપસ્થિત વિવિધ શાળાના બાળ વિજ્ઞાનિકોને સંબોધી જણાવેલ કે, ધર્મ અને વિજ્ઞાનનું સંકલન જેતા એક જ છે. ધર્મ વિજ્ઞાન સાથે જોડાયેલ છે. સવારમાં આપણે ઘરમાં દિવો કે ધૂપ કરી છે. તેનાથી એક સારી ઉર્જાનો સંચાર થાય છે અને ઘરનો માહોલ સારી ખુશબુ અને શુદ્ધ હવાનો સંચાર થવાનો અનુભવથી ધર્મ અને વિજ્ઞાન એક જ હોવાનું તેમને ધષ્ઠાન આપતા જણાવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓની કૃતિઓને પાંચલ અલગ-અલગ પેટા વિભોમાં રજૂ કરવામાં આવી હતી. જેના માધ્યમથી વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક વિચારશક્તિ, સમસ્યા ઉકલેવાની ક્ષમતા અને સર્જનાત્મક અભિગમને પ્રદર્શિત કરવાની તક મળી હતી તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેઓ ભવિષ્યમાં વધુ સારી તથા નવીન કૃતિઓ તૈયાર કરવા પ્રેરાય તે હેતુથી સમગ્ર પ્રદર્શનનું વાતાવરણ શૈક્ષણિક અને પ્રેરણાત્મક બનાવવામાં આવ્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે નાસ્તા તથા ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરોક્ત પ્રદર્શનના વિવિધ પેટા વિભાગોમાં વિદ્યાર્થીઓની કૃતિઓનુ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. દરેક પેટા વિભાગમાં પ્રથમ, દ્રિતીય અને તૃતીય ક્રમે સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરીને તેમની મહેનત અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં આવી હતી તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન પત્ર અર્પણ કરી સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હોવાનું સંસ્થાના પ્રમુખ એડ.ડો. નસીમ જી. કાદરી દ્વારા જણાવવામા આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ એડ.ડૉ.નસીમ જી. કાદરી માનદમંત્રી અબ્દુલ મુલ્લા, સહ માનદમંત્રી એડ.રાજુ મલિક, સહમાનદમંત્રી હયાતખાન માસ્ટર ઉપપ્રમુખ મહેબુબ પલ્લા, કારોબારી સભ્ય ઈલ્યાસ લૂલાત, ઈરમાન પટેલ અને અનિશભાઈ દેસાઈ તથા એસ.ડી.એમ.ઈ.એસ. સંચાલિત તમામ શાળાઓએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હોવાનું પણ સંસ્થાના પ્રમુખએ જણાવ્યું હતું.

# યુવા પ્રોફેશનલથી સંસદ સુધીની સફર : અખિલેશ યાદવે ધનરાજ નથવાણીને રાજ્યસભા માટે આપ્યું સમર્થન



(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૩૦

નવી પેઢીના એક પ્રોફેશનલ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે. ધનરાજ પરિમલ નથવાણી ઉત્તરપ્રદેશથી સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના ઉમેદવાર બન્યા છે. તેમણે બુધવારે લખનૌ ખાતે પક્ષ પ્રમુખ અખિલેશ યાદવ અને વરિષ્ઠ નેતા પ્રોફેસર રામગોપાલ યાદવની ઉપસ્થિતિમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. પ્રો. રામગોપાલ યાદવ પણ ઉપલા ગૃહ (રાજ્યસભા) માટે પક્ષના ઉમેદવાર છે.

નથવાણીએ રિલાયન્સ ગ્રૂપના ઘણા મહત્ત્વપૂર્ણ વ્યવસાયો અને સંસ્થાકીય પહેલોમાં વરિષ્ઠ જવાબદારીઓ સંભાળી છે. તેઓ રિલાયન્સ કોર્પોરેટ આઈટી પાર્કના બોર્ડના સભ્ય તરીકે સેવા આપે છે, જે ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊભરતી ટેક્નોલોજીના ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમની સક્રિયતા કોર્પોરેટ ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. નથવાણી ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)ના પ્રમુખ છે, જ્યાં તેઓ રાજ્યમાં ક્રિકેટના વહીવટ અને વિકાસ સાથે સંકળાયેલા રહ્યા છે. ઉત્તરપ્રદેશ વિધાનસભામાં સમાજવાદી પાર્ટી પાસે પોતાના રાજ્યસભાના બંને ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરવા માટે પૂરતું સંખ્યાબળ છે. આ ચૂંટણી ૧૬ ઓક્ટોબરના રોજ યોજાનાર છે.

નથવાણીની સંસ્થાકીય ભૂમિકાઓ ધર્મ, વન્યજીવ, શિક્ષણ અને ઊર્જા સંશોધન જેવા ક્ષેત્રોમાં પણ વિસ્તરેલી છે. તેઓ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપન સમિતિના ઉપાધ્યક્ષ છે અને ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ તેમજ નાથદ્વારા ટેમ્પલ બોર્ડ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત તેઓ પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્ય છે અને ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ (GERMI) સાથે પણ જોડાયેલા છે. તેમની કોર્પોરેટ જવાબદારીઓ અને વિવિધ સંસ્થાકીય ભૂમિકાઓએ તેમને વ્યવસાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રમતગમત અને જાહેર સંસ્થાઓમાં વ્યાપક અનુભવ આપ્યો છે. સમાજવાદી પાર્ટી દ્વારા તેમના નામાંકનથી હવે આ અનુભવ રાજકીય ક્ષેત્રે પ્રવેશી રહ્યો છે, જેમાં ઉત્તરપ્રદેશ તેમની પ્રસ્તાવિત સંસદીય ભૂમિકાનું કેન્દ્રબિંદુ બનશે.

નામાંકન પત્ર રજૂ કર્યા બાદ નથવાણીએ જણાવ્યું હતું કે, "મને ઉત્તરપ્રદેશથી રાજ્યસભા માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે પસંદ કરવા બદલ હું આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવજીનો હૃદયપૂર્વક આભાર માનું છું અને કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું. મારા જાહેર જીવનના આ નવા તબક્કાની શરૂઆત કરતાં, મેં આજે લખનૌમાં આદરણીય અખિલેશ યાદવજીની ઉપસ્થિતિમાં રાજ્યસભા માટે ઉમેદવારી પત્ર ભર્યું છે. આપ સૌના સ્નેહ, વિશ્વાસ અને શુભેચ્છાઓ બદલ હું ખૂબ ખૂબ આભારી છું."

માય ભારત અને ગજેરા કેમ્પસના સંયુક્ત ઉપક્રમે

# અમરેલીમાં "નશામુક્ત યુવા, સ્વસ્થ સમાજ"ના સંકલ્પ સાથે નશામુક્તિ કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૩૦

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભા, અમરેલી ખાતે વિદ્યાર્થીઓમાં નશામુક્તિ અંગે જાગૃતિ લાવવા માટે નશામુક્તિ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરી સ્વસ્થ, સુરક્ષિત અને વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને તમાકુ, ગુટખા, બીડી, સિગારેટ, દારૂ તેમજ અન્ય નશીલા પદાર્થોના સેવનથી થતા શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક નુકસાન અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. નશાની શરૂઆત ઘણી વખત નાની આદતથી થાય છે, પરંતુ સમય જતાં તે વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવાર અને સમગ્ર જીવન પર ગંભીર અસર કરી શકે છે તે અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં માય ભારત વિભાગમાંથી અધિકારી રાકેશભાઈ બિશનોય ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા નશામુક્તિના સંદેશને અસરકારક રીતે રજૂ કરતાં વિવિધ નાટકો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, "યુવાનો દેશનું ભવિષ્ય છે. નશાથી દૂર રહેવું એ માત્ર પોતાના સ્વાસ્થ્યની જવાબદારી નથી, પરંતુ પરિવાર અને સમાજ પ્રત્યેની પણ જવાબદારી છે. જીવનમાં સફળતા મેળવવા માટે સારા વિચારો, સારા મિત્રો અને સારા સંકલ્પોને અપનાવો તથા નશાને જીવનમાંથી હંમેશા દૂર રાખો." અંતે વિદ્યાર્થીઓએ નશામુક્તિના શપથ લીધા હતા. **(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)**

# ટંકારીઆમાં સી.આર.સી. કક્ષાના ગણિત-વિજ્ઞાન મેળાની ઉજવણી સાથે બ્રિટનના સાંસદ ઈકબાલ હુસૈન મોહંમદનું સન્માન

## વિદ્યાર્થીઓની પ્રતિભાથી ખીલી ઊઠ્યું ટંકારીઆ બ્રાંચ કુમારશાળા પરિસર

(સંવાદદાતા દ્વારા)

ટંકારીઆ, તા.૩૦

ટંકારીઆની બ્રાંચ કુમારશાળામાં બુધવાર, તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સી.આર.સી. કક્ષાના ગણિત-વિજ્ઞાન મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુકેથી પધારેલા ડ્યૂઝબરી એન્ડ બાટલીના મેમ્બર ઓફ પાર્લામેન્ટ (MP) ઈકબાલ હુસૈન મોહંમદનો સન્માન સમારંભ પણ યોજાયો હતો. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ઈકબાલભાઈનું સન્માન પુષ્પગુચ્છ, સન્માનપત્ર તથા શાલ અર્પણ કરી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અઝીઝ ટંકારવી અને નાસીરભાઈ લોટીયાને પણ શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

ગણિત-વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન MP ઈકબાલ હુસૈન મોહંમદના હસ્તે રિબીન કાપીને કરવામાં આવ્યું હતું. મેળામાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ગણિત આધારિત અવનવી કૃતિઓ તથા મોડેલ્સ રજૂ કર્યા હતા. પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, ઊર્જા બચત, નવીનીકરણીય ઊર્જા, સ્વચ્છતા, આરોગ્ય, ટેક્નોલોજી સહિતના વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓએ સર્જનાત્મક પ્રયોગો રજૂ કરી પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન ઈકબાલ હુસૈન મોહંમદ, શાળાના આચાર્ય મુનાફભાઈ, અઝીઝ ટંકારવી, સફવાનભાઈ ભુતા, સઈદભાઈ બાપુજી તથા નાસીરભાઈ લોટીયાએ પ્રસંગોચિત ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને સર્જનાત્મક વિચારસરણી વિકસાવવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય મેહમાન ઈકબાલભાઈએ વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓ અને ઉત્સાહની પ્રશંસા કરી તેમને ભવિષ્યમાં શિક્ષણ તથા વિજ્ઞાનના ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ અંગે મહેમાનો તથા મુલાકાતીઓને આત્મવિશ્વાસપૂર્વક માહિતી આપી હતી. નિર્ણાયકો દ્વારા મોડેલની રચના, રજૂઆત, વૈજ્ઞાનિક અભિગમ, વિષયની સમજણ અને સર્જનાત્મકતાના આધારે કૃતિઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સમગ્ર મેળા દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને જિજ્ઞાસા જોવા મળી હતી. શિક્ષકોએ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપી તેમની કૃતિઓને વધુ અસરકારક અને જ્ઞાનપ્રદ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અંતે શ્રેષ્ઠ કૃતિ રજૂ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ ગણિત-વિજ્ઞાન મેળાને સફળ બનાવવા બદલ તમામ સહભાગી વિદ્યાર્થીઓ, શિક્ષકો, નિર્ણાયકો તથા આયોજનમાં સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ગણિત-વિજ્ઞાન મેળાએ વિદ્યાર્થીઓમાં "જાણીએ, વિચારીએ, પ્રયોગ કરીએ અને નવું સર્જીએ" જેવી વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સર્જનાત્મક વિચારસરણી વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.



**(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)**

વિજ્ઞાનના પ્રયોગો અને વિદ્યાર્થીઓની અવનવી કૃતિઓએ ઉપસ્થિત મહેમાનો તથા વાલીઓનું પણ ધ્યાન આકર્ષ્યું હતું. કાર્યક્રમમાં અઝીઝભાઈ ટંકારવી, જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્ય, ટંકારીઆ ગામના સરપંચ મંગાભાઈ, ઉપસરપંચ સફવાનભાઈ, મુસ્તુફાભાઈ ખોડા, સઈદભાઈ બાપુજી, સામાજિક અગ્રણી નાસીરભાઈ લોટીયા, મુસ્તાકભાઈ દોલા, અજીજભાઈ ભા, ટંકારીઆ બીટના પ્રવીણભાઈ સોલંકી, ગ્રૂપ આચાર્ય શબ્બીરભાઈ, તલાટી-કમ-મંત્રી ઘનશ્યામભાઈ તેમજ એસ.એમ.સી.ના સભ્યો સહિતના મહાનુભાવો, શાળાઓના આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાહેદાબેન કારીએ કર્યું હતું.

# ધાનેરામાં નવી ગટર લાઈનની કામગીરી વચ્ચે જૂની ગટર લાઈન બની માથાનો દુખાવો

## બગીચા લાઈન રોડ પર વિકાસ કામ પૂરજોશમાં તો ભીલવાસ રોડ પર ગંદા પાણીના ભરાવાથી માર્ગ બંધ જેવી સ્થિતિ





**(તસવીર : નઝીર શેખ, ધાનેરા)**

(સંવાદદાતા દ્વારા)

ધાનેરા, તા.૩૦

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં એક તરફ નવી ગટર લાઈન નાખવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે બીજી તરફ શહેરના ભીલવાસ-માજીરાણા તરફ જતા માર્ગ પર ખુલ્લી ગટર અને દૂષિત પાણીના ભરાવાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે.

ધાનેરાના બગીચા લાઈન રોડ પર નવી ગટર લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. જોકે તેની નજીક આવેલા ભીલવાસ-માજીરાણા વિસ્તાર તરફ જતા માર્ગ પર ખુલ્લી ગટરમાંથી ગંદુ અને દુર્ગંધ મારતું પાણી રસ્તા પર ભરાઈ જતાં વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે. પાણીના સતત ભરાવાથી માર્ગ પર અવરજવર પણ મુશ્કેલ બની રહી છે અને રસ્તો બંધ જેવી સ્થિતિ ઊભી થઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

આ સમસ્યા અંગે વિસ્તારના રહીશો દ્વારા નગરપાલિકા કચેરીમાં વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ત્યારે પાલિકા વહીવટીતંત્ર દ્વારા અગાઉ ટૂંક સમયમાં ગટર સંબંધિત કામગીરી શરૂ થવાની હોવાથી આ ખુલ્લી ગટર લાઈનને પ્રાથમિકતાના ધોરણે દુરસ્ત કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.પરંતુ હાલ શહેરમાં નવી મોટી ગટર લાઈનની કામગીરી શરૂ થઈ ગઈ હોવા છતાં ભીલવાસ માજીરાણા રોડ વિસ્તારની સમસ્યા યથાવત રહેતા સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ છે. પાલિકા દ્વારા આ વિસ્તાર પ્રત્યે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું હોવાની લાગણી રહીશોમાં જોવા મળી રહી છે.સ્થાનિકોએ પાલિકા તંત્રને તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી ગંદા પાણીનો નિકાલ કરાવી ખુલ્લી ગટર દુરસ્ત કરી માર્ગને ફરીથી સુગમ બનાવવાની માંગ કરી છે.

# પાલનપુર ITIમાં 'પોલીસકર્મી' બની ઘૂસ્યો શખ્સ, વિદ્યાર્થીને માર્યો

પાલનપુર, તા.૩૦

પાલનપુર ITIમાં રિસેસ દરમિયાન તક્ષ સોની નામના વિદ્યાર્થી સાથે મારામારીની ઘટના બની હોવાનો આક્ષેપ છે.પરિવારના જણાવ્યા મુજબ, પોલીસકર્મી હોવાનું કહી અજાણ્યો શખ્સ ITI પરિસરમાં પ્રવેશ્યો હતો અને વિદ્યાર્થીને ડંડાથી માર માર્યો હતો. માર મારવામાં આવતા વિદ્યાર્થીના શરીર પર નિશાન પડ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં વિદ્યાર્થીના પરિવારમાં ભારે ચિંતા અને રોષનો માહોલ જોવા મળ્યો હતો.ઘટનાને લઈને વિદ્યાર્થીના પરિવારે પોલીસમાં ફરિયાદ કરી છે.ફરિયાદ બાદ પોલીસે ITI પરિસરમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. આખરે ITIમાં વિદ્યાર્થીને માર મારનાર શખ્સ કોણ હતો ? શું ખરેખર તે પોલીસકર્મી હતો કે પછી પોલીસકર્મી હોવાનો માત્ર ઢોંગ કરવામાં આવ્યો હતો ? હવે આ સવાલોના જવાબ પોલીસ તપાસ બાદ સામે આવશે. આ સમગ્ર મામલે ITI સંસ્થાએ પણ સ્પષ્ટતા કરી છે કે વિદ્યાર્થીને માર મારનાર શખ્સ સંસ્થાનો કર્મચારી નથી. બીજી તરફ પોલીસે પણ પ્રાથમિક તપાસમાં માર મારનાર અજાણ્યો શખ્સ પોલીસકર્મી ન હોવાનો ખુલાસો કર્યો છે. હાલ CCTV ફૂટેજ સહિતના પુરાવાના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે. ITIમાં ઘૂસીને વિદ્યાર્થીને માર મારનાર આ શખ્સ આખરે કોણ છે ? હવે પોલીસ તપાસ પર સૌની નજર છે.

# સુરત-ઉદયપુર વચ્ચે ૪ ઓક્ટોબરથી વંદે ભારત ટ્રેન દોડશે

(સંવાદદાતા દ્વારા)

હિમતનગર, તા.૩૦

સુરત-ઉદયપુર વચ્ચે ૪ ઓક્ટોબરથી રેલવે તંત્ર વંદે ભારત ટ્રેન દોડાવવાનો પ્રારંભ કરશે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચેની કનેક્ટિવિટી વધારવા પશ્ચિમ રેલવે દ્વારા સુરત-ઉદયપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવશે. ટ્રેન નંબર ૨૬૯૦૩ સુરતથી સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે સવારે ૬:૧૦ વાગ્યે ઉપડી બપોરે ૧:૪૦ વાગ્યે ઉદયપુર પહોંચશે. આ સેવા ૪ ઓક્ટોબરથી શરૂ થશે. જ્યારે પરત ફરતા ટ્રેન નંબર ૨૬૯૦૪ ઉદયપુરથી ઉપરોક્ત દિવસોમાં બપોરે ૩:૩૫ વાગ્યે ઉપડી રાત્રે ૧૧ વાગ્યે સુરત પહોંચશે. તેની સેવા ૩ ઓક્ટોબરથી શરૂ થશે. બંને દિશામાં ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસારવા , હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર ખાતે સ્ટોપેજ કરશે. ટ્રેનમાં એક્ઝિક્યુટિવ ચેર કાર અને એસી ચેર કાર કોચ હશે. ટ્રેન ૨૬૯૦૩નું બુકિંગ ૧ ઓક્ટોબરથી પીઆરએસ કાઉન્ટર અને IRCTC પર શરૂ થશે.

# વાપીમાં પત્નીનું ચપ્પુથી ગળું કાપી હત્યા કરનાર પતિની ધરપકડ

વાપી, તા.૩૦

વાપીના છરવાડા વિસ્તારમાં મંગળવારે સાંજે એક હૃદય કંપાવનારી અને ચકચારી ઘટના સામે આવી છે. જેમાં છરવાડા ખાતે આવેલી સાઈ સંસ્કાર સોસાયટીમાં રહેતી ૩૨ વર્ષીય બ્યુટી પાર્લર સંચાલિકા મહિલા પર તેના જ પતિએ તીક્ષ્ણ ચપ્પુ વડે પ્રાણ ઘાતક હુમલો કરી ગળું રહેંસી નાખી હત્યા કરી નાખી નાસી છૂટવાનો પ્રયાસ કરી રહેલા આરોપી પતિને સ્થાનિકો અને પોલીસે ઝડપી પાડ્યો હતો અને ડુંગરા પોલીસે ઘટના અંગે ગુનો નોંધી હત્યા પાછળનું સાચું કારણ જાણવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી. મળતી માહિતી મુજબ, વાપીના છરવાડા ખાતે આવેલી સાઈ સંસ્કાર સોસાયટીમાં રહેતી ૩૨ વર્ષીય સીમાબેનના લગ્ન ભાવનગરના મહુવા તાલુકામાં રહેતા પરેશ કેટારિયા સાથે થયા બાદ બંને વચ્ચે ખટાશ આવતા ૪ વર્ષથી તેઓ અલગ રહેતા હતા. પતિ સામે ખાધા-ખોરાકીને લઈ કોર્ટમાં કેસ કરતા અદાલતી કેસ અને કૌટુંબિક વિવાદોથી કંટાળીને તેણે પત્ની પર ચપ્પુથી હુમલો કર્યો હતો, સીમાબેન પોતાનું ગુજરાન ચલાવવા માટે બ્યુટી પાર્લરનો વ્યવસાય કરતા હતા. આરોપી પતિએ પત્ની ઉપર જીવલેણ હુમલો કર્યો હતો અને ફરાર થઈ જાય તે પહેલાં જ ડુંગરા પોલીસની ટીમે તેને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. મંગળવારે સાંજના સમયે સીમાબેનનો પતિ આરોપી પરેશ કંટારિયા અચાનક પત્નીના નિવાસસ્થાને પહોંચ્યો હતો. બંને વચ્ચે કોઈ વાતને લઈને બોલાચાલી થયા બાદ ઉશ્કેરાયેલા પરેશે પોતાની પાસે રહેલું ચપ્પુ કાઢી સીમાબેનના ગળાના ભાગે ઘા ઝીંકી દીધા હતા પોલીસ દ્વારા અત્યારના આરોપી પરેશ કેટરીયાને આજરોજ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની તજબીજ હાથ ધરી છે.

# અંકલેશ્વરમાં ઝૈનબ પાર્ક ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું

અંકલેશ્વર, તા.૩૦

અંકલેશ્વરમાં જિલ્લા ભાજપ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સ્વચ્છતા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું નગરપાલિકાના સહયોગથી ઝૈનબ પાર્ક ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ભાજપના આગેવાનો અને કાર્યકરોએ ઝૈનબ પાર્ક વિસ્તારમાં સાફ-સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કરણા, નગરપાલિકા પ્રમુખ જીગ્નેશ અંદાડીયા, ઉપપ્રમુખ વિરલબેન મકવાણા, કારોબારી અધ્યક્ષ રાહુલ વામજા, સેનિટેશન ચેરમેન નરેન્દ્ર પટેલ સહિતના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા.

# એક દેશ, બે નિયમો : પૂર્વ ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી પંચના 'ફોર્મ ૬'ના વિભાજનના કાનૂની આધાર પર સવાલ ઉઠાવ્યા

**પૂર્વ વરિષ્ઠ ચૂંટણી અધિકારીઓએ માંગ કરી છે કે, આ ફેરફારો માટેનો સંપૂર્ણ કાનૂની અને પ્રક્રિયાગત આધારને પંચે જાહેર જનતા સમક્ષ મૂકવા જોઈએ જેથી આ નિર્ણયો કેવી રીતે લેવામાં આવ્યા તે અંગે સ્પષ્ટતા થઈ શકે**

(એજન્સી) તા.૩૦

ચૂંટણી પંચનું 'ફોર્મ ૬' અને SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન - વિશેષ સઘન પુનરાવર્તન) રાજ્યોના મતદારો માટેની વધારાની 'પરિશિષ્ટ-ડી'ની જરૂરિયાત તપાસ અને શંકાના દાયરામાં છે. પ્રથમ વખત મતદાર તરીકે નોંધણી કરાવવા માટે જરૂરી એવા 'ફોર્મ ૬'માં એકતરફી ફેરફાર કરવા બદલ સખત તપાસનો સામનો કરી રહેલા ચૂંટણી પંચે વધુ એક વિવાદને જન્મ આપ્યો છે. ભારતના ચૂંટણી પંચના પૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ દેશભરમાં મતદારોનું SIR અને નોન-SIR રાજ્યોમાં કરવામાં આવેલા વર્ગીકરણ પર સવાલ ઉઠાવ્યા છે.

ECI (ભારતીય ચૂંટણી પંચ)એ જણાવ્યું છે કે, નોન-SIR રાજ્યોના મતદારો માત્ર 'ફોર્મ ૬' ભરી શકે છે, ત્યાં SIR રાજ્યોના મતદારોએ એક વધારાનું ફોર્મ - 'પરિશિષ્ટ-ડી' ઘોષણાપત્ર - ભરવું પડશે. આ ફોર્મમાં પૂછવામાં આવે છે કે શું અરજદાર, તેમના માતા-પિતા અથવા તેમના દાદા-દાદી અગાઉના SIR સમયે મતદાર યાદીમાં સામેલ હતા કે નહીં. ECIના આ પગલાના કાનૂની આધાર પર જ ચૂંટણી સંસ્થાના પૂર્વ વરિષ્ઠ અધિકારીઓ સવાલ ઉઠાવી રહ્યા છે. ભારતના ચૂંટણી પંચના પૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ દેશભરમાં મતદારોનું SIR અને નોન-SIR રાજ્યોમાં કરવામાં આવેલા વર્ગીકરણ પર સવાલ ઉઠાવ્યા છે. ચૂંટણી પંચે કહ્યું કે, વધારાનું ફોર્મ ફક્ત ત્યાં જ લાગુ થશે જ્યાં SIR પ્રક્રિયા હજુ ચાલુ છે; ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે, વધારાનું ફોર્મ ફક્ત તે જ વિસ્તારોમાં લાગુ પડે છે જ્યાં SIR પ્રક્રિયા હજુ ચાલી રહી છે. હાલમાં આવા ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો છે, જેમાં દિલ્હી, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો સમાવેશ થાય છે. ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ત્રણ સ્થળો - હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં તે હજુ શરૂ થઈ નથી. આ ૨૩ વિસ્તારોમાં નવા મતદારોએ માત્ર 'ફોર્મ ૬' ભરવાનું રહેશે. ચૂંટણી પંચનું કહેવું છે કે, ફોર્મ ૬માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તેઓ સુપ્રીમ કોર્ટના ૨૭ મેના ચુકાદાનો હવાલો આપે છે, જેમાં વધારાની ઘોષણાને માન્ય રાખવામાં આવી હતી. કોર્ટે સ્વીકાર્યું હતું કે, SIR (વિશેષ ઓળખ જરૂરિયાત) માટે સ્વ દસ્તાવેજોની જરૂર છે તે નક્કી કરવાની પંચ પાસે અમુક સત્તા છે પરંતુ આ સત્તા 'અમર્યાદિત નથી.' કોર્ટે માત્ર મૂળ 'એનેક્સર-ડી'ને ધ્યાનમાં લીધું હતું, જેનો ઉપયોગ જૂન ૨૦૨૫થી બિહારમાં થઈ રહ્યો છે. હાલમાં વિવાદનું કેન્દ્ર બનેલું વધુ કડક સંસ્કરણ જેમાં સંબંધીના મતદાર ઓળખપત્ર અને મતદાર યાદીની વિગતો માંગવામાં આવે છે તે ચુકાદા બાદ જુલાઈમાં જ ઓનલાઈન મૂકવામાં આવ્યું હતું. પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસાએ જણાવ્યું હતું કે, 'ફોર્મ -૬એ' 'રજિસ્ટ્રેશન ઓફ ઈલેક્ટર્સ રૂલ્સ, ૧૯૬૦' હેઠળ નિર્ધારિત કરવામાં આવ્યું છે અને તેમાં કોઈપણ નોંધપાત્ર સુધારા માટે નિર્ધારિત કાનૂની પ્રક્રિયા અને સરકારની મંજૂરીની જરૂર પડે છે. જો કોઈ જોડાણ દ્વારા વધારાની શરતો નાંખવી માટેની કાયદાકીય જરૂરિયાતોમાં વાસ્તવિક ફેરફાર કરે તો તે ચૂંટણી પંચ એકપક્ષીય રીતે લાદી શકતો નથી. તેથી પ્રશ્ન એ છે કે, શું 'એનેક્સર-ડી' માત્ર એક ઘોષણા છે કે પછી તે વાસ્તવમાં નાગરિકતા નોંધણી કરવાના અધિકાર પર કોઈ નવી શરત છે. ECI (ચૂંટણી પંચ) દ્વારા નિયમો કે ફોર્મમાં કોઈ સુધારો કરી શકાતો નથી. લવાસા બંધારણીય રીતે કહે છે કે: 'કલમ ૩૨૬ હેઠળ તે નોંધણી કરાવવાનો અધિકાર માટે બંધારણીય આધાર પૂરો પાડે છે, જે કાયદા દ્વારા નિર્ધારિત શરતોને આધીન છે. તેથી SIR અને બિન-SIR રાજ્યો વચ્ચેની કોઈપણ અલગ જરૂરિયાત માટે સ્પષ્ટ કાનૂની આધાર હોવો જોઈએ અને તે કલમ ૧૪ હેઠળની સમાનતાની કસોટીમાં ખરી ઉતરવી જોઈએ. પંચે આ ફેરફારો માટેનો સંપૂર્ણ કાનૂની અને પ્રક્રિયાગત આધાર જાહેર જનતા સમક્ષ મૂકવો જોઈએ જેથી આ નિર્ણયો કેવી રીતે લેવામાં આવ્યા તે અંગે સ્પષ્ટતા રહે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓ.પી. રાવતે કહ્યું, 'ECI દ્વારા નિયમો કે ફોર્મમાં કોઈ સુધારો કરી શકાતો નથી.

# નકલી કુરિયર કોલ બાદ મુંબઈના વકીલે WhatsApp એકાઉન્ટ ગુમાવ્યું; સાયબર ઠગે તેમના નામે સંપર્કો પાસેથી પૈસા માંગ્યા

**મુંબઈના ૭૧ વર્ષીય વકીલ સૈયદ ગુલામ અબ્બાસ કાઝમીએ બાંદ્રા પોલીસનો સંપર્ક કર્યો હતો, કારણ કે એક સાયબર ઠગે કથિત રીતે નકલી કુરિયર કોલ દ્વારા તેમના WhatsApp એકાઉન્ટનો કબજો મેળવી લીધો હતો. આરોપીએ કથિત રીતે તેમના સંપર્ક સૂચિમાં રહેલા લોકોને સંપર્ક કરીને QR કોડ પેમેન્ટ દ્વારા પૈસા માંગ્યા હતા. પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને WhatsApp દ્વારા છેતરપિંડીના આ કૌભાંડની તપાસ શરૂ કરી છે**

(એજન્સી) મુંબઈ, તા.૩૦

૭૧ વર્ષીય વકીલ સૈયદ ગુલામ અબ્બાસ કાઝમીએ બાંદ્રા પોલીસનો સંપર્ક કર્યો છે. એક અજાણી વ્યક્તિએ કથિત રીતે નકલી કુરિયર કોલ દ્વારા તેમના WhatsApp એકાઉન્ટ પર નિયંત્રણ મેળવી લીધું હતું અને ત્યારબાદ તેમના સંપર્ક સૂચિમાં રહેલા લોકોને સંપર્ક કરીને તેમના નામે પૈસા માંગ્યા હતા. FIR મુજબ, ૨૦ સપ્ટેમ્બરના રોજ બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે, કાઝમી બાંદ્રા વેસ્ટ સ્થિત તેમના નિવાસસ્થાને હતા ત્યારે તેમને બે અજાણ્યા નંબર પરથી તેમના મોબાઈલ નંબર પર કોલ આવ્યા હતા. કોલ કરનારે કથિત રીતે 'બ્લુ ડાર્ટ' કુરિયર સર્વિસમાંથી હોવાનો દાવો કર્યો હતો અને તેમને જણાવ્યું હતું કે એક પાર્સલ આવ્યું છે પરંતુ ડિલિવરી કરનાર વ્યક્તિ તેમનું સરનામું શોધી શકતી નથી. કોલ કરનારે કથિત રીતે કાઝમીને એક ચોક્કસ નંબર ડાયલ કરવાની સૂચના આપી હતી. તે પછી તરત જ, તેમની સંપર્ક સૂચિમાં રહેલા લોકોએ તેમને ફોન કરવાનું શરૂ કર્યું અને જાણ કરી કે તેમના WhatsApp નંબર પરથી સંદેશાઓ મોકલવામાં આવી રહ્યા છે, જેમાં પૈસાની જરૂર હોવાનું જણાવાયું હતું. જ્યારે કાઝમીએ તેમની WhatsApp એપ્લિકેશન તપાસી, ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમનું એકાઉન્ટ લોગ-આઉટ થઈ ગયું હતું. ત્યારબાદ તેમણે ફરીથી તેમનો મોબાઈલ નંબર રજિસ્ટર કરવાનો પ્રયાસ કર્યો અને જાણવા મળ્યું કે તેમના WhatsApp એકાઉન્ટ સાથે એક અજાણ્યું ઈમેલ ID લિંક કરવામાં આવ્યું હતું.

**મુંબઈ ATC કંટ્રોલર્સે નવી ડિસ્પ્લે સિસ્ટમથી શારીરિક અગવડતા અને ફ્લાઈટ સુરક્ષાના જોખમનો આક્ષેપ કર્યો :** આરોપીએ કથિત રીતે કાઝમીની સંપર્ક સૂચિમાં રહેલા લોકોને QR કોડ મોકલ્યો અને તેમને પૈસા ટ્રાન્સફર કરવાનું કહ્યું. QR કોડની નીચે એક UPI ID પણ દર્શાવવામાં આવ્યું હતું. કાઝમીએ શરૂઆતમાં આ ઘટના અંગે પોલીસને ફરિયાદ અરજી આપી હતી. ત્યારબાદ તેઓ જાતે પોલીસ સ્ટેશન ગયા અને ઔપચારિક ફરિયાદ નોંધાવી. તેમની ફરિયાદના આધારે, બાંદ્રા પોલીસે એક અજાણી વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. આ વ્યક્તિએ કથિત રીતે તેમના વોટ્સએપ (WhatsApp) એકાઉન્ટનો કબજો મેળવી, તેમની ઓળખ ધારણ કરી અને તેમની સંપર્ક સૂચિમાં રહેલા લોકો પાસેથી પૈસાની માંગણી કરી હતી. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# ચૂંટણી પંચના DG (IT) વિરુદ્ધ સેંકડો કેસ દાખલ કરવા જોઈએ : કપિલ સિબ્બલનું સૂચન

**વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના સભ્યે ચૂંટણી પંચના DG (IT) સીમા ખન્ના વિરુદ્ધ ફોજદારી ફરિયાદો દાખલ કરવાના અભિયાનનું સૂચન કર્યું છે**

(એજન્સી) તા.૩૦

ચૂંટણી પંચ (EC)માં ફેરફાર કરવા અને 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયાને રદ કરાવવા માટે વિપક્ષ શું કરી શકે? સરકાર અને સત્તાધારી પક્ષ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારનો બચાવ કરવામાં મક્કમ છે. વર્ષ ૨૦૨૩માં ચૂંટણી કમિશનરોને કાયદાકીય કાર્યવાહી સામે સુરક્ષા આપવામાં આવી હતી; આ જોગવાઈને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે અને તે મામલો ત્યાં પેન્ડિંગ છે, જ્યારે બીજી તરફ સંસદમાં CEC વિરુદ્ધ મહાભિયોગ લાવવા માટે જરૂરી સંખ્યાબળ વિપક્ષ પાસે નથી. બુધવારે નવી દિલ્હીમાં વિપક્ષની રણનીતિ ઘડવા માટે 'INDIA' ગઠબંધનની બેઠક મળી રહી છે ત્યારે આ પ્રશ્ન વધુ મહત્ત્વનો બની ગયો છે. વિપક્ષ આખરે શું કરી શકે? દેશભરમાં SIR પ્રક્રિયાના સંચાલનને લઈને સર્જાયેલા વિવાદ વચ્ચે રાજકીય પક્ષોએ CECને સ્વેચ્છાએ રાજીનામું આપવાની માંગ કરી હોઈ શકે છે; આ પ્રક્રિયાને કારણે લગભગ ૧૩ કરોડ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે અથવા તેમને મતાધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે અને તેમાંથી મોટી સંખ્યામાં લોકો પુખ્ત વયના ભારતીય નાગરિકો હોવાનું જણાય છે. જો કે, એ વાત સર્વસ્વીકૃત છે કે, CEC અથવા અન્ય બે કમિશનરોના રાજીનામાની શક્યતા ઘણી ઓછી છે. તેમ છતાં વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના સભ્ય કપિલ સિબ્બલનું સૂચન છે કે, દબાણ ઘટાડવા માટે કેન્દ્ર સરકાર કદાચ CECને પદ છોડવાનું કહી શકે છે. સત્તાધારી વર્તુળોના એક પ્રભાવશાળી જૂથે જ્ઞાનેશ કુમારનો ભોગ લેવાનું અથવા તેમને જવાબદાર ઠેરવીને હટાવવાનું નક્કી કરી લીધું હોય તેવા સંકેતો પણ મળી રહ્યા છે. દિલ્હી યુનિવર્સિટીમાં RSS-સંલગ્ન ABVPના પૂર્વ સભ્ય અને સ્વ. અરૂણ જેટલીના સમકાલીન એવા એક જાણીતા ટીવી એન્કરે CECની આકરી ટીકા કરી હતી. એન્કરે લાઈવ ટીવી પર કહ્યું હતું કે, જ્ઞાનેશ કુમારે તેમના અહંકાર અને વર્તનને કારણે ચૂંટણી પંચની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે. CEC ચૂંટણી પંચને પોતાની અંગત જાગીર માનતા હતા. ભાજપના નેતાઓ અને પ્રવક્તાઓ દ્વારા CEC અને ચૂંટણી પંચના કરવામાં આવતા ઉગ્ર બચાવની સરખામણીમાં આ ટિપ્પણી નોંધપાત્ર રીતે અલગ છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો છે કે, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ત્રણેય ચૂંટણી કમિશનરોનું સાથે બેસવું સાબિત કરે છે કે, તે અહેવાલમાં કોઈ સત્યતા નહોતી. ચૂંટણી પંચે એક બિનકુશળતાપૂર્વક તૈયાર કરાયેલી પ્રેસ નોટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ત્રણેય કમિશનરો સાથે બેઠા હોય તે તસવીર તે જ દિવસે લેવામાં આવી હતી. ભાજપના નેતાઓએ દલીલ કરી છે કે, SIR જરૂરી અને બંધારણીય છે તથા તેને સંપૂર્ણ કમિશનનું સમર્થન પ્રાપ્ત છે. આ 'એકતાનો સિદ્ધાંત' એક્સપ્રેસના તે અહેવાલથી તદ્દન વિપરીત છે જેમાં જણાવાયું હતું કે, જ્ઞાનેશ કુમાર સિવાયના અન્ય બે કમિશનરોએ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૫થી ૧૦ મહિનાના ગાળામાં કમિશનના ગેરબંધારણીય નિર્ણયો સામે ૧૪ વખત લેખિતમાં વાંધો ઉઠાવ્યો હતો. કમિશન કે કમિશનરો દ્વારા આ વાતનું ખંડન કરવામાં આવ્યું નથી, કારણ કે, એક્સપ્રેસના રિતિકા ચોપરાએ અહેવાલ આપ્યો હતો કે, તેમણે અને તેમના સહકર્મીઓએ આ લેખિત વાંધાઓ જોયા હતા. તેથી પ્રશ્ન યથાવત્ રહે છે: શાસક પક્ષ અને સરકારની નજીક ગણાતા અને ટીવી ચેનલના માલિક એવા જાણીતા ટીવી અકરે CEC (મુખ્ય ચૂંટણી કમિશનર)ની ટીકા કરવાનું જોખમ શા માટે લીધું? કપિલ સિબ્બલે મંગળવાર, ૨૯ સપ્ટેમ્બરના રોજ પ્રણય રોય દ્વારા સ્થાપિત ઓનલાઈન પોર્ટલ 'ડેકોડર' સાથે વાતચીત દરમિયાન કહ્યું હતું કે, તેમના મતે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આપવામાં આવેલી મુક્તિ રદ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં આ મુક્તિને પડકારતી અરજી પેન્ડિંગ હોવા છતાં અને આ બાબતે નોટિસ જારી કરવામાં આવી હોવા છતાં સિબ્બલને લાગ્યું કે CECને પદ છોડવાની ફરજ પાડવામાં આવે તે માત્ર સમયની વાત છે. તેમણે અભિપ્રાય વ્યક્ત કર્યો કે જો સુપ્રીમ કોર્ટ તેમની વિરુદ્ધ ચુકાદો આપે તો તેમની પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં; જો કે, ભલે સર્વોચ્ચ અદાલત તેમને બચાવે, તેમ છતાં જનદબાણને કારણે તેમના માટે પદ પર ચાલુ રહેવું અશક્ય બની જશે.

# અખિલેશે રિલાયન્સના એક્ઝિક્યુટિવ ધનરાજ પરિમલ નથવાણીને રાજ્યસભાના ઉમેદવાર ઘોષિત કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા

**નથવાણી ઝારખંડના રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર છે, જેઓ પોતે પણ RIL (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ) સાથે સંકળાયેલા છે**



**ગુજરાતના નથવાણીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય આશ્ચર્યજનક છે કારણ કે, એવી અપેક્ષા હતી કે, પક્ષ ઉત્તરપ્રદેશની રાજ્યસભા બેઠક માટે પોતાના જ કોઈ નેતાને નામાંકિત કરશે, રાજ્યસભાની ચૂંટણી માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ધનરાજ નથવાણીએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ લખનૌમાં પક્ષના વડા અખિલેશ યાદવની હાજરીમાં ઉમેદવારી પત્રો ભર્યા હતા**

(એજન્સી) લખનૌ, તા.૩૦

સમાજવાદી પાર્ટી (SP)એ રાજ્યસભાની ચૂંટણી પહેલાં આશ્ચર્યજનક નિર્ણય લેતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) ગ્રુપના પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીને ઉત્તરપ્રદેશમાંથી ઉપલા ગૃહ (રાજ્યસભા) માટે પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. પક્ષે બુધવારે તેમની ઉમેદવારીની જાહેરાત કરી હતી અને નથવાણીએ તે જ દિવસે બાદમાં તેમના ઉમેદવારી પત્રો ભર્યા હતા. હાજર રહેનારાઓમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ સામેલ હતા.

મૂળ ગુજરાતના નથવાણીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય આશ્ચર્યજનક હતો, કારણ કે, એવી અપેક્ષા હતી કે, પક્ષ ઉત્તરપ્રદેશની રાજ્યસભા બેઠક માટે પોતાના જ કોઈ નેતાને નામાંકિત કરશે. સમાજવાદી પાર્ટીએ વરિષ્ઠ નેતા અને યાદવ પરિવારના સભ્ય રામ ગોપાલ યાદવને રાજ્યસભાની અન્ય એક મુદ્દત માટે નામાંકિત કરવાનો નિર્ણય પણ લીધો છે. પક્ષના સ્થાપક સ્વ. મુલાયમ સિંહ યાદવના નાના ભાઈ, રામ ગોપાલને મુખ્ય રણનીતિકાર અને ઉપલા ગૃહમાં પક્ષના અવાજ તરીકે જોવામાં આવે છે.

**ધનરાજ નથવાણી વિશે :**

RIL (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ)માં ગ્રુપ પ્રેસિડેન્ટ હોવા ઉપરાંત ૪૦ વર્ષીય ધનરાજ નથવાણી ગુજરાતમાં રમતગમત વહીવટ સાથે પણ સંકળાયેલા છે. તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)ના પ્રમુખ છે; તેમણે ૨૦૨૨માં અમિત શાહનું સ્થાન લીધું હતું. અગાઉ તેઓ GCAના ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. નથવાણી ઝારખંડના રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર છે, જેઓ પોતે પણ RIL સાથે સંકળાયેલા છે.

પરિમલ નથવાણી સૌપ્રથમ ૨૦૦૮માં ભાજપના સમર્થનથી અપક્ષ ઉમેદવાર તરીકે ઝારખંડમાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. તેઓ ૨૦૧૪માં બીજી મુદ્દત માટે અને ત્યારબાદ ૨૦૨૦માં YSRCPના ક્વોટામાંથી ફરીથી ચૂંટાયા હતા.

૨૦૨૪માં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નજીકના સહયોગી અને કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝાને હરાવીને તેઓ અપક્ષ તરીકે ચોથી મુદ્દત માટે ઉપલા ગૃહમાં પાછા ફર્યા. જો કે, સંખ્યાબળ કોંગ્રેસ-JMM ગઠબંધનની તરફેણમાં માનવામાં આવતું હતું, તેમ છતાં નથવાણીએ માત્ર ભાજપના ધારાસભ્યો જ નહીં પરંતુ RJD અને અપક્ષ ધારાસભ્યો સહિત અન્યના સમર્થનથી જરૂરી મતો મેળવ્યા હતા.

સમાજવાદી પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ધનરાજ નથવાણીએ થોડા મહિના પહેલા દિલ્હીમાં અખિલેશ યાદવ સાથે મુલાકાત કરી હતી અને ત્યારથી તેઓ પક્ષના ટોચના નેતૃત્વના સંપર્કમાં છે. પક્ષના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, નથવાણીનું આગમન સમાજવાદી પાર્ટીને આગામી ચૂંટણીઓમાં રાજ્યસભાની ત્રીજી બેઠક મેળવવામાં પણ મદદ કરી શકે છે કારણ કે, ત્રીજી બેઠક જીતવા માટે પક્ષને તેની વર્તમાન સંખ્યાબળ ઉપરાંત વધારાના ૧૦ ધારાસભ્યોના સમર્થનની જરૂર પડશે.

ઉત્તરપ્રદેશની રાજ્યસભાની ૧૦ બેઠકો માટેની દ્વિવાર્ષિક ચૂંટણીની નામાંકન પ્રક્રિયા મંગળવારે શરૂ થઈ હતી. SPએ બુધવારે તેના બે ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. ભાજપ વતી આઠ અને SP વતી ચાર નામાંકન ફોર્મ લેવામાં આવ્યા હતા પરંતુ SP ત્રણ ઉમેદવારોને મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે. પક્ષ આગામી દિવસોમાં તેના ત્રીજા ઉમેદવારની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. ઉત્તરપ્રદેશમાં રાજ્યસભાની એક બેઠક માટે ઉમેદવારને ૩૭ મતોની જરૂર હોય છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ૪૦૩ બેઠકોમાંથી હાલમાં ૬ બેઠકો ખાલી છે, જેના કારણે ૩૯૭ ધારાસભ્યો (MLA) કાર્યરત છે.

NDA પાસે ૨૮૯ ધારાસભ્યો છે, જેમાં ભાજપ પાસે ૨૫૬, અપના દળ (એસ) પાસે ૧૩, RLD પાસે નવ, સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (SBSP) પાસે ૬ અને નિષાદ પાર્ટી પાસે પાંચ ધારાસભ્યો છે. સમાજવાદી પાર્ટી પાસે ૧૦૧ અને કોંગ્રેસ પાસે બે ધારાસભ્યો છે. રઘુરાજ પ્રતાપ સિંહની જનસત્તા દળ (લોકતાંત્રિક) પાસે બે ધારાસભ્યો છે, જ્યારે ત્રણ ધારાસભ્યો અન્ય પક્ષોના છે.

૧૦૧ ધારાસભ્યો સાથે, સમાજવાદી પાર્ટી પાસે બે ઉમેદવારોને ચૂંટવા માટે જરૂરી ૭૪ મતો કરતાં ૨૭ મતો વધુ છે. તેથી પાર્ટી-સમર્થિત ત્રીજા ઉમેદવારને ચૂંટવા માટે પક્ષને વધારાના ૧૦ મતોની જરૂર પડશે.

# DMK સાંસદ દ્વારા ૩૩૬ રેલવે અધિકારીઓની લક્ઝરી ટ્રેન યાત્રાઓની તપાસની માંગ

**અધિકારીઓ અને તેમના જીવનસાથીઓ દ્વારા 'પેલેસ ઓન વ્હીલ્સ' અને અન્ય લક્ઝરી ટ્રેનોમાં કરાયેલી મુસાફરી અંગે સાંસદના સવાલો બાદ રેલવેએ કોઈપણ ગેરરીતિનો ઈન્કાર કર્યો**

(એજન્સી) તા.૩૦

- DMK સાંસદ વી.એસ. મથેશ્વરને છેલ્લા ૧૨ વર્ષોમાં ૩૩૬ રેલવે અધિકારીઓ અને તેમના જીવનસાથીઓ દ્વારા લક્ઝરી ટ્રેન મુસાફરી માટે જાહેર ભંડોળના કથિત ઉપયોગની તપાસની માંગ કરી છે.
- મથેશ્વરનનો આરોપ છે કે 'રેલવે સર્વન્ટ્સ (પાસ) રૂલ્સ, ૧૯૮૬' હેઠળ આવી મુસાફરીની મંજૂરી હતી કે કેમ તે અંગે રેલવે મંત્રાલયે સંસદમાં વિરોધાભાસી જવાબો આપ્યા હતા.
- રેલવેએ કોઈપણ ગેરરીતિનો ઈન્કાર કરતા જણાવ્યું છે કે તેમાં કોઈ વિરોધાભાસ નથી અને પ્રવાસી ટ્રેનોમાં મુસાફરી માટે પણ અન્ય ટ્રેનોની જેમ જ હકદારતાના નિયમો લાગુ પડે છે.

DMKના લોકસભા સભ્યે છેલ્લા ૧૨ વર્ષોમાં ૩૩૬ રેલવે અધિકારીઓ અને તેમના જીવનસાથીઓ દ્વારા કરવામાં આવેલી લક્ઝરી ટ્રેન યાત્રાઓ માટે જાહેર નાણાંના કથિત ઉપયોગની તપાસની માંગ કરી છે.

૫ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં, DMK સાંસદ વી.એસ. મથેશ્વરને આરોપ મૂક્યો હતો કે રેલવે અધિકારીઓએ 'પેલેસ ઓન વ્હીલ્સ', 'મહારાજાઝ એક્સપ્રેસ' અને 'ડેક્કન ઓડિસી' જેવી લક્ઝરી ટ્રેનોમાં મુસાફરી કરી હતી, જેનો ખર્ચ જાહેર ભંડોળમાંથી અથવા રેલવે મુસાફરીની સુવિધાઓ (એન્ટાઈટલમેન્ટ્સ) દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા સંચાલિત આ ટ્રેનોમાં પ્રવાસના કાર્યક્રમ (itinerary) મુજબ વ્યક્તિ દીઠ રૂા.૪.૫ લાખથી રૂા.૨૬ લાખ સુધીનો ખર્ચ થાય છે.

મથેશ્વરને એવો પણ આરોપ મૂક્યો છે કે 'રેલવે સર્વન્ટ્સ (પાસ) રૂલ્સ, ૧૯૮૬' હેઠળ અધિકારીઓને તેમના જીવનસાથીઓ સાથે આવી મુસાફરી કરવાની મંજૂરી હતી કે કેમ તે અંગે રેલવે મંત્રાલયે સંસદમાં વિરોધાભાસી જવાબો આપ્યા હતા. સાંસદના જણાવ્યા અનુસાર, મંત્રાલયે ૨૦૨૨માં લોકસભાને કહ્યું હતું કે રેલવે અધિકારીઓ લાગુ પાસ જોગવાઈઓ હેઠળ તેમના પરિવારો સાથે લક્ઝરી ટ્રેનોમાં મુસાફરી કરી શકે છે. જો કે, ૨૯ જુલાઈએ તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મંત્રાલયે કહ્યું હતું કે રેલવે અધિકારીઓ તેમના જીવનસાથીઓ સાથે લક્ઝરી ટ્રેનોમાં મુસાફરી કરી શકતા નથી. આ દેખીતો વિરોધાભાસ 'રેલ્વે સર્વન્ટ્સ (પાસ) રૂલ્સ, ૧૯૮૬'ના અર્થઘટન અને અમલીકરણ તેમજ સંસદને મંત્રાલય દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીની ચોકસાઈ અંગે મૂળભૂત પ્રશ્નો ઊભા કરે છે,' તેમ મથેશ્વરને તેમના પત્રમાં જણાવ્યું હતું.

જો કે, રેલ્વે મંત્રાલયે કોઈપણ ગેરરીતિ કે નિયમોના ઉલ્લંઘનનો ઈન્કાર કર્યો હતો. પીટીઆઈ (PTI)ને જવાબ આપતા, રેલ્વેના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે બંને જવાબો વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. અધિકારીએ કહ્યું, 'અગાઉના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે પ્રવાસી ટ્રેનો (ટુરિસ્ટ ટ્રેનો)માં મુસાફરીનો અધિકાર અન્ય ટ્રેનોને લાગુ પડતા અધિકારની જેમ જ છે.'

અધિકારીએ ઉમેર્યું, 'પ્રવાસી ટ્રેનોમાં મુસાફરીની મંજૂરી આપવા માટે અનુસરવામાં આવતી માર્ગદર્શિકામાં 'રેલ્વે સર્વન્ટ્સ (પાસ) રૂલ્સ' હેઠળ 'પરિવાર'ની વ્યાખ્યાનો સંદર્ભ લેવામાં આવ્યો છે.'

મથેશ્વરને જણાવ્યું હતું કે તેમને મળેલી માહિતી મુજબ, છેલ્લા ૧૨ વર્ષોમાં ૩૩૬ રેલ્વે અધિકારીઓએ કથિત રીતે તેમના જીવનસાથીઓ સાથે લક્ઝરી ટ્રેનોમાં મુસાફરી કરી હતી, અને આ મુસાફરીનો ખર્ચ જાહેર ભંડોળ અથવા રેલ્વે મુસાફરીના અધિકારો (entitlements) દ્વારા ભોગવવામાં આવ્યો હતો.

તેમણે આ મુસાફરી અંગે સ્વતંત્ર, વ્યાપક અને સમયબદ્ધ તપાસની માંગ કરી છે, જેમાં મુસાફરી માટેની જોગવાઈઓ, પ્રવાસને મંજૂરી આપનાર અધિકારીઓ અને જાહેર નાણાંના કથિત ઉપયોગનો સમાવેશ થાય છે.

તેમણે ભંડોળના દુરુપયોગની સાબિતી મળ્યે નાણાંની વસૂલાત કરવાની અને સંસદને વિરોધાભાસી માહિતી પૂરી પાડવા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે.

મથેશ્વરને તેમના પત્રમાં જણાવ્યું હતું કે, 'જો તપાસમાં એવું સાબિત થાય કે અધિકારીઓને તેમના અધિકારક્ષેત્ર (entitlement) બહાર મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી હતી, અથવા સંસદને ખોટી માહિતી આપવામાં આવી હતી, તો જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે અને લાગુ નિયમો હેઠળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.'

સાંસદે રેલ્વે અંગેની સંસદીય સ્થાયી સમિતિની ૨૦૧૭ની ભલામણ તરફ પણ ધ્યાન દોર્યું હતું, જેમાં મંત્રાલયને લક્ઝરી ટ્રેનોમાં મફત ટિકિટ (complimentary tickets) આપવાનું બંધ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. મથેશ્વરનના જણાવ્યા અનુસાર, મંત્રાલયે આ ભલામણ સ્વીકારી ન હતી.

તેમણે લખ્યું, 'જો ઉપર જણાવેલ તથ્યો સાબિત થાય, તો આ બાબતમાં જાહેર નાણાંની યોગ્ય વસૂલાત અને જવાબદાર વ્યક્તિઓ સામે - તેમના હોદ્દા કે પદને ધ્યાનમાં લીધા વિના - શિસ્તભંગના કે અન્ય પગલાં લેવાની જરૂર પડશે.'

# 'જ્ઞાનેશ કુમાર ભાજપ સરકારની કઠપૂતળી તરીકે કામ કરી રહ્યા છે' : ઈન્ડિયા બ્લોકે ૬ ઓક્ટોબરે ચૂંટણી પંચ તરફ સંયુક્ત કૂચ અને ૧ નવેમ્બરે દિલ્હીમાં 'વોટ ચોરી' વિરુદ્ધ મેગા રેલીની જાહેરાત કરી

**ઈન્ડિયા બ્લોક દરેક જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ વિરોધ પ્રદર્શનનું આયોજન કરશે, જેમાં લોકોને ચૂંટણી પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ વિશે માહિતી આપવામાં આવશે**




(એજન્સી) તા.૩૦

વિપક્ષના ઈન્ડિયા બ્લોકના ટોચના નેતાઓએ બુધવારે નવી દિલ્હીમાં એક બેઠક યોજી હતી અને કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર 'ભાજપના કઠપૂતળી' તરીકે કામ કરી રહ્યા છે અને ૬ ઓક્ટોબરે ભારતના ચૂંટણી પંચ તરફ 'લોકશાહી બચાવો માર્ચ' યોજવાનો નિર્ણય લીધો હતો. અસંમતિના વિવાદ વચ્ચે ચૂંટણી પંચ સામે આક્રમણ કરતાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, '૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધી, દરેક જિલ્લામાં 'લોકશાહી બચાવો માર્ચ'નું આયોજન કરવામાં આવશે. અમે દરેક જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ વિરોધ પ્રદર્શનનું આયોજન કરીશું, જેમાં લોકોને ચૂંટણી પ્રક્રિયામાં થયેલી ગંભીર ગેરરીતિઓ વિશે માહિતી આપવામાં આવશે.' વિપક્ષી નેતાઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાતનો સમય પણ માંગશે જેથી તેઓ વિપક્ષને કચડી નાખવા અને દેશના લોકોને મૂર્ખ બનાવવા માટે કથિત રીતે ગુપ્ત યુક્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવી રહ્યો છે તે અંગે રજૂઆત કરી શકે. ખડગેએ જણાવ્યું હતું કે, બ્લોકે સમગ્ર ભારતમાં પાંચ રેલીઓનું આયોજન કર્યું છે જેથી લોકોને જણાવવામાં આવે કે SIR કવાયતના નામે મતદારોના નામ કેવી રીતે કાઢી નાખવામાં આવી રહ્યા છે. અમે તેમને સમજાવીશું કે આ તેમના પર કેવી અસર કરશે. આ રેલીઓ ઓક્ટોબર અને નવેમ્બરમાં યોજાશે. ખડગેએ જણાવ્યું હતું કે, એક રેલી ૧ નવેમ્બરના રોજ દિલ્હીમાં યોજાશે જ્યાં વિપક્ષ ચૂંટણી પંચ દ્વારા કથિત 'વોટ ચોરી' અંગે સમજાવશે. વધુમાં બ્લોક નેતાઓ સુપ્રીમ કોર્ટમાં SIR અને અન્ય ચૂંટણી ગેરરીતિઓ સંબંધિત પેન્ડિંગ કેસોને ઝડપી બનાવવા માટે અપીલ કરશે. વિપક્ષ એક સમાચાર અહેવાલ પર CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બે ચૂંટણી કમિશનરો - સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ ફોર્મ ૬માં ફેરફારો સહિત ચૂંટણી પેનલના ઘણા નિર્ણયો સામે વાંધો ઉઠાવ્યો હતો. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ચૂંટણી પંચે છેલ્લા ૧૦ મહિનામાં ઓછામાં ઓછા ૧૪ વખત પોતાનો અસંમતિ દર્શાવી છે.

# 'INDIA' ગઠબંધનની SIR બેઠક રાહુલ ગાંધીને 'ફરીથી લોન્ચ' કરવાનું 'બહાનું' છે : ભાજપનો વળતો આક્ષેપ

(એજન્સી) તા.૩૦

ભાજપે બુધવારે કહ્યું કે, મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR - વિશેષ સઘન સુધારણા) અંગે 'INDIA' ગઠબંધનની બેઠક એ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને 'ફરીથી લોન્ચ' કરવાનો કોંગ્રેસનો વધુ એક પ્રયાસ છે. જ્યારે વિરોધ પક્ષોએ SIR પ્રક્રિયા, ભારતના ચૂંટણી પંચ (ECI)ની કામગીરી અંગેની તેમની ચિંતાઓ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ પર ચર્ચા કરવા માટે નવી દિલ્હીના કોન્સ્ટીટ્યુશન ક્લબમાં બેઠક યોજી હતી તે પછી ભાજપે આ ટિપ્પણી કરી હતી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું કે, કોંગ્રેસ રાહુલ ગાંધીને અલગ-અલગ રીતે 'ફરીથી લોન્ચ' કરવાનો પ્રયાસ કરી શકે છે પરંતુ તેમણે દાવો કર્યો કે જનતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ પસંદ કરશે. ભંડારીએ કહ્યું કે, રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશમાં ગઠબંધન હેઠળ બેઠકોની વહેંચણીને લઈને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે પણ વિવાદ છે. તેમણે બેઠકમાંથી આમ આદમી પાર્ટી (AAP) અને સમાજવાદી પાર્ટી (SP)ની ગેરહાજરી તરફ પણ ઈશારો કર્યો અને કહ્યું કે, આનાથી SIR મુદ્દે કોંગ્રેસની 'વિપક્ષી એકતા'ની પોલ ખુલી ગઈ છે. SIR માત્ર એક 'બહાનું' છે; અગાઉ તે 'EVM' હતું, આવતીકાલે બીજું કંઈક હશે. કોંગ્રેસ રાહુલને ૧૦૦ અલગ-અલગ રીતે ફરીથી લોન્ચ કરવાનો પ્રયાસ કરી શકે છે: ૨૦૨૯માં ભારતના લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ પસંદ કરશે.

# 'ઉત્તરપ્રદેશ પોલીસદળને વિખેરી નાખવું જોઈએ' : ઘટનાસ્થળેથી ધરપકડ છતાં 'અજાણ્યા' સવાર સામે FIR નોંધવા બદલ સુપ્રીમ કોર્ટે પોલીસની ઝાટકણી કાઢી

**કોર્ટે સવાલ કર્યો કે, જો સવારને પહેલેથી જ પકડીને પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો, તો FIRમાં તેની ઓળખ કેમ દર્શાવવામાં આવી ન હતી ?**

(એજન્સી) તા.૩૦

સુપ્રીમ કોર્ટે ફોજદારી તપાસમાં કથિત ક્ષતિઓ અને અનિયમિતતાઓને લઈને ઉત્તરપ્રદેશ પોલીસની આકરી ટીકા કરી હતી. કોર્ટે સવાલ કર્યો હતો કે, જનતા આ દળ પર કેવી રીતે વિશ્વાસ કરી શકે અને મૌખિક સૂચન કર્યું હતું કે, રાજ્યમાં તપાસ હાથ ધરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને કહેવામાં આવી શકે છે. ન્યાયાધીશ સંજય કુમાર અને સંજીવ સચદેવાની બેન્ચે તે પદ્ધતિ પર નારાજગી વ્યક્ત કરી હતી જેમાં ફરિયાદી દ્વારા ઘટનાસ્થળેથી વ્યક્તિને પકડીને પોલીસને સોંપવા છતાં એક 'અજાણ્યા' મોટરસાયકલ સવાર સામે FIR નોંધવામાં આવી હતી. કોર્ટે સવાલ કર્યો કે જો સવારને પહેલેથી જ પકડીને પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો, તો FIRમાં તેની ઓળખ કેમ દર્શાવવામાં આવી ન હતી ? કોર્ટે તપાસની ત્યારબાદની કાર્યવાહીની પણ ટીકા કરતા કહ્યું કે, આવા વર્તનથી કાયદા અમલીકરણ તંત્રમાં જનતાનો વિશ્વાસ ડગી શકે છે. બેન્ચે મૌખિક ટિપ્પણી કરી કે, આપણે UP પોલીસને વિખેરી જ નાખવી જોઈએ, ન્યાયાધીશોએ એવો પણ સવાલ કર્યો કે શું ઉત્તરપ્રદેશમાં તપાસ સંભાળવા માટે CBIને મેદાનમાં ઉતારવી જોઈએ.

આ અવલોકનો ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કરવામાં આવ્યા હતા. ફરિયાદી પોતે કોર્ટમાં હાજર રહ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે, પોલીસ તપાસ શરૂઆતથી જ પક્ષપાતી હતી.

અરજદારની રજૂઆતો અનુસાર પોલીસે શરૂઆતમાં આરોપીનું ખાનું ખાલી રાખ્યું હતું અને અજાણ્યા મોટરસાયકલ સવાર સામે કેસ નોંધ્યો હતો, જ્યારે તે સવારને કથિત રીતે પકડી લેવામાં આવ્યો હતો. હાઈકોર્ટે સ્ટેટસ રિપોર્ટ માંગ્યા પછી ત્યારબાદ ચાર્જશીટમાં સવારનું નામ સામેલ કરવામાં આવ્યું હતું પરંતુ બાદમાં તેને 'ક્લીન ચિટ' આપી દેવામાં આવી હતી. અરજદારે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી ત્યારે તેનો નોંધણી નંબર નહોતો પરંતુ તપાસ દરમિયાન તેને નંબર સાથે બતાવવામાં આવ્યો હતો.

બેન્ચે પોલીસના વર્તનને સંભવિત 'છૂપાવવાનું કામ' ગણાવ્યું હતું અને પ્રશ્ન કર્યો હતો કે, આવી તપાસ કેવી રીતે જાહેર વિશ્વાસને અસર કરી શકે છે. કોર્ટે યુપી પોલીસ દ્વારા દાખલ કરાયેલ સોગંદનામાને 'સંપૂર્ણપણે નિરર્થક' ગણાવ્યું હતું અને સંબંધિત પોલીસ અધિકારીને આગામી સુનાવણીમાં નવા સોગંદનામા સાથે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો જેમાં એ સમજાવવાનું કહેવાયમાં આવ્યું હતું કે, સવારનું નામ શરૂઆતમાં FIRમાંથી કેમ બાકાત રાખવામાં આવ્યું હતું.

# AAP INDIA ગઠબંધનની બેઠકથી દૂર રહ્યું; સંજય સિંહે મતદાર યાદીની પ્રક્રિયા મુદ્દે ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

આમ આદમી પાર્ટી (AAP)ના સાંસદ સંજય સિંહે બુધવારે (૩૦ સપ્ટેમ્બર) જણાવ્યું હતું કે તેમની પાર્ટી ચૂંટણી પંચને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલી INDIA ગઠબંધનની બેઠકમાં હાજરી આપશે નહીં. તેમણે ભારપૂર્વક કહ્યું કે AAP હવે વિપક્ષી ગઠબંધનનો ભાગ નથી. 'બેઠકમાં જોડાવાનો કોઈ પ્રશ્ન જ નથી. આમ આદમી પાર્ટી INDIA ગઠબંધનનો ભાગ નથી,' સિંહે કહ્યું. AAPએ ૧૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ INDIA ગઠબંધનમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી હતી; તે સમયે સિંહે કહ્યું હતું કે આ ગઠબંધન ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે બનાવવામાં આવ્યું હતું. પાર્ટીનો દૂર રહેવાનો નિર્ણય એ રાજકીય અંતરને રેખાંકિત કરે છે જે તેણે ગઠબંધન છોડ્યા ત્યારથી INDIA ગઠબંધન સાથે જાળવી રાખ્યું છે. જોકે, ચૂંટણી પંચના મુદ્દે, મતદાર પ્રક્રિયા અંગે ઉઠાવવામાં આવેલી અનેક ચિંતાઓ પર AAPનું વલણ વિપક્ષી પાર્ટીઓના વલણ સાથે મળતું આવે છે. સિંહે કહ્યું કે AAPએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરૂદ્ધ મહાભિયોગ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું અને ચૂંટણી પંચની ખામીઓ ગણાવાતી બાબતો સામે 'રસ્તાથી સંસદ સુધી' લડત ચલાવી રહી છે, તેમ PTIના અહેવાલમાં જણાવાયું છે. 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR)માં કથિત અનિયમિતતાઓ અંગે સંયુક્ત આંદોલન માટેની કાર્યયોજનાને આખરી ઓપ આપવા માટે INDIA ગઠબંધનના ટોચના નેતાઓ નવી દિલ્હીમાં મળ્યા હતા. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પક્ષના પૂર્વ વડાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના મહાસચિવો જયરામ રમેશ અને કે.સી. વેણુગોપાલ, તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા મમતા બેનરજી તેમજ સમાજવાદી પાર્ટી (SP), ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI), ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી), નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) અને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતાઓ સામેલ હતા. સિંઘે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં ૨૭ લાખ મતદારોને તેમના મતદાનના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે અને ટ્રિબ્યુનલ સમક્ષ સુનાવણી પૂર્ણ કરવામાં લાગતા સમય અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

### ગુજરાત ATS અને કોસ્ટગાર્ડનું અરબી સમુદ્રમાં સંયુક્ત ઓપરેશન

# મધદરિયે રૂા.૩,૦૦૦ કરોડના ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવાયો : પાંચ પાકિસ્તાની પણ ઝડપાયા

## લક્ષદ્વીપથી મુંબઈ જતાં ઈરાની જહાજમાંથી ૫૨૬ કિલોથી વધુનો જથ્થો મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત ATS અને કોસ્ટગાર્ડની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૫૨૬ કિલોથી વધુનો મોટાપાયે એમડી ડ્રગ્સ અને મેથામ્ફેટામાઈનનો જથ્થો કબજે કર્યો છે. આ ડ્રગ્સ લઈને આવી રહેલા પાંચેય શખ્સ પેશાવર પાકિસ્તાનના હોવાનું સામે આવ્યું છે. આ ડ્રગ્સનો જથ્થો અરબી સમુદ્રમાં લક્ષદ્વીપથી મુંબઈ લઈ જવાતો હતો તે પહેલાં જ ATSની ટીમે ઝડપી પાડ્યો છે. ATSએ પકડેલા ડ્રગ્સની કિંમત અંદાજિત ૩ હજાર કરોડ જેટલી છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદમાં નાઈજીરીયન માણસે કોઈ વ્યક્તિની મધ્યસ્થીથી ડ્રગ્સની લેવડદેવડ બાબતે મિટિંગ કરી હતી. જે મિટિંગમાં આઝાદ નામની ઈરાની બોટથી અંદાજિત ૫૦૦ કિલો મેથામ્ફેટામાઇન તથા હેરોઇનનો જથ્થો મંગાવ્યો છે જેના પૈસા પણ હવાલા મારફતે એડવાન્સમાં મોકલી દીધા હતા. આની ડિલિવરી મુંબઈ-કોચીન-લક્ષદ્વીપ નજીક ભારતીય જળસીમામાં એક તમિલનાડુની બોટમાં કરવાની છે. ડ્રગ્સનો જથ્થો મોટી ક્વોન્ટીટીમાં હોવાથી બોટથી તમિલનાડુના દરિયાકાંઠે ઉતારી તેને અન્ય વાહન મારફતે ટુકડે ટુકડે પંજાબ ખાતે કોઈ નાઈજીરીયન વ્યક્તિને ડિલિવરી કરવાની હતી. આ માલ ભારતના એક વોન્ટેડ આરોપી તથા હાજી સલીમ નામના ડ્રગ સ્મગ્લરે તેઓના માણસો મારફતે આઝાદ નામની ઈરાની બોટમાં આશરે પંદરથી વીસ દિવસમાં મોકલવાનું આયોજન કર્યું છે. જે બોટનો ટંડેલ સ્ટારલીંક ડિવાઈસનો ઉપયોગ કરવાનો છે. આ બાતમીના આધારે ઓપરેશન હાથ ધરાયું હતું. ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ડ્રગ્સના કેસ વધુ થતાં ડ્રગ માફિયાઓ આ વખતે કોચી, લક્ષદ્વીપ અને મુંબઈ થઈ તમિલનાડુમાં બોટ દ્વારા ડ્રગ્સની ડિલિવરી કરવાના હતા, તે પહેલાં જ એટીએસ અને કોસ્ટગાર્ડના સંયુક્ત ઓપરેશનમાં લક્ષદ્વીપથી ૧૬૦ નોટિકલ માઈલ અને મુંબઈથી ૪૯૦ નોટિકલ માઈલ દૂર દરિયામાં આ ડ્રગ્સનો જથ્થો કબજે કરી લેવામાં આવ્યો હતો. છેલ્લા ૧૫ દિવસથી આ ઓપરેશન ચાલી રહ્યું હતું. આ ઓપરેશન દરમિયાન દરિયામાં અનેક શંકાસ્પદ બોટ રોકીને તપાસ કરવામાં આવી હતી, ત્યારે આ બોટને પણ રોકીને તપાસ કરતા તેમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો જેની સાથે પાંચ પાકિસ્તાની નાગરિક પણ મળી આવ્યા હતા, જે તમામને મુંબઈના જેટી પર લાવી પંચનામુ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી. તમિલનાડુમાં ડ્રગ્સ ઉતર્યા બાદ આ ડ્રગ્સની પંજાબમાં એક નાઈજીરિયન વ્યક્તિ ડિલિવરી લેવાનો હતો. જેની હાલ એટીએસ દ્વારા તપાસ ચાલી રહી છે. સમગ્ર મામલે ગુજરાત એટીએસમાં જ ગુનો નોંધવામાં આવ્યો છે અને ગુજરાત એટીએસ દ્વારા જ આ કેસની તપાસ કરવામાં આવશે. તેવી વિગતો સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

### બોરીયાવી ગામની સીમમાં હાઈવે પર નીંદર માણી રહેલ મુસાફરોની મરણચીસો ગૂંજી

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર લક્ઝરી બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં ૫નાં મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૩૦

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બોરીયાવી ગામની સીમમાં બુધવારે વહેલી સવારે પૂરપાટ ઝડપે જતી સ્લીપર કોચ લક્ઝરી બસનાં ચાલકે વાહનની ઓવરટેક કરવા જતા લક્ઝરી બસ ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી અને આ ટક્કરમાં લક્ઝરી બસનો ડાબી સાઈડનું પડખુ ચિરાઈ જતા આ ભયાનક અકસ્માતમાં બસમાં સવાર ૫ મુસાફરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયાં હતાં, જયારે અન્ય ૫ મુસાફરો ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## ટ્રક સાથે અથડાતાં બસનું આખું પડખું ચિરાઈ ગયું; લોહીલુહાણ મુસાફરો ફંગોળાયા

મળતી વિગતો અનુસાર, સુરતથી ઉપડેલી ‘સાઈ દર્શન ટ્રાવેલ્સ’ની સ્લીપર કોચ લક્ઝરી બસ મુસાફરોને લઈને રાજસ્થાનના પ્રખ્યાત યાત્રાધામ નાથદ્વારા જઈ રહી હતી. બુધવારે વહેલી સવારે આશરે ૩:૧૫ વાગ્યાના સુમારે બસ અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ હાઈવે પર બોરીયાવી ગામની સીમમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે લક્ઝરી બસનાં ચાલકે આગળ ચાલતા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. બસની ઝડપ વધારે હોવાથી તે આગળ જતી ટ્રક સાથે ઘડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે લક્ઝરી બસનું ડાબી બાજુનું આખું પડખું ચીરાઈ ગયું હતું. ગાઢ નિંદ્રામાં પોઢી રહેલા મુસાફરો ધડાકાના અવાજ અને આંચકા સાથે જાગી ગયાં હતાં અને મુસાફરોએ ચીસાચીસ કરી મૂકી હતી, ગોઝારા અકસ્માતનાં કારણે કેટલાક મુસાફરો બસમાંથી ફેંકાઈને રોડ પર ગંભીર હાલતમાં પટકાયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો, માર્ગ પરથી પસાર થતાં અન્ય વાહનચાલકો, એક્સપ્રેસ હાઈવેની રેસ્ક્યૂ ટીમ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. રાહત અને બચાવ કામગીરી શરૂ કરીને ઈજાગ્રસ્ત ૫ મુસાફરોને વધુ સારવાર અર્થે નડિયાદ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે એક્સપ્રેસવે પર થોડો સમય ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી, પરંતુ પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી વાહનવ્યવહાર પુનઃ શરૂ કરાવ્યો હતો. આણંદ રૂરલ પોલીસે આ અંગે લકઝરી બસનાં ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી,



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

**મૃતકોનાં નામ**

(૧) મુરલી મનોહરસિંહ (રહે- દુલચાસર, બીકાનેર, રાજસ્થાન), (૨) નિખિલ સુથાર (રહે. માવલી થામલા રાજસ્થાન), (૩) કૈલાસચન્દ્ર કુમાવત (રહે. દેતુરીયા મહોલ્લા પીપલી આચેન રાજસ્થાન), (૪) આબીદહુસેન અંસારી (રહે.રૂકુનબથા ભાથા જી.સારન બિહાર), (૫) જીતેન્દ્રસિંહ ઝાલા (રહે.બડોદરા રામજી મંદિર પાસે તા.ઝલોદ)

**ઇજા પામનાર**

(૧) વિશાલ ત્રિવેદી (ઉં.વ.૨૦, રહે. સાયલા તા.ઝાલોર, રાજસ્થાન), (૨) રમેશભાઇ શર્મા (ઉં.વ.૬૦, રહે. કાપી ટેનામેન્ટ મોલની સામે સુરત), (૩) ગણેશ જાદવ (ઉં.વ.૩૯, રહે. સુરત, ડાંગી રોડ), (૪) વિશ્વજીત મંડલ (ઉં.વ.૨૨, રહે. ગામ-વાઘુથેલા જી.માલસર વેસ્ટ બંગાલ), (૫) રજનીભાઇ કંચન (ઉં.વ.૬૦, રહે. અજમેર રાજસ્થાન)

### ૨૦૨૪માં વડાપ્રધાન-ગૃહમંત્રીએ લોકોને શેરબજારમાં રોકાણ માટે વિશ્વાસ અપાવ્યો હતો

# શેરબજારમાં રોકાણ કરનારાને થયેલ નુકસાન બદલ જવાબદારી સ્વીકારી વડાપ્રધાન સત્ય જણાવે

## કરોડોનું રોકાણ કરનારાને નફો તો થયો નહિ, ૧૨.૫ ટકા મૂડીમાં નુકસાન થયું : શક્તિસિંહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

દેશમાં શેરબજારની વર્તમાન સ્થિતિને લઈ મોદી સહિત કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આપણા દેશમાં બહુમતી પરિવારો મધ્યમ વર્ગના છે. આ મધ્યમ વર્ગના પરિવારોએ પોતાના મહેનતની મૂડી બચાવી બચાવીને શેર બજારમાં રોકી હતી કારણ કે વડાપ્રધાન અને ગૃહમંત્રીએ જૂન ૨૦૨૪માં જનતાને શેરબજારમાં રૂપિયા રોકો અઢળક ફાયદો થશે, તેમ કહ્યું હતું. આ વાત માનીને રોકાણ કરનાર નાગરિકોને આજે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં જે સેન્સેક્સ ૮૫,૮૩૬ હતો તે ગઈકાલે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૭૨,૫૦૦ ઉપર છે. એટલે કે બે વર્ષ પહેલાં જેમણે નાણા રોક્યા હતા તેમને કોઈ નફો નથી થયો પરંતુ સાડા બાર ટકા મૂડીમાં નુકસાન થયું છે ઉપરાંત સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સના (STT)



**LTCG અને STCG ટેક્સ નાબૂદ કરી લોકો પરથી ડબલ ટેક્સનું માળખું દૂર કરો : ગોહિલ**

કરના નાણા પણ ભરવા પડ્યા છે. તેમણે વધુમાં પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, અર્થતંત્રના વિકાસના ખોટા આંકડા અને માયાજાળની વાતો અને વાસ્તવિકતા વચ્ચે મોટો ફરક છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૭.૮% વિકાસની વાતો વડાપ્રધાને કરી તેના સાથે જ સેન્સેક્સ ૩૦૦૦ પોઈન્ટ ગબડી પડ્યો હતો. હકીકતમાં ભાજપની સરકારનો સાંઠગાંઠવાળો મૂડીવાદી અને માનીતાઓને જ માલામાલ કરવાનો અભિગમ તથા શાસન ચલાવવાની અણઆવડતના કારણે અર્થતંત્ર અને શેરબજાર ડૂબી રહ્યું છે. ગોહિલે કહ્યું કે, ૨૦૨૪માં PM મનમોહનસિંહ અને UPAના ચેરપર્સન સોનિયા ગાંધીની આગેવાની વાળી સરકારે શેરમાં રોકાણ કરનાર માધ્યમ વર્ગના વ્યક્તિઓને રાહત આપવા માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન LTCG ટેક્સ સાવ નાબૂદ કરીને ઝીરો પર્સન્ટ કરેલ. તે વખતે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ STT જ માત્ર લાગતો હતો. ભાજપની કેન્દ્ર સરકારે મધ્યમ વર્ગ ઉપર ડબલ ટેક્સ નાખ્યો છે એટલે કે STT ભરવા સાથે શેરમાં એક વર્ષમાં નફો એટલે કે શોર્ટ ટર્મ ગેઈન થાય તો તેના પર ૨૦% ટેક્સ અને લાંબા ગાળાના રોકાણથી નફો થાય તો ૧૨% ટેક્સ ભરવાનો. આમ ભાજપની સરકાર કરનું ભારણ વધારી રહી છે. ચાલુ વર્ષના ૨૦૨૬-૨૭ના વર્ષમાં અત્યારસુધીમાં સરકારે ૪૦,૨૧૪.૩૬ કરોડ STT ટેક્સ ઉઘરાવી લીધો છે ૧ લાખ ૨૯ હજાર કરોડ રૂપિયા LTCGના નામે સરકારે ટેક્સ ઉપર આવી લીધો છે. ૨૦૨૦માં ભાજપની કેન્દ્ર સરકારે LTCG ટેક્સ ૧૦%માંથી ૧૨.૫૦% કરી નાખ્યો છે અને STCG ટેક્સ ૧૫%થી વધારી ૨૦% કરી નાખ્યો છે. કોંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્ર સરકારના દસ વરસના સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય મંદીનું મોજુ આવ્યું હતું. ‘વર્લ્ડ રિસેશન’ હતું એમ છતાં એ સમયમાં સેન્સેક્સ ૧૦ વર્ષમાં ૩૯૮% વધ્યો હતો જેની સરખામણીએ ભાજપના ૧૨ વર્ષ દરમિયાન સેન્સેક્સની ટકાવારી નીચે ગબડી પડી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ દ્વારા માંગણી કરાઈ છે કે, (૧) શેર શેરબજારમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના લોકો ઉપરથી ડબલ ટેક્સનું માળખું દૂર થાય, (૨) LTCG અને STCG ટેક્સ નાબૂદ કરવામાં આવે, (૩) દેશનું અર્થતંત્ર ન જાળવી શકવા બદલ સરકાર દેશની માફી માંગે, (૪) શેરમાં રોકાણ કરનાર લોકોને થયેલ નુકસાન બદલ જવાબદારી સ્વીકારમાં આવે તથા (૫) અર્થતંત્રની બાબતમાં જુઠાણું નહીં દેશને પ્રધાનમંત્રી સત્ય જણાવે.

### સરકારની સલામત સવારીને ઉના નજીક નડ્યો ગોઝારો અકસ્માત !

# પૂરઝડપે એસ.ટી. બસ અને ટ્રક ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માતમાં બેનાં મૃત્યુ

(સંવાદદાતા દ્વારા)

ઉના, તા.૩૦

ગીરગઢડા તાલુકાના બેડીયા ગામ નજીક બુધવારે વહેલી સવારે એસ.ટી. બસને થયેલ ગમખ્વાર અકસ્માતે સમગ્ર પંથકને હચમચાવી દીધો હતો. સવારે આશરે ૭ વાગ્યાના અરસામાં ઉના તરફથી આવતી એસટી બસ અને કપાસ ભરવા માટે ૮ મજૂરોને લઈને ખાંભા તરફ જઈ રહેલા ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતાં બંને વાહનોને ભારે નુકસાન થયું હતું. અકસ્માતમાં ટ્રક ચાલક સહિત બે વ્યક્તિના મોત થયા હતા, જ્યારે બસમાં બેઠેલા ૧૪ મુસાફરો ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈજાગ્રસ્તોમાં એસ ટી બસના ચાલક સહિત ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ઉના-ઝાલોદ એસ.ટી. બસ ઉના તરફ આવી રહી હતી, જ્યારે ટ્રક કપાસ ભરવા માટે મજૂરોને લઈને ખાંભા તરફ જઈ રહ્યો હતો. બેડીયા ગામ નજીક બંને વાહનો સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. ટ્રકને રસ્તાની નીચે ઉતારવા છતાં એસ.ટી. બસ તરફથી સામેથી આવી ટક્કર થઈ હોવાનું બસ અને ટ્રકમાં બેઠેલા મુસાફરોએ જણાવ્યું હતું. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ સ્પષ્ટ થશે. અકસ્મતની ટક્કર એટલી જોરદાર હતી કે, ઘટનાસ્થળે



## એસ.ટી.ના મુસાફરો સહિત ૧૪થી વધુ ઈજાગ્રસ્ત : ત્રણની હાલત ગંભીર

અફરાતફરી મચી ગઈ હતી અને બસ તથા ટ્રકના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માત બાદ ઈજાગ્રસ્તો રસ્તા પર તથા વાહનોની આસપાસ પડેલા જોવા મળ્યા હતા. ચીસો સાંભળીને બેડીયા ગામ સહિત આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોતાની રીતે બચાવ કામગીરી શરૂ કરી હતી.

અકસ્મતની જાણ થતાં ગીરગઢડા પોલીસ, ઉના એસ.ટી. ડેપો મેનેજર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ૧૦૮ની અનેક એમ્બ્યુલન્સને પણ તાત્કાલિક બોલાવવામાં આવી હતી. એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને ઉના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મોટી સંખ્યામાં ઈજાગ્રસ્તો એકસાથે હોસ્પિટલ પહોંચતા ઉના હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયોહતો. અકસ્માતની જાણ થતાં મૃતકો તથા ઈજાગ્રસ્તોના પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પોતાના સ્વજનોની સ્થિતિ જાણવા માટે પરિવારજનોમાં ભારે ચિંતા અને દેકારો જોવા મળ્યો હતો.

આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ચાલક રાજુભાઈ રાઠોડ (આશરે ૫૦ વર્ષ, રહે. ઉના) ટ્રકમાં શ્રમિક તરીકે સવાર રવીભાઈ પરમાર, (રહે. ભાચા, તા. ઉના)ના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. બે વ્યક્તિના મોતથી તેમના પરિવારજનો પર આભ ફાટ્યું છે.

અકસ્મત બાદ સારવાર માટે ખસેડાયેલા ઈજાગ્રસ્તોમાં એસ.ટી. બસ ચાલક જીતુભાઈ સોઢા (૪૮, રહે. ભડિયાદ), નારણભાઈ ચૌહાણ (૫૦, રહે. સોનારી), ઈલેશ વાઘેલા (૩૦, રહે. ભાચા), મુન્નાભાઈ (૩૦ રહે. ભાચા), સરલાબેન ભાભોર (૩૫, રહે.ઝાલોદ), જીલુભાઈ ગોહિલ (૫૨, રહે.ભાચા), ઉર્મિલાબેન ચૌહાણ (૫૮, રહે.ભાચા), અશોકભાઈ ચૌહાણ (૩૫, રહે. ભાચા), પિન્ટુભાઈ બારૈયા (૩૦, રહે. પંચમહાલ), દલીબેન ભાભોર (૪૫, રહે. ઝાલોદ), બાવસિંગ બગડ (૪૫, રહે. દાહોદ), વિનુભાઈ ધડુક (૫૧, રહે. વાસણા), હિતેશભાઈ બાંભણીયા (૪૬, રહે. ભાચા), ભણીબેન બાંભણીયા (૪૬, રહે. સોનારીયા)નો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોમાંથી ત્રણની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે અન્યત્રા ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. ગમખ્વાર અકસ્માતને પગલે બેડીયા-ખાંભા રોડ પર બંને વાહનો વચ્ચેનો માર્ગ બંધ થઈ જતા લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે ક્રેનની મદદથી અકસ્માત ગ્રસ્ત એસ.ટી. બસ અને ટ્રકને રસ્તા પરથી ખસેડવાની કામગીરી હાથ ધરી માર્ગ ફરી ખુલ્લો કરવામાં આવ્યો હતો.


## ઝિયારત



મર્હૂમ હાજી મુસ્તાકહુસેન કરમઅલી તિરમીઝી

મર્હૂમ હાજી મુસ્તાકહુસેન કરમઅલી તિરમીઝી (રહેવાસી લીંબડિયા) કી ઝિયારત તા.૦૨/૧૦/૨૦૨૬ બરોઝ શુક્રવાર કો સુબહ ૦૯.૦૦ બજે મર્દાના ઔર ઝનાના ઝિયારત ઉનકે ઘર લીંબડીયા ગામ રખી ગઈ હૈ.

- ઈન્શાઅલ્લાહ

અલ્લાહત્આલા મર્હૂમ કે તમામ સગીરા કબીરા ગુનાહ માફ કરે, મર્હૂમ કી મગફિરત ફરમાયે ઔર જન્નતુલ ફિરદૌસ મે આલા સે આલા મુકામ અતા કરે. ઘરવાલો કો સબ્રે જમીલ અતા ફરમાયે.

- આમીન

: દુઆગીર :

ઇલ્યાસ એમ.તિરમીઝી, મો.9825050337

મોહસીન એમ.તિરમીઝી, મો.9904616686

: સરનામું :

લીંબડિયા ગામ, રામજી મંદિરની સામે, નર્મદા કેનાલ પાસે, નરોડા-હિંમતનગર હાઈવે, તા.જિ.ગાંધીનગર


# પત્ની ICUમાં હોવાની દલીલ છતાં આસારામને હાઈકોર્ટનો ઝટકો, હંગામી જામીન અરજી ફગાવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૦

દુષ્કર્મ કેસમાં જોધપુર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામને ગુજરાત હાઈકોર્ટ તરફથી વધુ એક આંચકો લાગ્યો છે. પોતાની ૮૩ વર્ષીય પત્ની લક્ષ્મીદેવીને મળવા માટે કરવામાં આવેલી હંગામી જામીન અરજીને અદાલતે સ્પષ્ટપણે ફગાવી દીધી છે. જોકે, હાઈકોર્ટે ટિપ્પણી કરી છે કે જો આસારામ પોતાની પત્ની સાથે વાત કરવા ઈચ્છતા હોય, તો તેઓ જેલ સુપ્રિટેન્ડેન્ટને વિનંતી કરી શકે છે. જેલ પ્રશાસન દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વાતચીતની જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવશે. આસારામે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તેમની પત્ની લક્ષ્મીદેવી નરોડાની શેલ્બી હોસ્પિટલના ICUમાં હૃદય સંબંધિત ગંભીર સારવાર હેઠળ છે. બચાવ પક્ષના વકીલે રજૂઆત કરી હતી કે આસારામ પોલીસ જાપ્તા હેઠળ

## વીડિયો કૉલથી વાત કરવા હાઈકોર્ટનું સૂચન

પોતાના ખર્ચે પત્નીને મળવા માગે છે અને ભૂતકાળમાં મળેલી છૂટછાટ દરમિયાન કોર્ટની તમામ શરતોનું પાલન કરવામાં આવ્યું હતું. અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસ પાસે લક્ષ્મીદેવીની સ્વાસ્થ્ય સ્થિતિ અંગેનો સત્તાવાર અહેવાલ માગ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના મહિલા સેલના એસીપી (ACP) દ્વારા રજૂ કરવામાં આવેલા મેડિકલ રિપોર્ટના આધારે કોર્ટે નોંધ્યું કે લક્ષ્મીદેવીની તબિયત હાલ સ્થિર અને સારી છે. તેમની સાથે ડોક્ટર્સ, સંબંધીઓ અને સેવકો હાજર છે તેમજ આગામી ૨થી ૩ દિવસમાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પણ કરવામાં આવશે. પત્નીની સ્થિતિ ચિંતાજનક ન હોવાનું સ્પષ્ટ થતાં અને આસારામના ભૂતકાળના વર્તનને ધ્યાનમાં રાખીને અદાલતે હંગામી જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૩માં ગાંધીનગરની સેશન્સ કોર્ટે આસારામને દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી, જેની અપીલ હાલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. આ પહેલાં પણ ૮ સપ્ટેમ્બરે હાઈકોર્ટે ૨૦ દિવસના હંગામી જામીન ફગાવી દીધા હતા. જોકે, રાજસ્થાન હાઈકોર્ટે ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના આદેશથી આસારામને ૨૦ દિવસના પ્રથમ પેરોલ મંજૂર કર્યા હતા, પરંતુ ગુજરાતમાંથી તેમને કોઈ રાહત મળી નહોતી. ગુજરાત હાઈકોર્ટે અગાઉ નોંધ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આસારામને છૂટ આપી છે કે જો તેમનું પોતાનું સ્વાસ્થ્ય બગડે તો તેઓ સીધા સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી શકે છે. આસારામ હાલમાં રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ છે.

# દુષ્કર્મ પીડિતાનું વળતર વધારીને ૫ લાખ કરવા હાઈકોર્ટનો મહત્ત્વનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં દુષ્કર્મ અને સતત શારીરિક-માનસિક ત્રાસનો ભોગ બનેલી પીડિતા માટેના વળતરની રકમ રૂા.૩ લાખથી વધારીને રૂા.૫ લાખ કરી આપી છે. નીચલી અદાલતે ફાળવેલી રૂા.૩ લાખની વળતરની રકમ અપૂરતી હોવાનું દર્શાવી પીડિતાએ ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. જસ્ટિસ વિમલ કે. વ્યાસની સિંગલ બેંચે પીડિતાની અપીલ ગ્રાહ્ય રાખતા ટ્રાયલ કોર્ટના વળતર અંગેના આદેશમાં સુધારો કર્યો છે. કેસની વિગતો અનુસાર, ધોળકા તાલુકાના ઝાણંદ ગામની પીડિત મહિલાને આરોપી જયરાજસિંહ ચંદુભા વાઘેલા દ્વારા સતત હેરાન કરવામાં આવતી હતી અને તેના ભાઈને મારી નાખવાની ધમકી

## ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હાઈકોર્ટે કર્યો સુધારો

આપી બળજબરીથી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને જુલાઈ ૨૦૧૬માં પીડિતાએ ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ મામલે ધોળકા ગ્રામ્ય પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ અમદાવાદ (ગ્રામ્ય) નીચલી અદાલતે ડિસેમ્બર ૨૦૨૫માં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને રૂા. ૯,૦૦૦ દંડની સજા સંભળાવી હતી તથા રૂા.૩ લાખનું વળતર મંજૂર કર્યું હતું. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે નીચલી અદાલતે વળતર નક્કી કરવા માટે કોઈ સ્પષ્ટ કારણો આપ્યા ન હતા. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમનો મુખ્ય હેતુ સજા આપવાનો નથી પરંતુ ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનું પુનર્વસન કરવાનો અને તેને ન્યાય પ્રણાલીમાં આશ્વાસન આપવાનો છે. પીડિતાએ સહન કરેલી ગંભીર પરિસ્થિતિઓ અને આત્મહત્યાના પ્રયાસ સુધી પહોંચેલા માનસિક આઘાતને ધ્યાને રાખી હાઈકોર્ટે ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ની વિવિધ જોગવાઈઓ હેઠળ વળતર નક્કી કર્યું છે. અદાલતે દુષ્કર્મની શ્રેણી હેઠળ રૂ. ૪ લાખ અને ગંભીર શારીરિક કે માનસિક ઈજા તેમજ પુનર્વસનની શ્રેણી હેઠળ રૂા.૧ લાખ એમ કુલ મળીને રૂા.૫ લાખનું વળતર મંજૂર કર્યું છે. હાઈકોર્ટે સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી, અમદાવાદને આ વધારાની રકમ સત્વરે પીડિતાને ચૂકવી આપવા નિર્દેશ આપ્યો છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com